# હઝરત ઈમામ મહદી (રદિ.)

કયારે ? કયાં ? કેવી રીતે ?

# જાહેર થશે.

સંપાદક
મુફતી મહમૂદ મૌલાના સુલેમાન હાફેઝજી બારડોલી
મુદર્રિસ જામિઅહ ઈસ્લામિયહ ડાભેલ – સીમલક

અનુવાદક
જનાબ અબ્દુલકાદિર ફાતીવાલા સાહેબ
(વલસાડ)

પ્રકાશક
જામિઅહ દારુલ એહસાન, બારડોલી–નવાપુર

પ્રકાશન નં.–૧૪

**કિતાબનું નામ :**

હઝરત મહદી (રદિ.) કયારે ? કયાં ? કેવી રીતે ? જાહેર થશે.

**સંપાદક :**

મુફતી મહમૂદ મૌલાના સુલેમાન હાફેઝજી બારડોલી.
મુદર્રિસ જામિઅહ ઈસ્લામિયહ ડાભેલ – સીમલક

**અનુવાદક :**

જનાબ અબ્દુલકાદિર ફાતીવાલા સાહેબ
(વલસાડ)

**પ્રકાશક :**

જામિઅહ દારુલ એહસાન, બારડોલી
જામિઅહ દારુલ એહસાન, નવાપૂર

**ગુજરાતી આવૃતિ :**

બીજીવાર, નવેમ્બર–૨૦૦૮

**પ્રત : ૧૦૦૦**

**મળવાનું ઠેકાણુ :**

જામિઅહ દારુલ એહસાન, બારડોલી.
જામિઅહ દારુલ એહસાન, નવાપૂર.
જામિઅહ ઈસ્લામીયહ ડાભેલ–સીમલક.
બળી મસ્જીદ મોમનાવાડ,સલાબતપુરા–સુરત.

નોંધ :– આ કિતાબ ગુજરાતી, ઉર્દુ અને હિન્દીમાં પણ છપાવવામાં આવી છે. અને ટુક સમયમાં અંગ્રજીમાં અને ફ્રેન્ચ ભાષામાં પણ આવી જશે. (ઇ.આ.લ.)

# અનુક્રમણિકા

## પહેલું પ્રકરણ

***કયામત અને કયામતની નિશાનીઓ***

– કયામતની નિશાનીઓના બે પ્રકારો — ૧૯
– હઝરત મહદી રદિ.ના કારનામાઓ — ૨૩
– દીનની હિફાઝત — ૨૩
– કયામત કયા લોકો પર આવશે, તે વિશે બે પ્રકારની (વિરોધાભાસી) હદીસોનું નિરાકરણ ૨૫

## બીજું પ્રકરણ

***ખિલાફત***

– ખિલાફતની વ્યાખ્યા
– ખિલાફતનું મહત્વ
– ખલીફા
– ખિલાફતે રાશિદહ
  ૧. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ની ખિલાફત
  ૨. હઝરત ઉમર (રદિ.)ની ખિલાફત
  ૩. હઝરત ઉસ્માન (રદિ.)ની ખિલાફત
  ૪.હઝરત અલી (રદિ.)ની ખિલાફત
– અંબિયાએ કિરામ અલયહિમુસ્સલામ પછી સર્વોત્તમ કાર્યકર્તાઓ
  ૫.હઝરત હસન (રદિ.)ની ખિલાફત
– ત્રીસ વરસ પછી ખિલાફત પર બાદશાહતનો રંગ ચઢવાનો શરૂ થયો.
– ખિલાફતે રાશિદહ બાદ બીજા દરજજાની ખિલાફત
– મુસ્લિમ ઉમ્મતના પાંચ દોર

૧. નુબુવ્વત અને રહમતનો દોર

૨ ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત' (ખિલાફતે રાશિદહનો દોર)

૩. મુલૂકિયત (બાદશાહત)નો દોર

૪ . ઝાલિમ તાનાશાહીનો દોર

૫. ખિલાફતે રાશિદહનો બીજો દોર

– બાર ખલીફા

– બાર ખલીફાના નામો

## ત્રીજું પ્રકરણ

***તજદીદે દીન અને મુજદ્દિદ***

***(દીનનું નવનિર્માણ અને નવનિર્માતા)***

– તજદીદ (નવનિર્માણ)

– મુજદ્દિદની સિફતો

– હઝરત મહદી (રદિ.) આ ઉમ્મતના આખરી મુજદ્દિદ હશે.

– હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની તાકીદ

– હઝરત મહદી (રદિ.)ના દસ્તે હક પર બયઅતની તાકીદ

## ચોથું પ્રકરણ

***હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની હદીષો***

(૧) એ વિશેની હદીસોની વિપુલતા

(૨) ઝૂહૂરે મહદી રદિ.ની હદીષોની મકબૂલિય્યત

(૩) હઝરત મહદી (રદિ.)ના નામનું સ્પષ્ટીકરણ

(૪) ઝુહૂરે મહદી (રદિ.)ની હદીષોના રિવાયત કરનારાઓ

(૫) સિહાહ સિત્તહમાં હઝરત મહદી (રદિ.) વિશે હદીષો:

(૬) હદીષની બીજી કિતાબોમાં હઝરત મહદી (રદિ.) વિશે હદીષો :

(૭) સહીહયનમાં ઝુહૂરે મહદી (રદિ.)નો તઝકેરહ

–હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બે અગલ અલગ વ્યકિતઓ છે.

–હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બન્ને અલગ હોવાનો સુસ્પષ્ટ ઉલ્લેખ ધરાવતી હદીષો. ⇨

–ઉપર લખેલી હદીષોનો સારાંશ.

–ઈબ્ને માજહની રિવાયતનું સ્પષ્ટીકરણ

–ઉપરના સ્પષ્ટીકરણોનો સારાંશ .

–ઝુહૂરે મહદી (રદિ.)નો અકીદો .

–ઝુહૂરે મહદી (રદિ.)નો ઈન્કાર કરનાર માટે શરઈ હુકમ

–હઝરાતે સહાબા રદિ.ની ચિંતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફથી અજીબ બશારત.

–હઝરત મહદી (રદિ.)નો દીની, દુન્યવી અને ઉખ્રવી (આખિરતનો) મકામ

–ઝુહૂરના સમય સુધી હઝરત મહદી (રદિ.)ની ગુપ્તતા.

–હઝરત મહદી રદિ.નો ઝુહૂર કયારે થશે?

–ઝુહૂરના જમાના નજીક ઉમ્મતના સામાન્ય સંજોગો

## પાંચમું પ્રકરણ

***હઝરત મહદી (રદિ.)ના હાલાત***

- નામ અને નસબ
- એક નુકતહ (રહસ્ય) :
- લકબ

# છઠ્ઠું પ્રકરણ

*લકબની સાથે " ઈમામ " અને*

*"અલયહિસ્સલામ" શબ્દોના વધારાની હકીકત*

- " ઈમામ " શબ્દનો ઉપયોગ :
- " અલયહિસ્સલામ " શબ્દનો ઉપયોગ :
- 'રદિયઅલ્લાહુ અન્હુ' શબ્દનો ઉપયોગ સહીહ છે.
- હઝરત મહદી (રદિ.)નું વતન .
- શકલ અને સૂરત (મુખાકૃતિ અને દેખાવ)

# સાતમું પ્રકરણ

*ઝુહૂરે મહદી (રદિ.)અને તે વખતના હાલાત*

- હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર કેવી રીતે થશે
- આ અંગેની રિવાયતો :
- સુફિયાનીનું નિકળવું અને હઝરત મહદી (રદિ.)ની પ્રથમ દેખીતી કરામત
- સુફિયાની વિશે રિવાયતો :
- માલે ગનીમતની વહેંચણી
- મુલ્કે શામની ફતેહ
- મજકૂર જંગ અને ફતેહની વિસ્તૃત વિગતો દર્શાવતી એક હદીષ
- કેટલાક સ્થળના નામોની જોડણી અને ઉચ્ચારનો તફાવત
- ફરિશ્તાઓની સંખ્યામાં મતભેદ
- સહીહ મુસ્લિમની એક રિવાયત
- મુસલમાનો અને રૂમીઓ વચ્ચે સુલેહ (કરાર) ભંગ અને લડાઈનું કારણ
- સહીહ મુસ્લિમની બીજી રિવાયત

- અવફ બિન માલિક (રદિ.)ની બે રિવાયતો
- કુસ્તુન્તુનિયહની ફતેહ
- સહીહ મુસ્લિમ શરીફની હદીસ


## આઠમું પ્રકરણ

***હઝરત ઈસા (અલૈ.)નું ઉતરવું અને હઝરત મહદી (રદિ.) ની વફાત***


- દજ્જાલ કયાં જાહેર થશે ?
- રિવાયતોના મતભેદનું સમાધાન
- દજ્જાલનો આખી દુનિયાનો દવરહ
- મુસલમાનો કયાં હશે ?
- દજ્જાલનું દમિશ્ક પહોંચીને મુસલમાનોને ઘેરી લેવું.
- હઝરત ઈસા (અલયહિસ્સલામ)નું ઉતરવું.
- નમાઝની ઈમામત વિષે રિવાયતોમાં તફાવત.
- રિવાયતોના તફાવતનું નિરાકરણ.
- દજ્જાલ અને તેના અનુયાયીઓ કતલ થશે.
- હઝરત મહદી (રદિ.)નો વિશ્વ વિજય.
- હઝરત મહદી (રદિ.)ના કામો અનુક્રમ પ્રમાણે.
- હઝરત મહદી (રદિ.)ની વફાત.
- હઝરત ઈસા (અલૈ.)નું ટૂંકુ જીવન ચરિત્ર.
- હઝરત મહદી (રદિ.)ના અતિ મહત્વપૂર્ણ કારનામાઓ.
- હઝરત મહદી (રદિ.)ના દૌરનો નમૂનારૂપ સમાજ.


## નવમું પ્રકરણ

***કેટલાક મહત્વના બનાવો***


(૧) ઈરાક , ઈજીપ્ત અને શામ પર રૂમીઓ અને અજમીઓ તરફથી પ્રતિબંધ

(૨) શામ (સિરિયા) પર ઈસાઈઓની ચડાઈ

(૩) અરબોની સંખ્યા ત્યારે થોડી હશે અને તેઓ બયતુલ મુકદ્દસ (યરૂશલેમ)ની નજીક ભેગા થશે.

(૪) મદીના મુનવ્વરાને બેરગબતીથી છોડવું.

(૫) સોનાના પહાડ જાહેર થવા.

(૬) નફસે ઝકિય્યહ (પવિત્ર આત્મા) નો કત્લ.

(૭) મુસલમાન અને નસારાની એકતા .

(૮) હજના દિવસોમાં ખૂનખાર જંગ.

(૯) એક બીજી જંગના વિષે 'મુસ્તદરક હાકિમ' ની રિવાયતો વાંચો.

## દસમું પ્રકરણ

***હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની કેટલીક સર્વ સમજી શકે તેવી નિશાનીઓ***

(૧) સૂરજની સાથે કોઈ નિશાનીઓનો ઉદય

(૨) ખુરાસાન અને કાળા ઝંડા

## અગિયારમું પ્રકરણ

***કેટલીક મશહૂર અલામતોની ઈલ્મી સમીક્ષા અને તેની તરદીદ (ખંડન)***

(૧) હઝરત મહદી (રદિ.)ના જાહેર થવા પહેલા રમઝાનુલ મુબારકમાં સૂરજ અને ચાંદ ગ્રહણ :

(૨) શું હઝરત મહદી (રદિ.)ના ઝુહુર વખતે આસમાનથી કોઈ આવજ આવશે?

– કેટલીક બીજી વાતો જેના મુસ્તનદ (અધિકૃત) હવાલા મળી શકયા નથી

– કશ્ફ અને ઈલ્હામ

– કશ્ફ અને ઈલ્હામની શરઈ હેસિયત

– કશ્ફના ત્રણ પ્રકારો :

– કેટલાક કશ્ફોની સમીક્ષા

– લોકો પર એ રાઝ અચાનક જાહેર થશે

– વહી, ઈલ્હામ અને કશ્ફનો ફર્ક (તફાવત)

– હઝરત મહદી (રદિ.) ના અસહાબ

– કેટલાક મહત્વના મોકાઓ પર હઝરત મહદી (રદિ.) ના અસહાબનો હદીષોમાં ઉલ્લેખ

– એક મહત્વના સવાલનો જવાબ

– દારુલ ઉલૂમ કરાંચીના અધ્યક્ષ હઝરત મુફતી મુહંમદ રફીઅ સાહબ ઉસ્માની દામત બરકાતુહુમના ઈન્ટર્વ્યુ ના અંશો

– 'અમ્બિયા કી સરઝમીન મેં' લેખમાળાના કેટલાક અંશો

– અહીંની કયામતની કેટલીક નિશાનિઓ

– યહૂદીઓનો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ

– લુદ્દ શહેરનો દરવાજો : દજજાલની કતલગાહ

– લુદ્દનો ઐતિહાસિક કૂવો અને દજજાલ માટેનો મહેલ

– મૌલાના રફીઉદ્દીન સાહબનો કાબિલે તકલીદ (અનુસરણ પાત્ર) અમલ

– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની વસિય્યત ઉમ્મતે મુહમ્મદિય્યહ ના નામ

● ***દુઆ***

● ***આધારગ્રંથો ની યાદી***

● ***હઝરત મહદી (રદિ.) વિષેની રિવાયતોનું કોષ્ટક***

# પ્રકાશકીય

الحمدلله و کفی و سلام علی عباده الذین اصطفی

અલ્લાહના અપાર એહસાન અને ફઝલથી મુજ નાચીઝની નાનકડી ઉર્દૂ કિતાબ 'ઝુહૂરે મહદી, કબ ? કહાં ? કિસ તરહ ?' ને લોકોમાં બહોળી લોકપ્રિયતા મળી, અને એક જ વરસમાં એના બે એડીશન પ્રકાશિત થયાં.

ગુજરાતને અનુલક્ષીને ઘણા લોકોએ મારાથી માંગણી કરી કે એનો ગુજરાતી અનુવાદ કરવામાં આવે, જેથી ગુજરાતી મુસ્લિમવર્ગ પણ હઝરત મહદી (રદિ.) વિશેના અકીદા બાબત સાચી હકીકતથી વાકેફ થાય, અને ખોટી માહિતી તેમજ ખોટા અકીદાઓથી દૂર રહે.

ઉપરોકત જરૂરતને અનુલક્ષીને ગુજરાતી અનુવાદ માટે જનાબ અબ્દુલ કાદિર ફાતીવાલા સાહેબ દા.બ.ને વિનંતી કરી, જે તેમણે સહર્ષ સ્વીકારી અને ઘણી જ સુંદર રીતે, સરળ ભાષામાં ગુજરાતી અનુવાદ કરી આપ્યો. અલ્લાહ તઆલા એમની અને એમના સહયોગી જનાબ મૌલાના મુહમ્મદ યૂનુસ મુન્શી ફલાહી સા.ની ખિદમત અને મહેનત કબૂલ ફરમાવે અને દારૈનમાં બેહતરીન બદલો ઈનાયત ફરમાવે. આમીન.

અનુવાદ પછી બીજો તબકકો યોગ્ય ટાઈપીંગ, સેટિંગ અને પ્રુફરીડીંગનો હતો, આ માટે મુરબ્બી જનાબ હઝરત મવલાના મુફતી અહમદ દેવલ્વી સાહેબ દા.બ.ને મેં દરખાસ્ત કરી, એમના થકી જામિઅહ જંબુસરથી ગુજરાતી, ઉર્દૂ કિતાબોના પ્રકાશનનો સુંદર સિલસિલો જારી છે, અને એ માટે સઘળી વ્યવસ્થા એમણે જામિઅહમાં જ ઉપલબ્ધ કરી લીધી છે. હઝરત મુફતી સાહેબે વિશાળ હૃદયે મારી દરખાસ્ત કબૂલ ફરમાવી અને કિતાબના ટાઈપીંગ, સેટીંગ અને પ્રુફરીડીંગની વ્યવસ્થા કરવા ઉપરાંત છપામણી માટે યોગ્ય પ્રેસની વ્યવસ્થા પણ કરી આપી. અલ્લાહ તઆલા એમની અને એમના કાર્યકર્તાઓની સેવાઓને કબૂલ ફરમાવે, અને જામિઅહને ખુબ તરકકીથી નવાઝે. આમીન.

***મહમૂદ મૌલાના સુલેમાન બારડોલી.***

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# મુબારક શબ્દો

*ઉસ્તાદે મુહતરમ હઝરત મુફતી અબ્બાસ બિસ્મીલ્લાહસાહબ(દા.બ.)*
*ઉસ્તાદે હદીસ અને નાયબ મુફતી જામિઅહ,ડાભેલ*
*અને*
*શૈખુલ હદીસ જામેઅતુલ કીરાઅત કફલેથા*

حامداً ومصلياً ومسلما કયામત ની મોટી નિશાનીઓ પૈકી હઝરત ઈમામ મહદી (રદિ.)નું દુન્યામાં જાહેર થવું પણ બતાવ્વામાં આવ્યું છે. આજના પ્રોપેગંડા ના યુગમાં હઝરત મહદી (રદિ.) ના વિશે બીન પાયેદાર વાતો વહેતી કરવામાં આવી છે. અને બીન આધારભૂત દલીલો ધ્વારા સાહિત્ય તૈયાર કરી ઉમ્મત ને ગેર માર્ગે દોરવાની ચેષ્ટા કરવામાં આવી છે. તે જોતા જામિઅહ ઈસ્લામીઅહ તઅલીમુદીન ડાભેલ–સીમલકના ઉસ્તાદ અઝીઝમ મુફતી મહમુદ બારડોલવી સાહબે આધારભૂત હદીસે પાક ના ગ્રંથો અને હદીસે પાકની શર્હો અને મોઅતબર અકાબેરીન ની સચોટ તહકીકોને સામે રાખી જે માહિતી આ કિતાબ "હઝરત મહદી (રદિ.) કયારે, કયાં, કેવી રીતે જાહેર થશે ?" માં એકત્ર કરી ઉમ્મતને સહીહ માર્ગદર્શન આપવાની કામ્યાબ કોશીશ કરી છે. એ બદલ મવસુફને મુબારક બાદી આપું છું અને દુઆ કરૂં છું કે અલ્લાહ તઆલા આ મેહનતને કબુલ ફરમાવે અને ઉમ્મતને ફાયદો પહોંચાડે. અને આ પ્રકારના વધુ થી વધુ સહીહ માર્ગદર્શન ની તવફીક અતા ફરમાવે.

મૂળ આ કિતાબ ઉર્દુમાં સંપાદન કરવામાં આવી હતી. ત્યાર પછી મુસ્લિમ સાહિત્યકારોમાં આજે જેઓ મોખરૂં સ્થાન ધરાવે છે એવા જનાબ અ. કાદીર ફાતીવાલા સાહબ (ખલીફહ હઝ. મવ. અ. રહીમ જયપુરી રહ.) પણ વધુ મુબારક બાદીના મુસ્તહીક છે જેમણે ગુજરાતી ભાષી મુસ્લિમો માટે ગુજરાતી અનુવાદ કરી ફાયદો ઉઠાવ્વા મોકળુ મેદાન કર્યુ છે. ફકત

લી. અબ્બાસ દાઉદ બિસ્મીલ્લાહ

તા. ૧૨–૧૧–૨૦૦૮

# –: અર્પણ :–

અલ્લાહની ઝાત હકીકી તરબીયત કરનાર છે. તેની હમ્દ (તઅરીફ) નો હક આપણે અદા કરી શકતા નથી. દુરૂદ–સલામ તે મુરબ્બી ઈન્સાન હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર જેઓ અલ્લાહ તઆલા તરફથી તરબીયતનો બેહતરીન નીઝામ લઈને તશરીફ લાવ્યા.

અલ્લાહના ફઝલથી વુજુદમાં આવેલી અને મકબુલ થયેલી આ કિતાબ.

ભારતની જંગે આઝાદીના ગુમનામ સીપાહી–હઝરત શેખુલ ઈસ્લામ મદની રહ. ના ખાદીમે ખાસ–જેઓ ઝીંદગી કુરઆન ની ખીદમતમાં ગુઝારી રહયા છે–ભલાઈનો હુકમ–બુરાઈથી રોકવાની ખાસ ફીકર ધરાવે છે. અને તરબીયતનો ખાસ અંદાઝવાળા

વાલીદે મુહતરમ

જેઓની તરબીયત ના અંદાઝની મકબુલીયતની
બારગાહે નુબુવ્વત થી ખ્વાબમાં બશારત છે.

અને

પોતાની અવલાદની ઈસ્લામી તરબીયત માટે અનથક મહેનત કરનાર

મરહુમા વાલીદહ

ની સેવામાં અર્પણ.

ઓ અલ્લાહ એ બન્નેવના ઉપર દુન્યા અને આખિરતમાં રહમ ફરમાવ.

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# મુબારક અભિપ્રાય

**હઝરત અકદસ મુફતી અહમદ સાહબ ખાનપુરી (દા.બ.)**

*સદર મુફતી, ઉસ્તાદે હદીસ જામિઅહ,ડાભેલ*

કયામત કયારે આવશે ? તેનો સાચો સમય અલ્લાહ તઆલા સિવાય કોઈને ખબર નથી. હદીસે જિબ્રઈલ અલયહિસ્સલામમાં છે કે :

નબીયે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામે પૂછયું કે,

"કયામત કયારે આવશે ?"

તો એના જવાબમાં હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું,

"કયામત વિશે જેને પૂછવામાં આવી રહયું છે તે પૂછનાર કરતાં વધુ જાણતો નથી."

અર્થાત : મને પણ આપની જેમ કયામતના સાચા સમયની ખબર નથી.

અલબત્ત કુર્આન અને હદીષમાં કયામતની કેટલીક અલામતો અને નિશાનીઓ બતાવવામાં આવી છે, જેને ઉલમાએ 'અલામાતે સુગરા' (નાની નિશાનીઓ) અને 'અલામાતે કુબરા' (મોટી નિશાનીઓ) એમ બે ભાગોમાં વહેંચી છે.

'અલામાતે કુબરા' (મોટી નિશાનીઓ)માં સૌથી પહેલી નિશાની (હઝરત) ઈમામ મહદી (રદિ.)નું જાહેર થવું બતાવવામાં આવે છે.

આમ તો અરબી ભાષામાં 'મહદી' હિદાયત પામેલ

વ્યકિતને કહે છે. આ અર્થના લિહાઝથી ઘણા મહદી થઈ ચુકયા છે અને થશે. પરંતુ કયામતની અલામતના તૌર પર જે મહદીના જાહેર થવાને બતાવવામાં આવ્યું છે તે એક વિશિષ્ટ વ્યકિત છે. જેની ઘણી વિગતો વિવિધ હદીસોમાં વારિદ થઈ છે.

હદીસ શરીફમાં ઉલ્લેખિત આ હઝરત મહદી (રદિ.)ના વ્યકિત્વ વિશે (વિદ્વાનો) જૂના જમાનાથી લખતા આવ્યા છે અને જેમ જેમ કયામત નજીક થતી જાય છે અને મુસલમાનો આખી દુનિયામાં વિવિધ કસોટીઓ અને મુસીબતોમાં શિકાર થતા જાય છે, તેમ કુદરતી રીતે તેમનામાં આ મહદીના આગમનની તલબ (ઝંખના) વધતી જાય છે.

મુસલમાનોની એ જ આંતરિક કૈફિયતો અને લાગણીઓને નઝર સમક્ષ રાખીને ઘણા લોકો અપેક્ષિત મહદીના આગમન અને જાહેર થવાના સિલસિલામાં ઢંગધડા વગરની વાતો પણ ફેલાવતા રહે છે. આવા સંજોગોમાં જરૂરી હતું કે લોકોને મહદી (રદિ.) વિશે વિશ્વસનીય રિવાયતોથી આગાહ કરવામાં આવે.

જેથી અઝીઝમ મુકર્રમ મૌલાના મુફતી મહમૂદ બારડોલવી સાહબ સલ્લમહૂ (ઉસ્તાદ, જામિઅહ ઈસ્લામિયહ – ડાભેલ)એ હદીસ અને હદીસની શરહો (વિવરણો) ઉપરાંત આ વિષયમાં અગાઉ લખાયેલી કિતાબોને ઉથલાવીને એક લેખ તૈયાર કર્યો છે. જે ઈન્શાઅલ્લાહ ફાયદાકારક અને માર્ગદર્શક સાબિત થવાની ઉમ્મીદ છે.

અલ્લાહતબારક વ તઆલા અઝીઝ મૌસૂફની આ કોશિશને હુસ્ને કુબૂલ અતા ફરમાવે. આમીન. યા રબ્બલ આલમીન.

*અહમદ ખાનપૂરી .*

*૬,ઝીલ કઅદહ, ૧૪૨૭ હિજરીસન*

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# આરંભિક વાતો

કયામતનું આવવું એક યકીની વાત છે, પરંતુ એ બનાવ બનવાની કોઈ નકકી તારીખ બંદાઓને બતાવવામાં નથી આવી. અલબત્ત એની ખાસ ખાસ અલામતો (નિશાનીઓ) કુર્આન અને હદીસમાં સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવી છે.

એ જ અલામતોમાંથી ઘણી મોટી અલામત હઝરત મહદી (રદિ.)નું જાહેર થવું છે. ઉમ્મતે મુસ્લિમહ આજકાલ જે પરિસ્થિતિમાં ઘેરાયેલી છે, તેને નઝર સમક્ષ રાખીને કેટલાયે મુસલમાન હઝરત મહદી(રદિ.)ના જાહેર થવાની રાહ જોઈ રહયા છે.

અલ્લામા સિફારીની(રહ.) ફરમાવે છે :

“કયામતની મોટી અર્થાત સૌથી નજીકની અને પ્રાથમિક નિશાનીઓમાં અલ–ઈમામુલ મુકતદા, ખાતિમુલ અઈમ્મહ મુહમ્મદ મહદીનું જાહેર થવું છે.”

*(લવામિઉલ અનવારિલ બહિય્યહ)*

સારાંશ કે મહદીનું જાહેર થવું એક એવી હકીકત છે કે તેના ઈન્કારનું કોઈ કારણ નથી.

લગભગ પાંચ વરસ પહેલાં માદરે ઈલ્મી જામિઅહ ઈસ્લામિય્યહ તા’લીમુદ્દીન ડાભેલ–સિમલકના ટ્રસ્ટીમંડળના સભ્યો દ્વારા જામિઅહમાં ‘શોઅબએ રદ્દે ફર્કે બાતિલહ’ (જૂઠા ફિર્કાઓનો પ્રતિકાર વિભાગ) બદલાયેલું નામ : ‘શોઅબએ તહફફુઝે શરીઅત’ સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

મજકૂર વિભાગ તરફથી આ બંદાના ઝિમ્મે ‘ઇહતિસાબે કાદયાનિયત’ (કાદયાનિયતની સમીક્ષા અને સમાલોચના) વિષય આવ્યો. મિરઝા કાદયાનીના દાવાઓમાંથી

એક દાવો (પોતે) મહદી અને મસીહ હોવાનો પણ છે. એના આ દાવા વિશે દૌરએ હદીસ શરીફના તલ્બા (વિદ્યાર્થીઓ)ને દલીલબધ્ધ એને વિસ્તૃત એક લેખ લખાવીને જયારે મે અંતે લખાવ્યું કે મિરઝા કાદયાની, મહદી અને મસીહ તો કયાં ? એક શરીફ ઈન્સાન પણ નથી હોઈ શકતો. ઉપરાંત હઝરત મહદી અને મસીહના વિશે જે વાતો હદીસોમાં આવી છે, તેમાંની કોઈ પણ વાત મિરઝા કાદયાનીમાં કોઈ રીતે પણ જોવામાં આવતી નથી. તો સાથે જ દિલમાં આ વાત પણ આવી કે હઝરત મહદી (રદિ.) વિશેની વાતોને અલગ રીતે એકત્રિત કરીને ઉમ્મતે મુસ્લિમહની સામે રજૂ કરવામાં આવે. એટલે એ જ હેતુથી કોશિશ કરવામાં આવી કે સાચી અને મજબૂત વાતોને એકત્રિત કરવામાં આવે અને કમઝોર વાતોની તરફ પણ નિર્દેશ કરી દેવામાં આવે.

હઝરત મહદી વિશે ઘણી વાતો આપણા તબકામાં પણ ગલત મશહૂર છે, જેમ કે :

તેમના જાહેર થતી વખતે આસમાનથી નિદા કરવામાં આવશે.

હઝરત મહદીના જાહેર થવાથી પહેલાં રમઝાનમાં ગ્રહણ થશે વગેરે.

આ પ્રકારની બાબતો વિશે પણ યોગ્ય સ્પષ્ટીકરણની કોશિશ કરવામાં આવી છે.

જે જે કિતાબોથી લાભ લેવામાં આવ્યો, તે દરેકને હવાલા સહિત લખી દેવામાં આવી છે. આ વિષયની હદીસો બાબત કેટલાક હઝરાતનું કહેવું છે કે :

“ મહદી વિશે જે સ્પષ્ટ હદીસો છે તે સહીહ નથી અને જે સહીહ છે તે સ્પષ્ટ નથી.”

આ બાબત ‘આલમી મજલિસે તહફફુઝ ખત્મે

નુબુવ્વત' ના એક સક્રીય સભ્ય મૌલાના અબ્દુર્રહમાન બાવા મદઝિલ્લુહુલ આલીએ લંડનમાં હઝરત મુફતી નિઝામુદીન શામઝઈ શહીદ(રહ.)ની લખેલી કિતાબ 'અકીદએ ઝૂહૂરે મહદી અહાદીસ કી રોશનીમે' બંદાને ભેટ આપી. હઝરત મુફતી શામઝઈ મર્હુમે આ વિષય વિશે લગભગ ૫૦(પચાસ) હદીસો આ કિતાબમાં એકત્ર કરી છે અને દરેકે દરેક હદીસના દરેક રાવી (રિવાયત કરનાર) વિશે ખૂબ જ વિગતવાર અને વિસ્તૃત વર્ણન કર્યુ છે, જેનાથી ઉપર ટાંકેલા વાકયનું બેહકીકત હોવું સ્પષ્ટ થઈ જાય છે.

આ કિતાબની ભરપૂર તારીફ આલમે ઈસ્લામ (ઈસ્લામી જગત)ના નામવર સંશોધક, આલિમે દીન હઝરત મુફતી મુહમ્મદ તકી ઉસ્માની મદઝિલ્લુહુલ આલીએ તેમના (ઉર્દૂ મેગેઝીન) 'અલ બલાગ' માસિકના તે લેખમાં પણ કરી છે, જે મુફતી શામઝઈ સાહબની શહાદત પર તેમણે લખ્યો હતો.

અલ્હમ્દુલિલ્લાહ હદીસોના સિલસિલામાં બંદાએ આ કિતાબથી ભરપૂર લાભ ઉઠાવ્યો છે અને બીજી જે હદીસની કિતાબો અને મુહદ્દિસીન હઝરાતના લખાણોથી ફાયદો ઉઠાવ્યો છે તે હવાલા સહિત લખી દીધું છે.

જયારે આ હસ્તપ્રત તૈયાર થઈ તો મારા મુશફિક (માયાળુ) બુઝુર્ગ હઝરત મૌલાન અબૂબક્ર સાહબ ગાઝીપુરી અને હઝરત મૌલાના અબ્દુલ અલીમ સાહબ ફારૂકી (અલ્લાહ તઆલા એ બંને બુઝુર્ગોની ઉંમરમાં બરકત અતા ફરમાવે)એ એને જોઈ અને કેટલાક ઉપયોગી સૂચનો કર્યા.

ઉપરાંત મુફતી રશીદ અહમદ સાહબ ફરીદી મદઝિલ્લુહુલ આલી અને શૈખુલ હદીસ મૌલાના મુજતબા સાહબ લુલાત અને વિદ્વાન શૈખ તલ્હા મન્યાર મકકી અને

બિરાદરે મુકર્રમ મુફતી અસ્અદ ખાનપુરીએ એને જોઈ સુધારા અને ઈસ્લાહ ફરમાવી.

ઉપરાંત મારા મુરશિદે ષાની, (દ્વિતીય પીર) મુશફિક અને મુરબ્બી હઝરત મૌલાના મુફતી અહમદ ખાનપુરી સાહબ દામત બરકાતુહુમએ એને વાંચી અને એના વિશે બરકતવંત કલિમાત લખાવ્યા.

આ કિતાબની તૈયારીમાં અઝીઝે મુહતરમ મૌલવી, હાફિઝ, કારી અલહાજ ફારૂક બમ્બવી (અલ્લાહ તઆલા તેમને દીનની ખિદમતના માટે કબૂલ ફરમાવે)એ દરેક રીતે ઘણી મહેનત કરી. જઝાહુલ્લાહુ ફીદારયન. અલ્લાહ તઆલા આ તમામ હઝરાતને જઝાએ ખૈર અતા ફરમાવે.(આમીન)

અંતમાં આ વિષય સંબંધી હદીસો અને હદીસની કિતાબોનું એક કોષ્ટક પણ રજૂ કરવામાં આવ્યું છે, જેથી આ વિષય પર વધારે સંશોધનમાં આસાની રહે.

છેવટે હું સર્વ વાચકોથી અદબપૂર્વક વિનંતી કરું છું કે મારી ઈલ્મી કમઝોરી અને ભાષાથી જાણકારીની કમીના કારણે ચોકકસ આ કિતાબમાં પુષ્કળ ખામીઓ રહી ગઈ હશે. ઉમ્મીદ છે કે તેની મને જાણ ફરમાવશે કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો થઈ શકે.

અલ્લાહતઆલા મારી બદનિય્યતી અને બદઅમલીના શર(બુરાઈ) થી સુરક્ષિત રાખે અને આ કિતાબને કુબૂલિય્યતના બહુમાનથી માલામાલ ફરમાવે. (આમીન)

***મહમૂદ બિન મૌલાના સુલયમાન હાફિઝજી બારડોલી .***

*જામિઅહ ઈસ્લામિય્યહ તા'લીમુદ્દીન,*
*ડાભેલ-સીમલક (ગુજરાત)*

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# પહેલું પ્રકરણ

## કયામત અને કયામતની નિશાનીઓ

કયામતનું આવવું એક યકીની વાત છે, દુનિયાના મોટા ભાગના લોકો કોઈ ન કોઈ સ્વરૂપે કયામતની વાતને માને છે અને સ્વીકારે છે. આપણે મુસલમાનોના માટે કયામતનું આવવું બુનિયાદી અકીદાઓમાંથી એક અતિ મહત્વનો અકીદો છે.

અલબત્ત આ કયામત કયારે આવશે તેનો ચોક્કસ સમય તો અલ્લાહ તઆલા જ જાણે છે.

સૂરએ લુકમાનમાં બારી તઆલા ઈર્શાદ ફરમાવે છે :

إن الله عنده علم الساعة۔ (لقمان : ٣٤)

**અર્થાત :** બેશક, કયામતની જાણ તો અલ્લાહ તઆલાને જ છે.

(સૂરએ લુકમાન : ૩૪)

બીજી જગ્યાએ સૂરએ "અઅરાફ"માં ઈર્શાદ છે :

يسئلونك عن الساعة أيان مرساها قل إنما علمها عند ربى لا يجلها لوقتها إلا هو۔ (اعراف : ١٨٧)

**અર્થાત :** આ લોકો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કયામત વિશે પૂછે છે કે , તે કયારે થશે ? તો આપ ફરમાવી દો : એની ખબર તો માત્ર મારા રબ (પરવરદિગાર) ને છે. જયારે કયામતનો સમય આવશે તો અલ્લાહ જ તેને સ્પષ્ટ કરી દેશે. *(સૂરએ અ'રાફ : ૧૮૭)*

કયામતના આગમન અને ઝુહૂર (જાહેર થવા) વિશે મક્કાના કુરૈશે કદી આપ સલ્લલલાહુ અલયહિ વ સલ્લમને રિશ્તેદારી (સગાઈ સંબંધ)નો વાસ્તો આપીને,

કદી એને આપની નુબુવ્વતનો મેઅયાર (માપદંડ) બનાવીને પૂછયું કે,

જો આપ ખરેખર નબી છો તો બતાવતા કેમ નથી કે કયામત કયા વરસે

અને કઈ તારીખે આવશે ?

પરંતુ દરેક વખતે એ જ જવાબ મળ્યો કે,

એની જાણ તો માત્ર મારા રબ (પરવરદિગાર)ને જ છે, કોઈ નબી કે ફરિશ્તાને પણ એની ખબર આપવામાં આવી નથી.

આ વાતની સ્પષ્ટતા કરતાં મુફસ્સિર ઈબ્ને કસીર રહ. લખે છે,

"કયામતની જાણ ન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને છે અને ન મખ્લૂકમાંથી બીજા કોઈને પણ. એની જાણ અલ્લાહ તઆલાને છે અને તે જ એના ચોક્કસ સમયને જાણે છે. (તફસીર ઈબ્ને કષીર : ૪/૪૨૫)

કુર્આને કરીમમાં આટલી સ્પષ્ટ રીતે હકીકત બતાવી દેવામાં આવી હોવા છતાં ઘણા લોકો આ વાતની તલાશમાં રહે છે કે કયામત કયારે આવશે ?

અને ઈસરાઈલિયાત (બિન આધારભૂત રિવાયતો) તથા અન્ય કથનોને મેળવીને દુનિયાની એકંદર ઉંમર અને એનાથી કયામતના સમયની તલાશ અને ગણતરી કરવાની નિષ્ફળ કોશિષ કરતા રહે છે.

એ સર્વ નકામું અને વ્યર્થ કામ છે. ખુદ બારી તઆલા એવા લોકોને ચેતવણી આપતા આગળ ઈર્શાદ ફરમાવે છે :

لاتأتيكم الا بغتة

**અર્થાત** : તે (કયામત) તમારા પર એકાએક આવી પડશે (એવી રીતે આવી પડશે કે કોઈને એના આવવાનો વહેમ અને ગુમાન પણ ન થશે.)

હઝરત અબૂ હુરૈરહ રદિ. બયાન ફરમાવે છે કે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે,

"કયામત ત્યાં સુધી નહી આવશે જયાં સુધી સૂરજ પશ્ચિમ દિશામાંથી ઉદય નહી પામે. જયારે સૂરજ પશ્ચિમ દિશામાંથી ઉદય પામશે અને લોકો તેને જોઈ લેશે ત્યારે બધા લોકો ઈમાન લઈ આવશે, પરંતુ એ તે સમય હશે જયારે કોઈનું ઈમાન લાવવું સ્વીકાર્ય ન હશે.

કયામત એ રીતે અચાનક આવી જશે કે બે આદમી આપસમાં કપડાંના (ખરીદ–વેચાણનો) સોદો કરી રહ્યા હશે, પછી ન તો તેની ખરીદી કરવા પામશે અને ન કપડાંને લપેટી શકશે.

કયામત એ રીતે અચાનક આવી જશે કે આદમી પોતાના પશુઓનું દૂધ

લઈને આવી રહ્યો હશે પણ એને પી નહી શકે.

કયામત એ રીતે એકદમ આવી પડશે કે એક શખ્સ પાણી માટે હોઝની સફાઈ કરી રહ્યો હશે, પરંતુ તેનો ઉપયોગ પણ કરી નહિ શકશે.

કયામત એવી રીતે તત્કાળ આવી પહોંચશે કે એક શખ્સે ખાવાના માટે લુકમો ઉઠાવેલો હશે અને તેને ખાય પણ નહી શકે.

*(સહીહ બુખારી : ૨/૯૬૩)*

એનો સારાંશ આ નિકળ્યો કે :

કયામત કયારે આવશે એનો ચોક્કસ ઈલ્મ માત્ર અને માત્ર બારી તઆલાની પાસે છે.

અલબત્ત કયામતની પુષ્કળ નિશાનીઓ આપણને અલ્લાહ તઆલાએ પોતાના સાદિક અને મસ્દૂક (સત્યવાદી) રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દ્વારા બતાવી છે.

આ વાત પર આપણું ઈમાન છે કે અલ્લાહ તઆલાની વાતો ચોક્કસ અને અટલ છે અને જે વાત પણ અલ્લાહ તઆલા તરફથી આપણને બતાવવામાં આવી તે થઈને જ રહેશે.

વિશ્વનું આ કારખાનું (તંત્ર) અલ્લાહ તઆલાના હુકમના તાબે છે. એટલા માટે કયામત પહેલા પેશ આવનારા તે સંજોગો જેનું વર્ણન આપણને કુર્આન અને હદીષમાં મળે છે, તેના જ પ્રમાણે દુનિયામાં ફેરફાર અને પરિવર્તન થતા રહેશે.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

لا تبديل لكلمات الله۔ (يونس:٦٤)

**અર્થાત** : અલ્લાહની વાતો બદલાતી નથી. (સૂરએ યૂનુસ : ૬૪)

- એટલે કયામતની જે નિશાનીઓનું વર્ણન કરવામાં આવ્યું તેનું ઘટવું એક ફરજિયાત (અનિવાર્ય) બાબત છે.
- એમાંની ઘણી અલામતો (નિશાનીઓ)તો અત્યાર સુધી આ દુનિયામાં ઘટી ગઈ છે.
- કેટલીક ઘટી રહી છે.
- અને પુષ્કળ અલામતો પોત પોતાના સમયે જાહેર થતી રહેશે.

નોંધ : કયામતની અલામતો (નિશાનીઓ)ની માહિતી મેળવવા માટે...

(૧) હદીષની કિતાબોમાં વિશિષ્ટ રીતે " كتاب الفتن و أشراط الساعة " નામના અબવાબ (પ્રકરણો) મોજૂદ છે.

(૨) ઉપરાંત અરબી ભાષામાં અલ્લામા ઈબ્ને કસીરની "અન્નિહાયહ" હવાલા અને હાશિયહ સહિત છપાઈ ચુકી છે.

(૩) એ જ પ્રમાણે સય્યિદ અહમદની "અલ ઈશાઅહ લિ અશરાતિસ્સાઅહ"નો ઉર્દૂ અનુવાદ 'અસરે હાજિર હદીસે નબવી કી રોશનીમેં' પ્રકાશિત થયેલો છે. જેનું ગુજરાતી સંકલન સુધારા વધારા સાથે "ફિત્નાઓ અને કયામતના" નામથી જામિઅહ જંબુસરથી પ્રકાશિત થઈ ચુકયું છે.

(૪) અને શાહ રફીઉદ્દીન સાહબ દહેલ્વી રહ.ની કિતાબ "અલામાતે કયામત" નો ગુજરાતી અનુવાદ 'કિયામતની નિશાનીઓ' નામથી પ્રગટ થયેલો છે.

ઉપરોકત કિતાબોનું વાચન અને અવલોકન કરવું જોઈએ.

## કયામતની નિશાનીઓના બે પ્રકારો

કયામતની જે નિશાનીઓ કુર્આન અને હદીષમાં વર્ણવવામાં આવી છે તે બે પ્રકારની છે.

(૧)**અલામાતે સુગરા**–નાની નિશાનીઓ અથવા અલામાતે બઈદહ (દૂરની અર્થાત લાંબા સમયાંતરની નિશાનીઓ પણ કહી શકાય છે. એ નિશાનીઓ કયામતથી પહેલા વુજૂદ (અસ્તિત્વ)માં આવશે, પરંતુ એ જરૂરી નથી કે તેના પછી કયામત જલ્દી જ આવી જાય.

(૨)**અલામાતે કુબરા**–અર્થાત મોટી મોટી નિશાનીઓ. એને અલામાતે કરીબહ (કયામતથી નિકટની નિશાનીઓ) પણ કહી શકાય છે.

આ નિશાનીઓ દુનિયાના સામાન્ય નિયમથી (ઘટનાક્રમ) વિરુદ્ધ કયામતના નજીકતર જમાનામાં જાહેર થશે, એ નિશાનીઓને જોઈને આ વાત સ્પષ્ટ થઈ જશે કે હવે કયામત દૂર નથી.

*(ફત્હુલ બારી : ૧૧/૪૨૮ના આધારે)*

બીજો પ્રકાર અર્થાત અલામાતે કુબરા (મોટી નિશાનીઓ)માંથી એક ઘણી મોટી નિશાની હઝરત મહદી રદિ.નું જાહેર થવું છે.

# હઝરત મહેદી રદિ.ના કારનામાઓ

હઝરત મહદી રદિ.નું જાહેર થવું એક અનિવાર્ય અને યકીની બાબત છે.

આપ રદિ.નું આગમન મુસ્લિમ ઉમ્મતના ઉત્થાન અને તરક્કીનું નિમિત્ત બનશે.

આપ રદિ.ના આગમન બાદ :

દીનની હિફાઝત (સુરક્ષા)

દીનની ઈશાઅત (પ્રચાર અને પ્રસાર)

દીનની તજદીદ (નવ નિર્માણ)

દીનનો ઈહયા (નવજીવન) વગેરે

તે સૌથી મહત્વના કારનામા, જેને મુસ્લિમ ઉમ્મતમાં પહેલાંથી જ અંજામ આપવામાં આવતા રહ્યા હતા, પરંતુ જમાનાના સંજોગાના કારણે તેમાં શિથિલતા આવી ગઈ હતી, તેને હઝરત મહદી રદિ. દૂર કરીને સર્વદિશામાં આગળ વધારવાની કામ્યાબ કોશિષ કરશે.

## દીનની હિફાઝત

આ દુનિયાને બનાવવાનો મકસદ (હેતુ)

ખાલિક (સર્જનહાર)ને ઓળખવું, અને

ખાલિક (સર્જનહાર)ની ઈચ્છાનુસાર અમલ કરવું, અને

એના મારફતે બંને જહાનની સઆદત (સૌભાગ્ય) હાસિલ કરવું છે.

આ મહાન મકસદ માટે બારી સુબ્હાનહુ વ તઆલાએ વિવિધ અંબિયા અલૈહિમુસ્સલામને આ દુનિયામાં મોકલ્યા, દરેક નબીએ પોત પોતાના જમાનામાં અલ્લાહ તઆલાનો પૈગામ તેના બંદાઓ સુધી પહોંચાડી દીધો, અને પોતાની ઝિમ્મેદારીઓને અદા કરીને દુનિયાથી તશરીફ લઈ ગયા.

પહેલાં અંબિયા અલૈહિમુસ્સલામને મખ્સૂસ જમાના (ખાસ સમય) અને મખ્સૂસ ઈલાકા (ખાસ પ્રદેશ)ના માટે શરીઅતો આપવામાં આવતી હતી. અને સૌથી છેલ્લે અલ્લાહ તઆલાએ હઝરત ખાતમુલ અંબિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મોકલ્યા.

બારી તઆલાએ જે દીન સાથે પોતાના આખરી નબીને મોકલ્યા તે દીનને કયામત સુધીના માટે :

એક જામેઅ (સર્વગ્રાહી) દસ્તૂર (બંધારણ)

પરિપૂર્ણ જીવન ધારા (કાનૂન) અને

કદી મન્સૂખ (રદ) ન થઈ શકે તેવો દીન ઠેરવવામાં આવ્યો.

કુર્આને કરીમ ખુદા તઆલાનો આખરી પેગામ હોવાથી તેની અબ્દીય્યત (સનાતનતા) અને આફાકિય્યત (વિશ્વ વ્યાપકતા)નો તકાઝો પણ એ જ છે કે તેનો એકે એક અક્ષર સુરક્ષિત રહે કે જેથી કયામત સુધી આવનારા તમામ જિન્નાત અને ઈન્સાન તેનાથી રોશની હાસિલ કરી શકે. એટલે એની સુરક્ષાની જવાબદારી પણ ખુદ અલ્લાહ તઆલાએ લઈ લીધી.

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફરમાવે છે :

"અમે પોતે કુર્આન ઉતાર્યુ છે અને અમે પોતે એના રક્ષક છીએ.

*(સૂરએ હિજર : ૯)*

કુર્આન માત્ર શબ્દોનું નામ નથી, બલકે શબ્દો અને અર્થ બન્નેના સમન્વયથી બનેલું નામ છે. એટલે જેવી રીતે કુર્આનના શબ્દોની સુરક્ષાનો વાયદો અને જવાબદારી અલ્લાહ તઆલાએ લીધી તે જ રીતે કુર્આનના અર્થ અને વિષયોની સુરક્ષા તથા દરેક રીતના ફેરફારથી સુરક્ષિત રાખવાની જવાબદારી પણ એમાં આવી જાય છે. અને એમાં પણ ઈલ્મી અને અમલી બંને પ્રકારની સુરક્ષા શામિલ છે. અર્થાત જે રીતે કુર્આનનું સહીહ ઈલ્મ સુરક્ષિત રહેશે. અને માત્ર કુર્આને કરીમની ખુસુસિયાત (વિશિષ્ટતા) છે બીજી આસમાની કિતાબોની સુરક્ષાની જવાબદારી જે તે અંબિયા અલૈહિમુસ્સલામ અને તેમની ઉમ્મતને સોંપવામાં આવી હતી.

બારી તઆલાનો ઈર્શાદ છે :

તૌરાતની સુરક્ષાના તેમને ઝિમ્મેદાર બનાવવામાં આવ્યા અને તેઓ ખબરગીરી (દેખરેખ રાખવા માટે) મુકર્રર હતા. (સૂરએ માઈદહ : ૪૪)

તો જયાં સુધી અહબાર (યહૂદી ઉલમા)એ પોતાની ઝિમ્મેદારીનો અહેસાસ કર્યો ત્યાં સુધી તૌરાત અને ઈન્જીલ સુરક્ષિત રહ્યા. અને આ કિતાબો જયારે દુનિયાના પૂજારીઓના હાથમાં આવી તો ફેરફાર પામીને વેડફાઈ ગઈ.

એનો સારાંશ આ છે કે કુર્આને કરીમના શબ્દો અને અર્થો અને સુચિતાર્થો સીધા અલ્લાહ તઆલાની હિફાઝત (સુરક્ષા)માં છે તે :

ન કોઈના મિટાવવાની મિટનારા

ન કોઈના દબાવવાથી દબાનારા

ન કોઈના વાંધા વચકાથી નિરર્થક થનારા, અને

ન જ કોઈના રોકવાથી તેની દઅવત રોકાવાની છે.

બારી તઆલાના ફઝલથી આ ઉમ્મતમાં દરેક જમાનામાં એક મોટો સમૂહ મોજૂદ હોય છે, જે પોતે શરીઅત પર અમલ કરતો હોય છે. અને દીને મતીનનું સાક્ષાત સ્વરૂપ ધારણ કરીને દરેક જમાનામાં તેની સુરક્ષા અને પ્રચાર તથા પ્રસારનું સૌથી મહત્વનું કામ અંજામ આપે છે.

હદીસ શરીફમાં ઈર્શાદ છે :

"મારી ઉમ્મતમાં એક એવી જમાઅત બાકી રહેશે જે ખુદાએ પાકના અહકામ સાચવે, કોઈ તેનો સાથ ન આપે અથવા કોઈ તેમનો વિરોધ કરે, તેમને તેની કોઈ પરવા ન થશે. એવી હકપરસ્ત (સત્ય ચાહક) જમાઅત એવી જ શાનની સાથે કયામત સુધી જાહેર થતી રહેશે. (સહીહ મુસ્લિમ : ૨/૧૪૩)

એક બીજી રિવાયતમાં છે :

કયામત આવતા સુધી મારી ઉમ્મતમાં એક સમૂહ સત્યતનો સહાયક રહેશે, કોઈનું અપમાન એમને અવરોધશે નહીં. (સુનને તિર્મિઝી : ૨/૪૩)

ગરજ કે આ ઉમ્મતની એક જમાઅત હંમેશા હકને બુલંદ કરવા માટે પ્રવૃત્તિશીલ રહેશે, અને એ જમાઅતના પોતાના દોરના એક અમીર હઝરત મહદી રદિ. હશે.

## કયામત કયા લોકો પર આવશે તે વિશે બે પ્રકારની (વિરોધાભાસી) હદીસોનું નિરાકરણ

ઉપરની બન્ને રિવાયતોથી માલૂમ થાય છે કે અલ્લાહ તઆલાના નેક બંદાઓની એક જમાઅત કયામત સુધી અસ્તિત્વમાં રહેશે. અને અલ્લાહ તઆલાના કલિમાને બુલંદ કરવાના મહાન મકસદમાં મશ્ગૂલ રહેશે. જયારે કે સહીહ મુસ્લિમની રિવાયતો :

**"લા તકુમુસ્સાઅત હત્તા લા યુકા લ ફિલ અરદિ અલ્લાહ અલ્લાહ"**

**અર્થાત** : કયામત ત્યાં સુધી નહી આવશે જયાં સુધી ધરતી પર અલ્લાહનું નામ લેવામાં આવે.

**"લા તકુમુસ્સાઅતુ અલા અ–હ–દિન યકૂલ : અલ્લાહ અલ્લાહ"**

*(મુસ્લિમ : ૧/૮૩)*

**અર્થાત** :– કોઈ એવા માણસ ઉપર કયામત નહી જે અલ્લાહ અલ્લાહ કહેતો હોય.

અને ઈબ્ને માજાની રિવાયત :

**"વલા તકુમુસ્સાઅતુ ઈલ્લા અલા શિરારિન્નાસ"**

*(ઈબ્ને માજા: ૩૦૨)*

અર્થાત :– કયામત બદતરીન લોકો પર જ આવશે.

આ હદીષથી માલૂમ થાય છે કે કયામત બદતરીન લોકો પર કાયમ થશે, તે જમાનામાં નેક લોકોનું વુજૂદ (અસ્તિત્વ) પણ ન હશે.

બન્ને પ્રકારની રિવાયતોથી જાહેરી રીતે જે વિરોધાભાસ માલૂમ પડે છે તેનો ઉકેલ આ છે કે :

પહેલી રિવાયતમાં :

**"ઈલા યવમિલ કિયામહ"** કયામત સુધી

**"હત્તા તકુમુસ્સાઅતુ"** કયામત આવતા સુધી

જેવા શબ્દોથી કયામતે કુબ્રા (મોટી કયામત) મુરાદ નથી બલકે કયામતની એક મોટી અલામત (નિશાની) મુરાદ છે. અર્થાત હઝરત ઈસા અલૈહિસ્સલામનું (આસમાનથી ધરતી ઉપર) ઉતરવું.

એનાથી માલૂમ થયું કે :

– હઝરત ઈસા અલૈ.ના (ધરતી પર) ઉતરવા સુધી એ જમાઅત બરાબર ધરતી પર સ્થાયી રહેશે.

– તે પછી ધીરે ધીરે અહલે હક લોકો આ દુનિયાથી વિદાય થઈ જશે અને બદતરીત લોકો પર કયામત કાયમ થશે.

વધારે વિગતો માટે વાંચો : "નવાદિરુલ ફિકહ : ૧/૧૩૨,૧૩૩"

---

# બીજું પ્રકરણ

## ખિલાફત

સઈદ બિન જમ્હાન રદિ. સફીનહ (રદિ.)થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

"મારી ઉમ્મતમાં ખિલાફત ૩૦ વર્ષ સુધી રહેશે, તેના પછી સલ્તનત થઈ જશે."

તે પછી સફીનહ (રદિ.)એ મને કહ્યું કે,

"આપ હઝરત અબૂ બકર રદિ.ની ખિલાફતની ગણતરી કરો. પછી હઝરત ઉમર રદિ. અને હઝરત ઉષ્માન (રદિ.) અને હઝરત અલી રદિ.ની ખિલાફતની ગણતરી કરો."

અને (ગણતરી) કરી તો તે ૩૦ વર્ષ જ થયા. પછી મેં સફીનહ રદિ.થી કહ્યું કે,

"બની ઉમય્યહ એવો દા'વો કરે છે કે (મજકૂર) ખિલાફત તેમના (ખાનદાન) માં જ છે."

તો સફીનહ (રદિ.)એ કહ્યું કે,

"બની ઝુરકા જૂઠા છે, તેઓ તો બદતરીન બાદશાહોમાંથી હતા."

*(તિર્મિઝી : ૨/૪૬)*

ફકીહુલ અસ્ર હઝરત મૌલાના રશીદ અહમદ ગંગોહી (રહ.)આ હદીસની બાબતમાં લખે છે કે :

"તે પસંદીદહ ખિલાફત તે લોકોની (કાયમ કરેલી) હશે જેમણે પોતાના આ'માલના ઝરિયાથી ઈસ્લામની તસ્દીક કરી અને સુન્નતે નબવી સલ.ને મજબૂતીથી પકડી લીધી. (હવાશી કવકબુદુરી : ૨/૫૫, હવાશી, તિર્મિઝી : ૨/૪૬, મજમઉબિહારિલ અનવાર : ૨/૯૩)

એ જ પ્રમાણે હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.ની રિવાયતમાં આવ્યું છે કે : આપ સલ.એ ખબર આપી છે કે :

– કેટલાક જમાના સુધી નુબુવ્વત અને રહમત રહેશે.

– તે પછી ખિલાફત અને રહમત રહેશે.

કેટલીક રિવાયતોમાં ..

**'ખિલાફત અલા મિન્હાજિન નુબુવ્વહ'** (નબવી પ્રણાલી પ્રમાણેની ખિલાફત) શબ્દો પણ આવ્યા છે.

*(અલ મુસ્તદરક લિલ હાકિમ : ૪/૫૨૦, હદીસ નં.૮૪૫૯)*

સય્યિદના હઝરત મુહમ્મદ સલ. અલ્લાહ તઆલાના આખરી નબી અને રસૂલ છે. આપના પછી કોઈ નવા રસૂલ અને નબી આવનાર નથી.

આપ સલ.એ પોતાની પવિત્ર ઝિંદગીમાં જ પોતાની બિઅસત (દુનિયામાં આગમન)ના મકસદો

અર્થાત :

– તિલાવતે આયાત

– તઝકિયએ નુફૂસ (લોકોની આંતરિક શુદ્ધિ)

– કિતાબ (કુર્આન)ની તા'લીમ અને હિકમતની રોશનીમાં એક સર્વગ્રાહી દીન અને સાલેહ (સદાચાર) સમાજ ઈન્સાનિયત સમક્ષ રજૂ કર્યો.

– સાથે સાથે જ અલ્લાહની મરજી મુજબ અદલ અને ઈન્સાફવાળી એક નમૂનારૂપ, આદર્શ હુકૂમત પણ સ્થાપી.

– આપ સલ.ની બાકમાલ શખ્સિયત ઈમામતે સુગરા (નાની ઈમામત અર્થાત નમાઝની ઈમામત) અને ઈમામતે કુબરા (મોટી ઈમામત અર્થાત હુકૂમત) બન્નેની ભેગી હતી.

– આપ સલ. એ વહીની રોશનીમાં જે રાજય વ્યવસ્થા સ્થાપિત કરી તેનો નમૂનો દુનિયાના ઈતિહાસમાં મળી શકે તેમ નથી.

– આપ સલ.ના બાદપણ આ રાજય વ્યવસ્થા (નિઝામે હુકૂમત) કેટલાક અરસા સુધી દુનિયામાં બાકી રહી. જેને આપણે ''ખિલાફત'' કહીએ છીએ, અને ખિલાફતના પદના ઝિમ્મેદારને 'ખલીફા' કહીએ છીએ.

– એટલે હકીકતમાં ખિલાફત તે જ નિઝામ (રાજય વ્યવસ્થા)ને કહીશું જે સંપૂર્ણપણે નુબુવ્વત અને રિસાલતની તા'લીમાત (સૂચનાઓ) અનુસાર હોય. અને નબવી નિઝામની તમામ ખૂબીઓ તેમાં મોજૂદ હોય. અને તે નિઝામ રિસાલતના તર્ઝ (શૈલી, પ્રણાલી) પર ચાલતો હોય.

# ખિલાફતની વ્યાખ્યા

ખિલાફતની વ્યાખ્યા કરતાં હઝરત શાહ વલિયુલ્લાહ મુહદ્દીસ દહેલ્વી (રહ.) લખે છે કે :

ખિલાફતે આમ્મહ એટલે :

– ઉલૂમે દીનીય્યહની ઈશાઅત (પ્રચાર અને પ્રસાર) અર્થાત : કુર્આન અને હદીસની તા'લીમ, વઅઝ અને નસીહતને) જીવંત રાખવું.

– અરકાને ઈસ્લામ (પાંચ વખતની નમાઝ,જુમ્અહ,બન્ને ઈદોની જમાઅતનો પ્રબંધ અને ઈમામત કરવી, ઝકાત વસૂલ કરવું, મસરફ (હકદારો)માં ખર્ચ કરવું, આમિલ(ઝકાત–ઉશ્ર વસૂલ કરનાર વહીવટદાર)ની નિમણુંક, ચાંદની ગવાહી અને તેના બાદ રમઝાન અને બન્ને ઈદોનો હુકમ, હજની વ્યવસ્થા વગેરે..) પર અમલ કરવો કરાવવો.

– જિહાદ અને તેને અનુસંગત વિભાગોની સ્થાપના કરવી.

– કાઝી (ન્યાયાધિશ) પદની ફરજો બજાવવી.

– હુદૂદ (ગુનાહો માટે શરઈ સઝા) ગુનેગારો પર લાગુ કરવી.

– અત્યાચારો દૂર કરવા.

– ભલાઈનો હુકમ કરવો અને બુરાઈઓ રોકવાનો પ્રબંધ કરવો.

આ બધા કામોને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નાયબ ( પ્રતિનિધિ) તરીકે અમલી રીતે અંજામ આપવાને ખિલાફત કહેવામાં આવે છે.

*(ઈઝાલતુલ ખિફાઅ : ૧ / ૧૯)*

ખિલાફતની બાબતમાં ઈમામે અહલે સુન્નત મૌલાના અબ્દુશ્શકૂર સાહેબ લખનવી (રહ.) ફરમાવે છે :

ખિલાફતનો અર્થ જાનશીની છે.

જે શખ્સ કોઈની જગા (હોદ્દા, પદ) પર બેસી જાય, અર્થાત તેનો નાયબ ( પ્રતિનિધિ) બનીને કામ કરે, તે એનો ખલીફા કહેવાશે.

શરીઅતની પરિભાષામાં ખિલાફત એટલે બાદશાહી સ્વરૂપની એ નયાબત (પ્રતિનિધિત્વ) જે આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના

દીનને કાયમ રાખવા માટે અને દીનના અહકામ નાફિઝ (લાગુ) કરવા માટે હોય. *(તોહફએ ખિલાફત : ૭૮)*

માલૂમ થયું કે ખિલાફત માટે બાદશાહત જરૂરી છે, એવી બાદશાહત જેમાં રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની નયાબત (પ્રતિનિધિત્વ)ની સલાહિયત (પાત્રતા) હોય.

## ખિલાફતનું મહત્વ

ખિલાફત અને ખલીફાનું બાકી રહેવું આ ઉમ્મતના માટે અત્યંત મહત્વની અને જરૂરી બાબત હતી, જેના મહત્વનો અંદાઝો એનાથી લગાવી શકાય છે કે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિસાલ (વફાત) બાદ દફનમાં જે મોડું થયું તે ખલીફા નકકી કરવાના કારણે થયું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વાણી અને વર્તનના સ્પષ્ટ ઈશારાઓની રોશનીમાં સહાબા (રદિ.)ના ઈજમાઅ (સર્વસંમતિ)થી હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)પ્રથમ ખલીફા નકકી કરવામાં આવ્યા, ત્યાર પછી કફન – દફનનો મુબારક અમલ અંજામ આપવામાં આવ્યો.

આ વિશે હઝરત શાહ વલીયુલ્લાહ (રહ.) ફરમાવે છે :

" સહાબા રિદવાનુલ્લાહિ અલયહિમ અજમઈનનું ધ્યાન આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દફનથી પહેલાં ખલીફા નકકી કરવા તરફ કેન્દ્રિત થયું, જેનાથી માલૂમ થયું કે જો સહાબએ કિરામ (રદિ.)ને શરીઅતના તરફથી ખલીફા મુકર્રર કરવાની ફરઝિયત (અને તેમાં મોડું કરવાની મનાઈ) માલૂમ ન હોત તો તેઓ હરગિઝ ખલીફા મુકર્રર કરવાને આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દફન પર અગ્રતા ન આપત.

*(ઈઝાલતુલ ખિફાઅ : ૧ / ૨૧)*

શાહ સાહબ (રહ.) વિશેષ ફરમાવે છે કે :

" મુસલમાનોએ પોતાના માટે એવા ખલીફાનું મુકર્રર કરવું જે ખિલાફતની શરતોનો જામેઅ (સર્વગ્રાહી) હોય, ફર્ઝે કિફાયહ છે અને કયામત સુધી (ફર્ઝ) રહેશે.

*(ઈઝાલતુ ખિફાઅ : ૧/૧૯)*

# ખલીફા

**ખલીફા**

– નબીનો સાચો જાનશીન હોય છે.
– નબવી ઉલૂમ અને નબવી સિફાતથી આભૂષિત હોય છે.
– કુર્આન અને હદીસના ઉલૂમમાં તેને પરિપૂર્ણ સૂઝ–બૂઝ હોય છે.
– નબવી સુન્નતોનો સંપૂર્ણ પાબંદ હોય છે, અને
– નબીની જેમ તેનું દિલ ઈન્સાનિયતની ખૈરખ્વાહી (શુભેચ્છા, ભલાઈ)ની ભાવનાથી છલકતું હોય છે.

**ખલીફા માટે જરૂરી છે કે**

– મુસલમાન હોય,
– મર્દ (પુરૂષ હોય)
– આકિલ (બુદ્ધિશાળી) હોય,
– બાલિગ (પુખ્તવયનો) હોય,
– આદિલ (ન્યાયી) હોય,
– આઝાદ (સ્વતંત્ર) હોય,
– મુતકલ્લિમ (વાકછટા ધરાવનાર) હોય,
– સમીઅ (પ્રજાની વાતોને સાંભળનાર) હોય,
– બસીર (પ્રજાની પરિસ્થિતિ પર નજર રાખનાર હોય,
– અને ઈજતિહાદની સલાહિયત પણ તેનામાં હોય,

*(ઈઝાલતુલ ખિફાઅ)*

# ખિલાફતે રાશિદહ

## *૧. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ની ખિલાફત*

નબીયે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિસાલ (ઈન્તેકાલ) બાદ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ ખૂબ જ નાઝૂક વખતમાં તમામ મુહાજિરો અને અન્સારની સર્વસંમતિથી ખિલાફતનો મન્સબ (હોદ્દો) સંભાળીને ઉમ્મતની રહબરી ફરમાવી.

આપની ખિલાફતની કુલ મુદ્દત ૨ (બે) વરસ, ૩ (ત્રણ) મહીના અને ૧૩ (તેર) દિવસ છે.

### ૨. હઝરત ઉમર (રદિ.)ની ખિલાફત

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ પોતાના પછી હઝરત ઉમર (રદિ.)ને ખલીફા મુકર્રર ફરમાવી દીધા.

આપની ખિલાફતની મુદ્દત ૧૦ (દસ) વરસ અને લગભગ ૬ (છ) મહીના છે.

### ૩ . હઝરત ઉસ્માન (રદિ.)ની ખિલાફત

હઝરત ઉમર (રદિ.)ને જયારે અબૂ લૂઅલૂઅ નામના મજૂસી ગુલામે ફજરની નમાઝમાં ઘાયલ કરી દીધા તો એમણે ,

– હઝરત ઉસ્માન,

– હઝરત અલી,

– હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ,

– હઝરત તલ્હા,

– હઝરત ઝુબૈર,

– હઝરત સઅદ બિન અબી વકકાસ (રદિયલ્લાહુ અન્હુમ)

આ ૬ (છ) હઝરાતને ખિલાફત બાબત મશ્વરહ માટે નકકી ફરમાવ્યા.

તેમણે મશ્વરહથી હઝરત ઉસ્માન (રદિ.)ને ખલીફા મુકર્રર કર્યા.

આપની ખિલાફતની મુદ્દત લગભગ ૧૨ (બાર) વરસ છે.

### ૪. હઝરત અલી (રદિ.)ની ખિલાફત

જયારે હઝરત ઉસ્માન (રદિ.)ને બાગીઓ (બળવાખોરો)એ શહીદ કરી દીધા તો મુહાજિરીન અને અન્સારના આગ્રહથી હઝરત અલી (રદિ.) ખલીફા થયા.

આપની ખિલાફતની મુદ્દત ૪ (ચાર) વરસ, ૯ (નવ) મહીના છે.

# અંબિયાએ કિરામ અલયહિમુસ્સલામ પછી સર્વોત્તમ કાર્યકર્તાઓ

આ ચારેવ હઝરાત (રદિ.)ની ખિલાફત ઐન (હૂબહૂ) નબવી તર્ઝ (શૈલી) પર રહી, અને હકીકી ખિલાફતની બધી શરતો તેઓમાં મોજૂદ હતી.

ખિલાફતનો મકસદ પરિપૂર્ણ રીતે તેમનાથી અદા થયો.

એ જ મુબારક દૌરને આપણે " ખિલાફતે રાશિદહ " ના મુબારક નામથી ઉલ્લેખ કરીએ છીએ.

એ જ ખિલાફતના ચારેય ખલીફાઓને આપણે " ખુલફાએ રાશિદીન " ના નામથી યાદ કરીએ છીએ.

એમણે ખિલાફતનો સહીહ હક અદા કરીને તે નમૂના રૂપ હુકૂમત કાયમ ફરમાવી અને એવા કારનામાઓ અંજામ આપ્યા જેની જોડ અંબિયાએ કિરામ (અલયહિમુસ્સલામ)ના કારનામાઓ સિવાય માનવજાતના ઈતિહાસમાં મળતી નથી.

***૫. હઝરત હસન (રદિ.)ની ખિલાફત***

હઝરત અલી (રદિ.)ની શહાદત બાદ હઝરાતે સહાબા (રદિ.) અને તાબેઈન (રહ.)ની એક મોટી જમાઅતે હઝરત હસન બિન અલી (રદિ.)ને ખલીફા બનાવ્યા.

હઝરત હસન (રદિ.)એ ૬ (છ) મહીના સુધી ખિલાફતનો મન્સબ (હોદ્દો, પદ) સંભાળ્યો, અને ૬ (છ) મહીના પૂરા થઈ ગયા તો આપે આ પ્રમાણે ફરમાવીને મન્સબ છોડી દીધો કે,

નબીયે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું કે,

" ખિલાફત મારા બાદ ત્રીસ વરસ રહેશે. "

અને ત્રીસ વરસ પૂરા થવામાં ૬ (છ) મહીના બાકી હતા, તે પૂરા થઈ ગયા.

જાણે હઝરત હસન (રદિ.)ની ખિલાફત હઝરત અલી (રદિ.)ની ખિલાફતની પૂર્તિ અને પરિપૂર્ણતા હતી.

ઉલમાએ ફરમાવ્યું છે કે,

'' આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ત્રીસ વરસની ખિલાફતમાં ચાર ખલીફાઓ અને હઝરત હસન (રદિ.)ની હુકૂમતના દિવસો સિવાય કોઈ ઝમાનો ન હતો.

એટલે હઝરત હસન (રદિ.) સ્પષ્ટ રીતે આખરી ખલીફા છે.

*(તારીખુલ ખુલફા : ૧૩૧)*

## ત્રીસ વરસ પછી ખિલાફત પર બાદશાહતનો રંગ ચઢવાનો શરૂ થયો

ગરઝ આ રીતે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાન મુતાબિક ' નુબુવ્વતની રીત પ્રમાણે ખિલાફત 'ના ત્રીસ વરસ પૂરા થયા.

'સુનને અબૂદાવુદ' ખુલફાનું પ્રકરણ, પેજ ૬૩૮, હદીસ નંબર ૪૬૪૮ની રિવાયતનું વિવરણ કરતાં મૌલાના મુહમ્મદ મન્ઝૂર નુઅમાની (રહ.) લખે છે કે,

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી બરાબર ત્રીસમાં વરસે હઝરત અલી મુર્તઝા (રદિ.)ની શહાદત થઈ, આપના પછી આપના મોટા સાહબઝાદા હઝરત હસન આપના જાનશીન અને ખલીફા થયા, પરંતુ તેમણે થોડા જ મહીના બાદ મુસલમાનોની ખાનાજંગી (ગૃહયુદ્ધ) ખત્મ કરવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક ભવિષ્યવાણીના મુતાબિક હઝરત મુઆવિયહ (રદિ.)થી સુલહ કરી લીધી અને તેમના હકમાં ખિલાફત છોડી દીધી.

હઝરત હસન (રદિ.)ની ખિલાફતના આ થોડા મહીના શામિલ કરી લેવામાં આવે તો પૂરા ત્રીસ વરસ થઈ જાય છે. એટલે

***'ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત'***

(નબવી પ્રણાલી પ્રમાણેની ખિલાફત) અને

**' ખિલાફતે રાશિદહ '** અથવા હદીસમાં જેને

**' ખિલાફતુન્નુબુવ્વહ '** કહેવામાં આવી છે,

તે આ ત્રીસ વરસ સુધી રહી.

તે પછી તૌર તરીકા (રીતભાત)માં ફેરફારનો અમલ શરૂ થઈ ગયો અને

ધીરે ધીરે **'ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત'** ના સ્થાને બાદશાહતનો રંગ આવી ગયો.

આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બીજી ભવિષ્યવાણીઓની જેમ આ હદીસ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો મુઅજિઝહ અને આપની નુબુવ્વતની દલીલ છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત બાદ જે કંઈ થનાર હતું, એને જાણવાનો કોઈ જાહેરી ઝરિયો ન હતો, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેની અગાઉથી જાણ કરી અને તે જ પ્રમાણે થયું. જાહેર છે કે આપને એની જાણ અલ્લાહ તઆલાની વહી દ્વારા જ થઈ હતી.

*(મઆ. હદીસઃ ૭/૨૪૪)*

## ખિલાફતે રાશિદહ બાદ બીજા દરજ્જાની ખિલાફત

ખિલાફતે રાશિદહ બાદ એક બીજા (એના કરતા ઉતરતા) દરજાની ખિલાફત શરૂ થઈ, જેને મુલૂકિયત અને બાદશાહત પણ કહેવામાં આવે છે.

એની શરૂઆત બની ઉમય્યહના ખલીફાઓથી થઈ, અને બની અબ્બાસથી આગળ વધી, અને અંતે તુર્કી ખિલાફતે ઉસ્માનિયહ પર એક મોટા કાવતરાના કારણે ઈસ્વી સન ૧૯૨૧માં એનો અંત આવ્યો.

આ બીજા દરજાની ખિલાફતના દોરમાં નબવી તૌર – તરીકા (રીતભાત) પર એવો ચુસ્ત અમલ નહી થઈ શકયો જે ખુલફાએ રાશિદીનના દોરમાં થયો, અને ખિલાફત તેમજ અમારતના ઝિમ્મેદારો તરફથી ઘણીયે વાતો શરઈ દષ્ટિબિંદુથી વિરુદ્ધ જોવા મળી. અને હુકૂમતના વ્યવસ્થાતંત્રમાં ઘણી કમઝોરીઓ પણ જાહેર થઈ.

એ છતાં એ બીજા દરજજાની ખિલાફતને આપણે 'ખિલાફતે ઈસ્લામિયહ' નામથી યાદ કરીએ છીએ.

– આ દોરમાં પણ ઈસ્લામી મુલ્કો 'દારુલ હરબ'(૧)માં તબદીય થયા ન

---

(૧) 'દારુલ હરબ' તે મુલ્ક જયાં ઈસ્લામ શત્રુઓની હુકૂમત હોય, મુસલમાનોને મઝહબી ફરાઈઝ અદા કરવાથી રોકવામાં આવે.

હતા. – એક દીની નિઝામ (વ્યવસ્થા તંત્ર) ચાલી રહયું હતું, જે સામૂહિક હેસિયતથી ઈસ્લામના હકમાં હતું, અને દુશ્મન આજની જેમ મુસલમાનો પર સરળતાથી આક્રમણ કરી શકતા ન હતા.

– દીન અને શરીઅતની હિફાઝત અને ઈસ્લામી વિશ્વનું રક્ષણ અને વિસ્તાર થઈ રહયો હતો.

એટલે આજે જયારે એ ખિલાફત પણ બાકી નથી તો આપણે મુસલમાનોને ઘણી તીવ્રતાની સાથે એના મહત્વનો એહસાસ થઈ રહયો છે.

એ જ ખૂબીઓને નજર સમક્ષ રાખીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોને મજકૂર સમયના ખલીફાઓ વિષે પણ (હુકૂમતના કામોમાં) તેમના આદેશો માનવા અને ફરમાંબરદારી કરવાની તાકીદ ફરમાવી, જેથી આ તંત્ર કોઈ રીતે વિખેરાવા ન પામે.

અને એ જ તાકીદોને નજર સમક્ષ રાખીને

– સહાબા (રદિ.) અને

– તાબિઈન (રહ.) અને

– અલ્લાહના વલીઓ (રહ.)એ

પાછળના ઝમાનામાં પોતાના મેઅયાર (ધોરણ, કક્ષા, સ્ટાન્ડર્ડ)થી ઉતરીને તે પાછળના અમીરોના હાથ ઉપર ઉમૂરે હુકૂમતમાં બયઅત કરી અને તેમનાથી બગાવત ન કરી.

હઝરત શાહ વલીયુલ્લાહ (રહ.) ફરમાવે છે કે,

" કોઈ સુલતાનની હુકૂમત પર મુસલમાનોના સર્વસંમત થઈ જવા બાદ તે સુલતાનથી બગાવત કરવું હરામ છે. ચાહે તે સુલતાન ખિલાફતની શરતોનો જામેઅ ન હોય. પરંતુ જો તેનાથી સ્પષ્ટ કુફ્ર જાહેર થાય તો એનાથી બગાવત કરવામાં આવે.

*(ઈઝાલતુલ ખિફાઅ : ૧ / ૨૮)*

બીજી જગ્યાએ લખે છે કે,

" ઈસ્લામની ભલાઈઓ વિશે ખલીફા જે પણ હુકમ ફરમાવે અને (ઉપરાંત તેનો જે હુકમ) શરીઅતના ખિલાફ ન હોય તેનું પાલન કરવું

મુસલમાન ઉપર લાઝિમ છે. ભલે ખલીફા ન્યાયી હોય કે ઝાલિમ."

(ઈઝાલતુલ ખિફાઅ : ૧ / ૨૮)

## મુસ્લિમ ઉમ્મતના પાંચ દૌર

હઝરત હુઝયફહ બિન યમાન (રદિ.) કહે છે કે,

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું છે કે,

મુસ્લિમ ઉમ્મતના પાંચ દૌર નીચે પ્રમાણે હશે :

### ૧

**નુબુવ્વત અને રહમતનો દૌર**

" તમારા દીનની શરૂઆત નુબુવ્વત અને રહમતથી થઈ છે, જયાં સુધી અલ્લાહ ચાહશે એ તમારા દરમિયાન મોજૂદ રહેશે, તે પછી અલ્લાહ તઆલા એને ઉઠાવી લેશે.

**નોંધ :** ૬૩ વરસ દુન્યામાં રહીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હિજરી સન ૧૧ માં રબીઉલ અવ્વલ મહીનામાં દુન્યાથી તશરીફ લઈ ગયા.

### ૨

**' ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત' (ખિલાફતે રાશિદહનો દૌર)**

" તે પછી ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત (ખિલાફતે રાશિદહ) કાયમ થશે, એ પણ અલ્લાહ તઆલા જયાં સુધી ચાહશે રહેશે, તે પછી અલ્લાહ તઆલા એને પણ ઉઠાવી લેશે. "

**નોંધ :** આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત બાદ ૩૦ (ત્રીસ) વરસ ખિલાફતે રાશિદહ રહી.

### 3

**મુલૂકિયત (બાદશાહત)નો દૌર**

" તે પછી સખ્ત અને મજબૂત મુલૂકિયત (બાદશાહત)નો દૌર આવશે, અલ્લાહ તઆલા જયાં સુધી ચાહશે તે રહેશે, તે પછી તેને પણ અલ્લાહ તઆલા ઉઠાવી લેશે."

**નોંધ :** હિજરી સન ૪૧ થી મુલૂકિયત (બાદશાહત) શરૂ થઈ ગઈ અને હિજરી સન ૧૩૩૮માં ખતમ થઈ ગઈ.

**૪**

***ઝાલિમ તાનાશાહીનો દૌર***

" તે પછી ઝાલિમ તાનાશાહી સ્થાપિત થશે, અલ્લાહ તઆલા તેને પણ ખતમ ફરમાવી દેશે.

**નોંધ :** હિજરી સન ૧૩૩૮ માં ખિલાફત ખતમ થવા બાદ હવે ચોથા પ્રકારની સલ્તનત અને તાનાશાહીનો દૌર છે.

**પ**

***ખિલાફતે રાશિદહનો બીજો દૌર***

" અને અંતમાં ફરી પાછી ખિલાફતે રાશિદહ પરત આવશે, જે બિલ્કુલ સહીહ નુબુવ્વતના તરીકા પ્રમાણે હશે, અને ઈસ્લામ તેની ગરદન જમીન પર નાંખી દેશે. (અર્થાત : ઈસ્લામને ધરતી પર સ્થિરતા હાસિલ થશે.) આ ખિલાફત દોરથી

– જમીન અને આસમાનવાલા ખૂશ થશે.

– વરસાદ થશે અને ધરતીમાંથી પણ પુષ્કળ વનસ્પતિ અને બરકતો નીકળશે."

**નોંધ :** આ હદીસ શરીફમાં આખરી ઝમાનામાં ફરી પાછી જે 'ખિલાફત અલા મિન્હાજિન્નુબુવ્વત' (ખિલાફતે રાશિદહ) સ્થાપિત થવાની બશારત આવી છે તે પણ હઝરત મહદી (રદિ.)ના જમાના વિશે બશારત છે.

*(મુસ્નદે અહમદ : ૧૮૩૬૬/ બયહકી – દલાઈલુન્નુબુવ્વત)*

## બાર ખલીફા

હદીસ શરીફમાં છે કે,

જાબિર બિન સમુરહ (રદિ.)એ કહયું :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું,

" મારા પછી બાર ખલીફા થશે."

રિવાયત કરનાર કહે છે કે,

તે પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કંઈક ફરમાવ્યું, જેને હું સમજી શકયો નહિં, તો મેં મારી બાજુમાં બેઠેલા શખ્સને પૂછયું.

તો તેણે કહયું કે,

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈરશાદ ફરમાવ્યો કે,

" બધા ખલીફાઓ કુરેશમાંથી હશે."

*(તિરમિઝી, ૨/૪૬, હદીસ નં : ૨૨૨૩, અબૂ દાવુદ ૨ / ૫૮૮)*

બીજી એક હદીસમાં છે :

" મારા પછી કોઈ નબી નથી, હા, ખલીફાઓ થશે, જેની સંખ્યા ઘણી હશે."

***નોંધ :***

આ બાર હઝરાતને લોકભાષામાં ખલીફા કહી શકીએ છીએ, એટલે ખલીફા શબ્દ અહીંયા બાદશાહ અને હુકૂમતના વરિષ્ઠ ઝિમ્મેદારના અર્થમાં છે.

આ હદીસ શરીફનું વિવિધ પ્રકારે અર્થઘટન કરવામાં આવ્યું છે. એમાં સૌથી યોગ્ય વાત આ છે કે,

આ બાર ખલીફાઓનું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બાદ સતત થવું જરૂરી નથી. બલકે જુદા જુદા સમયે કયામત સુધી એ સંખ્યા પૂરી થશે.

બઝલુલ મજહૂદના લેખક ફરમાવે છે કે,

કેટલાકે કહયું છે કે,

મજકૂર ખલીફાઓથી મુરાદ તે લોકો છે જેઓ ખુલફાએ રાશિદીનની સીરતના અનુસરણ કરનારા હશે, તેઓમાં અંતિમ હઝરત મહદી (રદિ.) હશે.

*(બઝલુલ મજહૂદ : ૫ / ૧૦૧)*

હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી (રહ.)એ ઉપરોકત કથથને જ તરજીહ (અગ્રતા) આપી છે. ઈમામ સુયૂતી (રહ.) અને શાહ વલીયુલ્લાહ (રહ.)એ પણ એને જ પસંદ ફરમાવ્યું છે.

અલબત્ત આ વાત યકીની છે કે એ બાર ખલીફાઓમાં આખરી ખલીફા હઝરત મહદી (રદિ.) હશે.

એટલે ઈમામ અબૂદાવુદ (રહ.)એ બાર ખલીફાઓવાળી હદીસને 'કિતાબુલ મહદી' માં ઉલ્લેખ કરીને એ વાત તરફ ઈશારો કર્યો છે કે તે બારમાં ખલીફા હઝરત મહદી (રદિ.) છે.

**નોંધ :** હદીસ શરીફનું ઉપર જે વિવરણ રજૂ કરવામાં આવ્યું તેના ઉપરાંત એક કોલ આ પણ છે કે,

બાર ખલીફાથી મુરાદ બની ઉમય્યહના તે અમીરો છે, જેઓ અમીર મુઆવિયહ (રદિ.) બાદ સલ્તનતના માલિક થયા.

---

જાણે હદીસનો મતલબ આ છે કે એ બાર ખલીફાઓ સુધી ઈસ્લામની કુવ્વત અને શૌકત (સત્તા, પ્રતિષ્ઠા) હુકૂમત તરીકે બરકરાર રહેશે અને તેમના જમાનામાં સલ્તનતને ઈસ્તિકામત (દઢ્ઢતા) મળશે.

## બાર ખલીફાના નામો

એ બાર હઝરાતના નામો નીચે પ્રમાણે છે,

(૧) યઝીદ બિન મુઆવિયહ.

(૨) મુઆવિયહ બિન યઝીદ

(૩) અબ્દુલ મલિક

(૪) વલીદ

(૫) સુલયમાન

(૬) ઉમર બિન અબ્દુલ અઝીઝ

(૭) યઝદિ બિન અબ્દુલ મલિક

(૮) હિશામ

(૯) વલીદ બિન યઝીદ

(૧૦) યઝીદ બિન વલીદ બિન અબ્દુલ મલિક

(૧૧) ઈબ્રાહીમ બિન વલીદ

(૧૨) મરવાન બિન મુહમ્મદ

– એટલે બની ઉમય્યહમાં આ બાર ખલીફા થયા.

– એમના પછી સલ્તનત બની ઉમય્યહથી નીકળીને બની અબ્બાસમાં ચાલી ગઈ.

***– આ બાબતમાં એક કોલ આ પણ છે કે,***

એનાથી મુરાદ તે બાર ખલીફા છે જે હઝરત મહદી (રદિ.)ના બાદ થશે.

જેમાંથી પાંચ હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી થશે, અને પાંચ હઝરત હુસૈન (રદિ.)ની ઔલાદમાંથી.

એ બધાં (દસ ખલીફા) પછી ફરી પાછા એક બુઝુર્ગ હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી ખલીફા થશે. અને તેમના બાદ તેમના સાહબઝાદા ખલીફા થશે. આ રીતે બાર ખલીફા થશે. અને દરેક હક પર હશે.

*(મજમઉ બિહારિલ અનવાર : ૧ / ૮૨, ૮૩)*

***– એક કોલ આ છે કે***

હઝરાત ખુલફાએ રાશિદીન (રદિ.) એટલે કે,

(૧) હઝરત અબૂબક્ર (રદિ.)

(૨) હઝરત ઉમર ફારૂક (રદિ.)

(૩) હઝરત ઉસ્માન (રદિ.)

(૪) હઝરત અલી (રદિ.)

ઉપરાંત

(૫) હઝરત હસન (રદિ.)

(૬) હઝરત મુઆવિયહ (રદિ.)

(૭) હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) અને

(૮) હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)

આ આઠ થયા. તે પછી :

(૯) હઝરત મહદી અબ્બાસી (રહ.) અને

(૧૦) હઝરત તાહિર (રહ.) જેઓ ખુબ ન્યાયી હતા.

અને બાકી રહેલા (નં : ૧૧ અને નં : ૧૨) થી જે મુરાદ છે તેમનો હજુ ઈન્તેજાર છે.

મઝકૂર બે માંથી એક હઝરત મહદી (રદિ.) છે.

(તારીખુલ ખુલફા : ૧૨)

**નોંધ :**

આ મોકા પર સૌથી મહત્વની વાત આ છે કે ,

– એ બાર ખલીફાઓ માસૂમ (નિર્દોષ) ન હશે. અને

– નુબુવ્વત અથવા એનાથી ઉચ્ચતર કોઈ દરજા પર નહિં હશે. અને

– તેમના માટે ઈમામત (ખિલાફત) કોઈ ખાસ ઈમ્તિયાઝી વસ્ફ (ગુણ વિશેષ)ની સાથે નહિ હશે.

– શીયાઓને ત્યાં જે હઝરાતને ઈશનાઅશર (બાર) ઈમામ કહેવામાં આવે છે, તેના વિશે મુફતી યૂસુફ સાહબ લુધિયાનવી (રહ.) ફરમાવે છે :

" અહલે સુન્નત પણ તેમને પોતાના મુકતદા (ઈમામ) માને છે, પરંતુ બે ફર્કની સાથે :

(૧) શીયા તે અકાબિરને અંબિયાએ કિરામની જેમ

– નિર્દોષ અને ભૂલ–ગુનાહ રહિત معصوم عن الخطاء

– ફરજિયાત આજ્ઞાપાલનપાત્ર مفرض الطاعة

– અલ્લાહ તરફથી નિયુકત مامور من الله

સમજે છે.

અહલે સુન્નત હઝરાતની માન્યતા અનુસાર આવો અકીદો માત્ર અંબિયાએ કિરામ વિશે રાખી શકાય છે.

(૨) શીયાઓ જે મસાઇલ અકાબિર તરફ મન્સૂબ (નિસ્બત) કરે છે તે સહીહ નથી અને એ રિવાયતોને નકલ કરનારાઓ ભરોસા લાયક (વિશ્વાસ પાત્ર) નથી. (અલ મહદી વલ મસીહ : ૨૨)

# ત્રીજું પ્રકરણ

## તજદીદે દીન અને મુજદ્દિદ

### *(દીનનું નવનિર્માણ અને નવનિર્માતા)*

અબૂ અલ્કમહ(રહ.) અબુ હુરૈરહ (રદિ.)થી નકલ કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું :

" બેશક અલ્લાહ તઆલા આ ઉમ્મત માટે દરેક સદી પર એવા શખ્સને મોકલશે જે આ ઉમ્મતના દીની મુઆમલાઓને અઝસરે નવ (નવેસરથી) કાયમ અને મજબૂત કરશે." *(મુસ્તદરક : ૪/૫૬૮, હદીષ નં: ૮૫૯૩)*

દીને ઈસ્લામની કયામત સુધી હિફાઝત (સુરક્ષા)નો અલ્લાહ તઆલાના તરફથી એક ગેબી નિઝામ (અગોચર વ્યવસ્થા તંત્ર) છે, જે આ ઉમ્મત માટે બારી તઆલા તરફથી એક વિશિષ્ટ નેઅમત છે, પરંતુ શૈતાની કુવ્વતો દરેક દૌરમાં આ દીને હનીફમાં ફેરફાર કરતી રહે છે.

*ફેરફારની શરૂઆત :*

– ઈફરાત વ તફરીત (મૂળ વાતમાં વધારો ઘટાડો કરવો)

– તશદ્દુદ (દુરાગ્રહ–અત્યાચાર)

– ગુલૂ (અતિરેક) ની બુનિયાદ પર થાય છે.

મધ્યમ માર્ગથી હટીને પોતાની મનેચ્છાઓ પ્રમાણે દીનની તશરીહ (વિવરણ) કરવી અને ગલત દષ્ટિબિન્દુ તથા નાસ્તિકતા (બેદીની)ને દીન કહેવું એવા વબાઈ (સાર્વત્રિક) રોગો છે જે ઉમ્મતને અસલ દીનથી મહરૂમ (વંચિત) કરવાના ઝરિયા બની જાય છે.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ આ ઉમ્મતે મુહમ્મદિય્યહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ખાસ કૃપા ફરમાવીને એ પ્રકારના ફેરફાર અને નાસ્તિકતા (બેદીની)થી આ દીને મતીન (ઈસ્લામ)ને પાક રાખવા માટે દરેક દૌરમાં દીનના મુજદ્દિદ (નવનિર્માતા) નો એક મુબારક સિલસિલો (શૃંખલા) જારી ફરમાવ્યો.

## તજદીદ (નવનિર્માણ)

'તજદીદે દીન' (દીનના નવનિર્માણ)ની તશરીહ (વિવરણ) ફરમાવતા ફકીહુલ ઉમ્મત સય્યિદી હઝરત મુફતી મહમૂદ હસન ગંગોહી (રહ.) લખે છે :

" શરીઅતના જે અહકામ સમયના વીતવાના કારણે :

– (લોકોની) ઉદાસીનતાના શિકાર થઈ ગયા હોય,

– મનેચ્છાઓ તથા નફસ અને શયતાનની કોશિશોના કારણે (લોકોએ) ત્યજી દીધાં હોય,

તેને :

– ઉજાગર કરવા ,

– તેના તરફ (લોકોનું) ધ્યાન દોરવું ,

– તેને અમલી પોશાક પહેરાવવાના પ્રયાસો કરવા,

વગેરેને તજદીદે દીન (દીનનું નવનિર્માણ ) કહે છે.

*(ફતાવા મહમૂદિય્યહ : ૧૫ / ૧૨૯)*

## મુજદ્દિદના ગુણો

મુજદ્દિદની સિફતો નીચે પ્રમાણે છે :

– તેઓ ઈલ્મ અને અમલમાં રસૂલના સાચા જાનશીન હોય છે.

– તેમને અલ્લાહ તરફથી નબીની જેમ પુર કશિશ શખ્સિયત (આકર્ષક વ્યકિતત્વ) મળે છે.

– નસલ, ખાનદાન, અખ્લાક, આદતો દરેક લિહાઝથી તેમના તરફ લોકોના દિલ આકર્ષાય છે.

– પોતાની ઈમાની ફિરાસત (પારદર્શિતા) વડે ઉમ્મતની અસલ બીમારીઓની તપાસ કરીને કુર્આન અને હદીષની રોશનીમાં તેનો ઈલાજ કરવા માટે એક સર્વગ્રાહી અમલી આયોજન કરે છે, અને તે પછી તેને અમલી પોશાક પહેરાવે છે.

– બિદઅતો અને રસ્મોની હકીકત જાહેર કરે છે.

– અકીદાઓ,

– ઈબાદતો,

– સમાજ વ્યવસ્થા,

– મુઆમલાત,

– વ્યવહાર

– વાણિજય,

– અખ્લાકિયાત,

– રાજકારણ,

ગરઝ કે દરેક વિભાગમાં ઈમાની રૂહ ફૂંકે છે.

– હક વાતોને બુલંદ કરવામાં કોઈથી દબાતા કે પ્રભાવિત થતા નથી.

– અલ્લાહના તરફથી લોકોમાં તેમની ફરમાંબરદારી અને મુહબ્બતની ભાવના પૈદા થાય છે.

– દીનનું દર્દ ધરાવનાર વ્યકિતઓ તેમની ફરતે ભેગી થઈ જાય છે.

***તેમને હઝરાતે અંબિયા અલયહિમુસ્સલામની જેમ :***

– વિરોધીઓનો સામનો કરવો પડે છે,

– દુ:ખો અને કષ્ટો ભોગવવા પડે છે.

*પરંતુ તેઓ દીનને બુલંદ કરવાના માટે :*

– સબ્ર અને ઈસ્તિકામત (અડગતા),

– નિખાલસતા અને યકીનના સાક્ષાત સ્વરૂપ હોય છે,

– ગેબી મદદની બરકતથી મુસીબતોના વાદળો ધીમેધીમે વીખેરાય જાય છે અને દુનિયામાં તેમનો સિકકો ચાલવા લાગે છે.

***– મુજદ્દિદ વ્યકિતગત રીતે :***

– ઉલૂમ અને મઆરિફમાં પરિપૂર્ણ સૂઝ–સમજ ધરાવનારા હોય છે.

– દીન અને સુન્નતની ઊંડી બસીરત તેમનામાં હોય છે.

– તે ઈલ્મને ફેલાવે છે, ઈલ્મવાળાઓની ઈઝઝત કરે છે,

– તકવા અને સલાહ (સદાચાર)ની પરિપૂર્ણ સિફતો તેમનામાં હોય છે.

***હઝરત મહદી (રદિ.) આ ઉમ્મતના આખરી મુજદ્દિદ હશે.***

અલ્લાહ તઆલા ઉપર દર્શાવેલી સિફતો ધરાવનાર પોતાના એક બંદાને

અથવા એ સિફતોવાળા બંદાઓની જમાઅતને :

– દરેક સદીની શરૂઆતમાં અથવા

– દરેક દૌરમાં અથવા

– દરેક કરન (યુગ)માં

આ ઉમ્મતમાં પૈદા ફરમાવતા રહેશે.

એ જ મુજદ્દિદોની મુબારક સાંકળની આખરી કડી હઝરત મહદી (રદિ.) હશે.

નજીકના ભૂતકાળના મુજદ્દિદ અને ફકીહ હઝરત (મૌલાના રશીદ અહમદ ) ગંગોહી (રહ.) ફરમાવે છે કે :

" હઝરત મહદી (રદિ.) આ ઉમ્મતના આખરી મુજદ્દિદ હશે."

*(કવકબુદુરી : ૨ / ૫૭)*

**નોંધ :** – મુજદ્દિદને સ્વંય ઈલ્હામ અને અલામતો દ્વારા (તાર્કિક તરીકાથી) તેના મુજદ્દિદ હોવાની જાણ થાય છે, પરંતુ એ વહીના દરજામાં નથી.

– એમ તો મુજદ્દિદને તેના વિશિષ્ટ કારનામાઓના ઝરિયાથી ઓળખી લેવામાં આવે છે. *(ફતાવા મહમૂદિય્યહ : ૧૩/૪૦૩ નો ખુલાસો)*

## *હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની તાકીદ*

મુબારક હદીષોમાં હઝરત મહદી રદિ. ના આગમનને ઘણી જ તાકીદથી બયાન કરવામા આવ્યું છે.

એક હદીસમાં ઈર્શાદ છે :

" જો દુનિયાનો (કયામતનો) એક દિવસ પણ બાકી રહી જાય, તો અલ્લાહ તઆલા તે દિવસને એટલો લાંબો કરી દેશે કે તેમાં એક શખ્સ મારાથી (અથવા એવું ફરમાવ્યું કે ) મારા અહલે બયત (ઘરવાળાઓ)માંથી એ રીતે ઉતારશે કે તેનું નામ મારા નામને મળતું હશે, અને તેમના વાલિદ (પિતા)નું નામ મારા વાલિદના નામને મળતું હશે."

ફિત્રની રિવાયતમાં એટલો વધારો છે કે :

" તે અદલ અને ઈન્સાફથી ધરતીને એ જ રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને સિતમથી ભરાઈ ગઈ હતી." *(અબુ દાવૂદ : ૨/ ૫૮૮)*

એક જગાએ ઈર્શાદ છે :

" જો દુનિયાનો માત્ર એક દિવસ પણ બાકી રહી ગયો હશે તો અલ્લાહ તઆલા તે દિવસને લાંબો કરી દેશે અહીં સુધી કે (એક શખ્સ) વાલી (માલિક) થઈ જશે. " *(તિરમિઝી : ૨/ ૪૭)*

એક જગાએ ઈર્શાદ છે :

" દુનિયા ત્યાં સુધી ફના નહીં થશે જયાં સુધી મારા ઘરાનામાંથી એક એવો શખ્સ અરબની સરઝમીનનો માલિક ન થઈ જાય જેનું નામ મારા નામ જેવું હશે. " *(તિરમિઝી : ૨/૪૭)*

ઉપરની રિવાતયમાં : " અરબની સરઝમીનનો માલિક" શબ્દ છે તેની સ્પષ્ટતા આ છે કે :

– અરબની સરઝમીન ઈસ્લામનું મરકઝ (કેન્દ્ર) અને રાજધાની છે, એટલે તેના માલિક થવાથી સમગ્ર ધરતી (દુનિયા)ના માલિક થવું મુરાદ છે.

– ઉપરાંત અરબના લોકો અશરફુન્નાસ (સર્વ શ્રેષ્ઠ માનવો) છે : એટલે અરબોના સરદાર થવાથી જાણે તમામ લોકો (સમગ્ર વિશ્વની પ્રજા)ના સરદાર થવું મુરાદ છે.

– મૌલાના મુહંમદ મંઝૂર નુઅમાની (રહ.) લખે છે કે :

" એ પણ કહી શકાય છે કે હુકૂમત શરૂઆતમાં અરબમાં સ્થાપિત થશે, તે પછી આખી દુનિયામાં.

અથવા આ કે હુકૂમતનું અસલ મરકઝ (કેન્દ્ર) અરબસ્તાન હશે. "

*(મઆરિફુલ હદીસ: ૮/૧૭૦)*

– એક જગાએ એ જ વાતને આ રીતે બયાન કરવામાં આવી છે :

" દિવસ અને રાત ત્યાં સુધી ફના નહિ થાય જયાં સુધી મારા ઘરાનામાંથી એક એવો શખ્સ માલિક ન થઈ જાય જેનું નામ મારા નામ જેવું હશે. તે ધરતીને એ જ રીતે અદલ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે (ધરતી) ઝુલ્મ અને સિતમથી ભરાયેલી હતી." *(મુસ્તદરક લિલ હાકિમ : હદીસ : ૮૭૧૩)*

– કયામત ત્યાં સુધી કાયમ નહીં થશે જયાં સુધી ધરતીનો પટ ઝુલ્મ, સિતમ અને સરકશી (નાફરમાની) થી ભરાય ન જાય. તે પછી મારા અહલે બયત (ઘરવાળાઓ) માંથી એક શખ્સ જાહેર થશે જે તેને (ધરતીને) એ જ

પ્રમાણે અદલ અને ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે (ધરતી) ઝુલ્મ અને સિતમથી ભરેલી હતી." *(મુસ્તદરક: હદીષ : ૮૬૬૯)*

બન્ને રિવાયતોનો સારાંશ આ છે કે :

રાત અને દિવસની પરંપરા ત્યાં સુધી બંધ નહિ થાય અથવા કયામત ત્યાં સુધી નથી આવી શકતી જયાં સુધી હઝરત મહદી (રદિ.) જાહેર ન થઈ જાય.

આ રિવાયતોનો ખુલાસો (ટૂંકસાર) આ છે કે :

હઝરત મહદી (રદિ.)નું જાહેર થવું બિલ્કુલ યકીની અને નકકર હકીકત છે અને (હઝરત) મહદી (રદિ.)ના જાહેર થવા પર ઈમાન રાખવું વાજિબ છે, જેવું કે આગળ આવશે.

## હઝરત મહદી (રદિ.)ના દસ્તે હક પર બયઅતની તાકીદ

ઈન્સાન માટે જરૂરી છે કે તે દરેક ખૈર અને નેકીના કામાં શકિત અનુસાર મદદ કરે.

ઉપરાંત પવિત્ર શરીઅતની તાલિમ પ્રમાણે જો કોઈ :

– મુસ્લિહ (સુધારક)

– મુજદ્દિદ (નવનિર્માતા) અને

– દાઈ ઈલલ હક (હકના તરફ બોલાવનાર) ખડો થઈ જાય તો :

– તેની મદદ કરવી,

– તેના માટે માર્ગ સમતળ કરવો,

– તેના રસ્તામાં રુકાવટ નહિ બનવું,

આપણી ઈમાની, અખ્લાકી ફરજ છે.

આમ છતાં જયારે હઝરત મહદી (રદિ.) જાહેર થશે તો તેમની મદદ કરવાની અને તેમના હાથ પર બયઅત કરવાની હદીસોમાં ઘણી વિશેષ તાકીદ આવી છે.

હઝરત નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ એને તાકીદના અંદાઝમાં આ રીતે બયાન ફરમાવી કે :

" જેને એ સમય મળે (અર્થાત જેને હઝરત મહદી (રદિ.) નો જમાનો મળે) તો તે તેમની પાસે આવે, ભલેને બરફ પર ઘસડાઈને આવવું પડે."

હદીષ શરીફમાં છે :

" હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે : અમે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની ખિદમતે અકદસમાં હાજર હતા. અચાનક બની હાશિમના કેટલાક નવયુવાન બાળકો (સંતાનો) આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પાસે આવ્યા.

જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેમને જોયા તો આપની આંખો આંસુઓથી ભીની થઈ ગઈ ! અને (ચહેરાનો) રંગ બદલાઈ ગયો !

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે મેં અરઝ કરી,

" અમે આપના ચહેરા પર ગમના ચિન્હો જોઈ રહયા છીએ, જે અમારા માટે વેદનાનું નિમિત્ત છે"

તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે

" અમે અહલે બયઅતને અલ્લાહે ખુસૂસિય્યત બખ્શી છે, અમારા માટે દુનિયાના કરતાં આખિરતને પસંદ ફરમાવી છે, મારા અહલે બયઅતને મારા બાદ મોટી મુસીબતો, દુઃખો તથા ધુત્કારનો સામનો કરવો પડશે. અહીં સુધી કે પૂર્વ તરફથી એક કોમ પ્રગટ થશે જેમની સાથે કાળા ઝંડા હશે. મારા અહલે બયત તેમનાથી ખૈર (ભલાઈ) માંગશે પરંતુ તેમને નહિ આપવામાં આવશે. ત્યારે તેઓ કિતાલ (લડાઈ) કરશે અને તેઓ મદદ તથા સફળતા મેળવશે, તે પછી તેમને તેમની ઈચ્છિત ચીઝો આપવામાં આવશે પ રંતુ તેઓ એને કબૂલ નહિ કરશે અહીં સુધી કે તેઓ મારા અહલે બયતમાંથી એક માણસને આપશે. અને પછી તે માણસ ધરતીના પટને એ જ પ્રમાણે અદલ અને ઈન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે (દુનિયા) ઝુલ્મથી ભરેલી હતી. માટે જે કોઈ તેમનો સમય પામે તે તેમની પાસે પહોંચી જાય, ભલેને બરફ પર ઢસડાયને જ કેમ ન જવું પડે. (ઈબ્ને માજહ પેજ ૩૦૯, હદીષ : ૪૦૮૨)

આ મુબારક શબ્દોથી અંદાઝો થાય છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમનો (હઝરત મહદી રદિ.નો) સાથ આપવા અને તેમના હાથ પર બયઅત થવાની કેટલી તાકીદ ફરમાવી છે.

હઝરત શાહ વલીયુલ્લાહ (રહ.) ફરમાવે છે કે :

"હઝરત મહદી (રદિ.)ની ખિલાફતનો વખત આવશે તો ખલીફાથી સંબંધિત વાતોમાં આપની ઈત્તિબાઅ વાજિબ હશે." *(ઈઝાલતુલ ખિફા : ૧/૨૬)*

# ચોથું પ્રકરણ

## હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની હદીષો

***(૧) એ વિશેની હદીસોની વિપુલતા***

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) ફરમાવે છે કે :

" ઝુહૂરે મહદી (હઝરત મહદી રદિ.ના જાહેર થવા)ની હદીસો મુતવાતિર(૧) કહી શકાય એટલી બધી છે.

***નોંધ :***

શૈખ બરઝન્જી (રહ.) અને અલ્લામા સુયૂતી (રહ.)ના મતે તવાતૂરે મઅનવી મુરાદ છે.

કાઝી શવકાની (રહ.) પોતાની કિતાબ "અલ ફતહુર્રબ્બાની"માં લખે છે:

" અમે જેટલા પ્રમાણમાં રિવાયતો ઝિક્ર કરી છે તે તવાતુર સુધી પહોંચી ચુકી છે, જેવું કે જાણકારોથી છુપું નથી"

*(બહવાલાઃ તુહફતુલ અહવઝી : ૬/૪૦૨)*

એ જ પ્રકારની વાત શર્હે અકીદતુલ સિફારીનીમાં પણ છે કે :

" હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર (જાહેર થવાની) હદીષો એટલા વિપુલ પ્રમાણમાં આવી થઈ છે કે 'તવાતુરે મઅનવી' સુધી પહોંચી ચુકી છે."

*(શર્હે અકીદતુલ સિફારીની : ૨/૮૦)*

શાહ અબ્દુલ હક મુહદ્દિસ દહેલ્વી (રહ.) 'અશિઅતુલ લમ્આત' માં લખે છે કે,

" આ પ્રકરણ (ઝૂહૂરે મહદી)માં પુષ્કળ રિવાયતો મોજૂદ છે, જે તવાતુરથી બિલ્કુલ નજીક છે." *(અશિઅતુલ લમ્આત : ૪/ ૩૩૮)*

---

(૧) *મુતવાતિર અને તવાતુર એટલે કે કોઈ હદીસને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળનાર અને ત્યાર પછીના પણ સાંભળનાર અને વર્ણવનાર દરેક તબકકાના લોકો એટલી મોટી સંખ્યામાં હોય કે તેઓનું આ વાત વર્ણવવા બાબતે જૂઠી રીતે એક મત થવું અસંભવ સમજવામાં આવે.*

### (૨) ઝૂહૂરે મહદી રદિ.ની હદીષોની મકબૂલિય્યત

પૂરી મુસ્લિમ ઉમ્મતે એ મુબારક હદીષોને હદીસ સમજી સ્વીકારી છે જેમાં હઝરત મહદી (રદિ.)ના ઝુહૂરનું બયાન છે.

અલ્લામા મનાવી (રહ.)જામિઅ સગીરની શર્હ 'ફયઝૂલ કદીર'માં ફરમાવે છે કે :

" હઝરત મહદી (રદિ.) ના વિશે હદીષો પુષ્કળ વારિદ થઈ છે : અહીં સુધી કે લોકોએ એને અલગ કિતાબોમાં ઝિક્ર કરી છે. "

(ફયઝુલ કદીર : ૬/૨૭૯)

### (૩) હઝરત મહદી (રદિ.)ના નામનું સ્પષ્ટીકરણ

લગભગ ૯૦ (નેવું) કરતા વધારે મરફૂઅ હદીષો ①માંથી ૩૦ (ત્રીસ) હદીષોમાં સ્પષ્ટ રીતે હઝરત મહદી (રદિ.)નું નામ છે અને આસારે સહાબા તથા અકવાલે તાબિઈન એના ઉપરાંત છે.

**નોંધ :**

કેટલીક હદીષોમાં જો કે નામનો ઉલ્લેખ નથી, છતાં મુહદ્દિસોને ત્યાં આ કાયદો તો મશહૂર છે કે જો એક જ બનાવ વિશે આવેલી જુદી જુદી હદીષોમાં કેટલીક મુજમલ (સંક્ષિપ્ત) અને કેટલીક મુફસ્સલ (વિસ્તૃત, સવિગત) હોય તો મુજમલને અર્થ અને ભાવાર્થમાં મુફસ્સલ પ્રમાણે જ અનુમાન કરવામાં આવે છે.

### (૪) ઝુહૂરે મહદી (રદિ.)ની હદીષોના રિવાયત કરનારાઓ

લગભગ ૨૫ (પચ્ચીસ) હઝરાતે સહાબાએ કિરામ રિદવાનુલ્લાહિ અલયહિમ અજમઈન અને તાબિઈન (રહ.)થી હઝરત મહદી (રદિ.)ના વિશે હદીષો રિવાયત થયેલી છે. જેમાં :

- હઝરત ઉસ્માન (રદિ.)
- હઝરત અલી (રદિ.)
- હઝરત અબુ હુરૈરહ (રદિ.)
- હઝરત તલ્હા (રદિ.)
- હઝરત અનસ (રદિ.)
- હઝરત અબૂ સઈદ ખૂદરી (રદિ.)
- હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)

① મરફૂઅ હદીષ: જે હદીષની નિસ્બત રસૂલુલ્લાહ (સ.અ.વ.) સુધી પહોંચે તેને મરફૂઅ હદીષ કહેવાંમાં આવે છે.

- ●હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)
- ● હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)
- ●હઝરત અબ્દુર્રેહમાન બિન ઓફ (રદિ.)..જેવા જલીલુલ કદ્ર હઝરાતે સહાબા શામિલ છે.

અને ઉમ્મહાતેલ મુમિનીન (રદિ.) (આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પુનીત પત્નિઓ) માંથી :

- ● હઝરત ઉમ્મે સલ્મહ (રદિ.) અને
- ●હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) પણ છે.

***(૫) સિહાહ સિત્તહમાં હઝરત મહદી (રદિ.) વિશે હદીષોઃ***

સિહાહે સિત્તહ (હદીષના છ પ્રમાણભૂત ગ્રંથો)ના સંકલનકર્તાઓમાંથી :

ઈમામ તિરમિઝી,

ઈમામ અબૂદાવુદ અને

ઈમામ ઈબ્ને માજહ (રહ.)એ એમની કિતાબોમાં હઝરત મહદી (રદિ.)ના શીર્ષકથી અલગ પ્રકરણો બાંધી એ વિશેની હદીષો ભેગી કરી છે.

***નોંધ :*** – ઈબ્ને માજહમાં જો કે કેટલીક હદીષો મવઝુઅ (મનઘડત) પણ છે, અને અલ્લામા અબ્દુર્રશીદ નુઅમાની (રહ.) એ " ما تمس إليه الحاجة لمن يطالع ابن ماجه' માં એ તમામ મવઝુઅ (મનઘડત) હદીષોને પાના નંબર ૩૮ ઉપર એકત્ર કરી દીધી છે, અને મહદી (રદિ.) વાળી હદીષો તેમાં શામિલ નથી.

– અલબત્ત, ઈબ્ને માજહની રિવાયત : " લા મહદી ઈલ્લા ઈસા " વાળી રિવાયત વિષે કંઈક વિવાદ છે, જેને મેં અલગ રીતે વર્ણન કર્યુ છે, જે આગળ આવશે. (સંપાદક)

***(૬) હદીષની બીજી કિતાબોમાં હઝરત મહદી (રદિ.) વિશે હદીષો :***

એ ઉપરાંતઃ

– ઈમામ અહમદ (રહ.)
– ઈમામ બઝઝાઝ (રહ.)
– ઈમામ અબી શયબહ (રહ.)
– હાકિમ (રહ.)

– તબરાની (રહ.) – અબૂ યઅલા મૂસલી (રહ.)

– ઈમામ અબ્દુર્રઝઝાક બિન હમ્માદ (બુખારી ના શયખ) (રહ.)

– હાફિઝ નુરૂદ્દિન અલી બિન અબીબક્ર (રહ.) અને

અલ્લામહ અલાઉદ્દીન અલી અલ મુત્તકી (રહ.)એ 'કન્ઝુલ ઉમ્માલ'માં હઝરત મહદી (રદિ.)નું વર્ણન કર્યુ છે.

*નોંધ :–* હાફિઝ ઈબ્ને તયમિયહ " મિન્હાજુસ્સુન્નહ" માં અને હાફિઝ ઝહબી (રહ.) " મુખ્તસર મિન્હાજુસ્સુન્નહ" માં લખે છે કે :

" જે હદીષોથી હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર (જાહેર થવા) પર દલીલો કરવામાં આવી છે તે સહીહ છે. અહમદ, અબૂ દાવુદ અને તિરમિઝી (રહ.) એ એને રિવાયત કરી છે. " (તર્જુમાનુસ્સુન્નહ : ૩૭૮)

### (૭) સહીહયનમાં ઝુહૂરે મહદી (રદિ.)નો તઝકેરહ

હઝરત મહદી (રદિ.)નો તઝકેરહ સહીહયન (બુખારી અને મુસ્લિમ) માં પણ સ્પષ્ટ ઉલ્લેખ સાથે મોજૂદ છે.

### પહેલી હદીષ :

" તે વખતે તમારો શું હાલ હશે જયારે ઈસા બિન મરયમ (અલૈહિસ્સલામ) તમારા દરમિયાન ઉતરશે, એવી હાલતમાં કે તમારો ઈમામ તમારામાંથી જ હશે. (અર્થાત હઝરત મહદી રદિ.) "

*(સહીહ બુખારી : ૧ / ૪૯૦)*

❶

"તમારો ઈમામ તમારામાંથી જ હશે" વિશે અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની (રહ.) લખે છે :

આ ઈમામથી મુરાદ મહદી (રદિ.) છે જે આ જ ઉમ્મતમાંથી હશે અને ઈસા અલયહિસ્સલામ (એક નમાઝમાં) તેમના મુકતદી થશે.

*(ફત્હુલ બારી : ૬/૬૧૧)*

❷

અલ્લામા બદરુદ્દીન અયની (રહ.)એ પણ "ઉમ્દતુલ કારી શર્હે બુખારી"

૧૬/૪૦ ઉપર એ જ મતલબ બયાન કર્યો છે.

❸

આના જેવી જ એક બીજી રિવાયત હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) મારફતે મુસ્લિમ શરીફમાં છે. જેમાં આવેલ " અમીર " શબ્દ વિશે મુસ્લિમ શરીફની શર્હ કરનાર અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની (રહ.) ફરમાવે છે કે :

" અમીર " થી મુરાદ હઝરત મહદી (રદિ.) જ છે જે મુસલમાનોના ઈમામ હશે. " (ફત્હુલ મુલ્હિમ : ૧/૩૦૩)

❹

અબૂ અબ્દુલ્લાહ મુહંમદ બિન ખલ્ફહ અલવશતાતી માલિકી (રહ.) એ લખેલ મુસ્લિમ શરીફની શર્હ " ઈકમાલુ ઈકમાલિલ મુઅલિમ" માં એનું જ સમર્થન કર્યુ છે.

અને અબુ અબ્દુલ્લાહ મુહંમદ બિન મુહંમદ બિન યુસૂફ અસ્સનૂસી અલ હસની (રહ.) એ પોતાની શર્હ " મુકમ્મિલુ ઈકમાલિલ ઈકમાલ" માં એનું જ સમર્થન કર્યુ છે.

❺

મુસન્નફ અબ્દુર્રઝ્ઝાકની એક મકતૂઅ રિવાયતથી પણ એ વાતની તાઈદ થાય છે કે " તમારો ઈમામ તમારામાંથી જ હશે." થી મુરાદ હઝરત મહદી (રદિ.) જ છે.

" ઈબ્ને સીરીન (રહ.) નો ખ્યાલ એ હતો કે તેઓ હઝરત મહદી (રદિ.) જ છે. જેમના પાછળ હઝરત ઈસા (અલયહિસ્સલામ ) નમાઝ પઢશે."

*(મુસન્નફ અબ્દુર્રઝ્ઝાક : ૧૧/૩૯૯)*

❻

મુલ્લા અલી કારી (રહ.) ફરમાવે છે :

"તમારામાંથી"નો મતલબ એ છે કે તમારા મુસલમાનોમાંથી યા મુરાદ આ છે કે તેઓ કુરેશી હશે, બહરહાલ મુરાદ હઝરત મહદી (રદિ.) છે.

❼

અલ્લામા અનવર શાહ કશ્મીરી (રહ.) આ હદીષની શર્હમાં ફરમાવે છે :

" તમારો ઈમામ" થી એ જ માની શકાય કે અહીં મુરાદ હઝરત મહદી (રદિ.) જ છે. *(ફયઝુલ બારી : ૪/૪૫)*

આગળ લખે છે :

" મુસ્લિમ શરીફના કેટલાક રિવાયત કરનારાઓથી ભૂલ થઈ છે. તેમણે આ સ્થાને ઈસા અલયહિસ્સલામ ને મુરાદ લીધા છે. અને મતન (મૂળ અરબી ઈબારત) માં وامّكم منكم ના શબ્દો વર્ણવ્યા છે. એ સૂરતમાં મુરાદ એ થશે કે, તેઓ જો કે બની ઈસરાઈલથી સંબંધ ધરાવતા હશે (તમારી કોમ માંથી નહિ) છતાં તેઓ તમારી શરીઅતના જ પેરવીકાર (અનુસરણ કરનારા) હશે. પરંતુ મારા મતે તો (આ અર્થઘટનોના બદલે) બુખારીનો શબ્દ " وإمامكم منكم" (અને તમારામાનો જ ઈમામ હશે ) ના શબ્દો જ છે અને મુરાદ હઝરત મહદી (રદિ.) જ છે. કારણ કે ઈબ્ને માજહની રિવાયત એનું જ સમર્થન કરે છે."

## બીજી હદીષ :

"તમારા ખલીફાઓમાંથી એક ખલીફા એવા હશે જેઓ ગણ્યા વગર ખોબા ભરી ભરીને માલ વહેંચશે."

*(મુસ્લિમ શરીફ : ૨/૩૯૫)*

## ત્રીજી હદીષ :

" આખર જમાનામાં એક ખલીફા થશે જે ગણ્યા વગર માલ વહેંચશે."

*(મુસ્લિમઃ ૨/૩૯૫)*

મૌલાના બદરે આલમ મીરઠી (રહ.) લખે છે કે :

આ બાબત લોકોએ સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે સહીહ મુસ્લિમની હદીષોથી આ વાત સાબિત છે કે :

- આખરી જમાનામાં મુસલમાનોનો એક ખલીફા થશે, જેના જમાનામાં અસામાન્ય બરકતો જાહેર થશે.
- તે હઝરત ઈસા (અલયહિસ્સલામ)થી પહેલા પેદા થશે.
- દજજાલ તેના જમાનામાં જાહેર થશે, પરંતુ તેનો કત્લ (વધ) હઝરત

ઈસા (અલયહિસ્સલામ) ના મુબારક હાથ વડે થશે.

– હઝરત ઈસા (અલયહિસ્સલામ) જયારે આસમાનથી તશરીફ લાવશે તો ખલીફા નમાઝના માટે મુસલ્લા પર આવી ચૂકયો હશે. હઝરત ઈસા અલયહિસ્સલામને જોઈને તે મુસલ્લો છોડીને પાછળ હટશે, પરંતુ હઝરત ઈસા અલયહિસ્સલામ તેમને ફરમાવશે :

" તમે મુસલ્લા પર જઈ ચુકયા છો એટલા માટે હવે ઈમામત પણ આપનો જ હક છે. અને એ આ ઉમ્મતની બુઝુર્ગી છે."

એટલે એ નમાઝ તો આપ તેમની જ ઈકિતદામાં અદા ફરમાવશે.

– આ તમામ સિફતો તે સહીહ હદીષોથી સાબિત છે જેમાં મુહદિસોને કોઈ કલામ (વાંધો) નથી.

– હવે ચર્ચા તો માત્ર એટલી વાતમાં છે કે એ ખલીફા શું હઝરત મહદી (રદિ.) છે કે કોઈ ઔર બીજા ખલીફા ?

બીજા (કક્ષા) નંબરની હદીષોમાં આ સ્પષ્ટતા મોજૂદ છે કે એ ખલીફા હઝરત મહદી (રદિ.) હશે.

– અમારા મતે સહીહ મુસ્લિમની હદીષોમાં જયારે ખલીફાનો ઉલ્લેખ આવી ચૂકયો છે અને બીજા નંબર (કક્ષા–દરજા)ની હદીષોમાં જયારે એ જ વિગતો આ જ નામ સાથે મજકૂર છે તો તેને પણ સહીહ મુસ્લિમની હદીસોના હુકમમાં સમજવી જોઈએ એટલા માટે હવે જો એવું કહી દેવામાં આવે કે હઝરત મહદી (રદિ.)ની સાબિતી ખૂદ સહીહ મુસ્લિમમાં મોજૂદ છે તો એની ગુંજાઈશ છે.

***દાખલા તરીકે ....***

❶

સહીહ મુસ્લિમમાં મોજૂદ છે કે ઈસા (અલૈ.) જયારે ઉતરશે ત્યારે મુસલમાનોનો એક અમીર ઈમામતના માટે મુસલ્લા પર આવી ચૂકયો હશે.

તો હવે જે હદીષોમાં ઈમામતની આ વિગત સાથે એ ખલીફાનું નામ હઝરત મહદી (રદિ.) બતાવવામાં આવ્યું છે તો યકીનન તે મોઘમ (અવ્યકત) ખલીફાનું જ નામ છે.

❷

સહીહ મુસ્લિમમાં છે કે આખર જમાનામાં એક ખલીફા થશે જે બેહિસાબ (અઢળક) માલ વહેંચશે.

હવે બીજી હદીષોથી સાબિત થાય છે કે માલની આ બક્ષિસ અને ભેટ હઝરત મહદી (રદિ.)ના જમાનામાં થશે, તો સહીહ મુસ્લિમની આ હદીષની મુરાદ હઝરત મહદી (રદિ.)ને ઠેરવવા બિલકુલ યોગ્ય ગણાશે.

❸

એ જ પ્રમાણે જંગના જે બનાવો સહીહ મુસ્લિમમાં અસ્પષ્ટ અને મોઘમ રીતે ઝિક્ર કરવામાં આવ્યા છે, જો બીજી હદીષોમાં તે જ બનાવો હઝરત મહદી (રદિ.) ના જમાનામાં સાબિત થાય છે તો એ કહેવું બિલકુલ તાર્કિક રીતે યોગ્ય હશે કે સહીહ મુસ્લિમમાં જંગના જે બનાવો વર્ણવેલા છે તે હઝરત મહદી (રદિ.)ના દૌરના બનાવો છે.

❹

લગભગ આ જ કારણોસર મુહદ્દિસોએ કેટલીક મુબ્હમ (મોઘમ) હદીષોને હઝરત મહદી (રદિ.)ના જ વિશે સમજી છે, અને એ જ બાબ (પ્રકરણ)માં તેમનું વર્ણન કર્યુ છે.

જેમ કે ઈમામ અબૂ દાવુદ (રહ.) એ બાર ખલીફાઓની હદીષને હઝરત મહદી (રદિ.)ના પ્રકરણમાં ટાંકીને એ તરફ ઈશારો કર્યો છે કે તે બારમાં ખલીફા એ જ હઝરત મહદી (રદિ.) છે.

*(તર્જુમાનુસ્સુન્નહ : ૪/૩૭૮, ૩૭૯)*

## ચોથી હદીસ

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ઈર્શાદ ફરમાવ્યો કે,

" મારી ઉમ્મની એક જમાઅત કયામત સુધી હક પર કાયમ રહેશે, ઈસા બિન મરયમ ઉતરશે ત્યારે તેમનો અમીર હઝરત ઈસા (અલૈ.)ને કહેશે કે :

" તમે અમને નમાઝ પઢાવો ! "

તો ઈસા (અલૈ.) કહેશે કે નહી તમારામાંથી એક માણસ બીજાઓનો અમીર છે, એ અલ્લાહ તઆલાનો આ

ઉમ્મતના માટે ફઝલ છે." *(મુસ્લિમ : ૧/૮૭)*

આ હદીષમાં પણ મુસલમાનોના અમીરથી મુરાદ મહદી (રદિ.) છે, જેમ કે શૈખુલ ઈસ્લામ અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)એ ફત્હુલ મુલહિમ (૧/૩૦૩)માં લખ્યું છે કે :

"મુસલમાનોના મજકૂર ઈમામ મહદી (રદિ.) છે."

અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)ના આ લખાણથી માલૂમ થાય છે કે આ વિષયને લગતી તે તમામ હદીષો જેમાં "અમીર" અથવા "ખલીફા" નો શબ્દ મોઘમ મઝકૂર છે તેનાથી મુરાદ મહદી (રદિ.) છે."

*(અકીદએ ઝુહૂરે મહદી : ૬૨)*

ઉપરાંત મહદી (રદિ.) વિશે એક રિવાયત મુસ્લિમ શરીફ કિતાબુલ ફિતન : ૨ /૩૮૮ હદીષ નંબર ૨૮૮૪ ઉપર મોજૂદ છે, જેનું વર્ણન આગળ આવશે.

***નોંધ :***

ભૂતકાળના અને વર્તમાન કાળના કેટલાક લેખકોએ ઝુહૂરે મહદીના અકીદાનો માત્ર એટલા કારણે ઈન્કાર કરી દીધો કે હઝરત મહદી (રદિ.)નો તઝકેરહ (ઉલ્લેખ) સહીહયન (બુખારી અને મુસ્લિમ)માં મળતો નથી.

ઉમ્મીદ છે કે ઉપર કરલી સ્પષ્ટતાઓ અને દલીલો પછી એ શંકા બાકી નહિ રહેશે.

કુર્આને કરીમમાં છે :

"જેને પોતાના પરવરદિગાર તરફથી નસીહત પહોંચ્યા પછી તે (ગલત માન્યતાથી) અટકી ગયો, તો જે કંઈ (આ નસીહત) પહેલાં થઈ ચુકયું તે તેનું જ છે." *(સૂરએ બકરહ : ૨૭૫)*

# હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.)

## બે અલગ અલગ વ્યકિતઓ છે.

હઝરત અનસ બિન માલિક રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો :

" મામલો સખત થતો જશે,
દુનિયા પડતી તરફ ધકેલાતી રહેશે,
લોકો કંજુસ બનતા જશે અને
કયામત બદતરીન લોકો પર જ કાયમ થશે,
અને મહદી ઈસા બિન મરયમ સિયાય કોઈ નથી. "

*(ઈબ્ને માજહ : ૩૦૨, મુસ્નદે જામિઅ : હદીષ નં : ૧૬૦૦)*

આ હદીષથી જાહેર રીતે આ સાબિત થાય છે કે મહદી (રદિ.) એ જ કથિત હઝરત ઈસા અલયહિસ્સલામ જ છે, એમના સિવાય કોઈ બીજી અલગ વ્યકિત મહદી (રદિ.) હોવાની હેસિયતથી આવનાર નથી. જયારે કે બીજી હદીષોથી પૂરવાર છે કે હઝરત મહદી રદિ. અને હઝરત ઈસા (અલૈ) બન્નેવ અલગ અલગ વ્યકિતઓ છે માટે આ હદીષ અને તેના મતલબ વિશે ઉલમાએ બે પ્રકારે ખુલાસા કર્યા છે :

(૧) આ રિવાયત વિવાદાસ્પદ (متكلم فيه) છે.

(૨) આ રિવાયત તેના જાહેરી (અર્થ) પ્રમાણે નથી, પરંતુ એનો સુચિતાર્થ (મર્મ) મુરાદ છે.

***પ્રથમ ઉકેલ અને તેનું સ્પષ્ટીકરણ***

હાફિઝ ઝહબી (રહ.) "મીઝાનુલ એઅતિદાલ" માં મુહંમદ બિન ખાલિદ અલ જનદીની ઓળખ આપતા આ હદીષ વિષે ફરમાવે છે કે એમણે વર્ણવેલી હદીષ :

لا مهدى إلا عيسى بن مريم .

"ઈસા બિન મરયમ સિવાય કોઈ મહદી નથી."

ખબરે મુન્કર એટલે કે અસ્વીકાર્ય વાત છે. "

*(મીઝાનુલ એઅતિદાલ : ૩/૫૨)*

એના વિવિધ કારણોમાંથી એક કારણ આ છે કે આ રિવયાતમાં મુહમ્મદ બિન ખાલિદ અલ જનદી જેના પર આ રિવાયતનો આધાર પણ છે અને આ હદીષ વર્ણન કરવામાં તેઓ એકલા જ છે, તેઓ ઘણા વિવાદાસ્પદ છે.

એમના વિષે હાફિઝ ઝહબી (રહ.) લખે છે :

અલ અઝદી એને મુન્કરૂલ હદીષ કહે છે

અને અબ્દુલ્લાહ અલ હાકિમ એને 'મજહૂલ' (અજ્ઞાત) કહે છે.

*(મીઝાનુલ એઅતિદાલ : ૩/૫૨)*

મુહંમદ બિન ખાલિદ અલ જનદીના વિષે હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) નકલ કરે છે,

આબરી (રહ.) ફરમાવે છે કે " મુહંમદ બિન ખાલિદ" મુહદિસીન માંહે અજાણ વ્યકિત છે.

અને આગળ લખે છે :

બયહકી (રહ.) કહે છે કે અબુ અબ્દુલ્લાહ હાફિઝના કહેવા પ્રમાણે "મુહંમદ બિન ખાલિદ" મજહૂલ (અજ્ઞાત) છે. *(તહઝીબુત્તહઝીબ : ૯/૧૪૪)*

હાફિઝ જલાલુદ્દિન સુયૂતી (રહ.)એ ઈબ્ને માજહની આ રિવાયત નીચે પોતાના હાશિયહ " મિસ્બાહુલ ઝજાજહ" માં ઘણી વિસ્તૃત ચર્ચા કરી છે, એટલે આ મોકા પર એનો પણ ટૂંકો સારાંશ લખવો યોગ્ય લાગે છે.

અલ્લામાહ (રહ.)એ પોતાની ખાસ સંશોધન દૃષ્ટિ અને ચિંતનશીલ પારદર્શિતા સાથે મજકૂર હદીષ બાબત, ઉપરાંત હદીષના બે વિવાદાસ્પદ ( مختلف فيه ) રાવીઓ : યૂનુસ બિન અબ્દુલ અઅલા(રહ.) અને મુહંમદ બિન ખાલિદ અલ જનદી (રહ.) બાબત સ્વીકાર્ય કે અસ્વીકાર્ય હોવા અને તેમના વિશે વાંધા – વચકા અને તેના ખુલાસાઓની સમીક્ષા કરી છે. ઉપરાંત એ બાબતમાં અબુલ હસન અલી બિન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ વાસ્તી (રહ.)ના એક ખ્વાબનો ઉલ્લેખ પણ કર્યો છે જેમાં તેમણે ઈમામ શાફિઈ (રહ.)ને જોયા હતા, તેઓ કહી રહયા હતા કે :

" યૂનુસ બિન અબ્દુલ અઅલાએ તેમના તરફ આ હદીષની બાબતમાં જૂઠાણું (અસત્ય) મન્સૂબ કર્યું"

અને એનો તે જવાબ પણ નકલ કર્યો જે ઈબ્ને કષીર (રહ.)એ ઝિક્ર કર્યો.

*(મિસ્બાહુલ ઝુજાજહ : ૩૦૦)*

" નિબરાસ " ના લેખક પણ ફરમાવે છે :

" આ હદીષ સહીહ નથી. " (નિબરાસ : ૩૧૫)

" મિનહાજુસ્સુન્નહ" માં છે. :

" ઈસા બિન મરયમ સિવાય બીજા કોઈ મહદી નથી" એ હદીસ ઝઈફ છે એટલે એ બીજી રિવાયતોનો મુકાબલો નથી કરી શકતી.

*(મિસ્બાહુલ ઝુજાજહ : ૫૬૨)*

અલ્લામા સુગાની (રહ.) તો આ રિવાયતને મવઝૂઅ લખે છે .

*(અલફવાઈદુલ મજમૂઅહ : શવકાની ૧૯૫) (તઝકિરતુલ મવઝુઆત: ૨૨૩)*

**<u>બીજો ઉકેલ અને તેનું સ્પષ્ટીકરણ</u>**

'મિસ્બાહુઝ ઝુજાજહ' ના લેખક આ હદીષનું સ્પષ્ટીકરણ કરતાં લખે છે :

" જાહેરી રીતે જોવામાં આવે તો આ હદીષ તે હદીષોની વિરૂદ્ધ છે જે હઝરત ઈસાના સિવાય કોઈ બીજા મહદીની સાબિતીમાં વારિદ થઈ છે, પરંતુ ચિંતન – મનન કરવામાં આવે તો બન્ને તરફની રિવાયતોમાં કોઈ વિરોધ નથી, બલ્કે મજકૂર રિવાયતોનો ભાવાર્થ આ થશે કે :

'મહદી' લકબના કામિલ તરીન મિસ્દાક (પરિપૂર્ણ સ્વરૂપ) હઝરત ઈસા અલયહિસ્સલામ છે અને હઝરત ઈસા (અલ.)નું મહદી હોવું બીજા કોઈના મહદી હોવાથી વિરૂદ્ધ નથી. " *(મિસ્બાહુલ ઝુજાજહ : ૩૦૦)*

આનાથી પણ સ્પષ્ટ થયું કે આ રિવાયત મહદી (રદિ.) અને હઝરત ઈસા (અલૈ.)ના એક જ હોવા બાબતની દલીલ નથી બની શકતી.

ઉપરાંત હદીષોના મતલબની દષ્ટિએ પણ આ બાબત સહીહ નથી કારણ કે આપણી સામે વિવિધ રિવાયતો એવી છે જેમાં સુસ્પષ્ટ રીતે હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.)ના અલગ અલગ હોવાના ઉલ્લેખ છે.

## હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બન્ને અલગ હોવાનો સુસ્પષ્ટ ઉલ્લેખ ધરાવતી હદીસો

**(૧)** " તે ઉમ્મત હરગિઝ હલાક નથી થઈ શકતી જેની શરૂઆત હું છું , અંત ઈસા બિન મરયમ છે અને દરમિયાન મહદી છે. "

*(કન્ઝુલ ઉમ્માલ : ૧૪/૨૬૬, હદીષ : ૩૮૬૭૧)*

**(૨)** " તે શખ્સ અમારામાંથી હશે જેના પાછળ ઈસા બિન મરયમ નમાઝ પઢશે. "

*(કન્ઝુલ ઉમ્માલ : ૧૪/૨૬૬, હદીષ : ૩૮૬૭૨)*

**(૩)** " હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે, તેઓ ફરમાવે છે કે : હઝરત ઈસા બિન મરયમ (અલૈ.) હઝરત મહદી (રદિ.) પછી ઉતરશે, અને હઝરત ઈસા અલૈ. તેમના પાછળ (એક) નમાઝ અદા કરશે."

*(અલ ફિતન, નુઐમ બિન હમ્માદ પુષ્ઠ : ૨૬૪,*
*હદીષ: ૧૦૪૨, હાવી : ૨/૭૮)*

**(૪)** " મારી ઉમ્મતની એક જમાઅત હંમેશા હકના માટે મુકાબલો કરતી રહેશે, અહીં સુધી કે ઈસા બિન મરયમ (અલૈ.) હઝરત મહદી (રદિ.) ની હાજરીમાં ફજરના ઉદય વખતે બયતુલ મુકદ્દસ (યરૂસલમ – JERUSALEM) માં ઉતરશે, તેમનાથી દરખાસ્ત કરવામાં આવશે કે આપ અમને નમાઝ પઢાવો ! તેઓ ફરમાવશે, " આ ઉમ્મત આપસમાં એક – બીજા માટે અમીર છે "

*(સુનન અબૂ અમ્ર અદ્દાની પૃષ્ઠ : ૨૪૦, હદીષ : ૬૭૬, હાવી : ૨/૮૩)*

મુસ્લિમ શરીફની હદીસમાં પણ લગભગ આ જ શબ્દો છે.

**(૫)** " હઝરત મહદી (રદિ.) ઈસા (અલૈ.) ને સંબોધીને અરજ કરશે કે, આપ, લોકોને નમાઝ પઢાવી દો !
ત્યારે ઈસા (અલૈ.)બિન મરયમ આસમાનથી ઉતરી ચુકયા હશે, એવી હાલતમાં કે બાલોમાંથી પાણી ટપકી રહયું હશે.

હઝરત ઈસા (અલૈ.) ફરમાવશે,
" આપના જ માટે ઈકામત કહેવામાં આવી છે. "
(અર્થાત : આપ જ નમાઝ પઢાવો.)
એટલે તેઓ (હઝરત ઈસા) મારી ઔલાદમાંથી એક શખ્સ (હઝરત મહદી રદિ.)ની ઈકતિદામાં (આ) નમાઝ અદા કરશે."

*(સુનન અબૂ અમ્ર અદ્દાની : પૃષ્ઠ : ૨૦૨ – ૨૦૯, હદીષ નં : ૫૯૬)*

(૬) "હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, ઈસા (અલૈ.) બિન મરયમ (આસમાનથી) ઉતરશે, ત્યારે મુસલમાનોના અમીર હઝરત મહદી (રદિ.) (તેમને) કહેશે કે :
" આપ અમને નમાઝ પઢાવી દો !"
તેઓ ફરમાવશે કે,
" તમારામાંથી જ એક અન્યોનો અમીર છે, અને એ અલ્લાહ તઆલા તરફથી આ ઉમ્મતનું સન્માન છે."

*(સુયૂતી ફીલ હાવી : ૨/ ૬૪)*

(૭) ઈબ્ને સીરીન (રહ.) ફરમાવે છે કે :

" મહદી (રદિ.) આ જ ઉમ્મતના ફર્દ (શખ્સ) છે અને તેઓ જ ઈસા (અલૈ.) ની ઈમામત ફરમાવશે."

*(ઈબ્ને અબી શયબહ : ૧૫ / ૧૯૮, હદીષ : ૧૯૪૯૫,*
*કઝા ફીલ હાવી : ૨ / ૬૫)*

(૮) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે ,
રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અમને ખુત્બો આપ્યો અને (એ ખુત્બામાં) દજ્જાલની વાત કરી અને ફરમાવ્યું :
" ત્યારે મદીના મુનવ્વરહ પોતાની ગંદકીને એવી જ રીતે કાઢીને બહાર કરી દેશે જેવી રીતે ભઠઠી લોખંડની ગંદકી (કાટ)ને દૂર કરી દે છે. અને તે દિવસ " છુટકારાનો દિવસ " કહેવાશે "
ઉમ્મે શરીકે પૂછયું કે,

" હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! ત્યારે અરબ (લોકો) ક્યાં હશે ? !"

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું ,

" તેઓ ત્યારે ઓછા હશે, અને તેઓ બયતુલ મુકદ્દસમાં હશે અને તેમના ઈમામ " મહદી" નામના એક નેક શખ્સ હશે.

તેમના ઈમામ તેમને ફજરની નમાઝ પઢાવવા માટે આગળ વધશે, તે જ દરમિયાન તેમની વચ્ચે ઈસા બિન મરયમ ઉતરશે.

એ ઈમામ (આપની મોટાઈ) સ્વીકારીને નત મસ્તકે ઉલટા પગે પાછળ હટશે, જેથી હઝરત ઈસા (અલૈ.) આગળ વધીને ઈમામત ફરમાવે.

તો હઝરત ઈસા (અલૈ.) તેમના ખભા પર હાથ મૂકીને ફરમાવશે કે,

" ઈકામત આપના જ માટે કહેવામાં આવી છે "

પછી મુસલમાનોના ઈમામ ( મહદી રદિ.) નમાઝ પઢાવશે. "

*(ઈબ્ને માજહ : હદીષ નંબર : ૪૦૭૭ , કઝા ફીલ હાવી : ૨/૬૫)*

## ઉપર લખેલી હદીષોનો સારાંશ

ઉપરની તમામ રિવાયતોની રોશનીમાં આ વાત ખાતરીપૂર્વક માલૂમ થઈ જાય છે કે હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બન્ને અલગ અલગ વ્યક્તિઓ છે. ઉપરાંત સહીહયન (બુખારી અને મુસ્લિમ)ની હદીષોમાં અનેક સ્થળોએ હઝરત ઈસા (અલૈ.)ના નૂઝુલ (ઉતરાણ) વખતે મુસલમાનોના એક ઈમામ યા અમીરની હાજરીનો ઉલ્લેખ મોજૂદ છે.

અને જયાં બીજી રિવાયતોમાં હઝરત મહદી (રદિ.)ની વિગત મોજૂદ છે. ત્યાં આ વાત પર કોઈ એક ઝઈફ રિવાયત પણ નથી મળતી કે આ ઈમામ યા અમીરથી મુરાદ હઝરત મહદી (રદિ.) નથી.

એટલે આ વાત સુસ્પષ્ટ થઈ ગઈ કે હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બે અલગ અલગ વ્યક્તિઓ છે : ન કે એક જ વ્યક્તિના બે અલગ અલગ નામો.

# ઈબ્ને માજહની રિવાયતનું સ્પષ્ટીકરણ

ઈબ્ને માજહની રિવાયત કે,

**'ઈસા (અલૈ.) સિવાય બીજા કોઈ મહદી નથી'**

ને કોઈ દરજામાં માની લેવામાં આવે તો પણ તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે :

**(૧)**

હઝરત ઈસા (અલૈ)ને મહદી કહેવામાનો મતલબ એ છે કે તેઓ 'અઅઝમુલ મહદી' (મહાન મહદી) છે, કારણ કે અરબી ભાષા પ્રમાણે દરેક હિદાયત મેળવેલ શખ્સ અને હિદાયત તરફ રહનુમાઈ (માર્ગદર્શન) કરનારને મહદી કહી શકાય છે.

ઈમામ સુયૂતી (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)નું કથન નકલ કર્યું છે કે :

" અલ મહદી المهدى નો લકબ એવો જ છે જેવી રીતે કોઈ નેક આદમીને " رجل صالح " કહેવામાં આવે."

આ પ્રમાણે મહદી વિશેષણ વિવિધ શખ્સોને લગાડી શકાય છે.

*(અલ હાવી લિલ ફતાવા લિલ ઈમામ અલ સુયૂતી : ૨/૭૮, નુઐમ બિન હમ્માદ : ૨૬૩ : હદીષ નંબર : ૧૦૩૭)*

જાહેર છે કે આ શાબ્દિક અર્થ પ્રમાણે આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પછીથી આજ સુધી એવા ઘણા શખ્સો જોવામાં આવતા રહયા છે જેમના પર 'મહદી' શબ્દ બોલી શકાય છે.

ખુદ નબીયે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ પણ હઝરાતે ખુલફાએ રાશિદીન રિદવાનુલ્લાહિ અલયહિમ માટે " અલ – મહદીય્યિન" શબ્દ ઉપયોગ ફરમાવ્યો છે.

એ જ મુબારક સિલસિલામાં હઝરત ઈસા (અલૈ.)ને સૌથી ઊંચા દરજાના હકીકી મહદી કહેવામાં આવ્યા છે.

એ જ વાતની તરફ ઈશારો કરતાં ઈબ્નુલ કય્યિમ (રહ.) લખે છે,

" હઝરત ઈસા (અલૈ.) આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ના

મુબારક ઝમાનાથી કયામત સુધીના અરસામાં સૌથી ઉચ્ચતમ મરતબાવાળા મહદી છે........ એટલે મહદી નામના માણસ ભલે કોઈ બીજી વ્યકિત હોય, છતાં એ કહેવું યોગ્ય હશે કે હકીકતમાં ઈસા (અલ.)ના સિવાય કોઈ મહદી નથી. "

*(અલ મનાર અલ મુનીફ : પૃષ્ઠ : ૧૪૮)*

– જેમ " الحج العرفة " ( હજ તો અરફહમાં થોભવાનું નામ છે) કહેવામાં આવે છે, એનાથી મુરાદ એ નથી કે માત્ર "વુકૂફે અરફહ" (અરફહમાં રોકાવું) જ હજ છે, બલ્કે તે હજનું એક મહત્વનું કાર્ય છે.

– અથવા જેવી રીતે " દજ્જાલ" શબ્દ એના શાબ્દિક અર્થ પ્રમાણે દજ્જાલ જેવી સિફતવાળા ઘણાં લોકો માટે બોલવામાં આવે છે. અલબત્ત એનો હકીકી અને પરિપૂર્ણ અર્થ તે મોટા દજ્જાલ ને લાગુ પડે છે જે હઝરત મહદી (રદિ.) અને હઝરત ઈસા (અલૈ.)ના જમાનામાં જાહેર થશે.

## (૨)

એક અર્થઘટન આ પણ કરી શકાય છે કે :

એવા મહદી જેઓ કામિલ અને ગુનાહોથી માસૂમ હોય તે હઝરત ઈસા (અલૈ.) છે .

ઈબ્નુલ કય્યિમ (રહ.) લખે છે :

" ઈસા બિન મરયમ (અલૈ.)ને કામિલ તરીન અને માસૂમ માનીને મહદી કહેવું બિલકુલ સહીહ છે. *(તઝકિરહ : પૃષ્ઠ : ૭૦૧ , હાવી : ૨/ ૮૬)*

– શૈખ બરઝન્જી (રહ.) પણ એ જ ફરમાવે છે કે :

સંપૂર્ણ માસૂમ મહદી ઈસા બિન મરયમ અલયહિસ્સલામ જ છે. "

*(અલ ઈશાઅહ : ૧૪૩)*

## (3)

ઈમામ સુયૂતી (રહ.) એ વલીદ બિન મુસ્લિમ (રહ.)થી એક હદીષ નકલ કરી છે જેનાથી આ અર્થઘટનનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ થઈ જાય છે.

વલીદ બિન મુસ્લિમ ફરમાવે છે કે :

મેં એક એવા શખ્સથી સાંભળ્યું જે કેટલાક લોકોને હદીષનો દર્સ આપી

રહયો હતો.

તે કહી રહયો હતો કે,

" મહદી ત્રણ છે :

– એક 'મહદીએ ખેર' અને તે ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.) છે.

– બીજા 'મહદીએ દમ' છે, જેમના મુબારક હાથે ખુન ખરાબા (રકતપાત) અટકી જશે, અને

– ત્રીજા 'મહદીએ દીન' અર્થાત્ ઈસા બિન મરયમ (અલૈ.) છે, જેમના ઉપર તેમની સમગ્ર ઉમ્મત તે ઝમાનામાં ઈમાન લાવશે.

અને હઝરત કઅબ (રદિ.)થી પણ આ રિવાયત ઝિક્ર કરી છે કે મેહદીયે મુન્તઝર (જેમની રાહ જોવામાં આવે છે) અને જેમનું નામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ છે, તે સુફયાનીના બાદ જાહેર થશે."

*(અલ ઉર્ફુલ વરદી ફી અખ્લારિલ મહદી : ૩૫,*
*અલ હાવી : ૨/૭૮, અલફિતન,*
*નુએમ બિન હમ્માદ : પૃ: ૨૫૩ હદીષ નંબર ૯૮૮)*

**(૪)**

એક અર્થઘટન આ છે કે :

ઈબ્ને માજહની હદીષમાં વાત ટુંકાવીને કહેવામાં આવી છે, પૂરા શબ્દો સહિત હદીષની વાત આમ છે :

لا قول للمهدى الا بمشورة عيسى عليه السلام

" હઝરત મહદી (રદિ.) પોતાની દરેક વાતમાં હઝરત ઈસા અલયહિસ્સલામથી મશ્વરહ લેશે." *(અલ ઈશાઅહ : ૧૪૩)*

## ઉપરના સ્પષ્ટીકરણોનો સારાંશ

ઉપર લખેલા જવાબો (સ્પષ્ટીકરણો) તે તમામ રિવાયતોના અર્થઘટનમાં રજુ કરી શકાય છે જેનાથી હઝરત ઈસા અલયહિસ્સલામ અને હઝરત મહદી (રદિ.) બન્ને વ્યકિતઓ એક જ હોવાનો ભ્રમ થાય છે.

" મુસ્નદે બઝઝાર" ની એક રિવાયત જે હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત થયેલી છે, તેનાથી પણ આ જ ભાવાર્થ નીકળે છે.

" તમારામાંથી જે જીવતા રહેશે (તે આ જોશે કે) મહદી અર્થાત ઈસા બિન મરયમ (અલૈ.) હિદાયત મેળવેલ ઈમામ અને ન્યાયી હાકિમ બનીને જાહેર થશે." *(આરિઝતુલ અહવઝી, ઈબ્નુલ અરબી : ૯/૭૭)*

સારાંશ આ થયો કે હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) જુદી વ્યકિતઓ છે. એટલે જે લોકો વાસ્તવિકતાથી વિપરીત હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બન્નેને એક જ માને છે અને પરિણામે હઝરત મહદી (રદિ.)નો ઈન્કાર કરે છે તેઓ ગુમરાહી પર છે.

ખાસ કરીને કાદિયાની ફિરકો જેણે હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) બન્નેને પ્રથમ તો એક જ વ્યકિત માન્યા અને તે પછી મિરઝા ગુલામ અહમદ કાદિયાની (અલયહિ મિનલ્લાહિ મા યસ્તહિક)ને જ મહદી કહી દીધો, તેઓ યકીનન હકના માર્ગથી દૂર ઘણા દૂર ગુમરાહી ના જંગલોમાં ભટકે છે:

ظُلُمَاتٌ بَعْضُهَا فَوْقَ بَعْضٍ إِذَا أَخْرَجَ يَدَهُ لَمْ يَكَدْ يَرَاهَا وَمَن لَّمْ يَجْعَلِ اللَّهُ لَهُ نُوراً فَمَا لَهُ مِن نُّورٍ (سورة نور، ٤٠)

**ભાવાર્થ** : એક ઉપર એક અંધારાઓ જ અંધારાઓ છે (એવી હાલતમાં અગર કોઈ પોતાનો હાથ કાઢે (અને તેને જોવા ચાહે) તો તેનું દેખાવું સંભવિત જ નથી અને જેને અલ્લાહ (હિદાયતનો) પ્રકાશ નહિ આપે તેના માટે કયાંય પ્રકાશ નથી.

સાચી વાત તો આ છે કે હઝરત મહદીયે મુન્તઝર (જેમના જાહેર થવાનો ઈન્તેઝાર છે) (અને જેમનું નામ) મુહંમદ બિન અબ્દુલ્લાહ (હશે) તથા હઝરત ઈસા (અલૈ.) વિશે જેટલા પ્રમાણમાં અલામતો (નિશાનીઓ) હદીષોમાં આવી છે, તેમાંથી કોઈપણ અલામત કોઈ રીતે પણ મિરઝા કાદિયાનીમાં હરગિઝ હરગિઝ જોવામાં આવતી નથી !

## ઝુહૂરે મહદી (રદિ.)નો અકીદો

### (૧)

– " ઝુહૂરે મહદી (હઝરત મહદી રદિયલ્લાહુ અન્હુના જાહેર થવા) નો અકીદો દરેક મુસલમાનના માટે લાઝિમ અને વાજિબ છે. "

(નિબરાસ : ૩૦૫)

– એ જ પ્રમાણે " શર્હે અકીદતુલ સિફારીની'માં પણ ઉલ્લેખ છે કે :

" હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર (જાહેર થવા) પર ઈમાન લાવવું વાજિબ છે. આ વાત અહલે ઈલ્મ હઝરાત (ઉલમાએ કિરામ)ને ત્યાં સાબિત પણ છે અને અહલે સુન્નત વ જમાઅતના અકાઈદ (અકીદાઓ)ની કિતાબોમાં પણ લખેલી છે. "

– ઉપરાંત અલ્લામા મુહમ્મદ બિન સુલયમાન અલ હલબી (રહ.) પણ લખે છે કે :

" તુ જાણી લે કે ઈસા અલયહિસ્સલામના નુઝૂલ (ઉતરાણ) અને એ જ પ્રમાણે હઝરત મહદી (રદિ.)ના ખૂરૂજ (જાહેર થવા) પર ઈમાન લાવવું વાજિબ છે." (નુખબતુલ લઆલી શર્હે બદઉલ અમાલી : ૭૧)

– હઝરત શાહ વલીયુલ્લા સાહબ મુહદ્દિસ દહેલ્વી (રહ.) ફરમાવે છે :

" હઝરત મહદી (રદિ.)નો કયામત નજીક ઝુહૂર યકીની વાત છે અને હઝરત મહદી (રદિ.) અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નઝરમાં હાકિમે બરહક થશે અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમના ખલીફા થવાની ભવિષ્યવાણી ફરમાવી દીધી છે. "

હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ (રહ.) (આગળ) ફરમાવે છે કે :

"હઝરત મહદી (રદિ.)ની ખિલાફતનો સમય આવશે તો આપની ઈત્તિબાઅ તે ઉમૂર (બાબતો)માં વાજિબ થશે જે ખલીફાને લગતી છે."

(ઈઝાલતુલ ખિફાઅ : ૧/૨૬)

## (૨)

ઝુહૂરે મહદી (હઝરત મહદી રદિ.)ના જાહેર થવાનો અકીદો અહલે સુન્નત વ જમાઅતના મુસલ્લમા (સર્વમાન્ય) અકાઈદમાંથી છે.

મૌલાના બદરે આલમ સાહબ મીરઠી (રહ.)એ " તર્જુમાનુસ્સુન્નહ" માં નકલ કર્યુ છે કે :

" અકીદહ સફારીની (કિતાબ)ની શર્હ (વિવરણ) લખનારે હઝરતે મહદી (રદિ.)ના આગમનની હદીસો બાબત તવાતુરની વાત લખી છે. અને

એને અહલે સુન્નત વલ જમાઅતના અકાઈદમાં ગણ્યો છે.

તેઓ લખે છે કે :

" હઝરત મહદી (રદિ.)ના ખૂરૂજ (જાહેર થવા)ની રિવાયતો એટલી બધી છે કે તેમાં મઅનવી તવાતુર કહી શકાય છે અને આ વાત અહલે સુન્નતના ઉલમાના દરમિયાન એટલા દરજ્જે મશહૂર છે કે તેને અહલે સુન્નતનો એક અકીદો ગણવામાં આવ્યો છે.

–અબૂ નઈમ, –અબૂ દાઉદ, –તિરમિઝી, –નસાઈ.... વગેરેએ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી આ બાબતમાં વિવિધ રિવાયતો નકલ કરી છે. જે બધી રિવાયતોના સંગ્રહથી હઝરત મહદી (રદિ.)ના આગમનનું ચોકકસ યકીન હાસિલ થઈ જાય છે.

એટલે હઝરત મહદી (રદિ.)ની તશરીફ આવરી (આગમન) પર ઉલમાના બયાન પ્રમાણે અને અહલે સુન્નત વલ જમાઅતના અકાઈદ પ્રમાણે યકીન કરવું જરૂરી છે." *(તર્જુમાનુસ્સુન્નહ : પૃષ્ઠ : ૩૭૭)*

**(૩)**

હદીષોમાં આવેલ વર્ણનો અને વિગતોથી આપ (રદિ.)ના ઝુહૂર (જાહેર થવા)નું ચોકકસ યકીન હાસિલ થાય છે.

**(૪)**

મુફતી નિઝામુદ્દીન શામઝઈ (રહ.) ફરમાવે છે કે :

" ઈલ્મે હદીષથી સંબંધ ધરાવનાર જાણે છે કે મુહદ્દિસો પોતાની કિતાબોમાં જે પ્રકરણો બનાવે છે તે તેમની નઝરમાં હદીષોથી સાબિત હોય છે, ખાસ કરીને જયારે જે તે પ્રકરણમાં એ વિશેની હદીષ નકલ કર્યા બાદ તેઓ એના પર ખામોશ રહે છે.

આ નિયમ પ્રમાણે હવે આ વાત નિશંક રીતે કહી શકાય છે કે જે મુહદ્દિસોએ ઝુહૂરે મહદીની હદીષોને પોતાની કિતાબોમાં નકલ કરી છે (જેનો ઉલ્લેખ " ઝુહૂર મહદીની હદીષો' શીર્ષકથી આવી ગયો છે) અને તે હદીષો પર પ્રકરણો પણ બનાવ્યા છે તો એ દલીલ છે કે મહદી (રદિ.)નો ઝુહૂર થશે

અને તેઓ કયામતની નિશાનીઓમાંથી એક નિશાની હશે, એમ તેઓ અકીદો ધરાવે છે. *(અકીદએ ઝુહૂરે મહદી : ૭૩)*

## (૫)

હઝરત નબીયે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુબારક દૌરથી લઈને આજ સુધી દરેક દૌરમાં સલફ (પુરોગામી બુઝુર્ગો) અને ખલફ (અનુગામી બુઝુર્ગો )એ તથા તફસીર કર્તાઓ અને મુતકલ્લિમીન (ઈલ્મે કલામ – ઈલ્મે અકાઈદના વિદ્વાનો ) તથા જમ્હૂર ઉલમાએ ઉમ્મતે સંપૂર્ણ યકીન સાથે પોતાની કિતાબો અને પોતાના કથનોમાં ઝુહૂરે મહદીને ખૂબ જ મહત્વપૂર્ણ રીતે બયાન કર્યું છે.

આ બાબતમાં અબ્દુર્રહમાન મુબારકપુરી (રહ.) લખે છે :

" દરેક જમાનામાં તમામ અહલે ઈસ્લામ (મુસલમાનો)ના નઝદીક આ વાત મશહૂર રહી છે કે અહલે બયત (હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ખાનદાન)માંથી આખરી જમાનામાં એક શખ્સ જરૂર જાહેર થશે.......... અને તેનું નામ મહદી હશે." *(તુહફતુલ અહવઝી : ૬/ ૪૦૧)*

સારાંશ આ છે કે લગભગ પૂરી ઉમ્મતે મુસ્લિમહ તવાતુરની સાથે આપ (હઝરત મહદી રદિ.)ની તશરીફ આવરી (આગમન)અને આપના ઝુહૂર (જાહેર થવા)ને માને છે.

## (૬)

ઉલમાએ અકાઈદે ઝુહૂરે મહદી (મહદીના જાહેર થવા)ને હક (સાચું) કહયું છે.

હઝરત મુફતી કિફાયતુલ્લાહ સાહબ ફરમાવે છે કે :

" કયામતથી પહેલા :

– દજજાલનું નીકળવું

–હઝરત મસીહ (અલૈ.)

–હઝરત મહદી (અલૈ.)નું તશરીફ લાવવું, અને

–જે ચીઝોની ખબર સહીહ અને દલીલ પાત્ર હદીષોથી સાબિત થઈ છે,

તેમનું બનવું હકક (સાચું) છે. *(જવાહિરુલ ઈમાનઃ ૮)*

હઝરત મવલાના મુહમ્મદ ઈદ્રીસ કાંધલવી (રહ.) 'અકાઈદે ઈસ્લામ'માં લખે છે કે :

" અહલે સુન્નત વલ જમાઅતનો અકીદો છે કે હઝરત મહદીનો ઝુહૂર (જાહેર થવું) આખિર જમાનામાં હક અને સત્ય છે અને તેના પર એઅતિકાદ રાખવું જરૂરી છે. એટલા માટે કે હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર મુતવાતિર હદીષો અને ઈજમાએ ઉમ્મત (સર્વ સંમતિ)થી સાબિત છે. જો કે એની કેટલીક વિગતો ખબરે વાહિદથી સાબિત છે. સહાબા રદિ. અને તાબિઈન (રહ.)ના જમાનાથી લઈ અત્યાર સુધી હઝરત મહદી (રદિ.) ના ઝુહૂર (જાહેર થવા)ને પૂર્વ અને પશ્ચિમમાં દરેક તબકાના મુસલમાન ઉલમા અને સુલહા (નેક લોકો) અને અવામ તેમજ ખવાસ, દરેક જમાના અને યુગમાં નકલ કરતા આવ્યા છે." *(અકાઈદે ઈસ્લામ : ૧/૬૪)*

## ઝુહૂરે મહદી (રદિ.)નો ઈન્કાર કરનાર વિશે શરઈ હુકમ

હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર (જાહેર થવું) તમામ અહલે સુન્નતનો માન્ય અકીદો છે એટલે એનો ઈન્કાર નથી કરી શકાતો, એટલે જે શખ્સ એનો ઈન્કાર કરે તેના વિશે સય્યિદી વ સનદી ફકીહુલ ઉમ્મત હઝરત મુફતી મહમૂદ હસન ગંગોહી (રહ.)નો ફતવો વાંચો.

***સવાલ : -***

શું હઝરત મહદી (રદિ.)ના ઝુહૂરનો અકીદો કુર્આન અને હદીષની રૂએ ઝરૂરિય્યાતે દીનમાંથી છે.?

જો કોઈ હઝરત મહદી (રદિ.)ના ઝુહૂરને સ્વીકારતો ન હોય તો તેના માટે શરઅ શરીફ નો શું હુકમ છે ?

***જવાબ : -***

حامدا ومصليا و مسلما

અબૂદાવુદ શરીફમાં ખલીફતુલ્લાહ અલ મહદીની વિગતો ,

– તેમની અલામતો (નિશાનીઓ),

– તેમના હાથ પર બયઅત,

– તેમના કારનામા, વગેરે બાબતો જણાવવામાં આવ્યા છે.

જે શખ્સ તે (ઈમામ મહદી)ના ઝુહૂર (જાહેર થવા)ને માનતો નથી, તે એ હદીષોને માનતો નથી. તેની ઈસ્લાહ કરવામાં આવે, જેથી તે સિરાતે મુસ્તકીમ (સાચા માર્ગ) પર આવી જાય.

*(ફતાવા મહમૂદિય્યહ : ૧ / ૧૧૧)*

———————————

આ વિશે હઝરત મૌલાના મુહમ્મદ અબ્દુલ હક હકકાની (રહ.) લખે છે,

" અહલે સુન્નતના અકાઈદમાંથી આ તો છે કે આખિર જમાનામાં હઝરત મહદી (રદિ.) જાહેર થઈને કાફિરોને મગ્લૂબ (તાબે) કરશે અને ઈસ્લામને કવી (બળવાન) કરશે. બાકી જે વિગતો જણાવવામાં આવી છે તે ખબરે આહાદથી સાબિત કરવામાં આવી છે, તેમાં પણ કયાંક કેટલીક હદીષોના ટુકડાઓને મેળવીનો કયાસથી એક વાત કાઢવામાં આવી છે, આવી વાતો પર યકીન નહિ કરવાથી માણસ ઈસ્લામથી નીકળતો નથી.

આ વાત પણ નિશ્ચિત કે આ બાબતમાં જેટલી હદીસો મુખ્બિરે સાદિક (સાચી ખબર આપનાર) અર્થાત હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આપી છે, –ભલે તે આપણા સુધી ગમે તે ઝરિયાથી પહોંચી હોય અને તેને સમજવામાં પણ આપણાથી ગલતી થઈ હોય છતાં – તે બધી ખબરો બરહક – સાચી છે, અને તે પ્રમાણે જરૂર થઈને રહેશે.

આ જ વાત કયામતની બીજી નિશાનીઓ બાબત ધ્યાનમાં રહે.

*(અકાઈદે ઈસ્લામ : બાબ : ૩ ફસ્લ : ૨ પૃષ્ઠ : ૧૮૫)*

## હઝરાતે સહાબા રદિ.ની ચિંતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના તરફથી અજીબ બશારત

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે :

અમને ડર થયો કે આપણા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના બાદ

દુર્ઘટનાઓ વધશે, માટે ,

અમે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એ વિશે પૂછયું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું,

" મારી ઉમ્મતમાં મહદી જાહેર થશે જે પાંચ યા સાત યા નવ સુધી જીવંત રહેશે."

(હદીષના એક રાવી ઝૈદ રદિ.થી સંખ્યામાં શક પેદા થયો છે.)

ઝૈદ (રદિ.) ફરમાવે છે કે ,

" અમે અરજ કરી કે આ સંખ્યા કઈ ચીઝની છે ? "

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ઈર્શાદ ફરમાવ્યો કે, "વરસોની"

આપે ફરમાવ્યુ કે

" તેમની પાસે એક શખ્સ આવીને કહેશે કે : મહદી ! મને આપો, મહદી! મને આપો."

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો,

" પછી તે તેને તેના કપડામાં (એટલા બધા દીનાર અને દિરહમ)ખોબો ભરીને આપશે કે તે ઉઠાવી પણ નહીં શકે. *(તિરમિઝી : ૨/ ૪૮)*

મશહૂર મુહદ્દિષ અને ફકીહ હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી (રહ.) આ હદીષ શરીફની રોશનીમાં ફરમાવે છે કે :

" જયારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરાતે સહાબા (રદિ.)ની સામે પ્રથમ ત્રણ જમાનાઓ ખૈર પર થવાની બશારત આપી તો હઝરાતે સહાબા (રદિ.) સમજી ગયા કે ફિત્ના અને દુર્ઘટનાઓ (દુ:ખદ બનાવો) તેના પછી સામે આવશે અને ખૈરૂલ કુરૂન (ખૈરના ત્રણ યુગો) બાદ એવો જમાનો આવશે કે દરેક આવનારો દિવસ ઉમ્મતના માટે વીતેલા દિવસ કરતા બદતર સાબિત થશે."

આ વાતથી હઝરાતે સહાબા(રદિ.)ને નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મહબૂબ ઉમ્મતના ભવિષ્ય માટે ચિંતા થઈ કે આ ઉમ્મત દુનિયાદારીમાં મશ્ગૂલ હોય અને અચાનક મોત આવી જાય તો તેમની શી હાલત થશે ?

ઉપરાંત આ શર (બુરાઈ) અને ફસાદ તથા ગુમરાહીના દૌરમાં ઉમ્મતે મુસ્લિમહને ગફલતની ઊંઘમાથી કોણ જગાડશે ?

હઝરાતે સહાબા (રદિ.)ની આ ચિંતા દૂર કરવા માટે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઝુહૂરે મહદી (હઝરત મહદીના જાહેર થવા)ની ખુશ ખબરી આપી કે જેથી તેમને સંતોષ થઈ જાય કે આ ખતરનાક જમાનામાં પણ હાદીઓ (હિદાયત અને નસીહત કરનારાઓ) જાહેર થશે.

અને હાદીઓનું જાહેર થવું આ વાતની સ્પષ્ટ દલીલ છે કે એવા ફિત્નાના દૌરમાં પણ ખૈરનું તત્વ મોજૂદ હશે અને દીની તા'લીમ અને સુન્નતની ઈશાઅત (પ્રચાર અને પ્રસાર)નો સિલસિલો ચાલુ રહેશે."

*(કવકબુદ્દુરી : ૨ / ૫૭)*

ઉપરાંત હઝરત મહદી (રદિ.)ના ધરતી પર રહેવા વિશે હદીષમાં વારિદ આ ત્રણે સંખ્યા : પાંચ , સાત અને નવ ના દરમિયાન અર્થમેળના સ્વરૂપ વિશે આગળ લખે છે :

"– પ્રથમ લશ્કરની તૈયારીમાં પાંચ વરસ લાગશે,

–પછી બે વરસ કાફિરો સાથે જંગ થશે,

–પછી આખરી બે વરસ આપ જીવંત રહીને હુકૂમત કરશે.

આ રીતે હદીષના શબ્દોમાં જરાપણ વિરોધાભાસ નથી રહેતો અને પાંચ, સાત, નવ એ રાવીનો શક નહીં કહેવાય. બલ્કે, અલગ અલગ રિવાયતો ગણાશે.

# હઝરત મહદી (રદિ.)નો દીની, દુન્યવી અને ઉખ્રવી (આખિરતનો) મકામ

## (૧)

હદીષ શરીફમાં ઈર્શાદ છે :

" તે કોમ કેવી રીતે હલાક થઈ શકે છે ?

– જેની શરૂઆત હું છું (અર્થાત હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)

– જેના દરમિયાન મહદી (રદિ.)છે. અને

– જેના આખરી દૌરમાં હઝરત ઈસા (અલૈ.) તશરીફ લાવશે."

*(કન્ઝુલ ઉમ્માલ : ૧૪/૨૬૬,હદીષ નંબર ૩૮૬૭૧)*

## (૨)

આપ (અર્થાત હઝરત મહદી રદિ.) આખરી ખલીફએ રાશિદ થશે.

## (૩)

આપ (અર્થાત હઝરત મહદી રદિ.) આખરી મુજદ્દિદ થશે.

## (૪)

આપ (અર્થાત હઝરત મહદી રદિ.) વિલાયતના સર્વોચ્ચ મકામ પર બિરાજમાન થશે.

## (૫)

હદીષ શરીફમાં એક જગાએ આપ (રદિ.)ને જન્નતના સરદારોમાંથી એક સરદાર બતાવવામાં આવ્યા છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે,

" અમે અબ્દુલ મુત્તલિબની ઔલાદ જન્નતના સરદાર થઈશું.

અર્થાતઃ

– આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ

–હમઝહ,

–અલી,

–જઅફર,

–હસન,

–હુસયન, અને –મહદી રદિયલ્લાહુ અન્હુમ

*(ઈબ્ને માજહ : 300)*

આ રિવાયત ઈબ્ને માજહની મવઝુઆતમાં શામેલ નથી. ઉપરાંત એના મુતાબિઆત અને શવાહીદ મોજૂદ છે.

**(૬)**

અલ્લાહ તઆલા તરફથી આપ (રદિ.)ને ઘણી મોટી રૂહાની શકિત આપવામાં આવી હશે.

**(૭)**

ખુલફાએ રાશિદીન બાદ આપનો જ રુત્બો છે.

આ બાબતમાં મૌલાના મુહમ્મદ ઈદ્રીસ સાહબ કાંધલવી (રહ.) લખે છે:

" અને ઈમામ મહદી (રદિ.) ઉમ્મતે મુહમ્મદિય્યહ (સલ.)ના આખરી ખલીફએ રાશિદ છે, જેમનો રુત્બો જમ્હૂર ઉલમાની નઝદીક અબૂબક્ર અને ઉમર (રદિ.) અને ખુલફાએ રાશિદીન પછી છે."

*(નુઝૂલે ઈસા વ ઝુહુરે મહદી : ૩૫)*

**(૮)**

આસમાન અને જમીનવાળા બધા આપ (રદિ.)થી ખુશ હશે.

**(૯)**

હઝરત ઈસા (અલૈ.) નુઝૂલ બાદ (આસમાનથી ઉતરવા બાદ) પહેલી નમાઝ આપની ઈકતિદામાં અદા ફરમાવશે અને એ આ ઉમ્મતે મુહમ્મદિય્યહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) માટે તકરીમ (ઈકરામ, સન્માન) છે (કે આ ઉમ્મતના બા કમાલ વ્યકિતઓ તે છે જેમના પાછળ નબી નમાઝ અદા કરે.) ૯૯ા

## (૧૦)

–આપ (હઝરત મહદી રદિ.) ન તો રસૂલ હશે ન તો નબી હશે,

–ન આપ (રદિ.) પર વહી નાઝિલ થશે,

–ન આપ નુબુવ્વતનો દાવો કરશે, અને

–ન કોઈ આપ (રદિ.)ને નબી સમજીને ઈમાન લાવશે.

માલૂમ થયું કે જે શખ્સ મહદી હોવાની સાથે સાથે નુબુવ્વતનો દાવો કરે તે જૂઠો છે.

(એ જ પ્રમાણે જે લોકોએ આજ સુધી પોતાના વિશે મહદી હોવાના દાવા કર્યા તેઓ પણ જૂઠા છે.)

## (૧૧)

હઝરત ઈસા (અલૈ.)ના નુઝૂલ (આસમાનથી ઉતરવા) સુધી હઝરત મહદી (રદિ.) મુસલમાનોના ખલીફા અને હાકિમ હશે.

## (૧૨)

હઝરત ઈસા (અલૈ.)ના નુઝૂલ (આસમાનથી ઉતરવા) બાદ અમીરના સ્થાને હશે અને હઝરત મહદી (રદિ.) વઝીરના સ્થાને હશે અને બન્ને આપસમાં સલાહ – મશ્વરાથી કામ કરશે.

---

આ બાબતમાં મુફતી યૂસુફ સાહબ લુધિયાનવી (રહ.) ફરમાવે છે :

" હઝરત ઈસા (અલૈ.)નું આસમાનથી ઉતરવું ખલીફાની હૈસિયતથી હશે, અને તેમની આ હૈસિયત અહલે ઈસ્લામના મુઅતકિદાત (અકીદાઓ)માં શામેલ છે. જયારે તેઓ નાઝિલ થશે (આસમાનથી ઉતરશે) તો હઝરત મહદી અલયહિસ્સલામ ઉમૂરે ખિલાફત (ખિલાફતના કામો) તેમને સોંપીને પોતે તેમના સલાહકારોમાં શામિલ થઈ જશે, અને તમામ અહલે ઈસ્લામ (મુસલમાનો) તેમના તાબેદાર હશે,

માટે :

—ન કોઈ દાવાની જરૂરત હશે,

—ન રસ્મી ચુંટણી અથવા પસંદગીની જરૂરત હશે."

*(અલ મહદી વ અલ મસીહ : ૨૧)*

## ઝુહૂરના સમય સુધી હઝરત મહદી (રદિ.)ની ગુપ્તતા

હદીષોના અભ્યાસથી આ વાતનો અંદાઝો થાય છે કે :

હઝરત મહદી (રદિ.)નું જાહેર થવું એક નિર્ધારિત સમય સુધી ગુપ્ત રાખવામાં આવશે.

જયારે ઝુહૂર (જાહેર થવા)નો સમય થશે ત્યારે અલ્લાહ તરફથી અચાનક લોકો પર રાઝ (રહસ્ય) જાહેર થઈ જશે.

અજીબ વાત આ છે કે ઝુહૂરથી પહેલાં સુધી ખૂદ હઝરત મહદી (રદિ.) પણ પોતાના મકામથી અપરિચિત (અજાણ) હશે !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ ઈર્શાદ ફરમાવ્યો :

અલ્લાહ તઆલા એક જ રાતમાં તેમને આ સલાહિય્યત (પાત્રતા) અર્પણ કરી દેશે."

*(ઈબ્ને માઝહ : ૨/ ૩૧૦, મુસ્નદે અહમદ : ૧/ ૧૦૬)*

———————

આ હદીષની શર્હ (વિવરણ)માં શયખ અબ્દુલ ગની દહેલ્વી (રહ.) ફરમાવે છે,

" અલ્લાહ તઆલા એક જ રાતમાં અચાનક તેમને અમારત (હુકૂમત) અને ખિલાફતની આ સલાહિય્યત અર્પણ કરી દેશે."

*(ઈન્જાહુલ હાજતિ અલા હામિશ ઈબ્ને માજહ)*

———————

અલ્લામા ઈબ્ને કષીર(રહ.) આ હદીષની શર્હ (વિવરણ)માં ફરમાવે છે,

"અલ્લાહ તઆલા પોતાના ખુસૂસી ફઝલ અને તૌફીકથી સરફરાઝ ફરમાવીને પ્રથમ તેમને (હકીકતનો) ઈલ્હામ (અંતઃપ્રેરણા) કરશે અને તે

મકામથી પરિચિત કરશે જેનાથી તેઓ પહેલા નાવાકિફ (અજાણ) હતા."

*(અન્નિહાયહ ફીલ ફિતન્ વલ મલાહિમ : 1 / 31)*

---

આપના કમાલાત અને ખૂબીઓ ઝુહૂર (જાહેર થવાના) સમય સુધી ગુપ્ત અને છુપાં હશે એટલે ઝુહૂરના સમય પહેલાં કોઈ આપને ઓળખી નહિ શકશે.

અને જયારે ઝુહૂરનો નિર્ધારિત સમય આવી પહોંચશે તો બારી તઆલા એક જ રાતમાં પોતાની કુદરતે કામિલાથી તેમનામાં અમારત (હુકૂમત)ની તમામ સલાહિય્યતો પૈદા ફરમાવી દેશે, જેના કારણે તેમનું મહદી હોવું એવું સાફ અને સુસ્પષ્ટ થઈ જશે કે એક અદના (મામૂલી) શખ્સ પણ આસાનીથી આપના વ્યકિતત્વને ઓળખી લેશે.

મુસીબતો અને સંકટોની વિપુલતાના કારણે આપનું ઝુહૂર (જાહરે થવું) સૌને મહબૂબ અને પ્યારું લાગશે.

---

હઝરત મૌલાના બદરે આલમ મીરઠી મુહાજિરે મદની (રહ.) લખે છે ,

" એક ઊંડી – ગહન હકીકત એનાથી હલ થઈ જાય છે, તે આ છે કે,

અહીં કેટલાક કમજોર ઈમાનવાળાઓના દિલોમાં આ સવાલ પેદા થઈ શકે છે કે :

જયારે હઝરત મહદી (રદિ.) આવી સુસ્પષ્ટ ખ્યાતિ અને ઓળખ ધરાવે છે તો તેમનો પરિચય અવામ અને ખવાસમાં કેવી રીતે છુપો રહી શકે છે ?!

એટલે મુસીબતો, સંકટો અને દુઃખના સમયમાં તેમના ઝુહૂર (જાહેર થવા)નો ઈન્તિઝાર યોગ્ય (તાર્કિક) માલૂમ નથી થતો,

પરંતુ આ શબ્દો :

" બારી તઆલા એક જ રાતમાં પાંતાની કુદરતે કામિલાથી તેમનામાં અમારત (હુકૂમત)ની તમામ સલાહિય્યતો પૈદા ફરમાવી દેશે."

થી મજકૂર (શંકાઓનો) હલ મળી જાય છે કે એ સિફતો ભલેને કેટલાયે

શખ્શોમાં કેમ ન હોય, પરંતુ તેમના આ બાતિની તસર્રુફાત અને રૂહાનિયત, અલ્લાહની મશીયત (ઈચ્છા) અનુસાર ઓઝલ (ગુપ્ત, છુપી) રાખવામાં આવશે, અહીં સુધી કે જયારે તેમના ઝુહૂર (જાહેર થવા)નો સમય આવશે તો એક જ રાતની અંદર અંદર તેમની આંતરિક ખુસૂસિય્યાત (ખૂબીઓ) લોકો સામે આવી જશે.

જાણે એ પણ એક કુદરતનો કરિશ્મો હશે કે તેમના ઝુહૂરના વખત પહેલાં કોઈ શખ્સ તેમને ઓળખી નહિ શકશે અને જયારે સમય આવશે તો કુદરતે ઈલાહિય્યહ એક જ રાતમાં તે તમામ સલાહિય્યતો તેમનામાં પેદા કરી દેશે જેમના પછી તેમનું મહદી હોવું એક આંધળા માટે પણ સ્પષ્ટ થઈ જશે.

જુઓ, દજજાલનું નીકળવું સહીહ હદીષોથી સાબિત છે, પરંતુ એ સાબિત થયેલી હકીકત, તેના (દજજાલના) નીકળવાથી પહેલા કેટલી ગુપ્ત છે.

અને જયારે કે આ દાસ્તાન પણ ફિત્નાના દૌરની છે, તો હવે હઝરત મહદીના ઝુહૂર અને દજજાલના વુજૂદમાં ઈન્કિશાફ (ચોખવટ)ની માંગણી કરવી, અથવા એની ચર્ચા (વાદ વિવાદ)માં પડવું એ પોતે જ એક અલગ ફિત્નો છે."

*(તર્જુમાનુસ્સુન્નહ : ૪/૪૦૪, ૪૦૫)*

## હઝરત મહદી રદિ.નો ઝુહૂર કયારે થશે ?

હદીષોમાં ઘણી જ તાકીદ સાથે હઝરત મહદી (રદિ.)ની તશરીફ આવરી (આગમન) અને ત્યાર પછી ઉમ્મતે મુસ્લિમહના ઉરૂજ (ઉત્થાન)અને તરકકી (પ્રગતિ, ઉત્કર્ષ) ની યકીની ખબરો આપવામાં આવી છે. પરંતુ સાથે જ :

–કયા સમયે , ?

–કયા વરસે , ?

–કયા મહિને , ?

આપનો ઝુહૂર થશે તે નિર્ધારિત કરવામાં નથી આવ્યું.

હા, હદીષોથી જે જમાનામાં આપનો ઝુહૂર થનારો છે તે સમયના ઉમ્મતે મુસ્લિમહના અહેવાલનો કાફી હદ સુધી અંદાઝો થઈ શકે છે. જેનાથી આ જાણવા મળે છે કે હવે ઝુહૂરનો જમાનો નજીક છે.

# ઝુહૂરના જમાના નજીક ઉમ્મતના સામાન્ય સંજોગો

## (૧)

ઝમીન (અર્થાત દુનિયા) ઝુલ્મ અને સિતમથી ભરાઈ ગઈ હશે.

## (૨)

ઝુલ્મ (અત્યાચાર) એટલો વ્યાપક અને વિપૂલ હશે કે પનાહની જગા નહિ મળતી હશે.

એ બાબતની એક રિવાયત હાકિમ (રહ.) એ ઝિક્ર કરી છે :

અબુ સઈદ ખુદરી (રદિ.) કહે છે :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું,

" મારી ઉમ્મત પર તેમના હાકિમો (રાજકર્તાઓ) તરફથી ઘણી સખત મુસીબતો આવશે, અહીં સુધી કે તેમના પર ઝમીન તંગ થઈ જશે, તે પછી અલ્લાહ તઆલા મારા ખાનદાનમાંથી એક શખ્સને મોકલશે, તે જમીન (દુનિયા)ને અદલ અને ઈન્સાફથી એવી જ ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને સિતમથી ભરાઈ ચુકી હતી." (મુસ્તદરક લિલ હાકિમ)

## (૩)

લોકો એક બીજા પર થુંકતા હશે.

અલી (રદિ.) કહે છે :

" મહદી ત્યાં સુધી જાહેર નહિ થાય જયાં સુધી તમે લોકો એક બીજા પર થુંકવા ન લાગી જાઓ." *(મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ : ૬/ ૩૩)*

હઝરત મુફતી નિઝામુદ્દીન શામઝઈ (રહ.)ની તહકીક (સંશોધન) પ્રમાણે આ હદીષ વિશ્વાસપાત્ર નથી. *(અકીદએ ઝુહૂરે મહદી : ૭૦)*

## (૪)

અલ્લાહનું નામ લેવું શિરચ્છેદ કરવા લાયક અપરાધ હશે.

*(મુસ્તદરક લિલ હાકિમ : ૪/૫૫૪)*

(૫)

ઉમ્મત પર ઘણી જ આઝમાઈશ (કસોટી) થશે.

(૬)

લોકોમાં ઈખ્તિલાફ (વિરોધ, મતભેદ) અને ઝલઝલાઓ (ધરતીકંપો) (અર્થાત્ : પરેશાન કરનારા હાલાત) હશે.

(૭)

દીન (ઈસ્લામ) પર ઝવાલ (પડતી, અધઃપતન) આવશે.

(૮)

ફિત્નાઓની ભરમાર થશે.

(૯)

હાલાત (પરિસ્થિતિ, સંજોગો) એવા થશે કે મુસલમાન માયૂસી (નિરાશા)થી કહેશે કે,

" હવે શું મહદી આવશે ?"

અર્થાત મહદીની તશરીફ આવરી (આગમન) બાબતમાં લોકો નિરાશ થઈ જશે.

ઈબ્ને અબ્બાસ (રદિ.) કહે છે :

" મહદી એવી નિરાશાના વાતાવરણમાં જાહેર થશે કે લોકો કહેવા લાગશે કે :

" મહદીનું વુજૂદ (અસ્તિત્વ) જ નથી!"

*(અલ હાવી : ૨/ ૭૬)*

(૧૦)

દુનિયા પર શૈતાની કુવ્વતોનો ગલ્બો (વર્ચસ્વ) થશે.

(૧૧)

મુસલમાનોના દિલોમાં પણ વાંકાંપણું પેદા થઈ રહયું હશે.

**(૧૨)**

દીન અને શરીઅતનું દુનિયામાં કોઈ મહત્વ ન હશે.

**(૧૩)**

હરામને હલાલ સમજવામાં આવશે.

**(૧૪)**

મઅરૂફ (ભલાઈ)ને મુન્કર, (બુરાઈ) અને મુન્કર (બુરાઈ)ને મઅરૂફ (ભલાઈ) સમજવામાં આવશે.

---------

આ દોરમાં ઉમ્મત પર આવનારા હાલાતનો અંદાજો એક હદીષ શરીફથી લગાવી શકાય છે :

ષવબાન રદિયલ્લાહુ અન્હુ કહે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું હતું કે :

" એક જમાનો આવશે કે (ગૈર) કોમો તમારા પર ચઢાઈ કરવા માટે એક બીજાને એ રીતે આમંત્રણ આપશે જેવી રીતે દસ્તરખાન પર ખાનારાઓને આમંત્રણ આપવામાં આવે છે."

(અને ખાનારા બધી બાજુથી દસ્તરખ્વાનને ઘેરી લે છે, એ જ રીતે કાફિરોની આ જમાઅતો મુસલમાનોને ઘેરી લેશે.)

સહાબા (રદિ.)એ અરજ કરી કે

" હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

શું ત્યારે અમારી સંખ્યા ઓછી હશે?"

ફરમાવ્યું,

" નહી ! બલકે ત્યારે તમે મોટી સંખ્યામાં હશો પરંતુ (દીની એ'તિબારથી) તમે પુરના પાણીના ઉપરના કીચડ અને ગંદકી (કાંપ)ની જેમ હશો, અને દુશ્મનોના દિલોથી તમારો રોફ (ધાક) નીકળી જશે અને તમે 'વહન'ના શિકાર થઈ જશો."

પૂછવામાં આવ્યું કે,

" હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

વહન શી ચીઝ છે ? "

ફરમાવ્યું,

"દુનિયાથી મુહબ્બત અને મોતથી નફરત."

*(અબુ દાઉદ : ૨/૫૯૦ , હદીષ નંબર : ૪૨૯૭)*

# પાંચમું પ્રકરણ

## હઝરત મહદી (રદિ.)ના હાલાત

### નામ અને નસબ

– આપનું મુબારક નામ મુહંમદ હશે.

– આપના વાલિદનું નામ અબ્દુલ્લાહ હશે.

– આપનો ખાનદાની સંબંધ અહલે બયત અર્થાત બનૂ હાશિમથી હશે.

– આપ પોતાના વાલિદ તરફથી હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સાહબઝાદી હઝરત ફાતિમા (રદિ.)ના બેટા હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી હશે.

– આપ વાલિદા (માતા) તરફથી હઝરત હુસૈન (રદિ.) શહીદે કરબલાની ઔલાદમાંથી હશે અર્થાત હુસૈની સય્યિદ હશે.

અસલમાં આ બાબતમાં રિવાયતો મુખ્તલિફ (ભિન્ન ભિન્ન) છે.

– કેટલાકમાં આપનું હસની હોવું જણાવ્યું છે.

– કેટલાકમાં આપનું હુસૈની હોવું જણાવ્યું છે.

**(૧)**

ઈમામ અબૂ દાવુદ (રહ.)એ પોતાની "સુનન" માં એક અન્ય વિષય બાબત ચર્ચા દરમ્યાન આ રિવાયત ઝિક્ર કરી છે.

હઝરત અલી (રદિ.)એ પોતાના બેટા હસન (રદિ.)ની તરફ જોઈને આ પ્રમાણે ફરમાવ્યુ કે :

" મારો આ બેટો સરદાર છે, જેમ કે સ્વંય નબીયે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેને 'સય્યિદ' (સરદાર)ના લકબથી નવાઝયા, એની નસલ (વંશ)થી એક શખ્સ પૈદા થશે જેનું નામ તમારા નબીના નામ જેવું હશે."

*(અબૂ દાઉદ : ૨/ ૫૮૯ ,હદીષ નંબર : ૪૨૯૦)*

## (૨)

હઝરત હુસૈન (રદિ.)ની ઔલાદમાંથી એક શખ્સ પૂર્વ દિશા તરફથી જાહેર થશે, ધારી લો કે જો પહાડ પણ તેના રસ્તામાં રૂકાવટ બને તો તે તેને તોડી ફોડીને તેમાંથી પોતાનો રસ્તો બનાવી લેશે.''

*(અખ્બાર–જહૂ અલ હાકિમ વ ઈબ્ને અસાકિર વ કમા ફીલ હાવી : ૨/ ૬૬)*

આ બન્ને રિવાયતોનો ખુલાસો અને વિરોધાભાસ બાબત 'નિબરાસ'ના લેખક લખે છે :

આ બાબતે લોકોમાં ઈખ્તિલાફ છે કે હઝરત મહદી (રદિ.) કોની ઔલાદમાંથી હશે?

– હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી થશે ? કે

– હઝરત હુસયન (રદિ.)ની ઔલાદમાંથી ?

જો કે રાજેહ કોલ તો એ જ છે કે આપ હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી થશે. કારણ કે આ કોલના સમર્થનમાં હઝરત અલી (રદિ.)ની એક રિવાયત પણ છે જેને અબૂ દાવુદ (રહ.)એ નકલ કરી છે.

કેટલાક હઝરાતે બંને અકવાલમાં આ રીતે અર્થમેળ કર્યો છે કે :

– આપ (હઝરત મહદી રદિ.)ના વાલિદ હઝરત હસન (રદિ.)ના ખાનદાનમાંથી હશે અને

– આપની વાલિદહ હઝરત હુસયન (રદિ.)ના ખાનદાનમાંથી હશે.

*(નિબરાસ : ૩૧૬)*

***એક નુકતહ (રહસ્ય) :***

ઈબ્નુલ કય્યિમ અલ જવઝી (રહ.) લખે છે :

''હઝરત મહદી (રદિ.)નું હઝરત હસન (રદિ.)ની ઔલાદમાંથી હોવામાં એક લતીફ નુકતહ (સૂક્ષ્મ વાત, રહસ્ય) આ છે કે, હઝરત હસન (રદિ.) અલ્લાહ તઆલાની ખુશનુદી માટે ખિલાફત છોડનાર બંદા છે. પરિણામે અલ્લાહ તઆલાએ તેમની ઔલાદમાં એક એવા શખ્સનું જાહેર થવું નિર્ધારિત કરી દીધું જે સાચી ખિલાફત સ્થાપશે. તે ખિલાફત એવા ઈન્સાફવાળી હશે જેમાં આખી દુનિયા શામિલ હશે.

અને એ તો દસ્તૂરે ખુદાવંદી (ખુદાઈ કાનૂન) છે કે જે શખ્સ અલ્લાહના માટે કોઈ ચીઝનો ત્યાગ કરે તો અલ્લાહ તઆલા ખૂદ તેને અથવા તેની ઔલાદમાંથી કોઈને એના કરતાં બહેતર (ચઢિયાતી) ચીઝ અર્પણ કરે છે.

*(અલમનાર અલમુનીફ : ૧૫૧ , ફયઝુલ કદીર : ૬/૨૭૯)*

***નોંધ (૧)***

કેટલીક રિવાયતોથી માલૂમ થાય છે કે હઝરત મહદી (રદિ.) હઝરત અબ્બાસ (રદિ.)ની ઔલાદમાંથી હશે

એક હદીષમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે દુઆ ફરમાવી છે કે :

" હે અલ્લાહ ! અબ્બાસ અને એમની ઔલાદની મગફિરત ફરમાવી દે!"

તે પછી ફરમાવ્યું કે,

" હે ચાચા ! શું તમે નથી જાણતા કે મહદી આપની ઔલાદમાંથી હશે જે તૌફીક મેળવેલ, રઝામંદ અને રઝાયાફતા હશે."

*(મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ : ૬/૩૧)*

---

આ રિવાયતમાં મુહમ્મદ બિન ઝકરિયાહ અલ ગલ્લાબી નામના રાવી જોવામાં આવે છે, જેઓ વિશ્વાસપાત્ર નથી. અહીં સુધી કે કેટલાકે તેમના વિશે " બનાવટી હદીષકર્તા " લખ્યું છે. *(અલ મુગ્ની લિઝ્ઝહબી : ૨ / ૩૦૦)*

અને જો આ રિવાયતને સ્વીકારી પણ લેવામાં આવે તો શકય છે કે હઝરત અબ્બાસ (રદિ.)ની તરફ નિસ્બત એટલા માટે કરવામાં આવી છે કે આપ ત્યારે પોતાના ખાનદાનમાં એકલા બુઝુર્ગ હતા, અને ખાનદાનના બુઝુર્ગો અને ઝિમ્મેદારોની તરફ બાળકોને મન્સૂબ કરવું એક સામાન્ય વાત છે.

***નોંધ (૨) :***

કેટલીક કિતાબોમાં આપની વાલિદા (માતા)નું નામ (આમિનાહ) લખ્યું છે, પરંતુ કોઈ પ્રમાણભૂત હવાલાથી અમને એ વાત મળી શકી નથી.

## લકબ

– આપનો જાણીતો લકબ " મહદી " હશે.

– " મહદી " નો અર્થ છે : " હિદાયત યાફતા" (જેને બારી તઆલાના

તરફથી હકની હિદાયત મળી હોય અને તે શખ્સ બીજાઓના માટે હિદાયતનો ઝરિયો બને.)

- શાબ્દિક રીતે દરેક નેક માણસને, હિદાયત મેળવનાર, સિરાતે મુસ્તકીમ (સીધા અને સહીહ રસ્તા પર) ચાલનારને " મહદી" કહી શકાય છે, પરંતુ અહલે સુન્નત વલ જમાઅતની પરિભાષામાં (જે હકીકતમાં શરઈ પરિભાષા છે તેમાં) જયારે 'મહદી' શબ્દ બોલવામાં આવે છે તો તેનાથી તે શરીફ઼ ઝાત (વ્યકિત) મુરાદ હોય છે જેમની તશરીફ઼ આવરી (આગમન)ની બશારત (ખૂશ ખબરી) કયામતની નજીક હઝરત ઈસા (અલૈ.)ના નુઝૂલ (આસમાનથી ઉતરવા) પહેલાં મુતવાતિર અહાદીસમાં આપવામાં આવી છે.
- તેઓ નિરાશાજનક સંજોગોમાં નવી આશાઓ બનીને તશરીફ઼ લાવશે અને આ ઉમ્મત માટે આલમી (વૈશ્વિક) સરબુલંદીનો ઝરિયો સાબિત થશે.
- તેમની ખાસ અલામતો અને પરિચયની વિગતો સહીહ સનદની સાથે સહીહ હદીષોમાં વર્ણવેલી છે અને એ અલામતોનો ઈન્તિબાક (અનુબંધ) મજકૂર ખાસ મહદી સિવાય કોઈ બીજા પર થઈ જ નથી શકતો.

# છટ્ઠું પ્રકરણ

## લક્બની સાથે " ઈમામ " અને "અલયહિસ્સલામ" શબ્દોના વધારાની હકીકત

**" ઈમામ " શબ્દનો ઉપયોગ :**

હઝરત મહદી (રદિ.)ના નામની સાથે કેટલાક લોકો " ઈમામ" શબ્દનો ઉપયોગ કરે છે અને આપણા કેટલાક ઉલમાએ સચોટ અને મજબૂત દલીલોની સાથે એને યોગ્ય ઠેરવ્યું છે, છતાં એનો ઉપયોગ બિલકુલ નહિ કરવો જ યોગ્ય છે.

– ન તો આપ (હઝરત મહદી રદિ.)ના હકમાં પરિભાષા બનાવીને એ શબ્દનો ઉપયોગ કરવામાં આવે, અને

– ન જ શાબ્દિક રીતે એનો ઉપયોગ દુરૂસ્ત છે.

કારણ કે " ઈમામ " શબ્દનો ઉપયોગ કરવાથી એક શીયાપંથી દષ્ટિબિંદુના પ્રચારની શંકા થાય છે ,

તે દષ્ટિ બિંદુ આ છે કે :

શીયા લોકો જે બાર વ્યકિતઓની ઈસ્મત (નબીઓ જેવી પ્રવિત્રતા)ને માને છે તેમને " ઈમામ " કહે છે. એટલે હઝરત મહદી (રદિ.)ની સાથે "ઈમામ " શબ્દના ઉપયોગ કરવામાં શીઆ લોકોના ઉપયોગની દષ્ટિએ સામ્યતા થશે.

અને શાબ્દિક અર્થની રૂએ પણ હઝરત મહદી (રદિ.)ના માટે એ શબ્દનો ઉપયોગ નહિ કરવામાં આવે કારણ કે હઝરાતે ખુલ્ફાએ રાશિદિન (રદિ.) મર્તબામાં તેમના કરતાં પણ મોટા હોવા છતાં તેમના માટે આ શબ્દનો ઉપયોગ કરવાનો રિવાજ નથી.

**નોંધ :–** તેમ છતાં હઝરત મેહદીના નામ સાથે ઈમામ શબ્દ વાપરી શકાય છે. કારણ કે હદીસ શરીફમાં ઈમામ શબ્દ વાપરવામાં આવ્યો છે.

***'અલયહિસ્સલામ' શબ્દનો ઉપયોગ :***

એ જ પ્રમાણે કેટલાક લોકો આપ (હઝરત મહદી રદિ.)ના લક્બની સાથે 'અલયહિસ્સલામ' શબ્દ બોલે છે, જો કે ઉર્ફ (લોક ભાષા)માં

અલયહિસ્સલામ શબ્દનો હઝરાતે અમ્બિયા અને મલાઈકહ (ફરિશતા)ના માટે જ ઉપયોગ થાય છે.

હઝરત મહદી રદિ :

– ન તો નબી છે , અને

– ન ફરિશતા છે.

એટલે અલયહિસ્સલામ શબ્દ તેમના માટે નહિ વાપરવો જોઈએ, બલકે " રદિયલ્લાહુ તઆલા અન્હુ " કહેવું મુનાસિબ (યોગ્ય) છે.

ઉસ્તાઝે મુહતરમ હઝરત મુફતી સઈદ અહમદ સાહબ પાલનપૂરી દામત બરકાતુહુમ " હુજજતુલ્લાહિલ બાલિગહ"ની પોતાની અજોડ શરહ "રહમતુલ્લાહિ વાસિઅહ"માં લખે છે :

***ચેતવણી :***

હઝરાતે હસનૈન રદિયલ્લાહુ અન્હુમાના મુબારક નામોના સાથે "ઈમામ" શબ્દનો ઉપયોગ કરવા માટે હઝરત શાહ (વલીયુલ્લાહ) સાહબ (મુહદ્દિષ દહેલ્વી) રહિમહુલ્લાહે ખુત્બાતે જુમ્આના બીજા ખુત્બામાં પણ મનાઈ ફરમાવી છે, કારણ કે તેમની ઈમામતનો અકીદો શીયા લોકોનો છે અને શાબ્દિક અર્થમાં ઉપયોગ કરવાની પરવાનગીની શકયતા એટલા માટે દુરૂસ્ત નથી કે ખુલ્ફાએ રાશિદીન (રદિ.)ના નામોની સાથે આ શબ્દનો ઉપયોગ નથી કર્યો, જો કે તેઓ વધારે હકદાર હતા.

આ જ પ્રમાણે ઘણા લેખકોની કલમમાંથી ઉપરોકત બુઝુર્ગોના નામની સાથે 'અલયહિસ્સલામ' નીકળી જાય છે, જે અહલે સુન્નતની નઝદીક કોઈ પણ રીતે દુરૂસ્ત નથી કારણ કે ઈમામોની નુબુવ્વત અને ઈસ્મત (પવિત્રતા તથા નિર્દોષતા)નો અકીદો શીયા લોકોનો છે. "

*(રહમતુલ્લાહિલ વાસિઅહ : ૧/૮૫)*

---

'અલયહિસ્સલામ' શબ્દના ઉપયોગ વિશે લગભગ એ જ વાત મૌલાના ખૈર મુહમ્મદ જાલન્ધરી સાહેબે એક સવાલના જવાબમાં ફતવા રૂપે લખી છે:

" ગરઝ 'ઈમામ મહદી અલયહિસ્સલામ' નો લકબ જે લોકોમાં મશહુર

થઈ ગયો છે તે શીયાઓની અસરોનું પરિણામ હોઈ શકે છે અથવા બેખબરી (અજાણતા)માં મુહબ્બત અને અકીદતને કારણે એવી વાતો જબાન અને કલમથી નીકળી જાય છે, માટે એનાથી સાવધ રહેવું ઘણું જ જરૂરી છે.

*(ખૈરૂલ ફતાવા : ૧/૧૪૮)*

## *'રદિયલ્લાહુ અન્હુ' શબ્દનો ઉપયોગ સહીહ છે*

રહી વાત આ કે હઝરત મહદીને 'રદિયલ્લાહુ અન્હુ' કહેવું કેવી રીતે સહીહ હોઈ શકે છે ?

એનું કારણ આ છે કે :

આપ લગભગ બે વરસ સુધી હઝરત ઈસા અલયહિસ્સલામની સુહબત મેળવશે.

આ ઉપરાંત રિવાયતોમાં હઝરત મહદી વિશે :

"આસમાન અને જમીનના લોકો તેમનાથી રાઝી થશે" શબ્દો આવેલા છે. *(કન્ઝુલ ઉમ્માલ : ૧૪/૨૭૦ હદીષ નંબર ૩૮૫૯૬)*

એ લિહાઝથી ઝુહૂર બાદ 'રદિયલ્લાહુ અન્હુ'ના પાકીઝા કલિમાત (શબ્દો) ની સાથે હઝરત મહદી (રદિ.)નો તઝકીરહ (ઉલ્લેખ) જાઈઝ થશે.

***નોંધ :***

હદીષોમાં હઝરત મહદી (રદિ.) માટે વિપુલ પ્રમાણમાં ઈમામ શબ્દનો ઉપયોગ થયો છે, એ જ કારણે અનેક ઉલમા હઝરત મહદી માટે " ઈમામ" શબ્દનો ઉપયોગ કરતા આવ્યા છે. અલબત્ત એટલા માટે કે ઈમામતનો અકીદો શીયા લોકોનો બુનિયાદી અને મહત્વનો અકીદો છે, તેથી આપણા માટે એ જ મુનાસિબ છે કે આપણે આ શબ્દના ઉપયોગથી બચીએ.

وللناس فيما يعشقون مذاهب

સારાંશ આ નીકળ્યો કે :

આપનો મુનાસિબ લકબ :

હઝરત મહદી 'રદિયલ્લાહુ અન્હુ' છે.

## હઝરત મહદી (રદિ.)નું વતન

એક હદીષમાં છે :

– એક ખલીફાના મોત વખતે ઈખ્તિલાફ (મતભેદ) થશે.

– ત્યારે મદીનાવાળાઓમાંથી એક શખ્સ મકકા તરફ ભાગી જશે.

– લોકો તેમની પાસે આવીને તેને ઈમામતના માટે કાઢશે, જો કે તે એને પસંદ કરતો ન હશે.

– પછી તે લોકો હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની વચ્ચે તેનાથી બયઅત કરશે. *(અબૂ દાવુદ : ૨ / ૫૮૯)*

– આપ (હઝરત મહદી રદિ.)નું મૂળ વતન અને જન્મ સ્થળ મદીના મુનવ્વરહ છે અને ઝુહૂર (જાહેર થવા)નું સ્થળ મકકા મુકર્રમહ છે.

– આપ બયતુલ મુકદ્દસ (મુલ્કે શામ) તરફ દીનને બુલંદ કરવા માટે હિજરત ફરમાવશે.

– મુલ્લા અલી કારી (રહ.) " શર્હે ફિકહે અકબર" માં લખે છે :

" હઝરત મહદી (રદિ.) પ્રથમ હરમૈન શરીફૈન (પવિત્ર મકકા અને મદીના)માં જાહેર થશે પછી બયતુલ મુકદ્દસ (JERUSALEM) તશરીફ લઈ જશે." *(શર્હે ફિકહે અકબર : ૧૩૬)*

## શકલ અને સૂરત (મુખાકૃતિ અને દેખાવ)

આપની શકલ અને સૂરત વિશે હઝત શાહ રફીઉદ્દીન સાહબ દહેલ્વી (રહ.) લખે છે કે :

– આપનું કદ અને બાંધો કંઈક લાંબો હશે.

– બદન ચુસ્ત હશે.

– રંગ ખુલેલો, નિખરેલો હશે.

– ચહેરો પૈગમ્બરે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ચહેરાની સાથે સામ્યતા ધરાવતો હશે.

– ઉપરાંત આપના અખ્લાક પયગમ્બરે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અખ્લાક સાથે સંપૂર્ણરીતે સામ્યતા ધરાવતા હશે. *(અલામતે કિયામત :૧૦)*

હદીષોમાં આપના નામ અને નસબ સાથે શકલ અને સૂરતને પણ ટૂંકમાં દર્શાવવામાં આવ્યાં છે, જેથી આપના વ્યકિતત્વની ઓળખમાં કોઈ શંકા ન

રહે.

એ બાબતમાં અબૂ દાવુદ શરીફની રિવાયતના શબ્દો આ છે :

" મહદી મારી અવલાદમાંથી છે. તે વિશાળ કપાળ અને બુલંદ તથા બારીક નાકવાળો છે."

*(અબૂ દાવુદ : ૨ / ૫૮૮)*

આ હદીષમાં આંખોથી નજર આવાનારી હઝરત મહદી (રદિ.)ની બે શારીરિક નિશાનીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

– એક આ કે તેઓ રોશન અને વિશાળ પેશાની (કપાળ) વાળા હશે.

– બીજું આ કે તેઓ બુલંદ નાકવાળા હશે.

આ બન્ને ચીઝોને ઈન્સાનની ખૂબસૂરતી અને હુસ્ન – જમાલ (સૌંદર્ય)માં ખાસ દખલ હોય છે એટલા જ માટે ખાસ રીતે એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એ જ કારણ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના પવિત્ર દેખાવમાં પણ એ બન્ને ચીઝોનો ઉલ્લેખ આવે છે.

*(શમાઈલે તિરમિઝી : ૨)*

આ બે નિશાનીઓ દર્શાવવાનો મતલબ એ સમજવો જોઈએ કે આપ હસીન અને જમીલ (ખૂબસૂરત અને રૂપાળા) પણ હશે પરંતુ તેમની અસલ નિશાની અને ઓળખ તેમનું આ કારનામુ હશે કે દુનિયામાંથી ઝુલ્મ અને અત્યાચાર નષ્ટ થઈ જશે અને આપણી આ દુનિયા અદલ અને ઈન્સાફની દુનિયા બની જશે. *(મઆરિફૂલ હદીષ : ૮ / ૧૭૧)*

એવી જ એક રિવાયત 'મુસ્તદરક લિલ હાકિમ' માં પણ છે,

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું :

" – મહદી રદી. અહલે બયઅતમાંથી હશે.

– સીધા, બારીક નાકવાળા (હશે.),

– ખુલી (વિશાળ) પેશાની (કપાળ) વાળા હશે.

– તે જમીન (ધરતી અર્થાત દુનિયા)ને એ જ પ્રમાણે અદલ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને સિતમથી ભરેલી હતી.

– તેઓ આટલા (વરસ) જીવંત રહેશે." (આ ફરમાવ્યા બાદ)

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે (પાંચેવ આંગળીઓ પહોળી કરીને) ડાબા હાથને ખોલી દીધો અને જમણા હાથની બે આંગળીઓ (શહાદતની આંગળી અને અંગૂઠા)ને ખોલી દીધા અને બાકીની ત્રણ આંગળીઓ બંધ રાખી. (એટલે કે સાત આંગળીઓ ખોલી દીધી.)

---------

કેટલીક રિવાયતોમાં બીજી એક વધારે શારીરિક સિફત આ પ્રમાણે વર્ણવવામાં આવી છે.

" હઝરત મહદી ગંદુમી રંગ (ઘઉ વર્ણા) ચહેરા અને બદનવાળા કુરૈશના નવજવાન હશે." *(મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ : ૬/૩૪)*

હદીસ શરીફના ઉપરોકત લખાણોમાં આપની ત્રણ શારીરિક સિફતોનો ઉલ્લેખ છે, પરંતુ વિષેશ ઓળખ તો આ જ છે કે :

આપને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે સીરત (ચરિત્ર)માં મુશાબહત (સામ્યતા) હશે.

હા, આ વાતથી ઈન્કાર નથી કે :

– ઈલ્મ અને અમલ,

– રૂહાની અને અખ્લાકી કમાલાત (ખૂબીઓ)

સાથે સાથે આપની સુંદર શકલ અને સૂરત આપના તરફ લોકોના આકર્ષણનો ઝરિયો થશે.

---------

એટલે અબૂ દાવુદ (રહ.)એ હઝરત ઉમ્મે સલમહ (રદિ.)ની રિવાયતની નીચે લખ્યું કે :

"મહદી (રદિ.) અખ્લાકમાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે મુશાબિહ (સમરૂપ, સામ્યતા ધરાવનાર) હશે પરંતુ શકલ અને સૂરતમાં નહી." *(અબૂ દાવુદ : ૨ / ૫૮૯, હદીષ નંબર ૪૨૯૦)*

" બઝલુલ મજહૂદ" ના લેખક ફરમાવે છે :

" હઝરત મહદી (રદિ.) પોતાના બુલંદ અખ્લાકમાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે મુશાબિહ (સમરૂપ, સામ્યતા ધરાવનાર) હશે, પરંતુ

શકલ અને સૂરત (દેખાવ)માં મુશાબેહ (સામ્યતા ધરાવતા) ન હશે."

(બઝલુલ મજહૂદ : ૫ / ૧૦૩)

એનાથી એક વાત આ પણ જાહેર થાય છે કે હઝરત મહદી (રદિ.)ના અખ્લાક જયારે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અખ્લાકે તય્યિબહથી મુશાબહત (સામ્યતા) ધરાવતા હશે તો આ અખ્લાકી મુશાબહત આપના પરિચય (ઓળખ)ના માટે ઘણી મોટી અલામત (નિશાની) સાબિત થશે.

ઉપરાંત આ પણ માલૂમ થયું કે એ જરૂરી નથી કે તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી શારીરિક રીતે સંપૂર્ણ સામ્યતા ધરાવતા હોય.

# સાતમું પ્રકરણ

## ઝુહૂરે મહદી (રદિ.)અને તે વખતના હાલાત

### *હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર કેવી રીતે થશે ?*

હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર (જાહેર થવા)નો સમય આપણે નિર્ધારિત કરી શકતા નથી, અલબત્ત ઘણી હદીષોમાં હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર બાબત જે વર્ણન આવ્યું છે, એનો સારાંશ આ છે કે :

- એક ખલીફાનો ઈન્તિકાલ થશે અને મુસલમાનોમાં અમારત (ખિલાફત) બાબતે મતભેદ થશે, કે કોને અમીર બનાવવામાં આવે ?
- મદીનાવાળાઓમાંથી એક બાકમાલ શખ્સ (અર્થાત હઝરત મહદી રદિ. જેઓ હજુ લોકોમાં પરિચિત ન હશે) મકકા મુકર્રમા તરફ ચાલ્યા જશે.

એમને એ અંદેશો હશે કે લોકો મને ખલીફા બનાવશે અને તેઓ પોતે આ મન્સબ (પદ, હોદ્દો) કબૂલ કરવું પસંદ ફરમાવતા ન હશે.

- તેઓ પોતાને છુપાવવાની કોશિશ કરશે, પરંતુ મકકાના લોકો આપની સુંદર અને બાકમાલ શખ્સિયતને ઓળખી લેશે અને તેમની (હઝરત મહદી રદિ.)ની અનિચ્છા છતાં હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમ દરમિયાન તેમના હાથ પર અમારત (ખિલાફત)ની બયઅત કરવાનું શરૂ કરશે.
- બિલકુલ શરૂઆતમાં જે લોકો હઝરત મહદી (રદિ.)ના બરકવંત હાથ પર બયઅતનું સૌભાગ્ય પ્રાપ્ત કરશે તેમની સંખ્યા અસ્હાબે બદરિય્યિન અને અસ્હાબે તાલૂતની જેમ ૩૧૩ (ત્રણસો તેર) હશે.

(ગઝવએ બદરના મોકા પર મશ્હૂર કોલ પ્રમાણે ૩૧૩ સહાબા (રદિ.) હતા. અને હઝરત તાલૂતની સાથે તેમની હિદાયત (સૂચના) પર અમલ કરીને જાલૂતના મુકાબલાના માટે આગળ વધનારા પણ ૩૧૩ (ત્રણસો તેર) હતા.)

– તે પછી જેમ જેમ ખબર ફેલાશે, મુખ્લિસીન વિવિધ જમાઅતોમાં પહોંચીને આપની ફરતે ભેગા થતા રહેશે.

– પૂર્વ (દિશા) તરફથી એક જમાઅત આવશે અને હઝરત મહદી (રદિ.) નું સમર્થન કરીને હુકૂમતની સ્થાપનામાં મદદ કરશે.

***આ અંગેની રિવાયતો :***

આ અંગેની રિવાયતો નીચે પ્રમાણે છે :

**(૧)**

" પૂર્વ દિશામાંથી લોકો આવશે અને સલ્તનતની સ્થાપનામાં હઝરત મહદી (રદિ.)ની મદદ કરશે." *(ઈબ્ને માજહ, ૪૦૮૮)*

મઝકૂર હદીષના તમામ રાવીઓ પર વિસ્તૃત સમીક્ષા કરતાં હઝરત મુફતી નિઝામુદ્દીન શામઝઈ (રહ.) ફરમાવે છે, આ હદીષ પણ વિશ્વાસપાત્ર છે કારણકે કોઈએ એને બનાવટી નથી કહી,

ઈરાક, શામ (સિરિયા), યમનના અબ્દાલ પણ આવશે અને હઝરત મહદી (રદિ.)ના હાથ પર બયઅત કરશે.

પ્રાથમિક તબકકામાં હઝરત મહદી (રદિ.)નું લશ્કર અસબાબ (શસ્ત્ર–સરંજામ)ની રૂએ કમઝોર હશે પરંતુ બારી તઆલાની મદદ અને સહાય તેમની સાથે હશે, જેની બરકતથી આપ આગળ વધતા ચાલ્યા જશે.

**(૨)**

એક હદીષમાં છે :

– એક ખલીફાના મોત વખતે મતભેદ થશે.

– ત્યારે એક શખ્સ મદીના મુનવ્વરહથી નીકળશે, મકકા મુકર્રમા ચાલ્યો જશે.

– લોકો તેને જબરદસ્તીથી તેના ઘરથી (બહાર) કાઢીને હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમના દરમિયાન તેનાથી બયઅત થશે.

– શામ (સીરિયા) તરફથી તેના મુકાબલામાં એક લશ્કર મોકલવામાં આવશે. જયારે તે લશ્કર બયદાઅ નામી સ્થળે હશે ત્યારે તેને

(ધરતીમાં) ધસાવી દેવામાં આવશે.

– પછી તેમની પાસે ઈરાકની ટુકડીઓ અને શામના અબ્દાલ હઝરાત તશરીફ લાશે અને તેમનાથી બયઅત લેશે.

– તે ખઝાનાઓને કાઢશે અને માલ વહેંચશે અને ઈસ્લામને જમીન (દુનિયા)માં સ્થિરતા પ્રાપ્ત થશે.

– અને તે એ જ હાલતમાં સાત યા નવ વરસ રહેશે.

*(મુસન્નફ અબ્દુર્રઝઝાક : ૧૧/ ૩૭૧ હદીષ : ૪૦૭૬૯, અબુદાઉદ હદીષ નંબર : ૪૨૮૬)*

મુસ્લિમ શરીફની એક હદીષમાં છે :

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે ..

" બખુદા (ખુદાની કસમ) !

એક લશ્કર આ ઘર (બયતુલ્લાહ) પર ચઢાઈનો ઈરાદો કરશે, અહીં સુધી કે જયારે તે (લશ્કર) બયદાઅ (નામના) સ્થળે હશે ત્યારે તેનો દરમિયાની ભાગ (ધરતીમાં) ધસાવી દેવામાં આવશે.

તે લશ્કરનો આગળનો ભાગ પાછળના ભાગને પોકરશે, તે પછી તેમને પણ ધસાવી દેવામાં આવશે."

ત્યારે (આ) ખબર પહોંચાડનાર શખ્સના સિવાય કોઈ જીવતો નહિ બચશે." *(મુસ્લિમ : ૨/ ૩૮૮, હદીષ નં : ૨૮૮૩)*

## (૪)

મુસ્લિમ શરીફની એક બીજી હદીષશરીફમાં છે કે :

" ટૂંકમાં બયતુલ્લાહમાં એક કોમ પનાહ લેશે, તેની પાસે ન પ્રતિકાર શકિત હશે, ન સંખ્યાબળ, ન તૈયારી, તેમના પર લશ્કર ચઢાઈ કરશે, અહીં સુધી કે જયારે તે લશ્કર બયદાઅ (નામના સ્થળે) હશે તો તેને (ધરતીમાં) ધસાવી દેવામાં આવશે."

યૂસુફ બિન માહિક (રાવી) ફરમાવે છે કે :

" ત્યારે શામ (સીરિયા) ના લોકો મકકા તરફ કૂચ કરી રહયા હશે."

*(મુસ્લિમ : ૨/૩૮૮)*

# 'સુફિયાની'નું નીકળવું અને હઝરત મહદી (રદિ.)ની પ્રથમ દેખીતી કરામત

– 'સુફિયા'ની નો બનાવ હઝરત મહદી (રદિ.)ના બનાવોમાં ઘણો જ મહત્વનો છે.

– 'સુફિયાની' ખાલિદ બિન યઝીદ બિન અબૂ સુફિયાનની ઔલાદમાંથી હશે એટલા માટે તેને સુફિયાની કહે છે.

– તેનું નામ 'ઉર્વહ' બતાવવામાં આવ્યું છે.

– તે કુરૈશ ખાનદાનથી સંબંધ ધરાવનાર શખ્સ હશે.

– તેનું મોસાળ (માતાનું પિયેર) બનૂ કલબ કબીલો હશે, એટલે બનૂ કલબના લોકો તેના મિત્રો હશે.

– 'સૂફિયાની'નો સંબંધ મુલ્કે શામ (સિરીયા)માં દમિશ્ક (DAMASCUS) ના રણ વિસ્તાર સાથે હશે.

– તેનો હુકમ શામ (સીરિયા), અને મિસર (ઈજીપ્ત) ના ફરતે ચાલશે.

– તે ઘણો જ ઝાલિમ અને અત્યાચારી, ત્રાસવાદી શખ્સ હશે.

– તે લોકોનો કત્લે આમ કરશે. ખાસ કરીને સાદાત (સય્યિદો) તેના નિશાના (લક્ષ્ય) હશે.

– તે ઓરતોના પેટ ચીરશે, બાળકોને કતલ કરશે.

– કયસ કબીલાના લોકો તેના મુકાબલા માટે ભેગા થશે તો તે તેમને બધાને કત્લ કરી દેશે.

***સુફિયાની વિશે રિવાયતો***

આ સિલસિલાની રિવાયતો નીચે પ્રમાણે છે :

**(૧)**

હઝરત અબૂહૂરૈરહ (રદિ.) કહે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું ..

" એક શખ્સ દમિશ્ક (DAMASUCUS) થી નીકળશે

– તેને સુફિયાની કહેવામાં આવશે.

– તેના સહયોગીઓની અધિક સંખ્યા બનુ કલબ કબીલામાંથી હશે.

– તે લોકોને કત્લ કરતો ફરશે, અહીં સુધી કે ઓરતોના પેટ ચીરશે અને બાળકોને કત્લ કરશે.

– કયસ કબીલાના લોકો સુફિયાનીના લશ્કરના મુકાબલા માટે ભેગા થઈ જશે, તો તે તેમનો પણ સંહાર કરશે, અહીં સુધી કે તેમનાંમાથી કોઈ પણ જીવતો નહિ બચશે.

– તે પછી મારા અહલે બયતમાંથી એક શખ્સ (અર્થાત મહદી રદિ.) 'હર્રહ' સ્થળે સામે આવશે.

–જયારે સુફિયાનીને તેની ખબર પહોંચશે તો તે તેના મુકાબલાના માટે પોતાની એક ફોજ મોકલશે.

– જયારે તે બયદાઅ (નામના) સ્થળે પહોંચશે તો ધરતી તેને ગળી જશે.

– તેમનામાંથી ખબર પહોંચાડનાર (એક વ્યકિત) સિવાય કોઈ નહિ બચશે'' *(મુસ્તદરક : હદીષ નં : ૮૫૫૬)*

**<u>સારાંશ :</u>**

– એ ઝાલિમ અને નિર્દય શખ્સ સુફિયાનીને જયારે હઝરત મહદી (રદિ.)ના સામે આવવાની જાણ થશે તો તે તત્કાળ તેનું એક લશ્કર હઝરત મહદી (રદિ.)ના મુકાબલાના માટે મોકલશે.

– તે લશ્કર મકકા મુકર્રમા (પર ચઢાઈ કરવાના) ઈરાદે આગળ વધશે અને બયદહ નામના સ્થળે પહોંચીને પડાવ નાંખશે.

– બયદાઅ, ઝુલ હુલયફહ સામે મકકા તરફ એક સૂકું વૃક્ષ વિહિન મેદાન છે.

– ત્યાં અચાનક લશ્કરનો મધ્યભાગ ધરતીમાં ધસી જશે ! અગ્ર ભાગના લોકો પાછળના ભાગના લોકોને આ બનાવની ખબર કરશે કે કયાંક તેઓ પણ આ મુસીબતના શિકાર ન થઈ જાય, પરંતુ તેઓ રક્ષણના કોઈ પણ પગલાં લે તે પહેલા તે બન્નેને (અર્થાત આગળ અને પાછળ વાળાઓને) પણ ધરતીમાં ધસાવી દેવામાં આવશે. માત્ર એક આદમી મુશ્કિલથી બચી શકશે ! જે

બીજાઓને આ ઘટનાની જાણ કરશે.

– આવા મોટા લશ્કરને ધરતીમાં ધસાવી દેવામાં આવવું, હઝરત મહદી (રદિ.)ના માટે અલ્લાહની મદદ અને આપ (રદિ.)ની એક અજીબ કરામત હશે જેનાથી દૂર દૂર સુધી આપની ખ્યાતી થશે.

## (૨)

હઝરત આઈશા (રદિ.) કહે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈરશાદ ફરમાવ્યો :

" નવાઈની વાત છે કે મારી ઉમ્મતના થોડા લોકો કુરૈશના એક શખ્સ સાથે જંગ માટે બયતુલ્લાહનું રૂખ કરશે. જેમણે બયતુલ્લાહમાં પનાહ લીધી હશે. (તેમનો સંહાર કરવાનો તેમનો ઈરાદો હશે.)

અહીં સુધી કે જયારે તે લશ્કર બયદાઅ નામના સ્થળે પહોંચશે તો તેને ધરતીમાં ધસાવી દેવામાં આવશે."

અમે અરજ કરી કે,

" હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) રસ્તા પર તો કુસૂરવાર અને બેકુસૂર (નિર્દોષ) દરેક પ્રકારના લોકો હોય છે ?"

તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ ફરમાવ્યું કે,

" જી હાં ! તે (જમીનમાં) ધસી જનારાઓમાં :

–રઝામંદ,

–મજબૂર અને

– રાહગુઝર (વટેમાર્ગુ, મુસાફર)

દરેક પ્રકારના લોકો હશે,

પછી અલ્લાહ તઆલા તેમને તેમની નિય્યતો મુતાબિક કયામતમાં ફરી પાછા ઉઠાવશે."

*(મુસ્લિમ કિતાબુલ ફિતન ૨: ૩૮૮ હદીષ નંબર : ૨૮૮૪)*

**ફાઈદહ :**

જયારે સુફિયાનીને તેના લશ્કર વિશે ધરતીમાં ધસી જવાની જાણ થશે તો તે પોતે લશ્કર લઈને મકકા મુકર્રમા તરફ જશે ! અને મકકા મુકર્રમા પર

ચઢાઈ કરશે.

મુસલમાનો ત્યારે હઝરત મહદી (રદિ.)ના નેતૃત્વ હેઠળ અસબાબ (શસ્ત્ર–સરંજામ)ના લિહાઝથી ઘણા જ કમજોર હશે. જાણે કે 'બદર' જેવું દશ્ય હશે, પરંતુ અલ્લાહ તઆલાની મદદ આવશે અને સુફિયાનીના લશ્કરનો કારમો પરાજય થશે અને હઝરત મહદી (રદિ.)નું લશ્કર વર્ચસ્વ મેળવી લેશે.

## (3)

આ બાબતમાં અબૂદાવુદ શરીફમાં હઝરત ઉમ્મે સલમહ (રદિ.)થી એક રિવાયત આ પ્રમાણે છે :

હઝરત ઉમ્મે સલમહ (રદિ.) આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)થી રિવાયત કરે છે કે :

" એક ખલીફાની વફાત ટાણે મતભેદ થશે,

- ત્યારે મદીના વાસીઓથીમાંથી એક શખ્સ ભાગીને મકકા મુકર્રમહ ચાલ્યો જશે.
- ત્યારે મકકાવાસીઓ તેની પાસે આવશે અને તેમને પરાણે કાઢશે.
- પછી તેઓ હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમના દરમિયાન તેમનાથી બયઅત કરશે.
- પછી મુલ્કે શામ (સીરીયા)થી તેમના તરફ એક લશ્કર મોકલવામાં આવશે.
- તે લશ્કરને બયદાઅ નામના સ્થળે (ધરતીમાં) ધસાવી દેવામાં આવશે, જે મકકા મુકર્રમા અને મદીના મુનવ્વરહ દરમિયાન આવેલું છે.
- જયારે તે (ચમત્કારિક બનાવ) જોશે તો શામ (સીરિયા)ના અબ્દાલ અને ઈરાકના નેકલોકો લોકોની જમાઅતો તેમની પાસે આવી આવીને બયઅત કરશે.
- પછી કુરૈશનો એક શખ્સ જાહેર થશે, તેના મામા બનુ કલબ કબીલાના હશે અને હઝરત મહદી (રદિ.)ના મુકાબલાના માટે લશ્કરી ચઢાઈ કરશે.

– તેમનું (હઝરત મહદી રદિ.)નું લશ્કર તે (સુફિયાની)ના લશ્કર પર વર્ચસ્વ મેળવશે, તે બનુ કલબ કબીલાનું લશ્કર હશે.

– જે શખ્સ કલબ કબીલાની ગનીમતમાં હાજર નહિ થયો તેના માટે નુકશાન છે.

– પછી હઝરત મહદી (રદિ.) માલ વહેંચશે અને લોકોમાં નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શરીઅત પ્રમાણે અહકામ લાગું ફરમાવશે.

– અને ઈસ્લામ પોતાની ગરદન ઝમીન પર નાંખી દેશે (અર્થાત ઈસ્લામને જમીન પર (દુનિયામાં) સ્થિરતા પ્રાપ્ત થશે.)

– અને તેઓ સાત વરસ સુધી રહેશે.

– પછી હઝરત મહદી (રદિ.) વફાત પામશે. અને મુસલમાન તેમની જનાઝાની નમાઝ પઢશે.

*(અબૂ દાવુદ : ૨/ ૫૮૯ કિતાબુલ મહદી )*

***નોંધ :***

આ રિવાયતમાં એક રાવી અજ્ઞાત છે, પરંતુ બીજી રીતે તેમની ઓળખ થઈ ગઈ છે કે તેઓ અબ્દુલ્લાહ બિન હારિષ છે.

***માલે ગનીમતની વહેંચણી :***

સૂફિયાની અને કલબ કબીલાની હાર પછી હઝરત મહદી (રદિ.) પ્રાપ્ત થયેલી ગનીમત વહેંચશે, એની વહેંચણીમાં નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની સુન્નત પર અમલ કરશે અને માલ લેનારાઓને ખોબા ભરી ભરીને જેટલું ઉઠાવીને લઈ જઈ શકે તેટલું આપશે.

હદીષ શરીફ માં આ યુધ્ધમાં પ્રાપ્ત થયેલા માલે ગનીમતનું પણ મોટું મહત્વ બતાવવામાં આવ્યું છે. એનો સારાંશ આ છે કે :

" જે લોકો કલબની ગનીમતમાં શરીક થયા (ભલે એક ઈકાલના બરાબર જ તેને મળ્યું હોય) તેઓ બધા સઆદતમંદ (ભાગ્યશાળી) સમજવામાં આવશે અને જે આ ગનીમતમાં શરીક નહિં થયા તેમને મહરૂમ માનવામાં આવશે.

*(મુસ્તદરકિલ હાકિમ : હદીષ નં : ૮૩૨૯)*

જાણે સુફિયાનીના લશ્કરથી મુકાબલો કરવાની અહલે હકને હદીષ

શરીફમાં તરગીબ (પ્રેરણા અને પ્રોત્સાહન) આપવામાં આવ્યું છે.

માલે ગનીમત ઉપરાંત કલબ કબીલાની ઓરતોને બાંદીઓ બનાવવામાં આવશે.

બાંદીઓની એટલી વિપૂલતા હશે કે તે દમિશ્કની શાહરાહ (રાજમાર્ગ) પર વેચાશે.

તેમાંથી એક ઓરત (બાંદી) માત્ર પિંડલી તૂટેલી હોવાના કારણે વાપસ કરવામાં આવશે.

***મુલ્કે શામની ફતેહ :***

– હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર (જાહેર થવા) બાદ સુફિયાની લશ્કરને ધરતીમાં ધસાવી દેવાથી આપની પ્રખ્યાતી અને લોકપ્રિયતા આમ (સામાન્ય) થઈ જશે.

– અહલે હક વિવિધ પ્રદેશોમાંથી સમૂહના સમૂહ ભેગા થઈને આપની ખિદમતમાં હાજર થશે.

– આપ મકકા મુકર્રમાથી મદીના મુનવ્વરહ તશરીફ લાવશે.

– રોઝએ અકદસ પર હાજરી બાદ આપ મુલ્કે શામ તરફ રવાના થશે.

– મુલ્કે શામમાં તે વખતે રૂમીઓ (ROMANS) ની સત્તા હશે.

***મજકૂર જંગ અને ફતેહની વિસ્તૃત વિગતો દર્શાવતી એક હદીષ***

હઝરત મહદી (રદિ.)ની સરદારીમાં થનારી જંગો અને બીજા અહેવાલ માટે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)ની એક વિસ્તૃત રિવાયતનું વર્ણન કરવું યોગ્ય માલૂમ પડે છે.

એ હદીષ ને :

– નઈમ બિન હમ્માદ (રહ.)એ 'અલ ફિતન' માં લખી છે,

– તેમના જ હવાલાથી અલ્લામાં સુયૂતી (રહ.) એ 'જામિઅ કબીર'માં લખી છે અને

– સય્યિદ બરઝન્જી (રહ.) એ ' અલ ઈશાઅહ'માં ઝિક્ર કરી છે.

એ રિવાયતથી આ પ્રકરણના બનાવોના ક્રમ પર કાફી રોશની પડે છે. ઉપરાંત એના અધિકતર અંશોની તાઈદ (સમર્થન) સિહાહ (હદીષના ૬

પ્રમાણભૂત ગ્રંથો)માં સ્પષ્ટ રીતે મળે છે.

**હદીષ :**

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)થી રિવાયત છે કે :

નબી (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું :

" મુસલમાનો અને રૂમીઓ (ROMANS) (ઈસાઈઓ) વચ્ચે સુલેહ (સંધી) થશે.

– તે પછી મુસલમાનો રૂમીઓ સાથે મળીને પ્રથમ એક વખત રૂમીઓના કોઈ દુશ્મન સાથે જંગ કરશે.

– તેમાં તેમની ફતેહ (જીત) થશે અને દુશ્મન પાસેથી મળેલો માલે ગનીમત બન્ને (મુસલમાનો અને રૂમી ઈસાઈઓ) આપસમાં વહેંચી લેશે.

– તે પછી ફરી પાછા એ રૂમી લોકો મુસલમાનો સાથે મળીને ફારસ (ઈરાન) સાથે જંગ કરશે.

– તેઓ (રૂમીઓ અને મુસલમાનો ) તેમના (ફારસના) લશ્કરી લોકોને કત્લ કરી દેશે અને તેમની ઔલાદને કેદ કરી લેશે.

– રૂમીઓ મુસલમાનોને કહેશે કે :

" જેવી રીતે પ્રથમ (જંગ) વખતે અમે માલે ગનીમત વહેંચીને તમને આપી દીધો હતો તે જ પ્રમાણે આ વખત તમે પણ માલ અને કેદી બધાને સરખા પ્રમાણમાં વહેંચીને અમને આપી દો !

– અહલે ઈસ્લામ (મુસલમાનો) પ્રાપ્ત થયેલો માલ અને મુશ્રિક કેદીઓની વહેંચણી તો કરશે (પરંતુ જે મુસલમાન કેદી તેમની પાસે હશે તેને વહેંચશે નહિ.)

રૂમીઓ કહેશે કે :

" મુસલમાન કેદીઓની પણ વહેંચણી કરવામાં આવે."

– મુસલમાનો (આ માંગણીનો) ઈન્કાર કરશે.

– રૂમીઓ કહેશે,

" આ કરાર (સંધીની શરતો)ના ખિલાફ વાત છે."

– રૂમીઓ કુસ્તુન્તુનિય્યહ (કોન્સ્ટેન્ટીનોપલ)ના બાદશાહ પાસે જઈને ફરિયાદ કરશે કે ,

" અરબોએ અમારી સાથે દગાબાઝી કરી છે,(તમે અમારી મદદ કરો !) અમે તો મુસલમાનો કરતાં માલમતા, લશ્કરી તાકાત કુવ્વતમાં ઘણા વધારે (ચઢિયાતા) છીએ."

કુસ્તુન્તુન્યહ નો બાદશાહ કહેશે કે ,

" હું મુસલમાનો સાથે વચન ભંગ નથી કરી શકતો, તેઓ લાંબા સમયથી આપણા ઉપર ગાલિબ (પ્રભાવી) રહયા છે."

– છેવટે રૂમીઓ સાહિબે રૂમિય્યહ (રૂમી શહેનશાહ) પાસે આ શિકાયત લઈને જશે.

– તે રૂમી શહેનશાહ ૮૦ (એંસી) ઝંડાઓ પર સમાવિષ્ટ એક મોટું લશ્કર સમુદ્ર માર્ગે તેમની સાથે મોકલશે.

– તેના દરેક ઝંડાની નીચે ૧૨૦૦૦ (બાર હઝાર) સિપાહી (સૈનિકો) હશે. (અર્થાત સૈનિકોની કુલ સંખ્યા ૯૬૦૦૦૦ (નવ લાખ સાઠ હઝાર) હશે.

– તે લશ્કરને તેનો સરસેનાપતિ મુલ્કે શામ (સિરિયા)ના કિનારે પહોંચીને વહાણો સળગાવી દેવાનો હુકમ કરશે કે જેથી લશ્કર પોતાના જાનની બાઝી લગાવીને જંગ કરે.

– લશ્કર તેના હુકમનું પાલન કરશે.

– રૂમી ઈસાઈ દમિશ્ક (દમાસ્કસ) અને મુઅતિક પહાડ સિવાય શામ (સિરિયા)નો તમામ મુલ્ક જીતી લેશે અને બયતુલ મુકદ્દસ યરૂશલમ (JERUSALEM) ને બરબાદ કરી નાખશે.

---

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)ના એક સવાલના જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે :

" ત્યારે દમિશ્કમાં મુસલમાનોની ઘણી મોટી સંખ્યા હશે."

– મુઅતિક મુલ્કે શામના હિમ્સ નામના સ્થળની નહેરની પાસે એક

પહાડનું નામ છે.

– તે જગાનો નકશો કંઈક આ પ્રમાણે છે,

- મુસલમાનોના બાળકો મુઅતિક (પહાડ) ઉપર હશે.
- મુસલમાન 'નહરે અરનિત' પર (હશે) અને
- મુશ્રિકો નહરે અરનિતની પાછળની બાજુએ હશે.

– તેઓ સવાર – સાંજ આપસમાં જંગ કરશે.

– જયારે કુસ્તુન્તુનિય્યહનો બાદશાહ આ નકશો જોશે તો તે 'કિન્નસ્રીન' ની પાસે ૬૦૦૦૦૦ (છ લાખ)નું લશ્કર જમીન માર્ગે રવાના કરશે.

– મુસલમાનો પાસે યમનીઓનું એક લશ્કર આવીને જોડાશે, તેની સંખ્યા ૭૦૦૦૦ (સિત્તેર હઝાર) હશે.

– અને યમનીઓ સાથે કબીલએ 'હિમ્યર' ના ૪૦૦૦૦ (ચાલીસ હઝાર) લોકો આવીને જોડાશે, અલ્લાહ તઆલાએ ઈમાનના ઝરિયાથી તેમના દિલોને આપસમાં જોડી દીધાં હશે.

– એ લોકો બયતુલ મુકદ્દસ પહોંચીને રૂમીઓ સાથે જંગ કરશે. છેવટે તેમને હરાવીને વેરણ – છેરણ કરી દેશે તેઓ કિન્નસ્રીન પાસે પહોંચશે.

– આઝાદ થયેલા ગુલામોનું એક લશ્કર (ફારસ અર્થાત ઈરાન તરફથી) અરબની મદદ માટે આવશે અને કહેશે કે :

" હે અરબ ! તમે તઅસ્સુબ (પક્ષપાત, ભેદભાવ, કોમવાદ)ની વાત છોડી દો, જયાં સુધી તમે આપસમાં એક નહિ થઈ જાઓ, (ત્યાં સુધી) અમે તમારા બન્ને માંથી કોઈની મદદ નહિ કરીશું.

– કદી અરબ, કદી યમન, અને કદી આ ગુલામોનું લશ્કર કાફિરો સાથે લડશે.

– મુસલમાનો ઈસાઈઓને દૂર ઘાટીઓ તરફ કાઢીને બહાર કરી દેશે.

– મુસલમાનો કોઈ નહેરની પાસે ભેગા થઈને એકબીજાની ખબરગીરીમાં પ્રવૃત થશે.

– કાફિરો નહેર રફિયહ પાસે ભેગા થશે. એ નહેરને નહેર અસ્વદ પણ

કહેવામાં આવે છે.

– અને તે પછી મુસલમાનોની મુશ્રિકો સાથે જંગ થશે. પરંતુ અલ્લાહ તઆલા મુસલમાનોના બન્ને લશ્કરોથી ફતેહ અને સફળતા છીનવીને તેમના પર સબ્રની તવફીક આપશે.

– ત્રીજા ભાગના મુસલમાનો શહીદ થઈ જશે.

– ત્રીજા ભાગના ભાગી જશે.

– અને ત્રીજા ભાગના મુસલમાનો બાકી રહી જશે.

– એ લશ્કરના શહીદોમાંથી દરેક શહીદ ગઝવએ બદરના ૧૦ (દસ) શહીદોના સવાબના દરજા પર હશે.

– બદરનો એક શહીદ ૭૦ (સિત્તેર) લોકોની શફાઅત કરશે, અને આખિર જમાનાના આ શહીદોમાંથી દરેક શહીદને ૭૦૦ (સાતસો) વ્યકિતઓની શફાઅતની ઈજાઝત હશે.

– લશ્કરનો જે ત્રીજો ભાગ ભાગી ગયો હતો તે પણ ત્રણ હિસ્સામાં વહેંચાઈ જશે.

ત્રીજો ભાગ મુર્તદ થઈને (ઈસ્લામ છોડી ) રૂમીઓ સાથે મળી જશે.

તેઓ કહેશે કે :

" જો અલ્લાહને આ દીન (ઈસ્લામ)ની જરૂરત હોય તો પોતે એનું રક્ષણ કરી લે."

એ લોકો હિરાઅ, તન્નુખ, તય અને સલીહ નામના સ્થળોના અરબ રહેવાસીઓ હશે.

– ત્રીજો ભાગ ગામડાના લોકોનો હશે, તેઓ એવું કહેતા પોતાના ગામોની તરફ રવાના થઈ જશે કે :

" અમારા બાપ – દાદાઓની ધરતી જ અમારા માટે બહેતર છે. રૂમી કદી અમારા સુધી પહોંચવા નહિ પામશે."

– અને ત્રીજો ભાગ આ પ્રમાણે કહેશે કે :

" દરેક ચીઝ પર તેના નામની અસરો હોય છે, એટલા જ માટે આ મુલ્કે શામ પણ પોતાના નામની જ જેમ મનહૂસ છે. અમને ઈરાક, યમન અને

હિજાઝ લઈ ચાલો, ત્યાં રૂમીઓથી કોઈ અંદેશો (ભય) નહિ રહેશે."

– હવે બાકી રહેલો ત્રીજો ભાગ આપસમાં કહેશે કે " ખરેખર હવે અસબિયત (પક્ષપાત, ભેદભાવ, કોમવાદ) છોડીને બધા એક થઈ જાઓ અને બધા મળીને દુશ્મનથી જંગ કરો, આ અસબિયત આપણી કામિયાબીમાં રૂકાવટ છે."

– હવે તેઓ આ નિર્ધાર સાથે લડશે કે હવે અમારે પણ અમારા શહીદ ભાઈઓ પાસે જઈને મળવું છે.

– જયારે રૂમી લશ્કર મુસલમાનોની આ અલ્પ સંખ્યાને જોશે કે :

– ત્રીજા ભાગના તો મરી ગયા,

-- ત્રીજા ભાગના અમારા મિત્રો બની ગયા,

– હવે માત્ર ત્રીજા ભાગના જ બાકી રહી ગયા છે,

તો એક શખ્સ સલીબ (ઈસાઈનું ધાર્મિક પ્રતિક : ક્રોસ) વાળો ઝંડો લઈને ઉભો થશે અને કહેશે કે :

" સલીબની બોલબાલા થાઓ !"

એટલે એક મુસલમાન બન્ને સફોની વચ્ચે ઝંડો લઈને નારો લગાવશે કે:

" અલ્લાહના અનસારનો ગલ્બો થાઓ !"

– રૂમીઓના ઉપરોકત કલિમહ (સૂત્ર) પર અલ્લાહ તઆલાને ગુસ્સો આવશે અને તે મુસલમાનોની ૬00000 (છલાખ) ફરિશતાઓથી મદદ કરશે.

– ૧00000 (એક લાખ) હઝરત જિબ્રઈલ (અલૈ.) સાથે હશે.

– ૨00000 (બે લાખ) હઝરત મિકાઈલ (અલૈ.) સાથે હશે અને

– ૩00000 (ત્રણ લાખ) હઝરત ઈસરાફિલ (અલૈ.) સાથે હશે.

અલ્લાહ તઆલા મુસલમાનોની મદદ ફરમાવશે અને કાફિરો પર પોતાનો કહેર (અઝાબ) ના નાઝિલ કરશે.

– કાફિરો બુરી રીતે માર્યા જશે અને જેઓ બચી જશે તેઓ બેહદ રૂસ્વાઈ સાથે હારી જશે.

– તે પછી મુસલમાનો મુલ્કે રૂમમાં દાખલ થઈને ઉમૂરિય્યહ (નામના)

સ્થળ સુધી પહોંચી જશે.

– ઉમૂરિય્યહની સરહદ પર ઘણા લોકો જમા થઈ જશે મુસલમાન તેમને જોઈને ખૂબ જ નવાઈ પામશે આ રૂમી કેટલી મોટી સંખ્યામાં ધરાવે છે. !

– કેટલાયને અમે કત્લ કરી નાખ્યા,

– કેટલાયને અમે હરાવીને ભગાવી દીધા,

અને છતાં આ પરિસ્થિતિ છે કે હજુ સમગ્ર, ઉમૂરિય્યહ અને તેની આસપાસના વિસ્તારમાં એમની મોટી સંખ્યા છે !

– ત્યાંના લોકો જિઝયહ (રક્ષણવેરો) અદા કરવાની શર્ત પર મુસલમાનોથી અમન તલબ કરશે.

મુસલમાન તેમની આ રજૂઆત પર રઝામંદ થઈને તમામ રૂમીઓને અમાન આપશે.

– તે પછી આસપાસના રૂમી આ અફવાહ ઉડાવશે કે દજજાલ મુસલમાનોના આબાઈ (બાપ–દાદા)ના વતન પહોંચી ચુકયો છે.

– એ ખબર બિલકુલ બેઅસલ (બનાવટી) હશે."

---

આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ત્યારે મોજૂદ રહેનારાઓને નસીહત કરી છે કે ,

" તેઓ રૂમથી હાસિલ થયેલી ગનીમત હરગિઝ જવા ન દે, તે તેમને તેમની તે પછીની જંગોમાં કામ આવશે,"

---

– ખૈર, મુસલમાન તે તરફ દોડવા માંડશે, બાદમાં તેમને ખબર થશે કે એ ખબર ગલત હતી.

– આ તરફ બાકી રહેલા મુસલમાનો પર રૂમીઓ તુટી પડશે અને તેમને જડમૂળમાંથી ઉખેડી નાખશે, અહીં સુધી કે રૂમમાં અરબના સ્ત્રી–પુરૂષમાંથી કોઈ નહિ બચશે, રૂમીઓ મુસલમાનોની પૂરી

નસલને કત્લ કરી નાખશે.

– ત્યાં મુસલમાનોને જેવી આ ખબર પહોંચશે, તેઓ ગઝબનાક થઈને પાછા તેમની સાથે લડાઈ કરશે.

– હવે આ વખતે મુસલમાન ઈસાઈઓના લડવૈયા લોકોને કત્લ કરી દેશે અને તેમની આલ ઔલાદને કેદ કરી લેશે. બધો માલ–સામાન ભેગો કરી લેશે.

– જે શહેર અથવા કિલ્લા આગળથી તેઓ પસાર થશે, ત્રણ દિવસની અંદર અંદર અલ્લાહ તઆલા તેમને કામિયાબ કરી દેશે.

– જયારે મુસલમાનો સમુદ્ર પાસે પહોંચશે તો તે પણ છલકાઈ જશે, આ પરિસ્થિતિ જોઈને નસારા (ઈસાઈ) કહેશે કે ,

" સલીબ (ઈસાઈઓનું ધાર્મિક પ્રતિક અર્થાત ક્રોસ )ની બરકતથી સમુદ્રની સપાટી અમારા બચાવ માટે છલકાઈ ગઈ અને મસીહ (JESUS) અમારો મદદગાર છે."

– જયારે સવાર થશે તો તેઓ જોશે કે સમુદ્ર સૂકાઈ ગયો છે. !

– સમુદ્ર કુસ્તુન્તુન્યા (કોન્સ્ટેન્ટીનોપલ)થી પોતાનું રૂખ ફેરવી લેશે. (તેઓ) તત્કાળ તેમાં પોતાના તંબુઓ લગાવી દેશે.

– આ તરફ મુસલમાન જુમ્આની રાતે કુફ્રના આ શહેરને ઘેરી લેશે અને સવાર સુધી :

**'અલ્હમ્દુલિલ્લાહ'**, **'અલ્લાહુ અકબર'**, **'લાઈલા–હ ઈલ્લલ્લાહ'**,નો ઝિક્ર કરતાં રહેશે.

ન કોઈ શખ્સ સુશે અને બેસશે !

– જયારે સવાર થશે તો તમામ મુસલમાન ભેગા મળીને એક સાથે એક વખત **'અલ્લાહુ અકબર'** નો નારો લગાવશે, તે જ વખતે શહેરનો એક તરફનો ભાગ તૂટી પડશે.

– એનાથી નવાઈ પામીને રૂમીઓ કહેશે,

" પહેલા તો અમારી જંગ અરબો સાથે હતી, હવે તો ખૂદ પરવરદિગારે આલમની સાથે જ સીધી જંગ કરવી પડે છે ! અલ્લાહ તઆલાએ

મુસલમાનોના માટે અમારું પૂરું શહેર તબાહ – બરબાદ કરી દીધું !

- તે પછી મુસલમાનો કંઈ થોભશે અને માલે ગનીમતનું સોનું ઢાલોમાં ભરી ભરીને વહેંચાશે અને તેમની આલ ઔલાદને પણ વહેંચવામાં આવશે.
- (ઔરતો એટલી મોટી સંખ્યામાં હશે કે) એક એક શખ્સના હિસ્સામાં ૩૦૦ – ૩૦૦ (ત્રણસો ત્રણસો) ઓરતો આવશે.
- એક નિર્ધારિત મુદ્દત સુધી મુસલમાન એ ગનીમતથી ફાયદો મેળવશે.
- તે પછી ખરેખર દજ્જાલ નીકળી આવશે અને કુસ્તુન્તુનિય્યહ (ISTAMBUL) અલ્લાહના એવા નેક બંદાઓના હાથે ફતેહ થશે જેઓ ઝિંદા અને સલામત રહેશે.

ન બીમાર પડશે, અને ન કોઈ બીમારી તેમને સતાવશે.

અહીં સુધી કે ઈસા (અલૈ.) ઉતરશે અને તેમની સાથે રહી આ જમાઅત દજ્જાલ (અને તેના યહૂદી લશ્કર) સાથે જંગમાં શરીક થશે.

*(અલ ફિતન લિ નુઅયમ : ૩૨૩ હદીષ નંબર ૧૨૪૫, જામિઉલ કબીર લિલ સુયૂતી ૧૫/૨૩૮, હદીસ નંબર : ૧૩૫૧૫)*

**કેટલાક સ્થળના નામોની જોડણી અને ઉચ્ચારનો તફાવત**

રિવાયતમાં વારિદ થયેલા કેટલાક શબ્દોમાં મતભેદ છે તેની તહકીક નીચે પ્રમાણે છે :

**(૧) (મુઅતિક)** "مُعتِق"

એક પહાડનું નામ છે.

*(મુઅજમુલ બુલ્દાન લિલ હમવી : ૮/૨૮૬)*

કેટલીક રિવાયતોમાં (મુઅનિક) مُعنِق છે.

*(અલ ફિતન લિ નુઅયમ)*

અને કેટલીક રિવાયતોમાં : (મુઅબિક) مُعبِق છે.

**(૨) કેટલીક રિવાયતોમાં (અલ અરનિત)** الأرنط **છે.**

*(અલ ફિતન લિ નુઐમ)*

અને કેટલીક રિવાયતોમાં الأريط (અલ અરીત) છે.

*અલ જામિઈલ કબીર : ૧૫ / ૨૩૮ અને કઝ્ઝા ફીલ કામુસ)*

**(૩)** عمّورية **(અમ્મુરિય્યહ) મુલ્કે રૂમનું એક શહેર**

*(મુઅજમુલ બુલ્દાન : ૬/૩૫૫)*

### ફરિશ્તાઓની સંખ્યામાં મતભેદ

આ જંગમા આસમાની મદદ તરીકે ઉતરનારા ફરિશ્તાઓની સંખ્યામાં પણ ઘણો મતભેદ છે.

– અલ ફિતન અને અલ ઈશાઅહની રિવાયતોમાં હઝરત જિબ્રઈલ હઝરત મીકાઈલ અને હઝરત ઈસરાફીલ (અલૈ.) ત્રણેનો ઉલ્લેખ છે.

– અલ જામિઈલ કબીર માં માત્ર હઝરત જિબ્રઈલ અને હઝરત મીકાઈલ (અલૈ.)નો જ ઉલ્લેખ મળે છે.

– ઉપરાંત કેટલીક રિવાયતોમાં ૩૦૦૦૦૦ (ત્રણ લાખ) અને કેટલીક રિવાયતોમાં ૬૦૦૦૦૦ (છ લાખ)ની સંખ્યા દર્શાવેલી છે.

### તંબીહ (ચેતવણી) :

શકય છે કે આ રિવાયતની કેટલીક વાતો નવાઈજનક લાગે, એટલે એટલું યાદ રહે કે :

આ રિવાયતની સનદ મશહૂર મુતકલ્લિમ ફીહ (વિવાદાસ્પદ) રાવીઓ :

– ઈબ્ને લહીઅહ,

– હારિસ અઅ્વર અને

– મુહમ્મદ બિન સાબિતના કારણે ઝઈફ ઠેરવવામાં આવી છે, અલબત્ત આ વાતનો પણ લિહાઝ કરવામાં આવે કે,

આ રિવાયતની મોટા ભાગની વાતો સહીહ હદીષોથી સાબિત છે જેવું કે પહેલા બયાન થઈ ગયું છે

---

### સહીહ મુસ્લિમની એક રિવાયત

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે :

રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

" કયામત ત્યાં સુધી કાયમ નહિ થશે જયાં સુધી રૂમી (ઈસાઈઓ)એ અઅમાક યા દાબિક (હલબ અને અન્ટાકિય્યહ)ના નજીક મુલ્કે શામના બે શહેરમાં પડાવ ન નાખી દીધો હોય.

– તે પછી આ રૂમીઓથી મુકાબલા માટે મદીના મુનવ્વરહથી એક

લશ્કર રવાના થશે, જે ત્યારે ઘરતીના પટ ઉપર રહેનારા તમામ મુસલમાનોથી અફઝલ હશે.

– તો જયારે તેઓ સફ બસ્તહ (કતાર બંધ) થઈ જશે ત્યારે રૂમીઓ કહેશે કે " તમે (મુસલમાન) અમારા અને અમારા કેદીઓની વચમાંથી ખસીને અમને તેમની સાથે કિતાલ (લડાઈ રકતપાત) કરવા દો !

ત્યારે મુસલમાન કહેશે કે,

" ( એ અશકય છે) ખુદાની કસમ ! અમે તમારા અને અમારા ભાઈઓની વચમાંથી હરગિઝ નહિ ખસીસું"

– ત્યારે તેઓ આપસમાં લડી પડશે.

– મુસલમાનોના લશ્કરનો :

ત્રીજો ભાગ ભાગી જશે, અલ્લાહતઆલા એ ભાગનારાઓને પણ માફ નહિ ફરમાવશે,.

ત્રીજો ભાગ શહીદ થઈ જશે . જેની ગણના અલ્લાહ તઆલાને ત્યાં (કયામતમાં) અફઝલતરીન શહીદોમાં થશે.

બાકીનો ત્રીજો ભાગ વિજેતા થશે. (અલ્લાહના તરફથી તેમના પર આ મોટી નેઅમત હશે કે ) એ વિજેતાઓ કદી કોઈ ફિતના અને બલામાં ફસાશે નહિ.

– એ લોકો કુસ્તુન્તુનિય્યાહને જીતી લેશે.

– હજુ તો એ લોકો ઝયતુનના ઝાડો પર પોતાની તલવારો લટકાવી ગનીમતનો માલ વહેંચી જ રહયા હશે કે અચાનક એક શયતાન ચીસ પાડશે કે, " દજજાલ તમારી ગેર હાજરીમાં તમારા ઘરો પર જઈ પહોંચ્યો છે."

(આ એક જૂઠી ખબર હશે)

– એ લોકો (બધું છોડીને) નીકળી પડશે.

– જયારે તેઓ શામ (સિરિયા) પહોચશે ત્યારે દજજાલ નીકળી ચૂકયો હશે.

– આ લોકો જંગની તૈયારીના માટે સફબંધી કરી રહયા હશે, ત્યારે નમાજનો સમય થઈ જશે.

– ત્યારે ઈસા બિન મરયમ (અલૈ.) આસમાનથી ઉતરશે પછી તેમની ઈમામત ફરમાવશે.

– અલ્લાહનો દુશ્મન (દજજાલ) તેમને જોઈને એવો જ પીગળવા લાગશે જેવી રીતે પાણીમાં નમક (મીઠું) પીગળે છે.

– જો આપ (હઝરત ઈસા અલૈ.) તેને ધારી લો કે એમ જ છોડી દેત તો તે પોતે જ પીગળીને હલાક થઈ જાત. પરંતુ અલ્લાહ તઆલા તેને ઈસા (અલૈ.)ના હાથે કતલ કરશે.

– તે પછી ઈસા (અલૈ.) લોકોને તેનું ખૂન પોતાના નેઝા (ભાલા)માં દેખાડશે.

*(મુસ્લિમ કિતાબુલ ફિતન : ૨/૩૯૨ હદીષ : ૨૮૯૭)*

## <u>મુસલમાનો અને રૂમીઓ વચ્ચે સુલેહ (કરાર) ભંગ અને લડાઈનું કારણ</u>

ઉપર આવી ગયેલી ' નુઐમ 'ની રિવાયત અને ' મુસ્લિમ 'ની રિવાયતમાં મુસલમાન અને રૂમી ઈસાઈઓની વચ્ચે થયેલ સુલેહ (સંધી) ના ભંગ થવાના અને લડાઈ થવાના બે કારણો હોય શકે છે.

એક તો જે હદીસના શબ્દોથી જ માલૂમ પડે છે કે ' ઈસાઈઓ મુસલમાનોને કહેશે કે તમે મુસલમાનો અમારા કેદ કરેલા માણસો આડેથી હટી જાઓ, એટલે કે અમારા ભાઈઓ અમને સોંપી દો. મુસલમાનોનું જવાબમાં એમ કહેવું કે અમે અમારા ભાઈઓ (ઈસ્લામ સ્વીકાર કરી ચૂકેલ તમારા માણસો)ને નહી આપીએ, દર્શાવે છે કે આ બાબત લડાઈનું નિમિત્ત છે.

બીજું કારણ એ હોઈ શકે કે ભૂતકાળમાં ઈસ્લામી લશ્કર અને રૂમી લશ્કરે બન્ને મળીને ફારસ (ઈરાન) પર જે સફળ ચઢાઈ કરી હતી, તેના ગનીમતના માલની વહેંચણીમાં કેદીઓના બારામાં મતભેદ થઈ જશે, કારણ કે ફારસ (ઈરાન)ના કેદીઓમાં કેટલાક મુસલમાન કેદી પણ હશે, જે યા તો જંગ બાદ ઈમાન લાવ્યા હશે યા પ્રથમથી જ મુસલમાન હશે અને મુલ્કી રાજ નિતિની દ્દષ્ટિએ ઈચ્છા ન હોવા છતાં આ જંગમાં શરીક થવું પડયું હશે.

## સહીહ મુસ્લિમની બીજી રિવાયત

મુલ્કે શામના વિજયની બાબતમાં મશહૂર સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદી.)થી જે વિગતો સહીહ મુસ્લિમમાં નકલ થયેલી છે તે નીચે પ્રમાણે છે :

હઝરત યુસ્ર બિન જાબિર ફરમાવે છે કે : એક વખતે કૂફામાં ઘણી જ સુર્ખ આંધી ચાલી. એક શખ્સે જેનો તકિયા કલામ(૧) આ હતો : جائت الساعة (કયામત આવી ગઈ ?) તે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)ની પાસે આવીને પૂછવા લાગ્યોઃ " કયામત આવી ગઈ ? "

એટલે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ(રદિ.) એ ફરમાવ્યું,

" કયામત ત્યારે કાયમ થશે જયારે કે :

– મીરાસ(વારસા) વહેંચણી થંભી જશે, અને

– માલે ગનીમતથી કોઈ ખૂશી ન થશે. "

તે પછી હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)એ પોતાના હાથો વડે શામ (સિરિયા) તરફ ઈશારો કર્યો અને ફરમાવ્યું કે, " મુસલમાનોથી કિતાલ (લડાઈ) માટે દુશ્મન ભેગા થશે અને મુસલમાનો તે દુશ્મનોથી કિતાલ (લડાઈ) માટે ભેગા થશે."

રાવી (રિવાયત કરનાર) ફરમાવે છે કે, મેં પૂછયું કે,

" શું (દુશ્મનથી) આપની મુરાદ રૂમી (નસારા) છે ? "

તો ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, " હા ! " અને ફરમાવ્યું કે,

" આ કિતાલ(લડાઈ) વખતે શરૂઆતમાં સખ્ત પરાજય થશે. ત્યારે મુસલમાનો લશ્કરની એક ટુકડીને આ શરતે આગળ મોકલશે કે તેઓ શહીદ થઈ જાય અથવા વિજેતા થઈને જ પાછા આવે.

તેઓ લડાઈ કરતા રહેશે અહીં સુધી કે તેમના દરમિયાન રાત અવરોધ બનશે અને બંને લશ્કર વિજય કે પરાજય વગર પાછા આવશે

(૧) તકિયા કલામઃ વાતચીત દરમિયાન કેટલાક ચોકકસ અસંબંધ શબ્દોને વારંવાર બોલતા રહેવાની કેટલાકને આદત હોય છે. વારંવાર બોલાતા એ શબ્દોને ' તકિયા કલામ ' કહે છે.

અને આ ટુકડી શહીદ થઈ જશે.

મુસલમાન ફરીથી લશ્કરની એક ટુકડીને આ શરતે આગળ મોકલશે કે તેઓ યા તો શહીદ થઈ જાય અથવા વિજય મેળવીને પાછા આવે.

તેઓ રાત થવા સુધી જંગ કરતા રહેશે. અને બન્ને લશ્કર વિજય કે પરાજય વગર પાછા આવશે. અને એ ટુકડી પણ શહીદ થઈ જશે.

મુસલમાન (ત્રીજી વખત) એ જ શરતે લશ્કરની એક ટુકડીને આગળ મોકલશે કે તેઓ શહીદ થઈ જાય અથવા વિજય મેળવીને જ પાછા આવે. તેઓ સાંજ સુધી લડતા રહેશે અને વિજય કે પરાજય વગર એ લશ્કરપાછું આવી જશે અને એ ટુકડી પણ શહીદ થઈ જશે.

ફરી જયારે ચોથો દિવસ આવશે ત્યારે બાકી રહેલા મુસલમાનો દુશ્મનોનો સામનો કરશે ત્યારે અલ્લાહ તઆલા પેલા દુશ્મનોને પરાજય આપશે કારણકે આ એક એવી જંગ હશે કે એ રીતની જંગ કદી પણ થશે નહી અથવા (ઈબ્ને મસઊદ રદિ.એ એમ ફરમાવ્યું કે): એવી જંગ કદી પણ ન થઈ હશે ! અહીં સુધી કે એક પક્ષી કત્લ થયેલાઓ (મૃતકો) પરથી પસાર થશે અને તે તેમને પાર કરવાથી પહેલાં જ મરી જશે !

તે વખતે એક ખાનદાનના લોકો જયારે પોતાની ગણતરી કરશે તો માત્ર એક ટકો જીવતા રહેલા પામશે (અર્થાત ૯૯ ટકા મરી જશે !) તો ભલા તેઓ કયા માલે ગનીમતથી ખૂશ થાય અથવા કયા વારસાની વહેંચણી કરે ? !......." *('મુસ્લિમ' ૨/૩૯૨, હદીષ નં. ૨૮૯૯)*

***તંબીહ (ચેતવણી):***

જો કે ત્યારે મુલ્કે શામ (સિરિયા)ના અધિકતર પ્રદેશોમાં રૂમીઓની હુકૂમત હશે, પરંતુ કેટલીક જગાઓ પર (કદાચિત દમિશ્ક અને તેના ફરતેના વિસ્તારમાં) મુસલમાનોની હુકૂમત સ્થાપિત હશે અને તે મુસલમાનોની પાસે કેટલાક રૂમી કેદી પણ હશે.

### *ઈસાઈ સૈનિકોની સંખ્યા*

રિવાયતોમાં છે કે :

શામ (સિરિયા)માં જે ઈસાઈ ફોજ હશે તે ૭૦ (સિત્તેર) ઝંડાઓ નીચે હશે. દરેક ઝંડાની નીચે ૧૨૦૦૦ (બાર હજાર) સૈનિકો હશે. કુલ ૮૪૦૦૦૦

(આઠ લાખ ચાલીસ હજાર)નું લશ્કર હશે.

આ એક હિસાબ છે બીજી રિવાયતોમાં બીજી સંખ્યા પણ છે.

***અવફ બિન માલિક (રદિ.)ની બે રિવાયતો***

ઈસાઈ સૈનિકોની સંખ્યા વિશે અવફ બિન માલિક (રદિ.) ની રિવાયતો વાંચો :

**(૧)**

હઝરત અવફ બિન માલિક (રદિ.)થી એક લાંબી મરફૂઅ હદીસના(૧) ઝિમનમાં રિવાયત છે કે : કયામતથી પહેલાં ઘટનારી એક અલામત આ છે કે,

– તમારા અને રૂમીઓના વચ્ચે સુલેહ (સંધી) થશે.

– પછી તેઓ સુલેહ ભંગ કરીને તમારી તરફ ૮૦ (એંસી) ઝંડા હેઠળ કૂચ કરશે.

– દરેક ઝંડાના તાબામાં ૧૨૦૦૦ (બાર હજાર) સિપાહી હશે.

*('બુખારી' ૧/૪૫૧)*

**(૨)**

– તમારા અને રૂમીઓના વચ્ચે સુલેહ થશે.

– તેઓ તમારી તરફ ૮૦ (એંસી) ઝંડાઓ નીચે કૂચ કરશે.

– દરેક ઝંડાના તાબામાં ૧૨૦૦૦ (બાર હજાર) સિપાહી હશે.

– ત્યારે મુસલમાનોનો પડાવ 'ગવતહ' નામના સ્થળે હશે, જે દમિશ્કમાં આવેલું છે.

*('અહમદ હસ્બે તરતીબ અલ ફત્હ અર્રબ્બાની' ૨૪/૨૪,૨૫)*

ઉપરની બન્ને રિવાયતોથી રૂમી (ઈસાઈ) લશ્કરની સંખ્યા ૯૬૦૦૦૦ (નવ લાખ સાઠ હજાર) જાણવા મળે છે.

મુલ્કે શામની ફતેહ(વિજય) બાદ હઝરત મહદી (રદિ.) ઈસાઈઓના

---

(૧) મરફૂઅ :જે હદીસની નિસ્બત રસૂલુલ્લાહ (સલ.) સુધી પહોંચે તેને 'મરફૂઅ' હદીસ કહે છે.

મરકઝ(કેન્દ્ર) અને બહુમતી વિસ્તાર રોમ, ઈટાલી વગેરેને ફતેહ કરવા માટે રવાના થશે.

**કુસ્તુન્તુનિયહની ફતેહ**

અલ્લામા ઈબ્ને જરીર તબરી (રહ.) પોતાની માયએ નાઝ (ગૌરવપાત્ર) તફસીરમાં આયતે કરીમા :

ومن اظلم ممن منع مساجد الله ان يذكر فيه اسمه و سعى فى خرابها
أولئك ما كان لهم أن يدخلوها إلا خائفين لهم فى الدنيا خزى . . . .

*(સૂરએ 'બ–ક–રહ' : ૧૧૪)*

ભાવાર્થ :

અને તે માણસથી વધુ ઝુલ્મી બીજો કોણ હશે ? જે અલ્લાહની મસ્જિદોમાં તેનું નામ લેવાથી અટકાવે અને તે (મસ્જિદો)ને વેરાન કરવાનો પ્રયત્ન કરે. એ લોકોને હક નથી કે કદી તેમાં નીડરપણે પ્રવેશ કરે, એવા લોકો માટે દુનિયામાં રુસ્વાઈ છે તેમ આખિરતમાં પણ તેમના માટે મહાન શિક્ષા છે.

ઉપરોકત આયતની તફસીરમાં ફરમાવે છે કે આ આયતે કરીમામાં મુરાદ તે રૂમીઓ છે જેમણે બયતુલ મુકદસને વેરાન કર્યુ.

'لهم فى الدنيا خزى' (અર્થાતઃ એવા લોકો માટે દુનિયામાં રુસ્વાઈ છે.) ની તફસીર કરતા ફરમાવે છે :

"એનાથી હઝરત મહદી (રદિ.)નું કુસ્તુન્તુનિયહ (ઈસ્તમ્બુલ)ને ફતેહ કરવું અને રૂમીઓને કતલ કરવું મુરાદ છે."

*('તફસીરે તબરી' ૧/૫૪૮)*

– હઝરત મહદી (રદિ.) યુરોપ વગેરેને ફતેહ કરવા બાદ કુસ્તુન્તુનિયહ તરફ ધ્યાન આપશે.

– અનુમાન એવું છે કે કુસ્તુન્તુનિયહ પર ઈસાઈઓનો અત્યાચારી કબજો હશે.

– કુસ્તુન્તુનિયહ એક ટાપુ જેવું શહેર છે. હદીસોથી એ અંદાજો થાય છે કે હઝરત મહદી (રદિ.)ના તશરીફ લઈ જવાના સમયે કુસ્તુન્તુનિયહની ચારેય તરફ ફસીલો (શહેરની ફરતે દીવાલો–કોટ) હશે.

## *સહીહ મુસ્લિમ શરીફની હદીસ*

કુસ્તુન્તુનિયાની ફતેહ વિષે ' સહીહ મુસ્લિમ શરીફ ' કિતાબુલ ફિતનમાં જે મુબારક હદીસ વારિદ છે તે નીચે પ્રમાણે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરાતે સહાબા (રદિ.)થી ફરમાવ્યું કે :

" શું તમે તે શહેરના વિષે કંઈ જાણો છો જેની એક બાજુ ખુશ્કી (ભૂમિ) માં અને બીજી બાજુ સમુદ્ર છે ? "

સહાબા (રદિ.)એ કહયું કે, " જી, હાં."

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું,

" કયામત ત્યાં સુધી નહિ આવશે જયાં સુધી બનુ ઈસ્હાક યા બનુ ઈસ્માઈલના ૭૦૦૦૦ (સિત્તેર હઝાર) મુસલમાન એના પર ચઢાઈ નહિ કરે.

તે પછી જયારે મુસલમાનો તે શહેર પર પહોંચશે અને ત્યાં પડાવ નાખશે તો ન હથિયારથી લડાઈ કરશે અને ન તીર ચલાવશે.

મુસલમાનો કેવળ ' **લા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર** 'નો નારો લગાવશે,

એ નારાની બરકતથી શહેરની એક ફસીલ (કોટની દીવાલ) જમીન પર ઢળી પડશે."

સવર બિન યઝીદ (નામના) રિવાયતકર્તા કહે છે કે : " મારી યાદદાશ્ત પ્રમાણે એ સમુદ્ર તરફની (ફસીલ) વિષે છે. "

" તે પછી મુસલમાન ફરીથી બીજી વખત ' **લા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર** ' નો નારો બુલંદ કરશે તો મુસલમાનોના માટે રસ્તો ખુલી જશે અને તેઓ શહેરમાં વિજેતા થઈને દાખલ થશે. ફતેહ બાદ તેઓ ગનીમતનો માલ વહેંચતા હશે તો શયતાન આવાઝ લગાવશે કે દજ્જાલ જાહેર થઈ ચુકયો છે. આ ખબર સાંભળીને મુસલમાન બધું છોડીને (રક્ષણ કરવાના ઈરાદાથી) પોતાના ઘરે પાછા ફરશે. "

*( 'મુસ્લિમ' ૨/૩૯૬, હદીસ નં.૨૯૨૦)*

ફાઈદહ:

આ રિવાયતમાં આવેલ શબ્દો " મિન બની ઈસ્હાક ......" ના વિષે કેટલાક મુહદ્દિસીનનો મત આ છે કે અસલમાં અહીં : " બની ઈસ્માઈલ....." મુરાદ છે, જો કે મુસ્લિમ શરીફની તમામ પ્રતોમાં 'બની ઈસ્હાક' જ લખાયેલ છે.

અલ્લામા નવવી(રહ.) લખે છે :

" મિન બની ઈસ્હાક " શબ્દ જ મુસ્લિમની તમામ પ્રતોમાં લખાયેલ છે, અલબત્ત મશહૂર અને આધારભૂત વાત આ છે કે મુરાદ : " બની ઈસ્માઈલ " હોય, કારણ કે એ જ અર્થ પર હદીષની દલાલત(સમર્થન) પણ છે અને સિયાક હદીસના શબ્દોનો હેતુ પણ એ જ છે, કારણ કે તેઓથી મુરાદ અરબ છે અને 'શહેર'થી મુરાદ કુસ્તુન્તુનિયહ છે.

*(નવવી અલા હામિશ મુસ્લિમ : ૨/૩૯૬)*

આ બાબતમાં એવું અર્થઘટન પણ રજૂ કરી શકાય છે: બની ઈસ્માઈલ માટે બની ઈસ્હાકનો શબ્દ લાવવાનું કારણ આ હોઈ શકે છે કે હઝરત ઈસ્હાક (અલૈ.) બની ઈસ્માઈલના ચાચા છે અને عم الرجل صنو أبيه(ચાચા પણ બાપનો દરજો રાખે છે,) અનુસાર ચાચાની તરફ નિસ્બત દુરૂસ્ત છે.

– અને જો હદીસને એના જાહેરી અર્થ પર જ રાખે તો બની ઈસ્હાકથી મુરાદ તે વ્યકિતઓ હશે જેઓ તે જમાનામાં મુસલમાન થઈને મહદી (રદિ.)ના લશ્કરમાં શામિલ થઈ ગયા હશે, જેવું કે અગાઉની રિવાયતોથી માલૂમ થઈ ગયું છે.

– રિવાયતોથી માલૂમ થાય છે કે :

દજ્જાલના નીકળવાની અફવાહની તપાસ મોટા પાયે કરવામાં આવશે. અહીં સુધી કે હઝરત મહદી (રદિ.) એક જમાઅતને આ કામના માટે મુકર્રર ફરમાવશે.

હદીષમાં છે કે :

" હઝરત મહદી (રદિ.) ૧૦ (દસ) સવારોની એક ટુકડી આ ખબરની તપાસના માટે આગળ મોકલશે. "

*('મુસ્લિમ' ૨/૩૯૨, હદીસ નં. ૨૮૯૯)*

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

" હું એ ટુકડીના સવારોના નામ, તેમના બાપના નામ, તેમના ઘોડાઓના રંગ સુધ્ધાં જાણું છું. તેઓ ત્યારે ધરતીના પટ ઉપર સૌથી બહેતર લોકો હશે. તપાસ કરતાં જાણવાં મળશે કે એ ખબર સાચી ન હતી, પરંતુ જયારે હઝરત મહદી (રદિ.) પોતાના લશ્કર સાથે મુલ્કે શામ પહોંચશે તો દજ્જાલ હકીકતમાં નીકળી ચુકયો હશે.

*('મુસ્લિમ' ૨/૩૯૨, હદીસ નં.૨૮૯૯)*

***નોંધ:***

એ જ વિજયો દરમ્યાન હઝરત મહદી (રદિ.) 'كنيسة الذهب' (કનીસતુઝઝહબ– Vatican city) તશરીફ લઈ જશે. અહીં તે અઝીમ (મહાન) ખઝાનો સુરક્ષિત છે જે રૂમનો કયસર(સમ્રાટ) બની ઈસરાઈલથી બયતુલ મુકદ્દસ (જેરૂસ્લેમ) ફતેહ કરીને હાંસીલ કર્યા હતા, જેને રૂમનો કયસર(સમ્રાટ) ૧૭૦૦૦૦ (એક લાખ સિત્તેર હજાર) ગાડીઓ પર લાદીને લઈ ગયો હતો.

હઝરત મહદી (રદિ.) તે જ ખઝાનાઓને ૧૭૦૦૦૦ (એક લાખ સિત્તેર હજાર)વહાણોમાં લાદીને બયતુલ મુકદ્દસ (જેરૂસ્લેમ) લાવશે, અને તે જ જગાએ અલ્લાહ તઆલા અવ્વલીન અને આખરીનને જમા ફરમાવશે.

***(વિસ્તૃત વિગતો માટે વાંચો)***

'અત્તઝકેરતુલ કુર્તબી' પૃ. ૬૫૩,

'તફસીરે કુર્તબી' ૧૦/૨૨૨

# આઠમું પ્રકરણ

## હઝરત ઈસા (અલૈ.)નું ઉતરવું અને હઝરત મહદી (રદિ.)ની વફાત

કયામતની નિશાનીઓમાંથી અત્યંત મહત્વ ધરાવનારી એક નિશાની હઝરત ઈસા અલયહિસ્સલામનું નાઝિલ થવું પણ છે. આ એક એવું લાંબું અને મહતવનું પ્રકરણ છે કે જયાં મુહદ્દિસો(રહ.)એ પોતાની કિતાબોમાં એના અલગ પ્રકરણો બનાવ્યા છે ત્યાં જ બીજા વિદ્વાનો અને પૂર્વીય ભાષાઓના જ્ઞાતા યુરોપિયનોએ પણ આ વિષયમાં પોતાની કલમ ઉઠાવી છે.

અહીં હઝરત ઈસા અલયહિસ્સલામના નુઝૂલ (ઉતરવાના) ચોકકસ સમયના કેટલાક મહત્વના બનાવો ખુબ જ ટૂંકમાં ક્રમ પ્રમાણે નકલ કરી દેવા યોગ્ય લાગે છે જેથી ઈસા અલયહિસ્સલામના જમાનામાં થનારા હઝરત મહદી (રદિ.)ના રોશન કારનામાઓ અને આપના મકામ તથા મરતબાનો સહીહ ખ્યાલ અને તેનો નકશો આધારભૂત રિવાયતો અને વિશ્વસનીય ઐતિહાસિક વર્ણનોની રોશનીમાં આપણી સામે આવી શકે.

***દજ્જાલ કયાં જાહેર થશે ?***

- દજ્જાલ પહેલી વખત શામ (સીરીયા) અને ઈરાક દરમ્યાન જાહેર થશે, પરંતુ ત્યારે તેનું જાહેર થવું લોકોમાં વધારે મશહૂર નહિ થશે.
- તે પછી ફરી પાછો તે ઈસ્બહાનના એક સ્થળ યહૂદિય્યહથી જાહેર થશે અને ત્યાં પહોંચીને તેની ખ્યાતી અને સંખ્યાબળમાં વધારો થશે, તે ચારેવ તરફ ફિત્નો પેદા કરશે.
- દજ્જાલના જાહેર થવાના સ્થાન બાબતમાં હદીસોમાં વિવિધ સ્થળોનું વર્ણન મળે છે.
- શામ અને ઈરાકની મધ્ય ઘાટી,
- ખુરાસાન,
- હવઝ અને કિરમાન અને

– ઈસ્બહાનનું વર્ણન આવે છે.

– સહીહ મુસ્લિમની રિવાયતમાં શામ અને ઈરાકની મધ્ય ઘાટીનું વર્ણન છે.

" દજ્જાલ શામ અને ઈરાકની મધ્ય ઘાટીથી જાહેર થશે."

*('મુસ્લિમ' ૨/૪૦૧, હદીસ નં.૨૯૩૮)*

– " અલ ફત્હુર્રબ્બાની ' માં હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિયલ્લાહુ અન્હુ)ની એક રિવાયતમાં ખુરાસાનનો ઉલ્લેખ છે.

" દજ્જાલ પૂર્વમાં ખુરાસાનથી જાહેર થશે. "

*('અલ ફત્હુર્રબ્બાની ' ૨૪/૭૨)*

☆ ' અલ ફત્હુર્રબ્બાની ' માં હઝરત અનસ બિન માલિક (રદિ.) થી ઈસ્બહાનનો ઉલ્લેખ આવ્યો છે.

" દજ્જાલ ઈસ્બહાનના સ્થળ યહૂદિય્યહથી જાહેર થશે."

*('અલ ફત્હુર્રબ્બાની ' ૨૪/૭૩)*

☆ ' અલ ફત્હુર્રબ્બાની ' માં જ હઝરત અબૂ હુરયરહ (રદિ.) થી હવઝ અને કિરમાનનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે.

" દજ્જાલ હવઝ અને કિરમાનમાં ઉતરશે."

*('અલ ફત્હુર્રબ્બાની ' ૨૪/૭૩)*

ઉપરની રિવાયતોમાંથી પહેલી ત્રણ રિવાયતો સહીહ છે, અલબત્ત ચોથી રિવાયતમાં રાવી (રિવાયત કરનાર) ઈબ્ને ઈસ્હાક મુદલ્લિસ હોવાથી કમજોર જણાય છે.

***રિવાયતોના મતભેદનું સમાધાન :***

હવે રિવાયતોમાં મતભેદનું સમાધાન આ રીતે શકય છે,

☆ દજ્જાલ સૌથી પ્રથમ ઈરાક અને શામ (સિરિયા)ની મધ્ય ઘાટીમાં પગટ થશે, પરંતુ ત્યારે તે પ્રખ્યાત નહિ થશે કારણ કે તેના સહાયકો અને મદદગારોની મોટી જમાઅત યહૂદિય્યહ નામના સ્થળે તેનો ઈન્તેઝાર કરતી હશે.

☆ તે પછી તે ખુરાસાનમાં આવેલા ઈસ્બહાન નામના સ્થળે આવેલી એક વસ્તી યહૂદિય્યહ જઈને પોતાના સમર્થકો અને સહાયકોની સાથે આખી

દુનિયાનો પ્રવાસ કરશે, અને એ જ મકસદથી તે હવઝ અને કિરમાનમાં પડાવ નાખશે. હદીસમાંના શબ્દો لنزلن الدجال حوز و كرمان થી માલૂમ થાય છે કે આ તેના થોભવાની જગા હશે અને આ વખતે તેનું જાહેર થવું અને તેનો શર(બુરાઈ) આખી દુનિયામાં મશહૂર થઈ જશે.

**દજ્જાલનો આખી દુનિયાનો દવરહ**

– હવે દજ્જાલ આખી દુનિયાનો તોફાની દવરહ કરશે.

– માત્ર ૪૦(ચાલીસ) દિવસ દુનિયામાં રહેશે.

– એક દિવસ એક વરસના બરાબર, બીજો દિવસ એક મહિનાના બરાબર અને ત્રીજો દિવસ એક સપ્તાહના બરાબર હશે. બાકીના દિવસો નિયમ પ્રમાણે હશે.

– દજ્જાલના અકસર (અધિકતર) અનુયાયીઓ યહૂદી હશે.

**મુસલમાનો કયાં હશે ?**

હઝરત મહદી(રદિ.) દમિશ્ક પહોંચીને ઝોર અને શોરથી જંગની તૈયારીઓ શરૂ કરી દેશે. પરંતુ પરિસ્થિતિ સંપૂર્ણ દજ્જાલને અનુરૂપ હશે, કારણકે તેની પાસે ઝબરદસ્ત ભૌતિક શકિત હશે.

હઝરત મહદી (રદિ.) અને આપને ચાહનારાઓ દમિશ્કમાં રહીને જંગની તૈયારીઓમાં મશગૂલ હશે. સામાન્ય રીતે આપ અને આપના સાથી જામિઅ ઉમવીમાં નમાઝ અદા કરશે.

આ ફિતનાથી ભરપૂર દોરમાં મોમિનો ઉર્દુન (જોર્ડન) અને બયતુલ મુકદસ (યરૂશલેમ)માં ભેગા થઈ જશે. મુસલમાનો પ્રથમ ઉર્દુન (જોર્ડન)ની એક વાદી 'ઉફયક'માં એકત્રિત થશે.

*('મુસન્નિફ ઈબ્ને અબી શયબહ' ૧૫/૧૩૧)*

કેટલીક રિવાયતોથી તો અહીં સુધી જાણવા મળે છે કે તે દૌર (જમાના)ના અલ્લાહ અને કયામત પર ઈમાન લાવનારા બધાં જ લોકો લગભગ ઉર્દુન (જોર્ડન)ની તે વાદીમાં મોજૂદ હશે.

*('કન્ઝુલ ઉમ્માલ' ૧૪/૩૧૫, હદીસ નં.૩૮૭૯૧)*
*('મુસ્તદરક લિલ હાકિમ' ૪/૫૩૭, હદીસ નં.૮૫૦૭)*

મુસલમાનો છેવટે બયતુલ મુકદસ (જેરૂસલેમ)ના એક પહાડ 'જબલુદ

દુખાન ' પર એકત્ર થશે.

**દજ્જાલનું દમિશ્ક પહોંચીને મુસલમાનોને ઘેરી લેવું**

બીજી તરફ દજ્જાલ આખી દુનિયામાં હંગામો મચાવીને દમિશ્ક પહોંચશે, અને પહાડની તળેટીમાં પડાવ નાખીને મુસલમાનોની એક જમાઅતને ઘેરી લેશે.

" લોકો મુલ્કે શામમાં જબલે દુખાનની તરફ ભાગી નીકળશે, ત્યારે દજ્જાલ ત્યાં આવીને તેમને ઘેરી લેશે અને તેમને સખત મુશ્કેલીમાં મૂકી દેશે."

*( 'અત્તઝકેરતુલ લિકુર્તબા' ૭૫૪ અને 'અહમદ ' ૩/૩૧૭,૩૧૮)*

આ ઘેરાના કારણે મુસલમાન સખ્ત મુશ્કેલી અને ભૂખ અને ફાકહમાં સપડાઈ જશે. અહીં સુધી કે કેટલાક લોકો પોતાની કમાનની તાંત (ચામડાંની દોરી પણછ) સળગાવીને ખાવા માટે મજબૂર થઈ જશે.

જયારે દજ્જાલનો આ ઘેરો ઘણો લાંબો સમય ચાલશે તો મુસલમાનના અમીર (હઝરત મહદી રદિ.) તેમને કહેશે. " હવે આ સરકશ(માથાભારે) લોકો સાથે જંગ કરવામાં દ્વિધામાં શા માટે પડયા છો ? "

ગરજ કે તેઓ તેમને ફતેહ (વિજય) અથવા શહાદત માટે તૈયાર કરશે. લોકો (મુસલમાનો) ફજરની નમાઝ બાદ તૈયારી કરશે. અને આ નિર્ણાયક જંગનો દઢ નિર્ધાર અને સંકલ્પ કરી લેશે.

**હઝરત ઈસા (અલયહિસ્સલામ)નું ઉતરવું**

એ રાત ઘણી ઘનઘોર હશે. લોકો જંગની તૈયારીઓમાં પ્રવૃત્ત હશે. એ સવારે, અંધારામાં મુસલમાન ફજરની નમાઝની તૈયારી કરી રહયા હશે.

હઝરત મહદી (રદિ.) ફજરની નમાઝ પઢાવવા માટે આગળ વધી ચુકયા હશે. અને નમાઝની ઈકામત પણ કહી દેવામાં આવી હશે.

અચાનક કોઈનો અવાજ આવશે: " તમારો ફર્યાદરસ (ફરિયાદ સાંભળનાર ન્યાયકર્તા) આવી પહોંચ્યો. " લોકો આમ–તેમ નજર દોડાવશે. તો તેમની નજર હઝરત ઈસા અલયહિસ્સલામ પર પડશે. તેઓ બે પીળી ચાદરો લપેટીને, બે ફરિશ્તાઓના ખભા ઉપર હાથ મૂકીને, દમિશ્કની જામિઅ મસ્જિદના સફેદ મીનારા પર ઉતરશે. હઝરત ઈસા અલયહિસ્સલામ સીડી મંગાવીને મીનારાથી (નીચે) ઉતરશે.

'અત્તઝકેરહ' માં પૃષ્ઠ ૭૦૨ ઉપર લખ્યુ છે :

" અલ્લાહ તઆલા ઈસા બિન મરયમ (અલયહિસ્સલામ)ને પૂર્વિય દમિશ્કના સફેદ મીનારા પર ઉતારશે. તેમણે બે ફરિશ્તાઓની પાંખો (ખભાઓ) પર પોતાના હાથો મૂકેલા હશે."

જે જમાઅત પર આપનો નુઝૂલ થશે (ઉતરશે) તે તત્કાલીન જમાનાના સાલેહતરીન (સર્વોત્તમ સદાચારી) સ્ત્રી–પુરુષોની જમાઅત હશે. (એક રિવાયતમાં તેમની સંખ્યા ૮૦૦ (આઠસો) મર્દ અને ૪૦૦ (ચારસો) ઔરતો બતાવવામાં આવી છે.)

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ઈરશાદ ફરમાવ્યો.

" ઈસા બિન મરયમ (અલયહિસ્સલામ) એવા ૮૦૦ (આઠસો) મર્દ અને ૪૦૦ (ચારસો) ઔરતોની વચ્ચે નાઝિલ થશે જેઓ તે વખતે ધરતી પર બહેતરીન લોકો હશે, અને પાછળના (ભૂતકાળના) દૌરના સાલિહીન (નેક લોકો) ના હમમર્તબા (સમાન દરજ્જા) ના હશે."

*('કિતાબુત તઝકેરહ' ૭૬૨, 'કન્ઝુલ ઉમ્માલ' હદીસ નં. ૩૮૮૬૩)*

***નમાઝની ઈમામત વિષે રિવાયતોમાં તફાવત***

**(૧)**

હઝરત મહદી (રદિ.) હઝરત ઈસા (અલયહિસ્સલામ)ને ઈમામતના માટે બોલાવશે અને નમાઝ છોડીને પાછળ હટવા લાગશે તો હઝરત ઈસા અલયહિસ્સલામ તેમની પીઠ ઉપર હાથ મુકીને ફરમાવશે કે :

" તમેજ નમાઝ પઢાવો ! કારણ કે એની ઈકા[illegible] તમારા માટે કહી દેવામાં આવી છે."

ગરઝ આપ અલયહિસ્સલામ ઈમામતથી ઈન્કાર ફરમાવી દેશે અને કહેશે કે

" એ આ ઉમ્મતનો એઅઝાઝ (સન્માન) છે કે એના કેટલાક લોકો કેટલાકના અમીર છે."

અબી ઉમામહ (રદિ.)થી મરફૂઅન રિવાયત છે:

"જેથી તે વખતની નમાઝ હઝરત મહદી (રદિ.)જ પઢાવશે અને હઝરત ઈસા (અલયહિસ્સલામ) પણ એ નમાઝ તેમની ઈકતિદામાં અદા કરશે."

*('ઈબ્ને માજહ' હદીસ નં. ૪૦૭૭)*

**(૨)**

આ સ્થાને આ પણ યાદ રહે કે નમાઝની ઈમામત બાબતમાં મજકૂર રિવાયતની વિરુધ્ધ હઝરત અબૂ હૂરયરહ (રદિ.)થી ઈસા અલયહિસ્સલામની ઈમામતનું વર્ણન પણ મળે છે.

"ઈસા બિન મરયમ લોકોની ઈમામત ફરમાવશે."

*('મુસ્લિમ' ૨/૩૯૨, હદીસ નં. ૨૮૯૭)*

***રિવાયતોના તફાવતનું નિરાકરણ***

**(૧)**

આ રિવાયતોનો તફાવત દૂર કરતાં અલ્લામાં કશ્મીરી (રહ.) ફરમાવે છે : "પહેલી નમાઝ હઝરત ઈસા (અલયહિસ્સલામ) હઝરત મહદી (રદિ.)ની પાછળ પઢશે, કારણકે એની ઈકામત તેમના જ માટે કહેવામાં આવી હતી."

*('ફયઝૂલબારી' ૪/૪૬,૪૭)*

**(૨)**

'આરિઝતુલ અહવઝી' માં છે : "ઈસા (અલયહિસ્સલામ) આપ સલ્લાહુ અલયહિ વ સલ્લમના દીન અને શરીઅતની સામે વિનમ્રતા અને તાબેદારીના માટે મુસલમાનોના ઈમામની પાછળ નમાઝ અદા કરશે. અને આ પણ કારણ છે કે, નસારા (ઈસાઈ) પોતે આ વાતનું અવલોકન કરી લે અને તેમના પર હુજ્જત (દલીલ) કાયમ થઈ જાય."

*('આરિઝતુલ અહવઝી' ૯/૭૮)*

**(3)**

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની (રહ.) લખે છે : "હઝરત ઈસા અલયહિસ્સલામના આ ઉમ્મતના એક શખ્સની પાછળ નમાઝ અદા કરવામાં આ વાતની સ્પષ્ટ દલીલ છે કે આ સરઝમીન (ધરતી) અલ્લાહ તઆલાના

અહકામને કાયમ કરનારાઓથી હરગિઝ ખાલી નહિ થશે. જો કે આ બનાવ એવા આખરી દૌરનો છે જે કયામતથી બિલકુલ નજીક છે.

*(ફત્હુલ બારી : ૬/૬૧૧)*

પરંતુ આ પ્રથમ નમાઝ પછી હઝરત ઈસા (અલૈ.) પોતે ઈમામત કરવા લાગશે અને હઝરત મહદી (રદિ.) તેમની ઈકતિદા કરશે.

## (૪)

આ જ બાબત હઝરત કઅબ (રદિ.)ની રિવાયતથી સાબિત થાય છે.

" લોકો જોઈ રહયા હશે કે ઈસા બિન મરયમ (અલૈ.) ઉતરી રહયા છે. અયન તે જ વખતે જમાઅત ઉભી થઈ રહી હશે અને મુસલમાનોના ઈમામ હઝરત મહદી (રદિ.) પાછળ હટવા લાગશે. તો ઈસા (અલૈ.) ફરમાવશે ,

" આપ આગળ વધીને નમાઝ પઢાવો,

આપના જ માટે તકબીર કહી દેવામાં આવી છે. "

તો તે શખ્સ (અર્થાત હઝરત મહદી (રદિ.)તે નમાઝ પઢાવશે. તેના બાદ હઝરત ઈસા અલૈ જ ઈમામ રહેશે."

*(અલ ફિતન : ૩૯૩ હદીષ નંબર: ૧૩૩૬)*

## (૫)

મુલ્લા અલી કારી (રહ.) પોતાની કિતાબ ' શર્હુલ ફિકહિલ અકબર' માં લખે છે. :

" સહીહ વાત એ જ છે કે (પ્રથમ નમાઝ બાદ ) હઝરત ઈસા (અલૈ.) ઈમામ થશે અને હઝરત મહદી (રદિ.) તેમની ઈકતિદા કરશે."

*(શર્હુલ ફિકહીલ અકબર : પાઃ ૧૩૮)*

હર હાલતમાં ફજરની નમાઝ બાદ લાંબી ચર્ચા અને મશ્વરહ થશે. તે પછી દજજાલ અને તેના અનુયાયીઓ સાથે જંગનો સિલસિલો શરૂ થશે.

***દજજાલ અને તેના અનુયાયીઓ કતલ થશે.***

દજજાલ જયારે હઝરત ઈસા (અલૈ.)ને જોશે તો ગભરાઈને ભાગવા માંડશે. લગભગ ૭૦૦૦૦ (સિત્તેર હઝાર) યહૂદી તેની સાથે હશે.

દજજાલ દમિશ્કથી નીકળીને ઈસરાઈલ (ISRAIL) ની તરફ ભાગશે.

ઉફીકની ઘાટીથી પસાર થશે અને લુદ શહેરમાં ઘુસવા ચાહશે તો હઝરત ઈસા (અલૈ.) તેની નજીક પહોંચી જશે.

દજ્જાલની હાલત એ હશે કે અગર હઝરત ઈસા (અલૈ.) કંઈ ન કરે તો પણ નમક (મીઠા)ની જેમ પીગળીને ખત્મ થઈ જાય. પરંતુ હઝરત ઈસા (અલૈ.)પોતાના હથિયાર વડે તેને કતલ કરશે. સાથે દજ્જાલના મદદગાર યહૂદીઓને પણ કતલ કરવામાં આવશે.

***વિશ્વ વિજય***

હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહદી (રદિ.) દજ્જાલના કત્લ થવા બાદ દુનિયાના બાકીના પ્રદેશોની ફતેહ (અર્થાત વિશ્વ વિજય) તરફ ધ્યાન કેન્દ્રિત કરશે અને આખી દુનિયામાં ઈસ્લામની સ્થાપના કરશે. અલ્લાહ તઆલા ઈસ્લામને દરેક રીતે ગાલિબ ફરમાવશે, વર્ચસ્વ આપશે.

અને નબીયે કરીમ (સ.અ.વ.)ની તે ભવિષ્યવાણી પૂરી થશે જેના તરફ નીચેની હદીષમાં ઈશારો છે.

હઝરત મિકદાદ (રદિ.) થી રિવાયત છે,

તેમણે આપ (સ.અ.વ.)ને એ કહેતા સાંભળયા કે,

" ધરતીના પટ પર કોઈ પાકું અને કાચું મકાન બાકી નહિ રહેશે પરંતુ એ કે અલ્લાહ તઆલા તેમાં ઈસ્લામનો કલિમહ દાખલ કરશે. કોઈને ઈઝઝત આપીને અને કોઈને ઝિલ્લત આપીને, હર હાલતમાં અલ્લાહે જેને ઈઝઝત આપવી હશે તેને આપો આપ મુસલમાન થવાની તૌફીક આપશે અને જેને ઝલીલ કરશે તે પણ છેવટે દીન (ઇસ્લામ)ને અપનાવી લેશે."

" ત્યારે દીન સમગ્ર રીતે અલ્લાહનો જ થઈ જશે."

*(અહમદ – ૩૯/૨૩૬, હદીષ નંબર ૨૩૮૧૪)*

***હઝરત મહદી (રદિ.)ના કામો અનુક્રમ પ્રમાણે***

સારાંશ કે હઝરત મહદી (રદિ.) જાહેર થયા પછી :

– ૭ (સાત) વરસ સુધી ઈસાઈઓની સાથે વિવિધ જંગોમાં મશ્ગૂલ થશે,

– આઠમું વરસ દજ્જાલ ની સાથે મુકાબલો કરવામાં વીતશે અને

– નવમું વરસ હઝરત ઈસા (અલૈ.)ના સંગાથમાં વીતશે.

– તે વખતે આખી દુનિયામાં ઈમાન જ ઈમાનની બહાર હશે,

– ભૌતિક સંપત્તિની પણ વિપુલતા હશે.

– દજજાલના કત્લ થવા બાદ હઝરત મહદી (રદિ.) હઝરત ઈસા (અલૈ.)ના સંગાથમાં વિવિધ પ્રદેશોમાં દૌરહ ફરમાવશે અને જે લોકોને દજજાલના કારણે કષ્ટો પહોંચ્યા હતા તેમને અજર (સવાબ) ની બશારત અને તસલ્લી (સાંત્વન) પણ આપશે અને ભેટ સોગાદના ઝરીયાથી તેમના દિલોને સંતોષિત કરી દેશે.

***હઝરત મહદી (રદિ.)ની વફાત***

હઝરત મહદી (રદિ.) ની વફાત ની બાબતમાં ગાલિબ વાતતો એ જ છે કે આપ (રદિ.) કોઈ જંગમાં શહીદ નહિ થશે. અલબત્ત આપ (રદિ.)ના જાહેર થવાના નવમાં વરસે અર્થાત (એક કોલ પ્રમાણે) કુલ ૪૯ (ઓગણ પચાસ) વરસની ઉંમરમાં આપ (રદિ.)ની વફાત થશે. પરંતુ એ વફાત કયા શેહરમાં થશે અને કયાં દફન થશે એનું વર્ણન નથી મળતું.

સુનને અબૂ દાવુદમાં માત્ર આટલું છે કે :

" આપ (રદિ.)નો ઈન્તેકાલ થશે અને મુસલમાન આપની જનાઝાની નમાઝ અદા કરશે."

*(અબૂ દાવુદ : ૨ / ૫૮૯ હદીષ નંબર – ૪૨૮૨)*

આ રિવાયતના રિજાલ (રિવાયત કરનાર શખ્સો) ના વિષે 'અલ્ અવનુલ મઅબૂદ' માં છે કે :

" આ રિવાયતના રિજાલ સહીહયન (બુખારી અને મુસ્લિમ)ના જ છે, તેમના વિષે દલીલો અને ટીકાને કોઈ ગુંજાઈશ નથી."

*(અલ અવનુલ મઅબૂદ : ૧૧ / ૨૫૫)*

અલ્લામાં અનવરશાહ કશ્મીરી (રહ.) 'અલ ઉર્ફૂશશઝી' માં ફરમાવે છેઃ

" હઝરત મહદી (રદિ.) મુસલમાનોની ઈસ્લાહની ગરઝથી મબઉસ થશે (અલ્લાહ તઆલા તરફથી મોકલવામાં આવશે) જેથી હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવા બાદ હઝરત મહદી (રદિ.) દુનિયાથી ઉકબા (આખિરત)ની તરફ રહલત કરી જશે (વફાત પામશે)."

*(અલ ઉર્ફશશઝી : ૨/ ૪૭)*

અને સ્પષ્ટ એ જ છે કે આપ (રદિ.) ની જનાઝાની નમાઝ હઝરત ઈસા (અલૈ.) પઢાવશે.

આ વાત તો મુસલ્લમ (માન્ય , પ્રમાણિત) છે કે , હઝરત મહદી (રદિ.) જાહેર થયા પછી દુનિયામાં લગભગ નવ વરસ રહેશે. અલબત્ત જાહેર થશે ત્યારે આપની ઉંમર ૪૦ (ચાલીસ) વરસ હશે.

આ વાત વિવિધ કિતાબોમાં લખેલી તો છે પરંતુ અમને સહીહ રિવાયતમાં મલી શકી નથી. અલબત્ત કેટલીક ઝઈફ રિવાયતોમાં તઅયીન (નિર્ધારિત ઉંમર ) મળે છે.

હઝરત અબુ નઈમ (રદિ.)થી મરફુઅન નકલ થયું છે કે ,

આપ (સ.અ.વ.)થી એક શખ્સે (આખિર ઝમાના વિષે) પૂછયું કે,

" ત્યારે લોકોના ઈમામ કોણ હશે?"

આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુ કે,

" મારી ઔલાદમાંથી મહદી નામના શખ્સ થશે જે ત્યારે ૪૦ વરસના હશે."

*(અલ હાવી : ૨/૬૬)*

***હઝરત ઈસા (અલૈ.)નું ટૂંકું જીવન ચરિત્ર***

– હઝરત મહદી (રદિ.)ની વફાત બાદ હુકૂમતનું સંપૂર્ણ સંચાલન હઝરત ઈસા (અલૈ.) સંભાળશે.
– હઝરત ઈસા (અલૈ.)૪૦ (ચાલીસ) વરસ દુનિયામાં રહેશે.
– આપ (અલૈ.) શાદી પણ કરશે અને ઔલાદ પણ થશે.
– આપના જમાનામાં યાજૂજ અને માજૂજનો બનાવ પણ બનશે.
– છેવટે મુકઅદ નામના એક શખ્સને પોતાનો જાનશીન બનાવીને દુનિયાથી તશરીફ લઈ જશે અર્થાત દુનિયામાં આવવા બાદ આપની વફાત થશે.
– રોઝએ અકદસમાં આપ (સ.અ.વ.)ના નજીક દફન કરવામાં આવશે.
– તે પછી કયામતની છેલ્લી નિશાનીઓ જાહેર થશે.

:::

હઝરત કઅબ (રદિ.) ફરમાવે છે કે :

– હઝરત ઈસા (અલૈ.) દુનિયામાં ૪૦ (ચાલીસ) વરસ રહેશે.

– તેઓ કોઈ કબીલાની ઔરતથી નિકાહ કરશે.

– તે ઓરતથી તેમને બે પુત્રો પણ થશે જેમના નામ મુહમ્મદ અને મૂસા હશે.

– આપ (અલૈ.) ના સંગાથમાં લોકો ભલાઈમાં અને ભલા જમાનામાં રહેશે.

– એ ૪૦ (ચાલીસ) વરસની મુદત હશે.

– તે પછી અલ્લાહતઆલા હઝરત ઈસા (અલૈ.)ની રૂહ કબ્ઝ ફરમાવી લેશે.

– આ રીતે હઝરત ઈસા (અલૈ.)ને પણ મૌત આવી જશે.

– તેઓ હુજરએ મુબારકમાં નબીયે કરીમ (સલ્લલાહુ અલયહિ વ સલ્લમ)ની બાજુમાં દફન થશે.

– ઉમ્મતના સાલિહીન (નેક લોકો) પણ આ દુનિયાથી વિદાય થઈ જશે અને બદ કિરદાર (દુરાચારી) લોકો બાકી રહી જશે.

*(અત્તઝકિરતુ લિલ કુરતબી :૭૬૩)*

આ બાબતમાં તવરાતની એક આયત હઝરત અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.)થી નકલ થયેલી છે:

અમે તવરયતમાં લખેલું જોયું કે :

" ઈસા બિન મરયમ અલૈ નબીયે કરીમ (સ.અ.વ.)ની બાજુમાં દફન થશે." *(અલ ફિતન : ૩૯૫ હદીષ નંબર ૧૩૩૮)*

હઝરત ઈસા (અલૈ.)ના દુનિયામાં ૪૦ (ચાલીસ) વરસ જીવંત રહેવા વિષે 'મુસ્નદે અહમદ' અને 'મુસન્નફ અબ્દુર્રઝઝાક' માં પણ રિવાયતો વારિદ થયેલી છે.

હઝરત આઈશા (રદિ.) કહે છે કે :

રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે ,

" દજજાલના જાહેર થવા બાદ હઝરત ઈસા (અલૈ.)ઉતરશે અને તેઓ

દજજાલને કત્લ કરશે. પછી ધરતી પર ૪૦ (ચાલીસ) વરસ સુધી આદિલ (ન્યાયી) ઈમામ અને મુન્સિફ (ઈન્સાફકર્તા) હકમ (પંચ, નિર્ણાયક) બનીને રહેશે"

*(અહમદ હદીષ : ૨૪૪૬૭, ઈબ્ને અબી શયબહ : ૧૫/ ૧૩૪)*

હઝરત અબુ હુરૈરહ (રદિ.) કહે છે :

રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

" ઈસા બિન મરયમ આસમાનથી ઉતરીને દજજાલને કતલ કરશે, અને ૪૦ (ચાલીસ) વરસ સુધી લોકોમાં કિતાબ અને સુન્નતને નાફિઝ (લાગુ) કરશે તે પછી તેમની વફાત થશે, લોકો બની તમીમના મકઅદ નામના એક શખ્સને તેમના કાઈમ મકામ (ઉત્તરાધિકારી) બનાવી દેશે, ૩(ત્રણ) વરસના ટૂંકા સમયમાં જ લોકોના સીનાઓમાંથી અને મસાહિફ (કિતાબો) માંથી કુર્આને કરીમ ઉઠાવી લેવામાં આવશે, " (અલ હાવી : ૨ / ૩૨)

***નોંધ: –***

– હઝરત ઈસા (અલૈ.),

– તેમનું સંપૂર્ણ જીવન,

– દુનિયામાં તેમનું ફરીથી ઉતરવું,

– દજજાલને કત્લ કરવું ........વગેરે

જાણવા માટે અમારી બીજી કિતાબ :

**" નુઝૂલે ઈસા'** વાંચો..

-----------

છેવટે જયારે અલ્લાહ તઆલાએ કયામત કાયમ કરવી હશે તો એક ખુશગવાર હવા ચાલશે જે તમામ મોમિનોની રૂહોને કબ્ઝ કરી લેશે. અને દુનિયામાં કોઈ ઈમાનવાળો બાકી ન રહેશે.

તે પછી બાકી રહેલા બદતરીન લોકો પર કયામત વાકેઅ થશે, અને સૂર ફૂંકી દેવામાં આવશે.

-----------

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અલ આસ (રદિ.)થી રિવાયત છે કે

" અલ્લાહ તઆલા રેશમ જેવી મુલાયમ હવા ચલાવીને તમામ મુસલમાનોની રૂહ કબ્ઝ કરી લેશે પછી બદતરીન લોકો પર કયામત કાયમ થશે.

## હઝરત મહદી (રદિ.)ના અતિ મહત્વપૂર્ણ કારનામાઓ

(૧) આપ (રદિ.) ધરતીને અદલ અને ઈન્સાફથી ભરી દેશે જેમકે તે પહેલા ઝુલ્મ અને જોરથી ભરેલી હતી અર્થાત આપના અમલ (વહીવટ) અને હુકૂમતમાં ઝૂલ્મ નહિ થશે.

(૨) આપ (રદિ.)નો અદલ અને ઈન્સાફ કોઈ પણ ભેદભાવ વગર બધાના માટે સામાન્ય હશે.

(૩) આપ ખિલાફતે રાશીદહના નૂરાની તર્ઝ (શૈલી)ની નમૂના રૂપ હુકૂમતની સ્થાપના કરશે.

(૪) આપ ઉમ્મતના દિલોની સફાઈ ફરમાવશે.

(૫) આપના દૌરમાં સમગ્ર ધરતી પર ઈસ્લામને ગલ્બો (પ્રભુત્વ) પ્રાપ્ત થશે અને ઈસ્લામને સ્થિરતા મળશે.

(૬) તઅલીમ (શિક્ષણ)ને આમ (સાર્વજનિક)કરશે.

(૭) લોકોને શિર્ક અને બિદઅતોથી પાક (મુકત) કરશે.

હઝરત ગંગોહી (રહ.) ફરમાવે છે કેઃ

" હઝરત મહદી (રદિ.)લોકોના તઝકિય્યહ ફરમાવશે (દિલોની સફાઈ કરશે) તેમને ઈલ્મથી આભૂષિત કરશે, તેમને બિદઅતોની ગંદગીઓથી પાક કરશે અને તેમને કામિલ અને મુકમ્મલ (પૂર્ણ – પરિપૂર્ણ) કરશે.

*(અલ કવકબુદ્દુર્રી : ૨/ ૫૭)*

(૮) આપના જાહેર થવાના સાતમાં વરસે દજજાલ નીકળશે અને આપ હઝરત ઈસા (અલૈ.)ના સંગાથમાં તેની સાથે લડાઈ કરશે.

(૯) આપના જમાનામાં ખળીમાં પડેલા અનાજના ઢગની જેમ માલ (વિપુલ પ્રમાણ) માં હશે.

(૧૦) આપના જમાનામાં મવેશી (દૂધ, માંસ, ઉન વગેરે માટે ઉપયોગી પશુઓ ) ની વિપુલતા હશે.

(૧૧) આપના જમાનામાં આસમાન મુશળધાર વર્ષા વર્ષાવશે.

(૧૨) આપના જમાનામાં ધરતીમાંથી પુષ્કળ પાક પેદા થશે.

આપ (સ.અ.વ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે,

" મારી ઉમ્મતના આખરી જમાનામાં મહદી જાહેર થશે અલ્લાહ તેમને તૃપ્ત કરી દેશે. ધરતી પોતાની વનસ્પતિ ઉગાડશે. તેઓ સતત માલ વહેંચશે. મવેશી (દૂધ, માંસ ઉન વગેરે માટે ઉપયોગી પશુઓ)ની વિપુલતા હશે અને (તે વખતે) ઉમ્મત ઈઝઝતના સ્થાન પર હશે. તેઓ સાત કે આઠ વરસ રહેશે."

*(મુસ્તદરક લિલ હાકિમ ૪ / ૬૦૧ હદીષ નંબર ૮૬૭૩)*

(૧૩) એટલા પ્રમાણમાં ખૂશહાલી હશે કે જીવતાઓને તમન્ના થશે કે ,

કાશ ! પહેલાના લોકો જેઓ તંગહાલીમાં મરી ગયા તેઓ પણ જીવતા થાતે અને આ ખૂશહાલીના દશ્યને જોત !

હદીષ શરીફમાં વારિદ છે કે,

" આસમાન પોતાનું એકે એક ટીપું પાણી વર્ષાવી દેશે અને જમીન પોતાનું સઘળું પાણી બહાર કાઢશે, અહીં સુધી કે (સુખ – સમૃધ્ધિના કારણે) જીવંત લોકો મુર્દાઓ (પણ ફરી જીવતા થાય તેવી) આરઝૂ કરશે."

*(મુસન્નિફ અબ્દુર્રઝઝાક : ૧૧ / ૩૭૩ હદીષ નંબર ૨૦૭૭૦)*

(૧૪) આપ (રદિ.) લોકોના દિલોને (પોતાની સખાવતના ઝરીઆથી) ગિના (બેનિયાઝી, તવંગરી) થી ભરી દેશે.

(૧૫) આપ બેહિસાબ (અગણ્ય) માલ વહેંચશે.

(૧૬) કઅબાના દરવાજાની આગળ એક ખઝાનો જેને ' રિતાજુલ કઅબહ' કહે છે તેને કાઢીને મુસલમાનોમાં વહેંચશે.

**નોંધ :** 'રિતાજુલ કઅબહ'ની બાબતમાં એક રિવાયત 'મુન્તખબલ કન્ઝુલ ઉમ્માલ' માં મોજૂદ છે એ રિવાયતના વિષે મુફતી નિઝામુદ્દીન શામઝઈ સાહબ (રહ.) નકલ ફરમાવે છે કે તે સહીહ છે.

(અકીદએ ઝુહૂરે મહદી : પૃ : ૭૦)

તાઉસ (રહ.)થી રિવાયત છે :

તેઓ ફરમાવે છે કે,

ઉમર બિન ખત્તાબ (રદિ.) એ બૈતુલ્લાહને અલ વિદાઅ કરી, પછી કહયું કે " બખુદા (ખુદાની કસમ) મને નથી ખબર કે હું બૈતુલ્લાહના ખઝાના , તેના

હથિયાર , અને માલને એમજ છોડી દઉ કે અલ્લાહના રસ્તામાં વહેંચી દઉ ?"

તો તેમનાથી હઝરત અલી (રદિ.)એ અરજ કરી કે

" હે અમીરુલ મુઅમિનીન ! આપ એના ઝિમ્મેદાર નથી એના ઝિમ્મેદારતો અમારામાંથી એક કુરેશી નવજવાન થશે, જે આખરી જમાનામાં તે માલ અલ્લાહના રસ્તામાં વહેંચશે." *(અલ ફિતન : ૨૮૪ હદીષ નં : ૧૦૬૨)*

(૧૭) આપ (હઝરત મહદી રદિ.) ગણવા વગર બન્ને હાથ (ખોબાં) ભરી ભરીને લોકોને માલ આપશે.

(૧૮) ઉમ્મતે મુસ્લિમહને અઝમત (ગૌરવ) નું ઉચ્ચ સ્થાન હાસિલ થશે.

(૧૯) આપના જમાનાની ખૂશહાલી અને આપની નમૂનારૂપ સખાવતને એક રિવાયતમાં આ રીતે બયાન કરવામાં આવી છે :

હઝરત અબૂ સઈદ ખૂદરી (રદિ.)થી રિવાયત છે તેઓ ફરમાવે છે કે :

નબીયે કરીમ (સ.અ.વ.) એ ઈર્શાદ ફરમાવ્યો કે,

" તમે ખૂશ થઈ જાઓ મહદી (ની બશારત) થી,

– જે મારા ખાનદાનમાંથી હશે.

– જેનું ઝુહૂર (પ્રાગટય) લોકાના મતભેદો અને ઝલઝલાઓ (ધરતીકંપો)ના દરમ્યાન થશે :

– તે ધરતીને અદલ અને ઈન્સાફથી એવી જ રીતે ભરી દેશે જેવી રીતે તે (ધરતી) ઝુલ્મ અને ઝિયાદતી (અત્યાચાર)થી ભરેલી હતી.

– આસમાન અને જમીનનો દરેક રહેનારો તેનાથી ખૂશ થઈ જશે.

– તે ઈન્સાફથી માલને ઠીક ઠીક (યોગ્ય રીતે) વહેંચશે.

– અહીં સુધી કે તે પોતાના મુનાદી (એલાન કરનાર) ને હુકમ આપશે કે તે એલાન કરે કે :

" શું કોઈને મારાથી કોઈ જરૂરત છે?"

તો ત્યારે તેમની પાસે માત્ર એક જ આદમી આવીને કંઈક માંગશે.

તેઓ (હઝરત મહદી રદિ.) કહેશે કે ,

" ખઝાનચીની પાસે જા, તે તને આપી દેશે"

તો તે શખ્સ ખઝાનચીની પાસે જશે અને કહેશે કે,

'મને મહદીએ આ ગરઝથી મોકલ્યો છે કે તમે મને કંઈક માલ આપી દો'

ખઝાનચી કહશે કે,

" તમે પોતે (ખઝાનામાંથી જેટલો જોઈએ તેટલો) માલ કાઢી લો !

તે શખ્સ ઉઠાવવાની શકિત કરતા વધારે માલ ભરી લેશે તે પછી તેને કમ કરતો રહેશે અહીં સુધી કે તે એટલો થઈ જશે કે તેને ઉઠાવી શકે.

પછી તે માલ લઈને શરમિન્દા થઈ જશે અને (મનોમન) કહેશે કે ,

" હુ ઉમ્મતે મુહમ્મદિય્યહ (સ.અ.વ.)નો અત્યંત લોભી શખ્સ છું કે પૂરી ઉમ્મતને આ માલની તરફ બોલાવવામાં આવી અને મારા સિવાય બધાએ છોડી દીધો"

ત્યારે તે એ માલને પરત કરવા ચાહશે તો ખઝાનચી કહેશે કે,

"અમે આપેલી વસ્તુઓ પાછી લેતા નથી"

– પછી મહદી (રદિ.) છ , સાત, આઠ અથવા નવ વરસ રહેશે.

– અને એ મુદ્દત બાદ લોકોના માટે જીવંત રહેવામાં ભલાઈ નહિ રહેશે.

***<u>હઝરત મહદી (રદિ.)ના દૌરનો નમૂનારૂપ સમાજ</u>***

હઝરત મહદી (રદિ.)ના મસઊદ (પ્રતાપી, ભાગ્યશાળી) દૌરમાં અલ્લાહ તઆલાનો ઉમ્મતે મુહમ્મદિય્યહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર ઘણો મોટો ફઝલ આ થશે કે બધાં હઝરત મહદી (રદિ.)ને સર્વાનુમતે પોતાના સરદાર અને પેશ્વા સ્વીકારી લેશે અને કોઈને વિરોધ ન હશે અને આપસમાં એકતા અને ઉલ્ફતની એક અજીબ મિષાલ (નમૂનો) સ્થાપિત થશે.

દીનાર બિન દીનાર કહે છે :

હઝરત મહદી (રદિ.) એવી હાલતમાં જાહેર થશે કે :

– લોકોની એકતા તૂટી ગઈ હશે,

– તેઓ (હઝરત મહદી રદિ.) લોકોની ગમખ્વારી કરશે,

– કોઈને કોઈના પર બરતરી નહિ આપશે,

– મોત સુધી દુરૂસ્ત મુઆમલા ફરમાવતા રહેશે,

– તે પછી (ફરી પાછી) આખી દુનિયા ફિત્ના અને ફસાદથી ભરાઈ જશે. *(અલ ફિતન , પૃષ્ઠ ૨૫૪ હદીષ નંબર ૯૯૫)*

# નવમું પ્રકરણ

## કેટલાક મહત્વના બનાવો

મુબારક હદીષોમાં કેટલાક ઘણાં જ મહત્વના બનાવો વર્ણવેલા છે, જે કયામત પૂર્વે આખરી દૌરમાં બનશે, પરંતુ એ હદીષોમાં સ્પષ્ટતા નથી કે, એ બનાવો કયારે બનશે, અલબત્ત બનાવો પર વિચાર કરવાથી તથા મુહદ્દિષીન હઝરાતે જે અંદાઝથી એનું વર્ણન કર્યુ છે, ઉપરાંત હઝરત મહદી (રદિ.) વિષે ભુતપૂર્વ માનવંત બુઝુર્ગોથી જે વાતો નકલ થયેલી છે, તેનો અભ્યાસ કરવાથી આ અંદાઝો થાય છે કે એ બધાં બનાવો હઝરત મહદી (રદિ.)થી કરીબતર જમાનામાં બનશે.

એ બનાવો નીચે પ્રમાણે છે :

***(૧) ઈરાક , ઈજીપ્ત અને શામ પર રૂમીઓ અને અજમીઓ તરફથી પ્રતિબંધ***

અબૂ નઝરહ (રહ.) ફરમાવે છે કે :

અમે જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)ની પાસે હતા.

તેમણે કહયું કે,

– ટૂંક સમયમાં ઈરાકવાળાઓની આ હાલત થઈ જશે કે તેમની પાસે એક કફીઝ (મુઠઠી) અનાજ અને એક દિરહમ (ચાંદીનો સિકકો) પણ નહિ આવી શકે.

અમે કહયું કે ,

" આ પ્રતિબંધ કોના તરફથી લગાવવામાં આવશે ? "

તેમણે ફરમાવ્યું,

" અજમીઓ તરફથી"

થોડા સમય પછી ફરમાવ્યું,

" ટૂંક સમયમાં શામ (સિરિયા) વાળાઓની આ હાલત થઈ જશે કે તેમની પાસે દીનાર (સોનાનો સિકકો) અને એક મુદ્દ (તે જમાનાનું એક માપ)

જેટલું અનાજ પણ નહિ પહોંચી શકશે."

અમે કહયું,

" આ પ્રતિબંધ કોના તરફથી હશે?"

તેમણે ફરમાવ્યું,

" રૂમીઓ તરફથી"

ફરી પાછા થોડો સમય ખામોશ રહયા, તે પછી ફરીથી આપ (રદિ.) એ કહયું કે,

"હુઝૂરે અકદસ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે,

" મારી ઉમ્મતના આખરી દૌરમાં એક ખલીફા થશે, જે મુઠઠી ભરી ભરીને માલ વહેંચશે, અને ગણશે નહિ."

રિવાયત કરનાર ફરમાવે છે કે,

મેં અબૂ નઝરહ અને અબૂલ ઉલાથી પૂછયું કે,

" શું આપના ખ્યાલમાં તેઓ ઉમર બિન અબ્દુલ અઝીઝ છે ?"

તો તેમણે કહયું,

" નહીં. "

*(મુસ્લિમ, ૨/ ૩૯૫ હદીષ ૨૯૧૩)*

અલ્લામા તકી ઉસ્માની સાહબ દામત બરકાતુહુમ 'તકમિલહ શર્હે મુસ્લિમ'માં કુર્તૂબીના હવાલાથી લખે છે કે,

" ઉલમાની એક જમાઅતનો રુજહાન (અભિગમ) એ જ છે કે એના મિસ્દાક (અનુરૂપ) હઝરત મહદી (રદિ.)છે."

*(તકમિલહ ફત્હુલ મુલહિમ : ૬/ ૩૨૯)*

***(૨) શામ (સિરિયા) પર ઈસાઈઓની ચડાઈ***

કેટલીક કિતાબોથી જાણવા મળે છે કે શામ (સિરિયા) પર જે ઈસાઈઓની હુકૂમત થશે તે ખૈબર સુધી ફેલાયેલી હશે.

***(૩) અરબોની સંખ્યા ત્યારે થોડી હશે અને તેઓ બયતુલ મુકદસ (યરૂશલેમ)ની નજીક ભેગા થશે.***

કોઈએ આપ (સ.અ.વ.)થી પૂછયું કે ,

" યા રસૂલલ્લાહ (સ.અ.વ.) !

ત્યારે અરબ કયાં હશે ?"

તો આપે (સ.અ.વ.) જવાબ આપ્યો કે ,

" તેઓ થોડી સંખ્યામાં બયતુલ મુકદસની પાસે ભેગા થશે."

*(ઈબ્ને માજહ : ૩૦૮ હદીષ નં : ૪૦૭૭)*

### (૪) મદીના મુનવ્વરાને બેરગબતીથી છોડવું

– લોકો મદીના મુનવ્વરહને બેરગબતી (લાગણી વગર) છોડશે, જો સાંભળી લીધું કે ફલાણી જગાએ વાડી, અને ખેતીની વિપુલતા અને સસ્તી કિંમત છે, તો લોકો મદીના છોડીને ત્યાં ચાલ્યા જશે, જો કે મદીના તેમના માટે બહેતર હશે.

– પરંતુ જે લોકો મદીનાને છોડીને જશે અલ્લાહ તઆલા તેમનાથી બહેતર લોકોને ત્યાં આબાદ ફરમાવશે.

જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી મરફુઅન રિવાયત છે કે,

" જે લોકો મદીનાને બેરગબતીથી છોડીને જશે, અલ્લાહ તઆલા તેમનાથી બહેતર લોકોને ત્યાં આબાદ ફરમાવશે, જયાં કીમતોમાં કમી અને ખાવા–પીવાની વિપુલતા વિષે સાંભળી લેશે, લોકો તે જગ્યાએ ચાલ્યા જશે, જોકે મદીના મુનવ્વરા તેમના માટે બહેતર છે, કાશ, કે તેમને ખ' .ર હોત"

*(મુસ્તદરક લિલ હાકિમ : ૪ / ૫૦૧ હદીષ : ૮૪૦)*

### (૫) સોનાના પહાડ જાહેર થવા

ઈમામ મુસ્લિમ (રહ.) એ હઝરત ઉબય બિન કઅબ (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે :

મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.)ને આ ફરમાવતા સાંભળ્યા કે ,

" ટૂંક સમયમાં ફુરાત (યુફ્રેટીસ) નદીમાંથી એક સોનાનો પહાડ જાહેર થશે, જયારે લોકો તેના વિષે સાંભળશે તો તેને હાસિલ કરવા માટે નીકળી પડશે.

આ જોઈને તે પ્રદેશના રહેવાસીઓ કહેશે કે :

" જો અમે એમજ છોડી દઈશું તો આ લોકો બધું સોનું લઈ જશે !

(એ પ્રદેશના લોકોના મના કરવા પર તેમની સાથે) એવી ભારે લડાઈ

થશે કે તે (લડાઈ કરનારાઓ)માંથી નવ્વાણું ટકા (લોકો) કત્લ થઈ જશે."

*(મુસ્લિમ : ૨/ ૩૯૧ હદીષ : ૨૮૯૫)*

---

એને જ મળતી આવતી 'ઈબ્ને માજહ'માં હઝરત ષવબાન (રદિ.)થી એક રિવાયત છે,

રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે,

" તમારા ખઝાનાની પાસે ત્રણ માણસો જંગ કરશે અને તે ત્રણેમાંથી દરેક ખલીફાનો પુત્ર હશે, પરંતુ એ ખઝાનો તેઓમાંથી કોઈને પણ નહિ મળી શકશે.

તે પછી પૂર્વના તરફથી કાળા ઝંડાઓ જાહેર થશે, અને તેઓ તમારી સાથે એવી ખતરનાક જંગ કરશે કે એનાથી પહેલા કોઈ કોમ તમારી સાથે આવી ઉગ્રતાથી નહિ લડી હશે."

હઝરત ષવબાન (રદિ.) ફરમાવે છે કે,

તે પછી આપ (સ.અ.વ.)એ કોઈ વાત કહી જે મને યાદ ન રહી.

પછી ફરમાવ્યું,

" જયારે તમે તેમને જુઓ તો તત્કાળ બયઅત કરી લ્યો, ચાહે બરફ પર ઢસડાયને આવવું પડે કારણ કે તેઓ યકીનન અલ્લાહના ખલીફા મહદી હશે."

*(ઈબ્ને માજહ : પૃષ્ઠ ૩૧૦)*

'ફત્હુલ બારી' માં હાફિઝ ઈબ્ને હજર અસકલાની (રહ.) એ ફરમાવ્યુ કે :

" અગર મજકૂર હદીષમાં ખઝાનાથી તે ખઝાનો મુરાદ છે જે સોનાના પહાડવાળી રિવાયતમાં છે તો એ આ વાતની દલીલ છે કે એ બનાવો મહદી (રદિ.)ના જાહેર થવા વખતે બનશે." *(ફત્હુલ બારી : ૧૩/૮૧)*

## (૬) નફસે ઝકિય્યહ (પવિત્ર આત્મા) નો કત્લ

મુસન્નફ ઈબ્ને અબી શયબહની એક રિવાયતનો સારાંશ છે કે :

" એક નફસે ઝકિય્યહ (પવિત્ર આત્મા) અર્થાત એક જલીલુલ કદર બુઝુર્ગની શહાદત બાદ હઝરત મહદી (રદિ.) જાહેર થશે."

*(મુસન્નફ ઈબ્ને અબી શયબહ : ૧૫/૧૯૯, હદીષ નં : ૧૯૪૯૯)*

### (૭) મુસલમાન અને નસારાની એકતા

" સુનને અબુ દાઉદ શરીફ" ની એક હદીષમાં વર્ણન છે કે :

– મુસલમાન રૂમીઓની સાથે મજબૂત સુલેહ (સંધી) કરશે.

– મુસલમાન અને રૂમીઓ બન્નેનું સહીયારું લશ્કર ટેકરા અને લીલોતરી વાળી જમીન પર પડાવ નાખશે.

– એક નસરાની (ઈસાઈ) સલીબ (CROSS) ઉઠાવીને કહેશે કે ,

" સલીબ (CROSS)ની બોલબાલા થાઓ !

એટલે આ વાત પર એક મુસલમાન ગુસ્સે થશે અને સલીબને તોડી નાંખશે.

– એટલે તે પછી રૂમીઓ ગદ્દારી કરશે અને મોટી જંગ માટે ભેગા થઈ જશે. *(અબૂ દાવુદ : ૨ / ૫૯૦ હદીષ નંબર : ૪૨૯૨)*

આ રિવાયત ટૂંકમાં સહીહ મુસ્લિમમાં પણ છે.

### (૮) હજના દિવસોમાં ખૂનખાર જંગ

એક રિવાયતથી જાણવા મળે છે કે :

પવિત્રભૂમિ (મિના) પર હજના દિવસોમાં ખૂનખાર જંગ થશે, અહી સુધી કે જમરએ અકબહ(૧) રકત રંજિત થઈ જશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ઈર્શાદ ફરમાવ્યો :

"ઝી કઅદહના મહીનામાં કબીલાઓની ગિરોહ બંદી (જુથ બંધી) થઈ જશે, એ જ વરસે હાજીઓમાં લુંટમારના બનાવો બનશે. મીનામાં એવી જબરદસ્ત જંગ છેડાઈ જશે કે મરનારાઓની સંખ્યા અગણ્ય (બેશુમાર) હશે. લોહી એટલું પુષ્કળ વહેશે કે જમરએ અકબહ સુધી પહોંચી જશે !"

*(અલ ફિતન : ૨૬૭ હદીષ નં ૯૯૪)*

### (૯) એક બીજી જંગના વિષે 'મુસ્તદરક હાકિમ'ની રિવાયતો

હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે :

– ટૂંક સમયમાં ફિત્નો થશે,

તેમાં લોકો એવા અલગ થઈ જશે જેવી રીતે સોનું ખાણમાંથી અલગ

---

(૧) જમરએ અકબહ : શૈતાનને કાંકરી મારવાનો છેલ્લો સ્થંભ (થાંભલો)

કરવામાં આવે છે.

– તમે અહલે શામ (સિરિયાના લોકો)ને બુરૂં – ભલું ન કહો, તેમના ઝાલિમોને બુરા કહો, કારણ કે તેમનામાં અબ્દાલ થશે.

– અલ્લાહ તઆલા શામ (સિરિયા)ના લોકો પર વર્ષા વરસાવશે જે તેમને ડૂબાડી દેશે.

– તે (લોકો ડૂબી જવાના કારણે) એવા કમઝોર થઈ જશે કે જો શિયાળ પણ તેમનાથી લડે તો તે લોકો પર વર્ચસ્વ મેળવી લે.

– પછી તે વખતે અલ્લાહ તઆલા હાશમી (અર્થાત મહદી)ને મોકલશે જે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદમાંથી હશે.

– તેમની સાથે ઓછામાં ઓછા ૧૨૦૦૦ (બાર હઝાર) અને વધારેમાં વધારે ૧૫૦૦૦(પંદર હઝાર) સુધીનું લશ્કર હશે.

– તેમના લશ્કરનો શિઆર (ઓળખ ચિન્હ) " અમીત અમીત" નો શબ્દ હશે.

– તેમનું લશ્કર ત્રણ ઝંડાઓ નીચે લડશે.

– તેમના સામે મુકાબલા માટે (દુશ્મનોનું લશ્કર) સાત ઝંડાઓ નીચે હશે.

– દરેક ઝંડાવાળો વર્ચસ્વ (વિજય) મેળવવાની લાલચ ધરાવતો હશે.

– તેઓ લડશે અને હારી જશે.

– અલ્લાહ તઆલા હાશમી અર્થાત મહદીને ફતેહ (વિજય) આપશે.

– પછી અલ્લાહ તઆલા તે લોકોને તેમની (ગુમાવેલી) ઉલ્ફત અને નેઅમત પરત કરશે.

– પછી લોકો દજજાલના જાહેર થવા સુધી એ જ ખૂશહાલી માં રહેશે.

*(મુસ્તદરક હાકિમ : ૪/૫૯૬, હદીષ નંબર : ૮૬૫૮)*

# દસમું પ્રકરણ

## હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાની કેટલીક સર્વ સમજી શકે તેવી નિશાનીઓ

હઝરત મહદી (રદિ.)ના જાહેર થવા વિષે અધિકૃત અને બિન અધિકૃત બન્ને પ્રકારની અલામતો કિતાબોમાં મળે છે, તેમાંથી કેટલીક અલામતો તો એવી છે કે એક અદના આદમી પણ અલામત જોઈને હઝરત મહદી (રદિ.)ની ઓળખ કરી શકે છે.

અમે અહીં માત્ર બે અલામતોનું વર્ણન કરીએ છીએ :

***(૧) સૂરજની સાથે કોઈ નિશાનીનો ઉદય***

" મહદી (રદિ.) ત્યાં સુધી જાહેર નહિ થશે જયાં સુધી સૂરજની સાથે કોઈ નિશાની ઉદય નહિ પામે. "

*(મુસન્નફ અબ્દુર્રઝ્ઝાક – ૧૧ / ૩૭૩ હદીષ : ૨૦૭૭૫)*

આ રિવાયતને હઝરત મુફતી નિઝામુદ્દીન શામઝઈ (રહ.)એ વિશ્વાસ પાત્ર બતાવી છે. *(અકીદએ ઝૂહુરે મહદી : ૫૩)*

'અલ ફિતનુ લિ નુઅયમ ઈબ્ને હમ્માદ' માં પણ એવી જ એક રિવાયત મળે છે જે સનદની રૂએ હસન છે.

" મહદી (રદિ.) ત્યાં સુધી જાહેર નહિ થશે જયાં સુધી સૂરજ નિશાનીરૂપ ન ઉગે." *(અલ ફિતન : પૃ : ૨૬૦ હદીષ નં : ૯૫૯)*

***(૨) ખુરાસાન અને કાળા ઝંડા***

હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાના સમયના બનાવોમાં ખુરાસાનથી કાળા ઝંડાઓ જાહેર થવા વિષે પણ ઘણી રિવાયતો વારિદ થયેલી છે, તેમાંથી માત્ર થોડી રિવાયતોને તેની ટૂંકી સૈધ્ધાંતિક સમીક્ષા સહિત અહીં નકલ કરવામાં આવે છે.

**(૧)**

હઝરત અલી (રદિ.) થી રિવાયત છે કે :

" જયારે સુફિયાનીનું લશ્કર નીકળીને કૂફા આવશે ત્યારે તે ખુરાસાનની તલબમાં લશ્કર મોકલશે અને ખુરાસાનવાળાઓ મહદી (રદિ.) તરફ જશે. અંતે તે સુફયાનીનો ભેટો હાશમીઓના કાળા ઝંડાવાળા લશ્કર સાથે થશે, જેના આગળના ભાગમાં શુઅયબ બિન સાલિહ હશે.

ત્યારે ત્યાં હાશમી અને સુફીયાનીના લશ્કરોમાં જંગ થશે, હાશમીનું લશ્કર ગાલિબ આવશે (વર્ચસ્વ મેળવશે) અને સુફિયાનીનું લશ્કર ભાગી જશે.

"તે વખતે લોકો મહદી (રદિ.)ની તમન્ના કરશે અને તેમની તલાશ કરશે."

*(મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ અલા હામિશ મુસ્નદે અહમદ : ૬/ ૩૩, અલ ફિતન : ૨૧૮, હદીષ નંબર: ૮૬૮)*

આ રિવાયત જો કે મવકૂફ (૧) છે છતાં હુકમની રૂએ મરફૂઅ (૨) છે કારણ કે એ જ શબ્દો ઘણી મરફૂઅ રિવાયતોમાં પણ વારિદ છે. ઉપરાંત મુહદ્દિષીન અને હદીષના વિદ્વાનોના મતે આ કાયદો પણ મશહૂર છે કે સહાબીની કોઈ અતાર્કિક વાત (જે કયાસ એટલે માનવીય સમજથી દૂર) હોય તે મરફૂઅ હદીષના હુકમમાં છે.

**(૨)**

" જયારે તમે ખુરાસાનની તરફથી કાળા ઝંડાઓ જાહેર થતા જોઈ લો તો તેની તરફ ચાલ્યા જાઓ, એટલા માટે કે તેમાં અલ્લાહના ખલીફા મહદી (રદિ.) હશે. "

*(મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ : ૬/ ૨૯) (અકીદએ ઝુહૂરે મહદી (રદિ.) પૃ : ૬૫)*

**(૩)**

હઝરત સવબાન (રદિ.) ફરમાવે છે કે :

નબીયે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

" તમારા ખઝાના પાસે ત્રણ શખ્સ લડશે, તેમાંથી દરેક ખલીફાનો પુત્ર

---

(૧) મવકૂફ હદીષ: જે હદીષની નિસ્બત સહાબી સુધી પહોંચે તેને 'મવકૂફ' હદીષ કહેવામાં આવે છે.

(૨) મરફૂઅ હદીષ: જે હદીષની નિસ્બત રસૂલુલ્લાહ (સ.અ.વ.) સુધી પહોંચે તેને 'મરફૂઅ' હદીષ કહેવામાં આવે છે.

(શાહઝાદો) હશે, પરંતુ તે ખઝાનો તે ત્રણેમાંથી કોઈને પણ પ્રાપ્ત નહિ થાય.

પછી પૂર્વ તરફથી કાળા ઝંડાઓ જાહેર થશે, તેઓ તમારી સાથે એવી લડાઈ લડશે કે તે પહેલાં કોઈ કોમે તમારી સાથે એવી લડાઈ નહિ લડી હોય.

તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કંઈ કહયું, જે મને (રિવાયત કરનારને) યાદ રહી શકયું નહી,

તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

" જયારે તમે તેને જુઓ તો તેનાથી બૈઅત થઈ જાઓ, ભલેને તમારે બરફ પર ઢસડાઈને જ તેમની પાસે કેમ ન આવવું પડે. એટલા માટે કે તેઓ અલ્લાહના ખલીફા મહદી (રદિ.) છે." *(સુનને ઈબ્ને માજહ : ૩૧૦)*

સુનને ઈબ્ને માજહની આ રિવાયત પણ સ્વીકાર્ય છે, કારણ કે આ રિવાયત 'ઈબ્ને માજહ'ની ઝઈફ અને મવઝુઅ રિવાયતોમાંથી નથી.

ઉપરાંત 'સુનને અબૂ દાવુદ', 'કિતાબુલ મહદી'માં અને 'મુસ્તદરક લિલ હાકિમ'માં એની મુતાબેઅ રિવાયતો પણ છે, અને બીજા સહાબા (રદિ.)ની રિવાયતોથી પણ આ રિવાયતની તાઈદ (સમર્થન) થાય છે.

વિસ્તૃત સમીક્ષા માટે ડોકટર નિઝામુદીન શામઝઈ (રહ.)ની કિતાબ 'અકીદએ ઝુહૂરે મહદી (રહ.)' પૃષ્ઠ ૩૭ અને ૩૮ વાંચવા વિનંતી.

અલ્લામા સિંધી (રહ.) ફરમાવે છે :

આ રિવાયતને અબૂલ હસન બિન સૂફિયાન (રહ.) એ પોતાની મુસ્નદમાં અને અબૂ નુઅયમે 'કિતાબુલ મહદી' માં ઈબ્રાહીમ બિન સુવયદ શામી (રહ.)ના તરીકાથી વર્ણવી છે અને સનદના એતેબારથી એ રિવાયત સહીહ પણ છે, ઉપરાંત એના તમામ રિજાલ (રિવાયત કરનાર શખ્સો) પણ વિશ્વાસુ છે. (તરજુમાનુસ્સુન્નાહ : ૪ / ૩૯૦)

**(૪)**

હઝરત સવબાન (રદિ.)થી રિવાયત છે કે :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યુ છે કે,

" જયારે તમે ખુરાસાનના તરફથી કાળા ઝંડાઓ જાહેર થતાં જુઓ તો તમે તેમની પાસે ચાલ્યા જાઓ, કારણ કે તેમનામાં અલ્લાહ તઆલાના

ખલીફા મહદી (રદિ.) હશે."

*(મુસ્નદ અહમદ : ૫/ ૧૭૭, હદીષ નં : ૨૨૭૪૬)*

આ બાબતમાં અબૂ દાવુદ શરીફની એક રિવાયત છે જેમાં ખુરાસાનના એક બાદશાહનું હઝરત મહદી (રદિ.)ની મદદ માટે આવવું આ પ્રમાણે વારિદ થયેલું છે. :

(૫)

હઝરત હિલાલ બિન અમ્ર (રદિ.)થી રિવાયત છે :

તેમણે ફરમાવ્યું કે ,

મેં હઝરત અલી (રદિ.)ને આ કહેતા સાંભળ્યા કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે,

" માવરાઉન્નહરથી એક શખ્સ નીકળશે, જેને અલ હારિસુ હિરાસ (અલ હારિસ બિન હારિસ) કહેવામાં આવશે. તેના લશ્કરની આગલી હરોળમાં એક શખ્સ હશે જેને મનસૂર કહેવામાં આવશે, તે આલે મુહમ્મદ (સ.અ.વ.) ને એ જ રીતે આશ્રય અથવા પનાહ આપશે જેવી રીતે કુરેશે રસૂલ (સ.અ.વ.)ને પનાહ આપી હતી, દરેક મોમિન પર તેની મદદ કરવી વાજિબ છે."

અથવા ફરમાવ્યું કે ,

" દરેક મોમિન પર તેનો હુકમ કબૂલ કરવો વાજિબ છે ."

*(અબૂ દાવુદ : ૩ / ૫૮૯ હદીષ નંબર ૪૨૯૦)*

આ સિલસિલમાં શાહ રફીઉદ્દીન સાહબ (રહ.) પોતાની કિતાબ 'અલામાતે કયામાત' પૃષ્ઠ : ૧૧ ઉપર ફરમાવે છે કે :

" જયારે આ ખબર અર્થાત હઝરત મહદી (રદિ.)ના જાહેર થવાના સમાચાર ઈસ્લામી દુનિયામાં ફેલાઈ જશે તો ખુરાસાનથી એક શખ્સ, જેના લશ્કરની આગલી હરોળનો સેનાપતિ મનસૂર નામનો શખ્સ હશે, એક ઘણી મોટી ફૌજ લઈને આપની મદદના માટે રવાના થશે જે રસ્તામાં ઘણા ઈસાઈઓ અને બદદીનોનો સફાયો કરી દેશે."

**ફાઈદહ :**

ઉપર લખેલી રિવાયતોની સનદોમાં કંઈ ન કંઈ કલામ (વાંધો) તો જરૂર છે. અલબત્ત વિવિધ તરીકાઓથી અમુક કક્ષાએ કુવ્વત તો હરહાલતમાં પેદા થઈ જાય છે.

# અગિયારમું પ્રકરણ

## કેટલીક મશહૂર અલામતોની ઈલ્મી સમીક્ષા અને તેની તરદીદ (ખંડન)

***(૧) હઝરત મહદી (રદિ.)ના જાહેર થવા પહેલા રમઝાનુલ મુબારકમાં સૂરજ અને ચાંદ ગ્રહણ :***

હઝરત મહદી (રદિ.)ના જાહેર થવા વિષે જે વાતો મશહૂર છે, તેમાંથી એક આ પણ છે કે :

જયારે આપ (રદિ.) જાહેર થનાર હશે, તેનાથી પહેલાંની રમઝાનુલ મુબારકમાં ચાંદ અને સૂરજને ગ્રહણ લાગશે, અને એવો અજીબ મામલો આસમાન અને જમીનના સર્જન બાદ કદી બન્યો ન હશે.

હઝરત શાહ રફીઉદ્દીન સાહબ દહેલ્વી (રહ.) લખે છે કે :

" આ બનાવની અલામત આ છે કે તેનાથી પહેલા વીતેલા વરસે રમઝાન મહિનામાં ચાંદ –સૂરજને ગ્રહણ લાગી જશે." *(અલામાતે કયામત : ૧૦)*

આ વાત જે મશહૂર થઈ છે તેની બુનિયાદ એક રિવાયત છે જેના શબ્દો આ છે :

" બેશક અમારા મહદી (રદિ.)ની બે એવી નિશાનીઓ છે, જે આસમાન અને જમીનના સર્જનકાળથી અત્યાર સુધી બની નથી.

(૧) રમઝાનની પહેલી રાતે ચાંદ ગ્રહણ થશે.

(૨) તે જ રમઝાનની મધ્યમાં સૂરજ ગ્રહણ થશે.

અને આ બન્ને નિશાનીઓ આસમાન અને જમીનના સર્જનથી અત્યાર સુધી જાહેર થઈ ન હશે."

*(સુનને દારે કુત્ની : ૨/ ૪૫, હદીષ નંબર : ૧૭૭૭, ૧/૧૮૮)*

***મજકૂર રિવાયતની ઈલ્મી સમીક્ષા :***

આ રિવાયત બાબત સૌથી પ્રથમ આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે આ રિવાયત હદીષ શરીફ નથી, બલકે મુહમ્મદ બિન અલી (રહ.)નો કોલ છે, જયાં સુધી કોઈ સ્પષ્ટ દલીલ ન હોય, ત્યાં સુધી એને

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) નો ઈર્શાદ ઠેરવવો એ ઘણો મોટો અને ખોટો આરોપ છે, બલ્કે હદીષ :

" જે શખ્સ મારા વિશે કોઈ હાલ યા ખ્વાબ ગલત બયાન કરશે, તે પોતાનું ઠેકાણું જહનન્માં બનાવી લેશે."

અનુસાર પોતાનું ઠેકાણું પોતાના હાથે જહન્નમમાં બનાવી લેશે.

ઉપરાંત મુહમ્મદ બિન અલી (રહ.)નું આ કથન સનદની રૂએ અત્યંત સાકિત (અસ્વીકાર્ય) અને મરદૂદ (રદ પાત્ર)છે.

એના કારણો નીચે પ્રમાણે છે :

(૧)

આ રિવાયતમાં એક રાવી "અમ્રબિન શુમુર' છે, એના વિષે હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.)એ અને અલ્લામા શમ્સુદીન ઝહબી (રહ.)એ

– કઝ્ઝાબ (જૂઠો)

– રાફઝી (શીઆ)

– સહાબાને ગાળો આપનાર,

– મત્રુકુલ હદીષ (એની વર્ણવેલ હદીસ અસ્વીકાર્ય)

જેવા સખ્ત (કડક) શબ્દો લખ્યા છે.

તેની એક ઘણી બુરી આદત આ હતી કે વિશ્વાસુ રાવીઓ તરફ મવઝૂઅ મનઘડત રિવાયતો મન્સુબ કરીને નકલ કરતો હતો, એટલે મજકૂર હઝરાતે તેની રિવાયત કબૂલ નહિ કરવાનો નિર્ણય કર્યો છે.

*(લિસાનુલ મીઝાનઃ ૪/૪૨૨) (મીઝાનુલ એઅતેદાલ : ૨/૨૬૨)*

(૨)

આ રિવાયતનો બીજો રાવી 'જાબિર જુઅફી 'છે. અને તે :

– બેહદ મુતકલ્લિમ ફીહ (વિવાદાસ્પદ),

– કઝ્ઝાબ (જૂઠો)

– ગાલી ( હઝરત અલી રદિ.ને ખુદા માનનાર કટ્ટર શીઆ)

– શાતિમે સહાબા (સહાબાને ગાળો આપનાર) હતો.

ઈમામ મુસ્લિમ (રહ.)એ 'મુસ્લિમ શરીફ'ના મુકદ્દમા (પ્રસ્તાવના)માં

પૃષ્ઠ ૧૫ ઉપર કુલ ૪ અકાબિરે વર્ણવેલા વાંધા નકલ કર્યા છે. જેમાં 'ઈમાન બિરરજઅહ' (કયામત પૂર્વે હઝરત અલી રદિ.ના ફરી પ્રગટ થવા)નો અકીદહ વિષેશ છે.

ઈમામ અબૂહનીફ (રહ.) ફરમાવે છે કે :

" મને જેટલા જૂઠા લોકો મળ્યા છે, (તેમાં) જાબિર જઅફી કરતાં વધારે જૂઠો મેં કોઈને જોયો નથી."

એની વિસ્તૃત વિગતો ' તહઝીબુત્તહઝીબ' ની જિલ્દ : ૧, પૃષ્ઠ : ઉપર ઉપર છે.

***(૩)***

આ રિવાયતના ત્રીજા રાવી ' મુહમ્મદ બિન અલી' છે. અને એ નામના ઘણા રાવીઓ છે. એટલે અહીં કયા મુહમ્મદ બિન અલી મુરાદ છે, તેની કોઈ સ્પષ્ટતા નથી, એટલે આ રાવી પણ મજહૂલ (અજ્ઞાત) ગણાશે.

ઉપરાંત મુહમ્મદ બિન અલીથી હઝરત બાકિર (રહ.)ને મુરાદ લેવું (જેમ કે કેટલાકનો મત છે) નિરાધાર વાત છે.

ઉપર લખેલા કારણોથી આ રિવાયત વિશ્વાસ પાત્ર રહેતી નથી. એટલે ઝુહૂરે મહદી (રદિ.) જેવા મહત્વના મસ્અલામાં એને પણ દલીલ તરીકે રજૂ કરી શકાતી નથી, અને એનાથી આ અલામત સાબિત થતી નથી કે હઝરત મહદી (રદિ.) ના સમયમાં આ પ્રકારના કોઈ ગ્રહણ થશે.

***(૪)***

ઉપર લખેલી રિવાયતને લગભગ મળતી આવતી એક રિવાયત શયખ યૂસુફ અલ મકદિસી (રહ.)ની કિતાબ 'અકદુદ દુરર ફી અખબારિલ મુન્તઝર' અને શીઆઓની કિતાબ ' બશારતુલ અનામ લિ ઝુહૂરિલ મહદી અલયહિસ્સલામ લિલ કાઝિમી' માં પણ છે.

અલબત્ત આ રિવાયતમાં છે કે :

" સૂરજ ગ્રહણ મધ્ય રમઝાનમાં અને ચંદ્ર ગ્રહણ આખરી રમઝાનમાં થશે, અને આ બન્ને નિશાનીઓ હઝરત આદમ (અલૈ.)ને જમીન પર ઉતારવા બાદથી આ જ સુધી જાહેર થઈ નથી."

**સમીક્ષા :**

– ઈલ્મે હદીષના નિયમો પ્રમાણે આ રિવાયતમાં લગભગ તે જ વાંધાઓ છે જે 'સુનને દારે કુતની'ની ઉપર લખેલી રિવાયતમાં છે. એટલે આ રિવાયત પણ સ્વીકારવા લાયક નથી.

*(રદ્દે કાદિયાનિય્યત..... મૌલાના ચુન્યોટી, અને ફિકહી જવાહિર : મુફતી ઉમર ફારૂક લુહારવી પૃષ્ઠ : ૩)*

– ઉપરાંત તાર્કિક રીતે પણ જોવામાં આવે તો ઈ.સ.૧૮૦૧ થી ઈ.સ. ૧૯૦૦ સુધી (એક સદી)ના સમયગાળામાં સૂરજ અને ચાંદ, બન્નેનું ગ્રહણ એક સાથે રમઝાનુલ મુબારકમાં ૫ (પાંચ) વખત થયું છે.

ઉપરાંત એ જ સિલસિલમાં એક આ વાત પણ ધ્યાનપાત્ર છે કે ઈ.સ. ૧૮૫૧થી ઈ.સ. ૧૮૯૫ સુધીના માત્ર ૪૫ (પિસ્તાલીસ) વરસના ટૂંકા સમયગાળામાં રમઝાનુલ મુબારકમાં જ ત્રણ વાર ગ્રહણની ઘટના ઘટી છે.

તો અનુમાન કરો કે એનાથી પહેલા તો કેટલીય વખત આ પ્રકારના બનાવો બન્યા હશે.

એટલે રિવાયતમાં જે વાત છે કે જયારથી અલ્લાહ તઆલાએ જમીન અને આસમાનને પેદા ફરમાવ્યાં છે, કદી એવો બનાવ બન્યો નથી, એ કેવી રીતે સાચું હોઈ શકે.

માલૂમ થયું કે તાર્કિક રીતે પણ આ રિવાયત સ્વીકાર્ય નથી.

(વિસ્તૃત વિગતો માટે ઉપર લખેલા હવાલાનું લખાણ વાંચવામાં આવે.)

***(૨) શું હઝરત મહદી (રદિ.)ના ઝુહુર વખતે આસમાનથી કોઈ અવાઝ આવશે ?***

ખાસ હઝરત મહદી (રદિ.)ના વિષયમાં લખવામાં આવલી ઘણી ઉર્દૂ અરબી કિતાબોમાં મહદી (રદિ.)નું જે વર્ણન છે તેમાં આપ (રદિ.)ના ઝુહૂરની એક નિશાની આ પણ વર્ણવેલી છે કે :

જયારે હઝરત મહદી (રદિ.) જાહેર થશે ત્યારે આસમાનથી એક અવાજ આવશે :

" આ અલ્લાહના ખલીફા મહદી છે, જેથી એમની ઈત્તિબાઅ (તાબેદારી) કરો !"

ઉપરાંત આ વાત આમ લોકોના મોઢે પણ ચર્ચાતી થઈ ગયેલી છે, એટલે એની હેસિયત જાણવી અત્યંત જરૂરી છે.

આ સિલસિલામાં હદીષની વિવિધ કિતાબોમાં જે રિવાયતો આવેલી છે, તેમાંથી કેટલીક નીચે પ્રમાણે છે :

(૧) હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અલઆસ (રદિ.)થી રિવાયત છે કે ,

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો :

" હઝરત મહદી (રદિ.) એવી હાલતમાં જાહેર થશે કે તેમના માથા પર એક ફરિશ્તો હશે, જે આ સદા આપશે.

' આ મહદી છે ! જેથી એમની ઈત્તિબા (અનુસરણ) કરો."

*(મુસ્નદુસ્સામિય્યિન : ૨/ ૭૧ હદીષ : ૯૩૫)*

(૨) એ જ પ્રમાણે ઈમામ ઈબ્ને અદી (રહ.)એ પણ પોતાની કિતાબ 'الكامل فى ضعفاء الرجال' માં કંઈક ઈખ્તિલાફ સાથે હદીષ રિવાયત કરી છે કે,

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અલઆસ (રદિ.)થી રિવાયત છે કે :

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ ઈર્શાદ ફરમાવ્યો કે,

" હઝરત મહદી (રદિ.) એ હાલતમાં જાહેર થશે કે તમેના માથા પર વાદળનો એક ટુકડો હશે, જેમાં એક ફરિશ્તો હશે જે આ સદા આપશે કે :

' આ મહદી છે ! જેથી એમની ઈત્તિબા કરો."

*(અલ કામિલ : ૬/ ૫૧૫, ૫૧૬)*

**મજકૂર રિવાયતોની ઈલ્મી સમીક્ષા :**

– આ બન્ને રિવાયતોનો આધાર ' અબ્દુલ વહાબ બિન ઝહહાક (બિન અબાન અલ સુલમી અલ ઉરૂઝી) પર છે.

ઈલ્મે હદીષના વિદ્વાન ઉલમાએ કિરામે આ રાવીઓ પ્રત્યે સખત વાંધો દર્શાવ્યો છે.

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) નકલ ફરમાવે છે કે :

ઈમામ બુખારી (રહ.) ફરમાવે છે કે :

" અબ્દુલ વહાબ બિન ઝહહાક પોતાની પાસે અનોખી (જૂઠી) રિવાયતો ધરાવે છે."  *(તહઝીબુત્તરહીબ : ૩ / ૫૨૭, ૫૨૮)*

– ઈમામ અબૂ દાવુદ (રહ.) ફરમાવે છે કે :

" મે પોતે જોયું છે કે તે હદીષો ઘડે છે."

– ઈમામ નસાઈ (રહ.) ફરમાવે છે કે :

" એ વિશ્વાસપાત્ર રાવી નથી. ઉપરાંત મતરૂક (ત્યજી દેવામં આવેલો–અસ્વીકાર્ય) પણ છે. "  (ર૬.)

– સાલિહ બિન મુહમ્મદ હાફિઝ ફરમાવે છે કે,

" તે મુન્કરૂલ હદીષ (ખોટી કે અનોખી હદીષો વર્ણવનાર) છે અને તેની મોટા ભાગની હદીષો જૂઠી છે.

– લગભગ આ રિમાર્ક (REMARK)નોંધ 'મીઝાનુલ એઅતિદાલ'ના ભાગ ૨, પૃષ્ઠ ૧૬૦, ૧૬૧ ઉપર પણ છે.

– ઉપરાંત આ વિષયની ઘણી રિવાયતો 'અલ ફિતન' માં નુઅયમ બિન હમાદ (રહ.)એ નકલ કરી છે, પરંતુ તે સહાબા (રદિ.) અને તાબેઈન (રહ.)ના આસાર છે. માત્ર એક જ રિવાયત મરફૂઅ છે.

અને તમામ રિવાયતો પર ઈલ્મે હદીષ (હદીસ શાસ્ત્રના) નિયમો અનુસાર કલામ (વાંધો) કરવામાં આવ્યો છે.

ઉપરાંત એની સમાનાર્થી રિવાયત :

– કન્ઝુલ ઉમ્માલ જિલ્દ : ૧૪ પૃષ્ઠ : ૫૮૪ ઉપર તથા

– મુસન્નિફ ઈબ્ને અબી શયબહ ની જિલ્દ ૭, પૃષ્ઠ ૫૩૧ ઉપર પણ આવી છે.

**સારાંશ :**

ઉપરની વિસ્તૃત સમીક્ષાનો સારાંશ આ છે કે સનદની રૂએ આ રિવાયત કોઈ પણ પ્રકારે ઝુહૂરે મહદી (રદિ.) જેવા મહત્વના બનાવની સૌથી મહત્વની અલામતના માટે દલીલ બની શકતી નથી.

## કેટલીક બીજી વાતો જેના મુસ્તનદ (અધિકૃત) હવાલા મળી શકયા નથી

હઝરત મહદી (રદિ.) ના મુબારક વર્ણનમાં આપની સામે ઘણી વાતો આવી. કોશિશ આ રહી કે જેટલી વાતો કહેવામાં આવે તે સહીહ હદીષોની રોશનીમાં હોય. અલબત્ત કેટલીક વાતો એવી છે જેની કોઈ સબળ સનદવાળી રિવાયત મને મળી શકી નથી.

અથવા કેટલીક વાતો એવી છે જે અકાબિરના લખાણોમાં તો મોજૂદ છે પરંતુ મને એ વાતોના મુસ્તનદ (અધિકૃત, પ્રમાણભૂત) હવાલા મળી શકયા નથી, એટલે એ વાતોને અલગ રીતે અહીં દર્શાવી દઉં છું.

(૧) હઝરત મહદી (રદિ.) ચકમો આપીને (નજર ચુકાવીને) (મકકા મુકર્રમાથી ) મદીના મુનવ્વરા ભાગી જશે.

(૨) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે :

" મદીના મુનવ્વરા તરફ એક લશ્કર મોકલવામાં આવશે. તે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ઘરાના (ખાનદાન) વાળાઓ માંથી જેને જોશે તેને પકડી લેશે અને બની હાશિમની ઘણી સ્ત્રીઓ અને મર્દને કત્લ કરી નાખશે, ત્યારે મહદી અને મુબયઝ મદીના મુનવ્વરાથી મકકા મુકર્રમા તરફ ભાગી નીકળશે." (મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ : ૬/ ૩૩)

(૩) હઝરત મહદી (રદિ.) એવી હાલતમાં નીકળશે કે તેમના મુબારક માથા પર એક વાદળ છાંયડો કરશે, તેમાંથી એક હાથ નીકળશે અને હઝરત મહદી (રદિ.) તરફ ઈશારો કરશે.

(૪) આસમાનથી નિદા આવશે :

" સાંભળો ! હક (સત્ય) મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ઘરાના વાળાઓમાં છે."

(૫) આપ (હઝરત મહદી રદિ.)નો ઝૂહૂર મુહર્રમમાં આશૂરાની રાતે ઈશા બાદ થશે.

(૬) હઝરત મહદી (રદિ.)ની પાસે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ના કુર્તા, તલવાર અને ઝંડો હશે. તેના ઉપર લખ્યુ હશે ર

(૭) આપ (રદિ.)ના ખભામાં નબીએ પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મુબારક અલામત હશે.

(૮) આપ (રદિ.)ના માટે દરિયાઓ (મોટી નદીઓ) એવી રીતે ફાટી જશે અર્થાત પાણીના વચ્ચે રસ્તો બની જશે) જેવી રીતે બની ઈસરાઈલ માટે ફાટી ગયો હતો.

(૯) આપ (રદિ.)એક સૂકી ડાળી જમીનમાં લગાવશે તો તે તત્કાળ પાંદડા અને ફળોવાળું (મોટું) વૃક્ષ બની જશે.

(૧૧) આપની પાસે એક તાબૂત (શબ પેટી) હશે જેને જોઈને મોટા ભાગના યહૂદીઓ ઈમાન લાવશે.

(૧૨) આપની ઝુબાનમાં લુકનત હશે (બોલતી વખતે જીભ થોથવાતી હશે.) જેના કારણે વાત કરતી વખતે તંગ થઈને જાંગ ઉપર જમણો હાથ મારશે.

બીજી પણ ઘણી વાતો આ વિષયમાં લખવામાં આવેલી કિતાબોમાં વાંચી પરંતુ એની કોઈ સબળ સનદ નહિ મળવાના કારણો અને લંબાણ થઈ જવાના અંદેશાથી છોડી દેવામાં આવે છે. ઉપર લખેલી રિવાયતોમાંથી

–કેટલીક ઝઈફ.

– કેટલીક મકતૂઅ અને

– કેટલીક મવઝુઅ પણ છે.

પરંતુ આ વાતો લોકોની ઝબાનો પર ચઢી ગઈ હોવાથી, કેટલીક લખી દેવામાં આવી છે.

**કશ્ફ અને ઈલ્હામ**

હઝરત મહદી (રદિ.) વિષે ઘણા અકાબિરોથી વિવિધ મુકાશફહ નકલ થયેલા છે અને એ વિષેની ઘણી કિતાબોમાં એ મુકાશફહનું ઘણા મહત્વ સાથે અને વિશિષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

કેટલાક લોકો તો એવા કશ્ફ અને ઈલ્હામ ને નકલ કરવામાં ઘણી બેકાળજીથી કામ લે છે અને પછી એ અવામ (આમ જનતા)માં મશહૂર થઈ

જાય છે અને ધીરે ધીરે લોકો એવા મુકાશફાત ને મુસ્તનદ (અધિકૃત) વાત સમજી લે છે.

નજીકના ભૂતકાળમાં આપણા અકાબિરોથી પણ કેટલાક કશ્ફો, ભવિષ્યવાણીઓ અને કથનો નકલ થયેલાં છે, સાચે જ એ વાતો બુઝુર્ગોની છે કે નહી, એની ચર્ચાથી અલગ રહીને અહી માત્ર કશ્ફ અને ઈલ્હામની હકીકત અને તેનો હુકમ બતાવવાનો હેતુ છે.

**શબ્દાર્થ :**

કશ્ફનો અર્થ "ખોલી દેવું" થાય છે.

**પારિભાષિક અર્થ**

ઈસ્તિલાહ (પરિભાષા)માં કશ્ફ એવા ઈલ્મને કહેવામાં આવે છે જેને અલ્લાહ કોઈના પર ખોલી દે ભલે તે :

– નબી હોય કે વલી,

– સાલિહ (નેક) હોય કે ફાસિક અને ફાજિર,

– મુસ્લિમ હોય કે ગેર મુસ્લિમ,

– ઈન્સાન હોય કે હયવાન,

એટલે કે કશ્ફ આ દરેકથી સંબંધિત છે અને દરેકને થઈ શકે છે.

**આપણા ઉર્ફમાં એનો અર્થ :**

પરંતુ આપણાં ઉર્ફ (લોકભાષા)માં કશ્ફ પણ ઈલ્હામની જેમ જ ઔલિયા અને સાલિહીન (નેક લોકો) સાથે ખાસ છે.

**કશ્ફ અને ઈલ્હામની શરઈ હેસિયત :**

કશ્ફ અને ઈલ્હામ ભાવાર્થના એતિબારથી ભિન્ન અને મિસ્દાક (ચરિતાર્થ)ના લિહાઝથી સમાન છે, પરંતુ શરઈ હેશિયતથી બન્ને ઝન્ની (અનુમાન આધારિત અર્થઘટન) છે.

– કશ્ફ અને ઈલ્હામ પર ઈમાન લાવવું ન વાજિબ છે ન મતલૂબ,

– કશ્ફ અને ઈલ્હામ :

ન તો ઈસ્લામના અરકાનમાંથી છે,

ન દીનના ઉસૂલમાંથી છે.

ન શરઈ હુજ્જત (દલીલ) પૈકી છે.

– કશ્ફ અને ઈલ્હાથી માત્ર એક આછો અંદાજો (અનુમાન) લગાવી શકાય છે જે વાસ્તવિક જગતમાં સાકાર થઈ પણ શકે છે અને નહિ પણ થઈ શકે છે. મ

– એની હેશિયત બિલ્કુલ ખ્વાબો (સ્વપ્નાઓ) ની તા'બીર જેવી છે.

---

હઝરત મૌલાના ખૈર મુહમ્મદ જાલંધરી સાહબ (રહ.) એ લગભગ આ જ વાતો ' ખૈરૂલ ફતાવા' જિલ્દ : ૧, પૃઃ ૬૭ અને ૬૮ ઉપર એક સવાલના જવાબમાં લખી છે.

" કશ્ફનો અર્થ છે કોઈ વાત અથવા બનાવનું ખુલી જવું (આગઉથી જાણ થઈ જવી.)

– ઈલ્હામનો અર્થ છે દિલમા કોઈ વાતનો ઈલ્કા (પ્રેરણા) થઈ જવો.

– બશારતનો અર્થ ખૂશ ખબરી છે. જેમકે કોઈ સારો ખ્વાબ જોવો.

ઉપરાંત આગળ લખે છે કે :

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) બાદ કશ્ફ, ઈલ્હામ અને બશારત શકય છે પરંતુ :

– ન તે શરઈ રીતે હુજ્જત છે,

– ન તેના કતઈ અને યકીની હોવાનો દાવો કરી શકાય છે.

– ન કોઈને તેને માનવાની દાવત આપી શકાય છે."

અને આગળ એક બીજા સવાલના જવાબમાં આપ (રહ.) લખે છે કે :

" ગૈર નબીને કશ્ફ અથવા ઈલ્હામ થઈ શકે છે, પરંતુ તે હુજ્જત નથી. ન તેના મારફતે કોઈ હુકમ સાબિત થઈ શકે છે, બલકે તેને શરીઅતની કસોટી પર જાંચીને જોવામાં આવશે.

જો સહીહ હશે તો કબૂલ કરવામાં આવશે.

આ એ સૂરતમાં છે કે તે (જેને કશ્ફ કે ઈલ્હાંમ થયો હોય તે શખ્સ) સુન્નતે નબવી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો મુત્તબેઅ (તાબેદારી કરનાર) અને શરીઅતનો પાબંદ હોય,

જો કોઈ શખ્સ સુન્નતે નબવી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ખિલાફ ચાલતો હોય તો તેનો કશ્ફ અને ઈલ્હામનો દાવો શૈતાની ધોકો છે.

*(આપકે મસાઈલ ઔર ઉનકા હલ : ૧ / ૩૪,૩૫)*

**કશ્ફના ત્રણ પ્રકારો :**

કશ્ફ અને ઈલ્હામ દીન અને મઝહબમાં કોઈ શરઈ હુજ્જત નથી. મતલબ આ છે કે કશ્ફના અસ્તિત્વની સાબિતી તો સહીહ નુસૂસ (કુર્આન શરીફની સ્વંય સ્પષ્ટ આયતો) થી મળી છે, પરંતુ ગૈર અમ્બિયાના કશ્ફોમાં કાળ અને સ્થળનું નકકી કરવું વગેરેમાં ગલતીનો સંભંવ છે.

ફકીહુન્નફસ હઝત મૌલાના રશીદ અહમદ ગંગોહી (રહ.) ફરમાવે છેઃ

કશ્ફોના ત્રણ પ્રકારો છે :

(૧) તહતત્તકવીન (પ્રકૃતિના નિયમો આધારિત થનાર કોઈ બાબતની પૂર્વ જાણકારી). એમાં કાફિર અને મુસ્લિમ બરાબર છે.

(૨) લવહે મહફૂઝ (અલ્લાહ તઆલાની વિષેશ કિતાબમાં લખાયેલ બાબતોમાંથી કંઈક વાતનું જાણી લેવું). કશ્ફનો આ પ્રકાર વિષેશ મુસલમાનોના માટે છે, પરંતુ લવ્હે મહફૂઝ બાબત અલ્લાહ તઆલાનો હુકમ યાદ રાખવો જોઈએ કે એમાં

"અલ્લાહ ચાહે તે પ્રમાણે મીટાવે છે અને (ચાહે તેને) બાકી રાખે છે અને તેની જ પાસે અસલ કિતાબ છે."

*(સૂરએ રઅદ, આયત : ૩૯)*

(૩) અલ્લાહ તઆલાના વિશેષ ઈલ્મ (ઈલ્મે ઈલાહી)ની વાતોની જાણકારી. આ બાબતનો કશ્ફ ફકત અંબિયા હઝરાતને જ થાય છે.

---

પહેલા બે પ્રકારોમાં ગલતીનો સંભવ છે, [illegible] માં સંભવ નથી. [illegible] પહેલા બેમાં કાળ અને સ્થળ અનુમાનથી [illegible] થાય છે પરંતુ ઈલ્મે ઈલાહીમાં ભૂતકાળ અને વર્તમાન કાળ અને ભવિષ્યકાળ (ત્રણે કાળ ) બરાબર [illegible] એટલે અમ્બિયા અલયહિમુસ્સલામના ઉલૂમ [illegible] પાક છે.

*([illegible]સહ : પૃષ્ઠ : ૨૯૫)*

**કેટલાક કશ્ફોની સમીક્ષા :**

હઝરત મહદી (રદિ.) કયા વરસમાં જાહેર થશે, એ બાબતમાં પહેલાં

પણ કેટલાક અહલે કશ્ફને મુકાશફહ થયા હતા, જે વખત આવવા પર ગલત સાબિત થયા.

હઝરત મૌલાના મુહમ્મદ યાકૂબ નાનોત્વી (રહ.) પોતાના એક પત્ર (તારીખ : ૧૨ શવ્વાલ , ૧૨૯૪ હિ.) માં લખે છે કે :

" કેટલાક અહલે કશ્ફનું ગુમાન (અનુમાન) છે કે આવતી સદી (હિજરી)ની શરૂઆતમાં (હઝરત મહદી રદિ.) અને કયામતની નિશાનીઓ જાહેર થશે.

અને કેટલાકે એમ કહયું છે કે :

એ જમાનો હજૂ દૂર છે. અલ્લાહ જાણનાર છે. એનાથી આગળની વાત કહેવી ફુઝૂલ (નકામી) છે. જે ખુદા ચાહશે તે થશે."

*(મકતુબાત વ બયાઝે યાકૂબી : પૃ: ૧૧૦)*

---

હઝરત મવસૂફ (હઝરત મવલાના) મુહમ્મદ યાકુબ સાહબ નાનોત્વી (રહમતુલ્લાહિ અલયહિ) પોતાના એક બીજા પત્ર (તારીખ : ૨૪, ઝુલ હજજ ૧૨૯૯ હિ.)માં ખ્વાબની તાબીર બયાન કરતાં લખે છે કે :

" ઈમામ મહદી (રદિ.)ની મુલાકાત (થાય તો) શું અજબ (વાત ) છે? નસીબ થાઓ, કારણ કે એની અલામતો ઘણી જાહેર છે, અને મકશૂફે અવલિયાના મુતાબિક શું અજબ છે કે આ સદી (હિજરી)ના પહેલા અથવા બીજા વરસમાં જાહેર થઈ જાય. અલ્લાહ જાણનાર છે."

*(મકતુબાત વ બયાઝે યાકૂબી : ૧૨૯)*

---

ઉપરના પત્રોથી માલૂમ થાય છે કે હિજરી ૧૩૦૧ અથવા ૧૩૦૨માં હઝરત મહદી (રદિ.)ના ઝુહૂરની વાત કેટલાક અહલે કશ્ફ દ્વારા કરવામાં આવી હતી. છતાં હજુ સુધી ઝહૂરે મહદી થયો નથી.

***લોકો પર એ રાઝ અચાનક જાહેર થશે :***

અવલિયાએ કિરામના કશ્ફોનો વિશ્વાસ તે જ વખતે થઈ શકે છે જયારે કે તે :

– કુર્આન,

– હદીષ,

– ઈજમાએ ઉમ્મત અને

– કિયાસે સહીહહ ના ખિલાફ ન હોય,

અને આ મસ્અલો તમામ સલફ અને ખલફ (પુરોગામી) અને (અનુગામી) બુઝુર્ગોમાં સર્વમાન્ય છે. જેમ કે હઝરત કાઝી સનાઉલ્લાહ પાની પતી (રહ.)એ 'ઈર્શાદુત્ તાલિબીન' (કિતાબ)માં લખ્યું છે :

ઝુહૂરે મહદી માટે કોઈ વરસ નકકી કરવું નુસૂસે સહીહહ (કુર્આન અને હદીસના સ્પષ્ટ ફરમાનો) વિરુદ્ઘ છે.

આમ, કુર્આન અને હદીસ તકાઝો આ છે કે :

ઝુહૂરે મહદી (રદિ.)માં અલ્લાહ તઆલા શાનુહુ તરફથી જ ઈખ્ફા (ગુપ્તતા) રાખવામાં આવી છે, એક સમય આવશે કે લોકો પર અચાનક આ રાઝ જાહેર થશે.

બલ્કે આ બાબતમાં એટલી ગુપ્તતા રાખવામાં આવી છે કે ખૂદ હઝરત મહદી (રદિ.)ને પણ ઝુહૂરથી પહેલાં સુધી એમના મકામની જાણ ન હશે.

*(ફિકહી જવાહર પૃષ્ઠ : ૮૪, ૮૫)*

***વહી, ઈલ્હામ અને કશ્ફનો ફર્ક (તફાવત) :***

વહી, ઈલ્હામ અને કશ્ફનો ફર્ક અને તફાવત આ રીતે સમજવું જોઈએ કે

***વહી :***

વહી માત્ર તે ઈલ્મને કહેવામાં આવે છે, જેનો ઈલ્કા નબીના દિલ પર થાય, ભલે તે કોઈ પણ રીતે થાય. મુહદ્દિસોએ વહીના કેટલાયે પ્રકારો બતાવ્યા છે.

હર હાલતમાં વહીનો ઈલ્હામ કતઈ (નિશ્ચિત) હોય છે અને તેને માનવું જરૂરી હોય છે.

***ઇલ્હામ :***

ઈલ્હામ તે ઈલ્મને કહેવામાં આવે છે જે કોઈ મુબારક અને સલીમુલ ફિતરત (નેક સ્વભાવના) માણસના દિલમાં પ્રગટ થાય અને તેમાં એના પ્રયાસ કે તર્ક – અનુમાનને કોઈ દખલ ન હોય.

***તફાવત : ૧***

હવે જો એ ઈલ્કા કોઈ નબીના દિલ પર થાય તો એ પણ વહી જ કહેવાશે અને એ કતઈ જ હશે.

અને જો નબીના સિવાય કોઈ બીજા પર ઈલ્કા થાય તો તેને જ ઉર્ફ (લોકભાષા)માં ઈલ્હામ કહેવામાં આવે છે અને એનો ઈલ્મ ઝન્ની (અનુમાનીત) હોય છે.

***તફાવત : ૨***

વહી અને ઈલ્હામમાં એક ફર્ક આ પણ બતાવવામાં આવ્યો છે કે :

અમ્બિયા (અલૈ.)ની વહી અને ઈલ્હામ અમ્ર અને નહી (ભલાઈના હુકમ અને બૂરાઈથી મનાઈ) પર આધારિત હોય છે.

એટલા જ માટે અમ્બિયા (અલૈ.) પર એ (વહી અને ઈલ્હામ)ની તબ્લીગ વાજિબ હોય છે.

જયારે કે અવલિયા અને સાલિહીન (નેક લોકો)ના ઈલ્હામ મુબશ્શિરાત (બશારતો) અથવા તફહીમાત (બોધ,નસીહતો) પર આધારિત હોય છે અને તેમના પર પોતાના ઈલ્હામની તબ્લીગ વાજિબ નથી, બલકે ઈખ્ફા (છુપાવવું) જ બહેતર હોય છે, જયાં સુધી કે કોઈ શરઈ અથવા દીની જરૂરત નજર સમક્ષ ન હોય.

સય્યિદી વ સનદી હઝરત મુફતી સાહબ (રહ.) એ એક વખતે એક બનાવ બયાન ફરમાવ્યો હતો ક :

૨૫ (પચ્ચીસ) વરસ પહેલા મને એક સાહબે બતાવ્યું હતું કે :

ઈમામ મહદી પેદા થયાને આટલો અરસો થયો છે, મને હઝરત મીકાઈલે (અલૈ.) બતાવ્યું હજુ સુધી તો આવ્યા નથી. તેમણે હાથ વડે એક ઝિરાઅ (હાથ)નો ઈશારો કરીને બતલાવ્યો હતો કે એક ઝિરાઅ (હાથ)ના બરાબર છે.

*(મલ્ફૂઝાતે ફકીહુલ ઉમ્મત : ૯/૫૫)*

***હઝરત મહદી (રદિ.) ના અસહાબ***

તે ખુશ નસીબ મુસલમાન જેમને હઝરત મહદી (રદિ.)ના સંગાથમાં આલમી (વૈશ્વિક) ઈમાની જદ્દોજહદ (અભિયાન)નો મોકો નસીબ થશે, તે

હઝરાત વિષે પણ રિવાયતોમાં ઘણી અલામતો અને બશારતો આવી છે.

(૧) તેમના દિલ આપસમાં જોડી દીધેલા હશે. (અર્થાત આપસમાં એકતા અને ચાહત હશે.)

(૨) હઝરત મહદી (રદિ.)ના અસહાબ અલ્લાહની નજીક મહબૂબ હશે અને અલ્લાહ તઆલા તેમની મગફિરત ફરમાવશે.

(૩) તેઓ અલ્લાહ તઆલાના સિવાય કોઈનાથી ડરશે નહિ.

(૪) શરૂઆતના સમયમાં જાહેરી શૌકત અન કુવ્વતના એઅતિબારથી હઝરત મહદી (રદિ.)ના સાથીઓ (અસહાબ) કમઝોર હશે.

(૫) જે ૩૧૩ (ત્રણસો તેર) હઝરાત પ્રથમ તબકકામાં આપના હાથ પર બયઅત કરશે તે ખૈરૂલ કુરૂન (સૌથી શ્રેષ્ઠ યુગ) બાદ સૌથી ઊંચા દરજજાના ઈમાનવાળા હશે.

(૬) હઝરત મહદી (રદિ.)ના અસહાબ બાદમાં હઝરત ઈસા (અલૈ.)ના સંગાથે યહુદીઓથી આખરી લડાઈમાં શરીક થશે.

(૭) આપ (રદિ.)ના અસહાબની એક ટુકડી દજજાલથી મુકાબલો કરશે.

(૮) કઅબા શરીફ તેમની પનાહગાહ (આશ્રય સ્થાન) હશે.

(૯) ન તેઓ કોઈનાથી વ્યાકૂળ થશે, અને ન તેઓ કોઈને જોઈને ખૂશ થશે. અર્થાત તેઓ પોતાની ધૂનમાં લાગેલા હશે.

(૧૦) હઝરત મુહમ્મદ બિન હનફિય્યહ (રહ.)થી રિવાયત છે કે :

અમે હઝરત અલી (રદિ.)ની પાસે હતા.

તો આપ (રદિ.) એ ફરમાવ્યું કે ,

સાભંળો !

તે પછી આપે પોતાના હાથ વડે સાતની ગણતરી બતાવી .

તે પછી ફરમાવ્યું :

" તેઓ (હઝરત મહદી રદિ.) આખરી જમાનામાં એવા સંજોગોમાં નીકળશે કે જે કોઈ :

'અલ્લાહ અલ્લાહ' કહેશે તો કત્લ કરી દેવામાં આવતો હશે.

તે પછી અલ્લાહ તઆલા એક એવી કોમને જમા કરશે જે વાદળોની જેમ

આપસમાં સંલગ્ન થયેલા હશે.

– અલ્લાહ તઆલા તેમના દિલોને આપસમાં જોડી દેશે.

– તેઓ કોઈનાથી વ્યાકુળ નહિ થશે, ન કોઈ એવા શખ્સથી ખૂશી મહસૂસ કરશે જે તેમના કામમાં શરીક થઈ જાય.

– અસહાબે બદરની સંખ્યા જેટલી સંખ્યામાં હશે.

– દરજજામાં (ખૈરુલ કુરૂન સિવાય) ન તો આગલા લોકો તેમનાથી વધેલા હશે ન પાછળના લોકો તેમના સુધી પહોંચશે.

– અને તાલૂતના તે સાથીઓની સંખ્યા જેટલા હશે જેમણે તેમની સાથે નહેર પાર કરી હતી. *(મુસ્તદરક લિલ હાકિમ : ૪/ ૫૫૪)*

**કેટલાક મહત્વના મોકાઓ પર હઝરત મહદી (રદિ.) ના અસહાબનો હદીષોમાં ઉલ્લેખ :**

(૧)હઝરત મહદી (રદિ.) જે લશ્કર લઈને મદીના મુનવ્વરાથી મુલ્કે શામ રવાના થશે તે લશ્કરમાં શરીક થનારા (અસહાબ) તે વખતે દુનિયાના સૌથી અફઝલ મુસલમાન હશે.

(૨)જે હઝરાત મુલ્કે શામમાં શહાદતનો જામ પીશે તેઓ રિસાલતના દૌરના શહીદોના બાદ સૌથી અફઝલ શહીદ થશે.

(૩)શામની લડાઈઓમાં મુસલમાનોની ઓછી સંખ્યા અને નસરાનીઓની વિપુલતાના કારણે જે મુસલમાનો ભાગી જશે અલ્લાહ તઆલા તેમને કદી માફ નહિ કરશે.

(૪)કુસ્તુન્તુનિય્યહ (ઈસ્તામ્બુલ)ના વિજય વખતે આપનું જે લશ્કર હશે તેના વિશે હદીષ શરીફમાં આવ્યું છે કે :

" તેમનો અમીર ખૂબ જ સરસ અમીર હશે (અર્થાત હઝરત મહદી રદિ.) અને તે લશ્કર ઘણું જ મુબારક લશ્કર હશે.

(૫)કુસ્તુન્તુનિય્યહના વિજય બાદ દજજાલની અફવાહ ફેલાશે તો હઝરત મહદી (રદિ.) દમિશ્ક તરફ દજજાલની તપાસ કરવા માટે દસ સવારોની એક ટુકડી રવાના ફરમાવશે તે ત્યારે દુનિયામાં સૌથી અફઝલ લોકો હશે.

**એક મહત્વના સવાલનો જવાબ :**

શું હઝરત મહદી (રદિ.)ના દૌરમાં આધુનિક વૈજ્ઞાનિક શોધો હશે ?

કે તે પ્રાચીન કાળની પધ્ધતિ પ્રમાણે હશે ?

ઘણાં મુસલમાનોને આ મુંઝવણ થાય છે કે શું હઝરત મહદી (રદિ.)ના દૌરમાં જમાનો ફરી પાછો પોતાની પ્રાચીન પધ્ધતિ પર આવી જશે ? કે પછી આ તમામ વૈજ્ઞાનિક સંશોધનો આપ (રદિ.)ના ઝુહૂરના સમયે મૌજૂદ હશે ?

આ બાબતમાં ફકીહુલઅસ્ર મુફતી યૂસુફ સાહબ લુધિયાનવી (રહ.)ને પૂછવામાં આવેલા સવાલ અને તેનો આપેલો જવાબ અહીં રજૂ કરું છું.

**સવાલ :**

દૈનિક સમાચાર પત્ર ' જંગ' માં આપનો લેખ 'અલામાતે કયામત' વાંચ્યો. એમાં કોઈ શક નથી કે આપ દરેક મસ્અલાનો હલ સંતોષકારક રીતે અને કુર્આન અને હદીષના હવાલાથી આપતા રહો છો. આ લેખ પણ આપની ઈલ્મિયત (વિદ્વતા) સ્પષ્ટ કરે છે પરંતુ નીચેની બે વાતો સમજમાં નથી આવી.

**(૧)**

પૂરો લેખ વાંચવાથી અંદાઝો થાય છે કે હઝરત મહદી (રદિ.) અને હઝરત ઈસા (અલૈ.)ની કાફિરો અને ઈસાઈઓ સાથે જ લડાઈઓ થશે. તેમાં

– ઘોડાઓ

– તલવારો

– તીર કમાન વગેરેનો ઉપયોગ થશે,

– ફૌજ (લશ્કર) પ્રાચીન પધ્ધતિ પ્રમાણે જંગના મેદાનમાં સામ સામે થઈને લડશે.

– આપે લખ્યું છે કે :

" હઝરત મહદી (રદિ.) કુસ્તુન્તુનિય્યહ (ઈસ્તામ્બુલ) થી ૯ (નવ) ઘોડે સવારોને દજ્જાલની તપાસ કરવા માટે શામ (સિરિયા) મોકલશે."

શું તે ઝમાનામાં વિમાનો ન હશે ?

– વળી આ કે :

" હઝરત ઈસા (અલૈ.) દજ્જાલને એક નેઝહ (ભાલા) વડે હલાક કરી

દેશે.

અને યાજૂજ – માજૂજની કોમ પણ જયારે ફસાદ બરપા કરવા માટે આવશે તો તેમની પાસે તીર – કમાન હશે.

અર્થાત તે :

– સ્ટેન ગન (STAND GUN)

– રાયફલ (RIFLE)

– પિસ્તોલ (PISTOL)

– વિનાશક બોંબ (EXPLOSIVE BOMBS)

નો જમાનો ન હશે.

– જમીન પર ઈન્સાન વુજૂદ (અસ્તિત્વ)માં આવ્યા બાદથી વિજ્ઞાન બરાબર પ્રગતિ જ કરી રહયું છે અને કયામતના આવવા સુધી તો એમાં ભારે નવાઈજનક પ્રગતિ થઈ ચુકી હશે !

(૨)

બીજી વાત એ છે કે આપે લખ્યુ છે કે :

હઝરત ઈસા (અલૈ.)અલ્લાહના હુકમથી થોડાંક ખાસ આદમીઓ સંગાથે યાજૂજ માજૂજની કોમથી બચવા માટે કોહે તૂરના કિલ્લામાં પનાહ (આશ્રય) લેશે. અર્થાત દુનિયાના બાકી કરોડો ઈન્સાનોને જેઓ બધાં મુસલમાન થઈ ગયા હશે, તેમને યાજૂજ – માજૂજના રહમ અને કરમ (દયા અને કૃપા) પર છોડી જશે !

આટલા (કરોડો) ઈન્સાન તો જાહેર છે કે, પેલા કિલ્લામાં પણ સમાઈ નહિ શકે.

---

(3)

મેં કોઈ કિતાબમાં એક દુઆ વાંચી હતી, જે હુઝૂર (સ.અ.વ.)એ દજ્જાલના ફિત્નાઓથી બચવા માટે મુસલમાનોને બતાવી હતી, પરંતુ મને યાદ નથી.

ઉપરની (બે) વાતોની સ્પષ્ટતા ઉપરાંત પેલી દુઆ પણ લખી દેશો તો

મહેરબાની થશે.

**જવાબ :**

માનવ સંસ્કૃતિનું સ્વરૂપ (કાળક્રમે) બદલાતું રહે છે.

– માહિતિ આપ – લે પધ્ધતિ (COMMUNICATION SYSTEM)

– યુધ્ધના શસ્ત્રો (WAR WEAPONS)નું જે આધુનિક પ્રગતિ પ્રાપ્ત સ્વરૂપ આજે આપણી સામે છે, આજથી દોઢ બે સદી પહેલા જો કોઈ શખ્સ એને બયાન કરતે તો લોકો તેને ગાંડો સમજી લે તે !

હવે ખુદા જ બહેતર જાણે છે કે આ વૈજ્ઞાનિક પ્રગતિ એ જ ગતિથી આગળ વધતી રહેશે કે આત્મહત્યા કરીને માનવ સંસ્કૃતિને તીર –કમાન તરફ પાછી પરત લઈ જશે ?

જાહેર છે કે જો આ બીજી સૂરત પેશ આવે, જેનો ખતરો પ્રત્યેક પળે મોજૂદ છે અને જેનાથી વિજ્ઞાનીઓ પોતે પણ ધ્રુજી રહયા છે, તો પેલી પવિત્ર હદીષોમાં કોઈ વાંધો નથી રહેતો જેમાં હઝરત મહદી (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.)ના જમાનાનો નકશો પેશ કર્યો છે.

———————————

**દજજાલના ફિત્નાથી બચવાના માટે :**

– સૂરએ 'કહફ' જુમ્આના દિવસે પઢવાનો હુકમ છે, ઓછામાં ઓછું એની પ્રથમ ૧૦ (દસ) અને છેલ્લી ૧૦ (દસ) આયતો તો દરેક મુસલમાને પઢતા રહેવી જોઈએ.

– બીજી એક દુઆ હદીષ શરીફમાં આ તલકીન કરવામાં આવી છે :

اَللّٰهُمَّ إِنِّى أَعُوْذُبِكَ مِنْ عَذَابِ جَهَنَّمَ وَ اَعُوْذُبِكَ مِنْ عَذَابِ الْقَبْرِ وَ

اَعُوْذُبِكَ مِنْ فِتْنَةِ الْمَسِيْحِ الدَّجَّالِ اَللّٰهُمَّ اِنِّى اَعُوْذُبِكَ مِنْ فِتْنَةِ الْمَحْيَا وَ

الْمَمَاتِ اَللّٰهُمَّ اِنِّى اَعُوْذُبِكَ مِنَ الْمَأْثَمِ وَ الْمَغْرَمِ .

**" અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિ–ક મિન અઝાબિ જહન્નમ, વ અઊઝુબિ–ક મિન અઝાબિલ કબ્ર, વ અઊઝુબિ–ક મિન ફિત્નતિલ મસીહીદ્દજાલ, અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિ–ક મિન ફિત્નતિલ**

**મહયા વલ મમાત. અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિ-ક મિનલ મઅ્સમિ વલ્ મગ્રમ.**

*(આપકે મસાઈલ ઔર ઉનકા હલ : ૧ / ૨૬૮, ૨૬૯)*

**નોંધ :**

કેટલાક લેખકોએ હઝરત મહદી (રદિ.)ની લડાઈઓ વિષે ઉલ્લેખિત જંગના શસ્ત્ર-સરંજામના નૂતન ભાવાર્થો પણ દર્શાવ્યા છે, જેનાથી માલૂમ થાય છે કે આપ (રદિ.) આધુનિક સંશોધનોનો પણ એમના વિજયોમાં ઉપયોગ કરશે.

જો કે આ માત્ર અનુમાનો અને ધારણાઓ જ છે.

વલ્લાહુ અઅલમુ બિમા હુવ કાઈનુન અલબત્ત્ત

***દારુલ ઉલૂમ કરાંચીના અદયક્ષ હઝરત મુફતી મુહંમદ રફીઅ સાહબ ઉસ્માની દામત બરકાતુહુમના ઈન્ટરવ્યુના અંશો :***

**સવાલ :**

રસૂલે કરીમ (સ.અ.વ.)ની ભવિષ્ય વિષેની બશારતો અને એની તુલનાત્મક પરિસ્થિતિ વિષે માર્ગદર્શન ફરમાવશો ?

**જવાબ :**

આ બાબતમાં આં હઝરત (સ.અ.વ.) એ જે પેશગી (આગોતરી) ખબરો આપી છે, તેની રૂએ અગર જોવામાં આવે તો એવું માલૂમ થાય છે કે વર્તમાનકાળની પૂરી સિયાસત (.ફીયતયહક) રાજકારણ અને ભૂગોળ (નભફનચબ.જથ) અને સંજોગોમાં જે ફેરફારો ખૂબ જ ઝડપથી થયેલા દેખાય છે અને થઈ રહયા છે એ બધા દુનિયાને તે દોર તરફ લઈ જઈ રહયા છે જે હઝરત મહદી (રદિ.)ના ઝુહૂર વખતે પ્રત્યક્ષ થનારા છે અને આ સમગ્ર મેદાન (ક્ષેત્ર) તેના માટે તૈયાર થઈ રહયું છે.

અને રિવયાતથી આ વાત પણ સાબિત થાય છે કે :

હઝરત મહદી (રદિ.)ના જમાનામાં મુસલમાનોમાં ઈખ્તિલાફ (મતભેદ) ટોચ પર પહોંચેલો હશે, તો ઈખ્તિલાફને તેઓ જ દૂર કરશે અને ફરી પાછી ઈસ્લામી ખિલાફત સ્થાપિત થશે, જેના સરદાર હઝરત મહદી (રદિ.) હશે.

જાહેરી રીતે તે સમય હવે વધારે દૂર દેખાતો નથી.

**સવાલ :**

હઝરત મહદી (રદિ.) ના ઝુહૂરની લગોલગ દજજાલનું જાહેર થવું પણ (રિવાયતમાં) આવે છે ?

**જવાબ :**

તે આખી ઉમ્મતના માટે કસોટીનો સમય હશે. બસ આટલી વાત છે કે ઈસ્લામની ઝિલ્લત (રુસ્વાઈ)નો સમય નહિ હશે કારણકે મુસલમાન એક અમીરના ઝંડા નીચે એક થઈ જશે અને હક (સત્ય હકીકત) તેમની સામે ખુલી જશે.

હઝરત મહદી (રદિ.)ની વાતો સાચી હશે અને તેમના ખિલાફ જે હશે તે બાતિલ (અસત્ય) હશે.

એવી મુશ્કેલીઓનો તેમણે સામનો નહિ કરવો પડશે જેવી મુશ્કેલીઓનો આજે આપણે સામનો કરી રહયા છીએ કે કઈ વાતને આપણે સાચી કહીએ અને કઈને ગલત કહીએ ?

જાનહાનિ ઘણી થશે, કુર્બાનીઓ ઘણી આપવામાં આવશે, એ બરાબર, પરંતુ કશમકશ (દ્વિધા, અસમંજસ) નહિ હશે, ઝિલ્લત (રુસ્વાઈ) નહિ થશે. મુસલમાનની મોત થશે તો ઈઝઝતની મોત થશે.

*(અલ બલાગ ઉર્દૂ માસિક જિલ્દ ૬ અંક : ૧૧ જાન્યુઆરી ૨૦૦૪ પાકિસ્તાન)*

**'અમ્બિયા કી સરઝમીન મેં' લેખમાળાના કેટલાક અંશો :**

આ વિષયમાં મુફતી મુહંમદ રફીઅ સાહબ (દા.બ.)ની એક લેખમાળા 'અમ્બિયા કી સરજમીનમેં ' શીર્ષકથી ' અલ બલાગ' (ઉર્દૂ માસિક, પાકિસ્તાન)માં ક્રમશઃ પ્રગટ થઈ હતી. મજકૂર લેખમાળાના પાંચમાં અંકમાંથી અહીં કેટલાક અંશો રજૂ કરવા અનિવાર્ય લાગે છે.

આપ લખે છે કે :

**અહીંની કયામતની કેટલીક નિશાનિઓ :**

ઉર્દૂન (JORDAN)માં જે જે ઐતિહાસિક સ્થળો પર જવાનું થયું, ઘણી જગ્યાએ ઈસરાઈલે (ISRAIEL) કબ્જે કરેલા સ્થળો પણ નજર આવ્યા, જે

તેમણે મુસલમાનો પાસેથી છીનવી લીધાં છે. જાહેર છે કે એ આપણા દુષ્ટ કર્મોના ફળો છે. દિલ જે આપણા દુષ્ટકર્મોથી પહેલાંથી જ જખ્મી છે તે આ મનાઝિર (દશ્યો)ને પોતાની આંખે જોઈ જોઈને હજુ વધારે આઘાત પર આઘાત ખાતું રહયું !

પરંતુ પૂરી દૂનિયા જે ઝડપથી બદલાઈ રહી છે અને જે રીતે બદલાઈ રહી છે, ખાસ કરીને મધ્યપૂર્વ (MIDDLE EAST)માં લગભગ ૬૦ વરસથી જે ક્રાંતિઓ થઈ રહી છે, તેને અગર આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની બયાન ફરમાવેલી અલામતોની રોશનીમાં જોવામાં આવે તો સાફ જણાય છે કે દુનિયા હવે ઘણી ઝડપથી કયામત તરફ ધસી રહી છે.

ઉર્દૂન (JORDAN) અને શામ (SYRIA)ની આ સફરમાં કદમ કદમ પર નજર આવતું રહયું હતું કે અહીંયા ઈમામ મહદી (રદિ.)ના ઝુહૂર અને દજજાલ સાથે તેમની થનારી જંગનું મેદાન તૈયાર થઈ રહયું છે અને એ જ જંગના દૌરાન હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવા બાદ તત્કાળ તેમના હાથ વડે દજજાલના કતલ અને સાથે જ યહૂદીઓના કત્લેઆમનો જે બનાવ બનનાર છે, તેની તૈયારીમાં યહૂદીઓ પોતે, ભલે અજાણ પણે જ, આગળ છે.!

***યહૂદીઓનો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ :***

આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના દુનિયામાં તશરીફ લાવવાના ઘણાં વર્ષો પહેલાં 'બુખ્તનસર' બાદશાહે જયારે યહૂદીઓ પર આક્રમણ કર્યુ તો તેઓ એક બીજાથી વિખુટા થઈ જઈને આખી દુનિયામાં ઝિલ્લત (રુસ્વાઈ) સાથે વેર વિખેર થઈ ગયા હતા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના તશરીફ લાવવાના લગભગ ૬૦ (સાંઠ) વરસ પહેલાં સુધી તેમની (યહુદીઓની) એ જ હાલત હતી ! (૧)

(૧) હઝરત મૌલાના મુનાઝિર અહસન ગીલાની (રહ.)એ પોતાની મશહૂર કિતાબ ' અંતિમ નબી (સલ.)' માં મજકૂર બનાવવનું એવું રોમાંચક શબ્દ ચિત્ર દોરેલું છે કે તેને અહીં નકલ કરવાની લાલચ રોકી શકતો નથી. (ગુજરાતી અનુવાદક.)

''મિસરવાસીઓની ગુલામીમાં, સદીઓથી સબડતા બની ઈસરાઈલના અરણ્યવાસી સમૂહોને જયારે ખુદાના પયગમ્બર હઝરત મૂસા ➯

હવે હઝારો વરસ પછી, તેમનું ખેંચાઈ ખેંચાઈને પૂરી દુનિયામાંથી ફલસ્તીન (PALESTINE)માં આવીને, બીજા શબ્દોમાં પોતાના મકતલ (કતલગાહ – વધસ્થળ)માં આવીને જમા થઈ જવું, એ જ જાહેર કરે છે કે એ હઝરત ઈસા (અલૈ.) અને તેમના લશ્કરનું કામ આસાન કરવામાં લાગેલા છે. નહિતર હઝરત વાલિદ માજિદ (મુફતી મુહમ્મદ શફીઅ સાહબ રહ.)ના શબ્દોમાં, હઝરત ઈસા (અલૈ.) તેમને પૂરી દુનિયામાં કયાં કયાં તલાશ કરતા

➩ (અલૈ.)એ આકાશી તખ્તીઓ સોંપી 'મુઆબ'ની ભૂમિમાં ઠરીઠામ કર્યા, તો સૌ કોઈ જાણે છે કે એ સમયે તેમનામાં હઝરત યાકૂબ (અલૈ.)ના ૧૨ (બાર) ખાનદાનો શામિલ હતા.

પરંતુ આ ૧૨ (બાર) ખાનદાનોમાંથી, એક બે નહિ પણ પૂરા ૧૦ (દસ) ખાનદાનોને ' નીનવા' ના નમરૂદ (શહેનશાહ) 'સલમાનસર' અને તેના બેટા 'સરગૂન'એ શામરૂન શહેરથી હાંકી કાઢયા.

તેઓ રહેંસાઈ ગયા,

તેઓ તલવારને ઘાટ ઉતર્યા,

તેઓ બાળી મૂકાયા,

સ્ત્રીઓ અને પુરૂષો, બચ્ચાઓ અને બુઢ્ઢાઓની તે લાખોની સંખ્યા ઉપરાંત, તે નિરાધારોને સાંકળોમાં જકડી, રસ્સીઓથી બાંધી, સરગૂને એશિયાના ઉત્તરી અને પૂર્વી પહાડી વિસ્તારમાં, જંગલી જાનવરોની જેમ ભટકતાં મૂકી દીધાં !

તે પછી બાબિલનો મશહૂર શહેનશાહ ' બુખ્તનસર' આંધી બનીને ઉઠયો,

વાદળની જેમ ચઢયો અને વીજળીની જેમ કડાકા સાથે તૂટયો,

ઈસરાઈલના બાકી રહેલા બે કબીલાઓ ઉપર .....

કુર્આન શરીફની સૂરએ 'બની ઈસરાઈલ'માં યહૂદીઓની બરબાદીનું વર્ણન કરતાં કહેવાયું છે :

'فجاسوا خلال الديار'

(અને તેમના મુલકમાં શકિતશાળી કોમો ઘૂસી પડી.)

એની તફસીરમાં યહૂદી અને બિન યહૂદી , દરેક વર્ગના લેખકોનું કથન છે કે : ➩

ફરતે ?

**લુદ શહેરનો દરવાજો : દજજાલની કતલગાહ**

એવું માલૂમ થાય છે કે યહૂદીઓ દજજાલને પોતાનો (પેશવા) સરદાર માને છે અને અજીબ વાત એ છે કે, તેના આગમનના તે જ સ્થળ પર ઈન્તેઝાર કરે છે, જયાં પહોંચીને તેને (દજજાલને) કતલ કરવાનું આં હઝરત

➡ બની ઈસરાઈલની આખીય કોમને, બાળકો અને ઓરતો સહિત કેદ કરી લીધી.

હયકલ – ખાનએ ખુદાની તમામ ચીજો લૂંટી લીધી ,

સુલયમાન (અલૈ.)એ બંધાવેલી મુકદ્દસ ઈમારતને ખોદાવી જમીન દોસ્ત કરી દીધી.

શહેરનું રક્ષણ કરતી ગઢની રાંગને તોડી નાંખી .

દરેક જગ્યાએ આગ ચાંપી દીધી.

દરેક ચીજને બાળીને રાખ બનાવી મૂકી.

આ તો તેમના શહેર અને મુલકના હાલ થયા.

બની ઈસરાઈલની શી દુર્દશા થઈ?

આખીય કોમ, બની ઈસરાઈલને ગિરફતાર કરીને બાબિલ રવાના કરી દેવાઈ.

બુખ્તનસર પોતાની સાથે યહૂદીઓના બાદશાહ સિદકિય્યહને પણ પકડી ગયો.

બાબિલ પહોંચતાં જ તેના દીકરાઓ, તેની આંખોની સામે રિબાવી, રિબાવીને કતલ કરી દેવાયા અને આ કરૂણ દશ્ય દેખાડીને યહૂદીઓના બાદશાહની આંખો ફોડી નંખાઈ, જેથી એ હતભાગી બાદશાહ એ પછી ખૂશીની કોઈ ચીજ ન જોઈ શકે.

યહૂદીઓ જો કે જીવતા છોડી દેવાયા, પણ કેવી હાલતમાં ?

સખત મહેનત અને સંકટોમાં દિવસો વિતાવતા,

પોતાની ગત હાલતને યાદ કરીને આંસુઓ વહાવતા,

ન ઈબાદત કરી શકતા હતા, ન કુરબાની કરી શકતા હતા,

ન રોઝા રાખી શકતા હતા.

---

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ભવિષ્યવાણી મુજબ નિર્ધારિત થઈ ચૂકયું છે.

અમારા એક મેઝબાન હસન યૂસુફ જેમનો ઉલ્લેખ પહેલાં પણ કેટલીય વખત આવી ચુકયો છે, તેઓ અસલ રહેવાસી ફલસ્તીન (PALESTINE)ના છે, ત્યાંથી હિજરત કરીને લગભગ ૨૫ – ૩૦ વર્ષથી અમ્માન (AMMAN)માં જ સ્થાયી થયેલા છે.

તેમણે બતાવ્યું કે :

આજથી કેટલાય વરસો પહેલાં તેઓ તબ્લીગના સિલસિલામાં ફલસ્તીન ગયા તો ત્યાંના એક શહેર 'લુદ' પણ જવાનું થયુ. જે બૈતુલ મુકદસ (JERUSALEM)થી નજીક છે.

ત્યાં એક મોટો ગેટ (દરવાજો) જોયો જે 'બાબેલુદ' (લુદનો દરવાજો) કહેવાય છે, તેના પર ઈસરાઈલી સત્તાધિશોએ લખ્યું છે :

**'હિના યખરુજુ મલિકુસ્સલામ'**

અર્થાત : સલામતિનો બાદશાહ અહીં જાહેર થશે.

હવે આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની એક હદીષ જુઓ, જેમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કયામતની નજીક હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવાની વિગતો ઈર્શાદ ફરમાવી છે.

આ હદીષ ઉચ્ચ કક્ષાની સહીહ સનદોની સાથે આવી છે અને એને ત્રણ સહાબાએ કિરામ અને એક ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઈશા સિદીકહ (રદિ.)એ રિવાયત કરી છે.

એમાં આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈર્શાદ છે કે :

" તે પછી ઈસા (અલૈ.) દજજાલને તલાશ કરશે, અહીં સુધી કે તેને "બાબુ લુદ" (લુદના દરવાજા) પર પકડશે અને કત્લ કરી દેશે."

*(સહીહ મુસ્લિમ, અબૂ દાવુદ, તિરમિઝી, ઈબ્ને માજહ અને મુસ્નદે અહમદ)*

***<u>લુદનો ઐતિહાસિક કૂવો અને દજજાલ માટેનો મહેલ :</u>***

મારા એક બીજા મેઝબાન જનાબ અલી હસન અહમદ અલ બયારી જેઓ ઈરબીદ (IRBID)ના પ્રખ્યાત વેપારી છે અને તબ્લીગી કામથી પણ

જોડાયેલા છે, તેમજ અમારો અમ્માન (બૉબદ)થી ઈરબીદ (યચખયમ) નો સફર તેમની જ ગાડીમાં થયો હતો, તેમના વાલિદ પણ અસલ ફલસ્તીનના વતની હતા, બલ્કે ખાસ 'લુદ' શહેરના જ રહેનારા હતા. ઈ.સ. ૧૯૪૮માં હિઝરત કરીને અહીં ઈરબીદ (યચખયમ) આવી ગયા હતા. અહીં જ ઈ.સ. ૧૯૫૧માં અલી હસન અહમદ અલ બયારી સાહબ પૈદા થયા.

તેમણે આજે સફરથી વાપસી પર પોતાની આલીશાન હવેલીમાં ભોજનની વ્યવસ્થા કરી હતી, આ પુરલુત્ફ મજલિસમાં તેમણે પોતાનો આ બનાવ કહયો કે :

" હું ઈ.સ. ૧૯૮૦માં ૧૦ (દસ) દિવસ પોતાના પૂર્વજોના વતન "લુદ" માં જઈને રહયો."

તેમણે બતાવ્યું કે,

" ત્યાં લુદના દરવાજાના સ્થળ પર જ એક કૂવો છે, યહૂદી શહેરી વહીવટ કર્તાઓએ એક સડક પસાર કરવા માટે તે કૂવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ બુલડોઝરો અને જાતજાતના મશીનો વડે પણ તે કૂવાનો નાશ કરી શકાયો નહિ. મજબૂર થઈને સડકને ત્યાંથી હટાવીને અન્ય સ્થળેથી કાઢવી પડી, ત્યાં હવે આ લખ્યું હતું કે :

'આ એક ઐતિહાસિક સ્થળ છે'

---

એ જ અલી હસન બય્યારી સાહબે બતાવ્યું કે :

તેમના એક મામાના દીકરા પણ, જે કયામતની અલામતોની તપાસ અને શોધમાં ખાસ રસ ધરાવે છે, લુદ ગયા હતા. ત્યાં તેમણે એક મહેલ જોયો, જે ઈસરાઈલી સત્તાધીશોએ પોતાના "મલિકુસ્સલામ" (દજજાલ) માટે બનાવ્યો છે.

**મૌલાના રફીઉદ્દીન સાહબનો કાબિલે તકલીદ (અનુસરણ પાત્ર) અમલ :**

આપણા દારુલ ઉલૂમ દેવબંદના સૌથી પ્રથમ મુહતમિમ હઝરત મૌલાના રફીઉદ્દીન સાહબ (રહ.) જેઓ નકશબંદી ખાનદાનના અકાબિરમાંથી હતા,

હિજરત ફરમાવીને મક્કા મુકર્રમહ આવ્યા. ત્યાં જ તેમની વફાત થઈ અને ત્યાં જ કબર પણ છે.

તેમને આ હદીષની જાણ હતી કે :

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ શયબીને બયતુલ્લાહની ચાવીઓ સોંપી છે, (એટલે) મક્કામાં ભલેને તમામ ખાનદાન ઉજડી જાય, શયબીનું ખાનદાન કયામત સુધી બાકી રહેશે.

એટલે મૌલાના રફીઉદ્દીન સાહબને અજીબ તરકીબ સુઝી, કે જો આ ખાનદાન કયામત સુધી બાકી રહેશે તો અનિવાર્ય રીતે ઝુહૂરે મહદી (રદિ.)ના ઝમાનામાં પણ મૌજૂદ રહેશે.

જયારે હઝરત મહદી (રદિ.)નો ઝુહૂર થશે અને તેઓ કઅબતુલ્લાહની દીવાલથી ટેકો લગાવીને બેસીને મુસલમાનને બયઅત કરશે ત્યારે કઅબતુલ્લાહની ચાવીઓ શયબીના હાથ (કબ્જા)માં હશે.

એટલે એ જ બાબતને નજર સમક્ષ રાખીને તેમણે :

– એક હમાઈલ શરીફ અને

– એક તલવાર લીધી અને

– એક પત્ર હઝરત મહદી (રદિ.)ના નામે લખ્યો ,

એ પત્રનું લખાણ આ છે :

" ફકીર રફીઉદ્દીન દેવબંદી મક્કા મુઅઝ્ઝમામાં હાજર છે અને આપ જિહાદની તરતીબ કરી રહયા છો. એવા મુજાહિદો આપની સાથે છે જેમને ગઝવએ બદરના મુજાહિદો વાળો સવાબ મળશે.

એટલે રફીઉદ્દીન તરફથી :

– આ હમાઈલ તો આપના માટે હદિયો છે અને

– આ તલવાર કોઈ મુજાહિદને આપી દો કે તે મારા તરફથી જંગમાં શરીક થઈ જાય અને મને પણ તે અજર મળી જાય."

અને આ ત્રણે ચીઝો શયબીના ખાનદાનવાળાઓને સોંપી અને તેમને કહયું કે :

" તમારું ખાનદાન કયામત સુધી રહેશે, આ મહદી (રદિ.)ના માટે અમાનત છે. જયારે તમારો ઈન્તેકાલ થાય તો તમે પોતાના ઉત્તરાધિકારીને વસિય્યત કરી દેશો, અને તેમને કહી દેશો કે, તેઓ પોતાના ઉત્તરાધિકારીને વસિય્યત કરે, અને દરેક આ વસિય્યત કરતો જાય, અહીં સુધી કે આ અમાનત હઝરત મહદી (રદિ.) સુધી પહોંચી જાય."

*(ખુત્બાતે હકીમુલ ઈસ્લામ : ૨/૯૮)*

***હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની વસિય્યત ઉમ્મતે મુહમ્મદિય્યહના નામ :***

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી મરફૂઅ રિવાયત છે :

– " ઈસા બિન મરયમ (અલૈ.) નાઝિલ થશે અને

– સલીબ (ક્રોસ) ને તોડી નાંખશે,

– ખિન્ઝીર (ભૂંડ, સુવ્વર, ડુકકર)ને કત્લ કરી દેશે અને

– જિઝયહ (રક્ષાવેરો) રદ ફરમાવી દેશે,

– અલ્લાહ તઆલા તેમના જમાનામાં દજજાલને હલાક ફરમાવશે.

– અલ્લાહ રબ્બુલ આલમીનની બોલબાલા થશે."

---

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)એ ફરમાવ્યું :

" શું તમે મને બિલ્કુલ બુઢઢો (થઈ ગયેલો) નથી જોતા !

મારી પાંસળીઓ બુઢાપાના કારણે ભેગી થઈ જવાના નજીક છે !

મારી આ તમન્ના છે કે :

મારી મોત ત્યાં સુધી ન આવે જયાં સુધી હું આપ (હઝરત ઈસા) અલૈ.થી મળી ન લઉં !

અને હું તેમને નબીએ કરીમ (સ.અ.વ.)ની હદીષો સંભળાવું !

અને આપ (અલૈ.) તેની તસ્દીક કરે.

અગર હું આપ (હઝરત ઈસા અલૈ.)ની મુલાકાતથી પહેલાં મરી જાઉ અને તમારી તેમનાથી મુલાકાત થઈ જાય તો :

આપ (હઝરત ઈસા અલૈ) ને મારા સલામ અર્ઝ કરશો.

*(અસ્સુનન લિદાની: ૨૪૨ હદીષ નંબર : ૩૬૧)*

" તમારું ખાનદાન કયામત સુધી રહેશે, આ મહદી (રદિ.)ના માટે અમાનત છે. જયારે તમારો ઈન્તેકાલ થાય તો તમે પોતાના ઉત્તરાધિકારીને વસિય્યત કરી દેશો, અને તેમને કહી દેશો કે, તેઓ પોતાના ઉત્તરાધિકારીને વસિય્યત કરે, અને દરેક આ વસિય્યત કરતો જાય, અહીં સુધી કે આ અમાનત હઝરત મહદી (રદિ.) સુધી પહોંચી જાય."

*(ખુત્બાતે હકીમુલ ઈસ્લામ : ૨/૯૮)*

**હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની વસિય્યત ઉમ્મતે મુહમ્મદિય્યહના નામ :**

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી મરફૂઅ રિવાયત છે :

– " ઈસા બિન મરયમ (અલૈ.) નાઝિલ થશે અને

– સલીબ (ક્રોસ) ને તોડી નાંખશે,

– ખિન્ઝીર (ભૂંડ, સુવ્વર, ડુકકર)ને કત્લ કરી દેશે અને

– જિઝયહ (રક્ષાવેરો) રદ ફરમાવી દેશે,

– અલ્લાહ તઆલા તેમના જમાનામાં દજ્જાલને હલાક ફરમાવશે.

– અલ્લાહ રબ્બુલ આલમીનની બોલબાલા થશે."

———————————

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)એ ફરમાવ્યું :

" શું તમે મને બિલ્કુલ બુઢ્ઢો (થઈ ગયેલો) નથી જોતા !

મારી પાંસળીઓ બુઢાપાના કારણે ભેગી થઈ જવાના નજીક છે !

મારી આ તમન્ના છે કે :

મારી મોત ત્યાં સુધી ન આવે જયાં સુધી હું આપ (હઝરત ઈસા) અલૈ.થી મળી ન લઉ !

અને હું તેમને નબીએ કરીમ (સ.અ.વ.)ની હદીષો સંભળાવું !

અને આપ (અલૈ.) તેની તસ્દીક કરે.

અગર હું આપ (હઝરત ઈસા અલૈ.)ની મુલાકાતથી પહેલાં મરી જાઉ અને તમારી તેમનાથી મુલાકાત થઈ જાય તો :

આપ (હઝરત ઈસા અલૈ) ને મારા સલામ અર્ઝ કરશો.

*(અસ્સુનન લિદાની: ૨૪૨ હદીષ નંબર : ૩૬૧)*

# દુઆ

અલ્લાહ તઆલાથી દુઆ માટે હાથ ઉઠાવું છું કે :

– તે પોતાના ફઝલ અને કરમથી આ લખાણને કબૂલ ફરમાવે અને

– પોતાના તે નેક બંદા (હઝરત મહદી રદિ.)ના સહીહ પરિચયને આમ થવાનો ઝરિયો બનાવે,

– અને એ નેક બંદાના ઝુહૂરને ઉમ્મતે મુહમ્મદિય્યહ માટે ઈઝઝતનો ઝરિયો બનાવે,

– અને આપણને બધાને તેમના સંગાથમાં અલ્લાહના કલિમહને બુલંદ કરવા માટે કબૂલ ફરમાવે.

રબ્બના તકબ્બલ મિન્ના ઈન્નક અન્તસ્સમીઉલ અલીમ, વતુબ અલયના યા મવલાના ઈન્નક અન્તત્તવ્વાબુર્રહીમ.

**વ સલ્લલ્લાહુ તઆલા અલા ખયરિ ખલ્કિહી સય્યિદના મુહમ્મદિંવ વ આલિહી વ સહબિહી વ અલા મન તબિઅહુમ બિઈહસાનિન ઈલા યવ્મિદ્દીન (આમીન) ફકત**

બન્દહ,

***મહમૂદ સુલયમાન હાફિઝજી (બારડોલી)***

હાલ ઉતારો : મકકતુલ મુકર્રમહ

તે મુબારક જગાએ કે જેની આસપાસમાં તે નેક બંદાના ઝુહૂરની બશારત હદીષ શરીફમાં વારિદ થઈ છે.

---

# આધારગ્રંથો ની યાદી

| નંબર | કિતાબ | નંબર | કિતાબ |
|---|---|---|---|
| ૧ | અલકુર્આનુલ કરીમ | ૨ | તફસીરે ઈબ્ને કષીર |
| ૩ | તફસીરુ ત્તબરી | ૪ | હિદાયતુલ કુર્આન |
| ૫ | અસ્સિહાહુસ્સિત્તાહ | ૬ | મુસ્નદે અહમદ |
| ૭ | મુસ્નદે બઝઝાર | ૮ | મુસન્નફ અબ્દુર્રઝઝાક |
| ૯ | મુસન્નફ ઈબ્ને અબી શયબા | ૧૦ | સુનને દારકુતની |
| ૧૧ | મુસનદુશ્શામિયીન | ૧૨ | મુસ્તદરક લિલ હાકિમ |
| ૧૩ | અસ્સુનનુ લિદાની | ૧૪ | દલાઈલુન્નુબુવ્વત |
| ૧૫ | ફત્હુલ બારી | ૧૬ | ઉમ્દતુલ કારી |
| ૧૭ | ફૈઝુલ બારી | ૧૮ | અલ જામિઉલ કબીર |
| ૧૯ | ફૈઝુલ કબીર | ૨૦ | ફત્હુલ મુલ્હિમ |
| ૨૧ | તકમિલતુ ફતહુલ મુલ્હિમ | ૨૨ | ઈકમાલુ ઈકમાલિલ મુઅલ્લિમ |
| ૨૩ | મુકમ્મિલુલ અકમાલ | ૨૪ | અલ કવકબુ દુર્રી |
| ૨૫ | તુહફતુલ અહવઝી | ૨૬ | અલ ઉર્ફૂ શ્શઝી |
| ૨૭ | અલ અવનુલ મઅબૂદ | ૨૮ | બઝલુલ મજહૂદ |
| ૨૯ | મિસ્બાહુઝઝુજાજહ | ૩૦ | અશિઅઅતુલ લમઆત |
| ૩૧ | મિરકાતુલ મફાતીહ | ૩૨ | કન્ઝુલ ઉમ્માલ |
| ૩૩ | મુન્તખબ કન્ઝુલ ઉમ્માલ | ૩૪ | અલ ઉર્ફૂલ વરદી ફી અખબારિલ મહદી |
| ૩૫ | આરિઝતુલ અહવઝી | ૩૬ | અલ બિદાયહ વન્નિહાયહ |
| ૩૭ | અસ્સિઆયહ | ૩૮ | અલમુગ્ની લિઝઝહબી |
| ૩૯ | અલ ફિતન લિ નુઐમ ઈબ્ને હમ્માદ | ૪૦ | તહઝીબુ ત્તહઝીબ |
| ૪૧ | અત્તઝકિરહ લિલ કુરતુબી | ૪૨ | અત્તારિખ લિ ઈબ્ને અસાકિર |

| | | | |
|---|---|---|---|
| ૪૩ | અલ અહાદિસુઝઝઈફહ લિશ્શવકાની | ૪૪ | સિલ સિલતુલ અહાદીષિલ ઝઈફહ |
| ૪૫ | અલ કામિલુ ફી ઝુઅફાઈ રિજાલિ લિ ઈબ્ને અદી | ૪૬ | નુખ્બતુલ લ્લઆલી શર્હે બદઉદ અમાલી |
| ૪૭ | અલ મનારૂલ મુનીફ | ૪૮ | મીઝાનુલ એઅતિદાલ |
| ૪૯ | કિફાયતુલ મુફતી | ૫૦ | ફતાવા મહમૂદિય્યહ |
| ૫૧ | ફતાવા રહીમિય્યહ | ૫૨ | ખૈરુલ ફતાવા |
| ૫૩ | અલ હાવી લિલ ફતાવા | ૫૪ | નવાદિરુલ ફિકહ |
| ૫૫ | ઈઝાલતુલ ખિફાઅ | ૫૬ | તુહફએ ખિલાફત (મૌ. અબ્દુશ્શકૂર લખનવી) |
| ૫૭ | તારીખુલ ખુલફા | ૫૮ | મઆરિફુલ હદીષ |
| ૫૯ | મજમઉ બિહારિલ અનવાર | ૬૦ | તર્જુમાનુસ્સુન્નહ |
| ૬૧ | રહમતુલ્લાહિલ વાસિઅહ | ૬૨ | અલ મહદી વલ મસીહ (મુફતી યૂસુફ લુધયાનવી) |
| ૬૩ | લિસાનુલ મીઝાન | ૬૪ | અલ ઈશાઅ લિ અશ્રાતિસ્સાઅહ |
| ૬૫ | શર્હૂલ ફિકહિલ અકબર | ૬૬ | શર્હૂ અકીદતિ સ્સફારીની |
| ૬૭ | અન્નિબરાસ | ૬૮ | અકીદએ ઝૂહૂરે મહદી |
| ૬૯ | અરવાહે ષલાષહ | ૭૦ | ઈમામ મહદી, શખ્સિય્યત વ હકીકત |
| ૭૧ | ઈમામ મહદી (મૌ. ઝિયાઉર્રહમાન ફારૂકી) | ૭૨ | ઈમામ મહદી કા ઝુહૂર નહી હુવા (મુફતી સલમાન મન્સુરપુરી) |
| ૭૩ | નુઝૂલે ઈસા, ઝુહૂરે મહદી (મૌલાના ઈદ્રીસ કાંધલવી) | ૭૪ | અકાઈદે ઈસ્લામ (મૌ. મુહમ્મદ પાલન હકકાની) |

| | | | |
|---|---|---|---|
| ૭૫ | કિતાબુલ ફિતનિ વ અશરાતુસ્સાઅહ (અલ્લામહ દાની) | ૭૬ | અલામાતે કયામત (મુફતી રફીઅ ઉસ્માની) |
| ૭૭ | કિતાબુલ ફિતન (નુએમ ઈબ્ને હમ્માદ) | ૭૮ | અલામતે કયામત (શાહ રફીઉદ્દીન ઘબવી) |
| ૭૯ | જવાહિરૂલ ઈમાન | ૮૦ | જવાહિરૂલ ફિકહ |
| ૮૧ | અકાઈદે ઈસ્લામ (મુહમ્મદ ઈદ્રીસ કાંધલવી) | ૮૨ | રદ્દે કાદયાનિય્યત ઝર્રી ઉસૂલ |
| ૮૩ | ફિકહી જવાહિર | ૮૪ | મલફૂઝાતે ફકીહુલ ઈસ્લામ |
| ૮૫ | અન્નિહાયહ (ઈબ્ને કષીર) | ૮૬ | ખુતબાત હકીમુલ ઈસ્લામ |
| ૮૭ | આપકે મસાઈલ ઔર ઉનકા હલ | | |

# હઝરત મહદી (રદિ.) વિષેની રિવાયતોનું કોષ્ટક

| ક્રમ | કિતાબોના નામ | મરફૂઅહ હદીષ | મવકુફ઼ાહ હદીષ | પ્રકરણનું શિર્ષક | હદીષોના નંબર | પાના નંબર | રિવાયત કરનાર સહાબા (રદિ.) અને રિવાયતની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બુખારી શરીફ |  |  | બાબે નુઝુલે ઈસા ઈબ્ને મરયમ | ૩૪૪૯ | ૪૯૦ | અબુ હુરૈરહ : ૧ |
| ૨ | મુસ્લિમ શરીફ | ૭ |  | બાબુલ ખસફિ બિલ જયૂશિ વ ગયરિહા મિમ્મા બઅ્દહા | ૨૮૮૩ થી ૨૮૮૪ ૨૮૯૭ થી ૨૮૯૯ ૨૯૧૩ | ૩૮૮ થી ૩૯૫ સુધી | જાબિર બિન અબ્દુલ્લાહ:૨ અબૂ સઈદ : ૧ ઈબ્ને મસઊદ : ૧ આઈશહ : ૨ અબૂ હૂરૈરહ : ૧ |
| ૩ | અબૂ દાવુદ શરીફ | ૧૩ |  | કિતાબુલ મહદી | ૪૨૭૯ થી ૪૨૯૧ | ૫૮૮ | જાબિર બિન સમૂરહ: ૩ અલી : ૩, અબ્દુલ્લાહ બિન મસઊદ :૩ , ઉમ્મે સલ્મહ : ૫ અબૂ સઈદ : ૧ |
| ૪ | તિરમિઝી શરીફ | ૩ |  | અબવાબુલ ફ઼િતન મા જાઅ ફ઼િલ મહદી | ૨૨૩૦ થી ૨૨૩૨ | ૨/ ૪૭ | અબ્દુલ્લાહ બિન મસઊદ:૨ હઝરત અબૂ સઈદ : ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ઈબ્ને માજહ શરીફ | ૭ | | બાબુ ખુરૂજિલ મહદી | ૪૦૮૨ થી ૪૦૮૮ | ૨૯૯ | અબ્દુલ્લાહ બિન મસઊદ:૧ અબૂ સઈદ : ૧ સૌબાન : ૧ અલી : ૧ ઉમ્મે સલ્મહ : ૧ અનસ બિન માલિક : ૧ અબ્દુલ્લાહ બિન હારિષ:૧ ઉમ્મે સલ્મહ : ૧ |
| ૬ | મિશ્કાતુલ મશાબિહ | ૬ | | બાબુ અશરાતિસ્ સાઅહ | | ૪૭૦ | અબ્દુલ્લાહ બિન મસઊદ અબૂ સઈદ ખુદરી ઉમ્મે સલ્મહ |
| ૭ | મુસ્નદે અહમદ બિ તરતીબિલ ફતહિ રબ્બાની | ૧૪ | | ફસ્લુન ફી મા વરદ ફી ઝુહૂરિલ મહદી વગયરિહી | ૧૩૯ થી ૧૫૪ સુધી | | અબ્દુલ્લાહ બિન મસઊદ : ૨, અલી : ૨, અબૂ સઈદ ખુદરી : ૩ સૌબાન , ઉમ્મે સલ્મહ : ૩ હફસહ : ૨, સફિય્યહ : ૧ |
| ૮ | કન્ઝુલ ઉમ્માલ | ૪૧ | ૪૭ | ખુરૂજુલ મહદી / અલ મહદી (અલૈ.) | ૩૮૬૫૧ થી ૩૮૭૧૦ સુધી ૩૯૬૫૩, ૩૯૬૮૪ | ૧૪/ ૨૬૧થી ૨૭૫, ૫૮૪ થી ૫૯૮ | અમ્માર બિન યાસિર :૧, અબ્દુલ્લાહ બિન મસઊદ:૯, ઉસ્માન : ૧,ઉમ્મે સલ્મહ : ૨ અબૂ ઉમામહ : ૧, અલી : ૧ અબ્દુર્રેહમાન બિન કૈસ :૧,અબૂ સઈદ ખુદરી : ૭,જાબિર : ૧, હુઝૈફા : ૩,અબૂ હુરૈરહ : ૬, અબ્દુલ્લાહ બિન અબ્બાસ :૪ , કુર્રતુલ મુઝની : ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | મુસન્નફ અબ્દુર્રઝઝાક | ૨ | ૬ | બાબુલ મહદી | ૪૦૭૬૯ થી ૪૦૭૭૦ સુધી | ૧૧/૩૭૧ | ઉમ્મે સલ્મહ : ૧ અબૂ સઈદ ખુદરી : ૧ |
| ૧૦ | સહીહ ઈબ્ને હિબ્બાન બિ તરતીબિ ઈબ્ને બલીબાન | ૫ | | ઝિકરુલ બયાનિ બિઅન્ન ખુરૂજલ મહદી.... | ૬૮૨૩ થી ૬૮૨૭ | ૧૫ / ૨૩૬ | અબ્દુલ્લાહ બિન મસઊદ: ૨ અબૂ સઈદ ખુદરી : ૨ અબૂ હૂરૈરહ :૧ |
| ૧૧ | મુસનદે અબૂ દાવુદ તયાલિસી | ૧ | | બાબુ મા જાઅ ફી બયઅતિલ મહદી | ૨૭૭૨ | ૨/ ૨૧૫ | અબૂ હૂરૈરહ :૧ |
| ૧૨ | અલ મુસ્તદરક | ૮ | | કિતાબુલ ફિતનિ વલ્ મલાહિમ | ૮૫૩૧, ૮૬૬૯ થી ૮૬૭૫ સુધી | ૪/૫૪૭ ૪/૬૦૦ થી ૬૦૧ | સૌબાન : ૧ અબૂ સઈદ ખુદરી : ૫ ઉમ્મે સલ્મહ : ૨ |
| ૧૩ | અલ્ જામિઅઉસ્સગીર | ૫ | | બાબુલ મીમ | ૯૨૪૧ થી ૯૨૪૫ સુધી | ૫૫૪ | ઉમ્મે સલ્મહ : ૧, ઉસ્માન : ૧ અલી : ૧, અબૂ સઈદ : ૧, હુઝયફા : ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | અસ્સુનનુલ વારિદહ ફિલ ફિતન | ૪૭ | ૪૧ | બાબુ મા જાઅ ફીલ મહદી | ૫૪૬ થી ૫૯૫ સુધી | ૧૮૯ થી ૨૦૧ સુધી | ઈબ્ને મસ્ઊદ : ૧૧, સૌબાન : ૧ અબૂ સઈદ : ૪, અલી : ૩ ઉમ્મે સલ્મહ : ૪, જાબિર બિન અબ્દુલ્લાહ : ૧ , અબૂ હૂરૈરહ : ૧, અનસ : ૧ , હફસહ : ૧ |
| ૧૫ | અન્નિહાયહ ફિલ ફિતનિ વલ્ મલાહિમ, ઈબ્ને કષીર | ૧૫ | ૧ | ફસ્લુન ફી ઝિક્રિલ મહદી અલ્લઝી યકૂનુ ફી આખિરિઝઝમાન | | ૨૩ થી ૨૮ | અબ્દુલ્લાહ બિન હારિષ:૧ સૌબાન : ૧, અબૂ સઈદ : ૨ અનસ બિન માલિક :૧,અલી: ૪ ઈબ્ને મસ્ઊદ: ૨, અબૂ હૂરૈરહ : ૨ ઉમ્મે સલ્મહ : ૨ |
| ૧૬ | અલ ફિતન લિઅબી નુઅયમ | ૫૭ | ૧૯૪ | બાબુ આખિરૂ મિન અલામાતિલ્ મહદી ઔર દિગર અબવાબ | ૮૮૭ તી ૧૧૪૮ | ૪૪૬ થી ૨૨૮ | હફસહ : ૧, અબૂ હૂરૈરહ :૭ અમ્ર બિન શુઐબ અન્ અબીહિ અન જદ્દિહી: ૧ , અબૂ સઈદ : ૨૪, અલી : ૫, જાબિર : ૧ અબૂ તૂફૈલ : ૩ , ઈબ્ને મસ્ઊદ: ૨ આઈશાહ : ૧ , અબ્દુર્રેહમાન બિન કૈસ : ૪ , ઈબ્ને ઉમર : ૧ ઝી મજઝ : ૨, અબૂ ઝાહિરહ :૧ અમ્ર બિન આસ : ૨ , અબ્દુર્રેહમાન બિન ઝૂબૈર : ૧ અબ્દુલ્લાહ બિન અબ્બાસ : ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | મુસન્નફ ઈબ્ને અબી શયબહ | ૬ | ૧૦ | કિતાબુલ ફિતન | ૧૯૪૮૪ | | અબૂ સઈદ : ૩ , અલી : ૨ ઈબ્ને મસઊદ : ૧ |
| ૧૮ | અત્તઝકિરતુ ફી અહવાલિલ મુવ્તા | ૧૭ | ૩ | બાબુ ફીલ ખલીફતિલ કાઈનિ ફી આખિરિઝ ઝમાનિ વગયરિહા | | ૬૯૦ થી ૭૦૭ | જાબિર : ૧, ઉમ્મે સલ્મહ : ૨ હૂજૈફા : ૨, હફસહ :૧, આઈશાહ : ૧,સૌબાન : ૧ , અબ્દુલ્લાહ બિન હારિષ: ૧, અલી : ૨, અબૂ સઈદ : ૪, ઈબ્ને મસઊદ : ૧, અનસ : ૧ |
| | | | | | | | |

# દીન ઓર દુન્યાકી તઅલીમ કા બેહતરીન સેન્ટર

## દારૂલ એહસાન.સુરત—ધુલ્યા રોડ

## મુ. પો.નવાપુર

ફોન નંબર :– ૦૯૯૭૯૧૫૬૬૮૧ – પીન કોડ નંબર :–૪૨૫ ૪૧૮

૦૯૪૨૩૪૪૧૫૧૮

| | |
|---|---|
| ૧ | કુરઆને કરીમ કી સહીહ તઅલીમ. |
| ૨ | હિફઝે કુરઆન. |
| ૩ | તજવીદ (કારી કલાસ). |
| ૪ | આસાન તરીકે સે ઉર્દુ ઓર અરબી ઓર આલીમ કોર્ષ. |
| ૫ | ફતાવા વિભાગ. |
| ૬ | ઈંગ્લીશ મીડીયમ, ગુજરાતી મીડીયમ, હીન્દી મીડીયમ, મરાઠી મીડીયમ, ઉર્દુ મીડીયમ (માધ્યમ) કી અલગ અલગ સ્કુલ – હાઈસ્કુલ મે દાખલે કા ઈન્તેઝામ. |
| ૭ | મદ્રસહ હી મેં સ્કુલ કે ટયુશન કા ઈન્તેઝામ. |
| ૮ | કોમ્પ્યુટર ઓર અંગ્રેજી કી જરૂરી તઅલીમ. |
| ૯ | દીની – ઈસ્લામી માહોલ મેં ઉમદા તરબીયત. |
| ૧૦ | રહેને – ખાને કા બેહતરીન ઈન્તેઝામ. |

અપને બચ્ચોંકો ઝયાદા સે ઝયાદા ઈસ મદ્રસહ મે દાખીલ કરેં.

જનાબ કારી ઝુબેર સાહબ બદાત, બલેશ્વરવાલા હાલ મુકીમ માન્ચેસ્ટર યુ. કે. તરફથી આ કિતાબ છપાવવામાં આવી છે.